શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્‌ગુરુભ્યો નમઃ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૨

(પાદ : ૪ અને ૫ ) તથા

(વિસ્તૃત રૂપો અને સાધનિકા)

: પ્રેરક :

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

: સંપાદન કર્તા :

મયૂરકળાશ્રીજી

: પ્રકાશક :

શ્રી લાભ-કંચન-લાવણ્ય આરાધના ભુવન,
૦૦૩, સૃષ્ટિ એપાર્ટમેન્ટ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્ગુરુભ્યો નમઃ

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન

## લઘુવૃત્તિ વિવરણ

## ભાગ - ૨

## (પાદ - ૪ અને ૫)

## તથા

## (વિસ્તૃત રૂપો અને સાધનિકા)

: પ્રેરક :

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

: સંપાદન કર્તા :

પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના
સમુદાયના પ. પૂ. આચાર્યદેવશ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી
મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની પ. પૂ. સાધ્વી
શ્રી કંચનશ્રીજી મ. સા. શિષ્યા વિદૂષી સાધ્વી
શ્રી લાવણ્યશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા
મયૂરકળાશ્રીજી

: પ્રકાશક :

શ્રી લાભકંચન-લાવણ્ય આરાધના ભુવન
પાલડી, અમદાવાદ - ૭.

# શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન

## તૃતીય આવૃત્તિને અવસરે...

પ. પૂ. સાધ્વીજીશ્રી લાવણ્યશ્રીજી મ. સા. ના પુણ્યસામ્રાજ્યથી અને પ્રબળ ઈચ્છાનુસાર સુરત મુકામે વયોવૃદ્ધ જ્ઞાની વિદ્વાન પંડિતવર્ય છબીલદાસભાઈ પાસે સાધ્વીજી મ. સા. અભ્યાસ કર્યા પછી પંડિતજીની ખૂબ પ્રેરણા પ્રાપ્ત થતાં વિ. સં. ૨૦૫૧-૨૦૫૨ માં અભ્યાસ કરી ૨૦૫૩ માં સિદ્ધહેમશબ્દાનુશાસનનાં ૩ પાદનાં વિવરણ સ્વરૂપ પ્રથમ ભાગ લખવામાં આવ્યો. ધીરે ધીરે આ બીજ વટવૃક્ષ બનતાં પાંચ ભાગ સુધીમાં ૪ અધ્યાય પુસ્તક સ્વરૂપે તૈયાર થઈ ગયા. અભ્યાસુ સાધુ-સાધ્વીજી ભગવન્તો તથા પંડિતવર્યો તેમજ મુમુક્ષુઓના હાથમાં આ પુસ્તકો આવતાં માંગ વધતી ગઈ. પુસ્તકો સંપૂર્ણ પુરા થઈ જવાથી ભાગ ૧-૨-૪ ની બીજી આવૃત્તિ તૈયાર કરવી પડી તે પણ પૂર્ણ થતાં આજે હવે ભાગ ૧-૨-૩-૪ ની ત્રીજી આવૃત્તિ છપાવવાનો અવસર પ્રાપ્ત થયો છે. અમારી ભાવના સાકાર થઈ છે સાથે સાથે પૂજ્યશ્રીની કૃપા અને પંડિતજીની પ્રેરણા અત્યંત ફલિત થઈ છે. તેનો અમોને અનહદ આનંદ છે.

**શ્રી લાભ-કંચન-લાવણ્ય આરાધના ભવન**
**ટ્રસ્ટીગણ.**

### : સંપૂર્ણ દ્રવ્યસહાયક :

પરમ પૂજ્ય આ. ભ. **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.** ની શુભ પ્રેરણાથી

## શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ-મુંબઈ


| આવૃત્તિ પ્રથમ | આવૃત્તિ દ્વિતીય | આવૃત્તિ તૃતીય |
|---|---|---|
| સં. ૨૦૫૬ પોષ સુદ-૧ | સં. ૨૦૫૮ આસો વદ-૬ | સં. ૨૦૬૧ શ્રાવણ વદ-૬ |

**મૂલ્ય : રૂા. ૬૫-૦૦**

### : પ્રાપ્તિસ્થાન :

૧. **શ્રી લાભકંચન લાવણ્ય આરાધના ભુવન**
૦૦૩, સૃષ્ટિ એપાર્ટમેન્ટ,
નવા શારદામંદિર રોડ,
સંજીવની હોસ્પીટલ પાસે, પાલડી,
અમદાવાદ-૭.

૨. **પં. ભાવેશકુમાર રવીન્દ્રભાઈ દોશી**
સૂરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૬૬૦૬૪૩૨

# • પ્રસ્તાવના •

પ. પૂ. આચાર્યદેવશ્રી કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રાચાર્ય મ. સા.નું અનેક પ્રકારનું સંસ્કૃત સાહિત્ય પ્રાપ્ત થયેલું છે. તેમાં શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણનો ગ્રન્થ ખૂબ વિશાલ ગ્રન્થ છે. જેનું અવગાહન કરવામાં પણ ઘણો સમય પસાર થાય. એવા આ અભૂતપૂર્વ ગ્રન્થનો અભ્યાસ પં. શ્રી છબીલદાસભાઇ પાસે સાધ્વીજી ભગવંતોએ કર્યો... ત્યારબાદ પંડિતજીની પ્રેરણાથી પ્રથમ ત્રણ પાદનું વિવરણ તથા સાથે સાથે સ્વરસન્ધિ અને વ્યંજનસન્ધિનું વિસ્તાર પૂર્વક વર્ણન પુસ્તક રૂપે બહાર પાડ્યું છે. અભ્યાસી વર્ગને ખૂબ અનુકૂળ પડ્યું છે. અનેક પૂજ્યોની માંગ આવતી રહી. અને આગળનું કાર્ય કરવાની પ્રેરણા પણ મળતી રહી જેના પરિણામે સાધ્વીજી ભગવંતના ઉત્સાહમાં વધારો થયો. અને પં. છબીલભાઇની પણ પ્રેરણા મળતી રહી. જેના કારણે આ બીજા ભાગનું કાર્ય સંપાદન થયું છે. અભ્યાસીઓને ખૂબ ખૂબ ઉપયોગી બને એ જ એક ભાવના સાથે ખૂબ ખંતથી કાર્ય કર્યું છે. છતાં પણ કોમ્પ્યુટર વિગેરે અને પ્રેસ વિગેરેના કામોમાં ધાર્યા કરતાં ઘણો વિલંબ થવાથી આ પુસ્તક થોડું મોડું બહાર પડ્યું છે. આ પુસ્તકમાં પૂજ્ય સાધ્વીજી ભગવંતોએ અથાગ પ્રયત્ન કરી ષડ્લિંગ પ્રકરણનો સમાવેશ કર્યો છે. જેમાં ચોથા - પાંચમા પાદનું વિસ્તારથી વિવેચન, રૂપો, સાધનિકા, સામાસિક શબ્દોનાં રૂપો સાધનિકા વિગેરેનાં સમાવેશ કર્યો છે. જે અભ્યાસીઓને ઘણો ઉપયોગી નીવડશે એવું મારું ચોક્કસ માનવું છે. હજુ પણ આગળના ભાગો પૂજ્ય સાધ્વીજી મ. સા. પ્રયત્ન કરી બહાર પાડી શ્રુતજ્ઞાનની ઉપાસના કરે એજ અભિલાષા સહ.....

પં. ભાવેશકુમાર રવીન્દ્રભાઈ
સુરેન્દ્રસૂરિ પાઠશાળા, અમદાવાદ
ફોન નં : ૭૪૩૮૬૨૯

## સંપાદક પોતે....

જ્ઞાનદાતા, પિતૃતુલ્ય, વયોવૃદ્ધ પંડિતવર્યશ્રી છબીલદાસભાઇએ અમને ખૂબજ મહેનત પૂર્વક આ અભ્યાસ કરાવ્યો. પોતાની તબિયતની અનુકૂળતા ન હોય, તો પણ પોતાની શારીરિક શક્તિનો વિચાર કર્યા વિના કોઇ પણ જાતના સ્વાર્થ વગર અમને ખૂબ મહેનત કરી અભ્યાસ કરાવ્યો છે. તેમનો ઉપકાર તો અમે આ જીંદગીમાં ક્યારેય ભૂલી શકીએ તેમ નથી. આ બધો યશ તેઓશ્રીના ફાળે જાય છે.

અમોએ અભ્યાસ કર્યો, ત્યારે તો કોઇ જ કલ્પના ન હતી કે આ રીતે પુસ્તક પ્રગટ થશે. અભ્યાસ કરતાં કરતાં દરરોજ પંડિતવર્ય શ્રી અમોને કહેતાં કે કંઇક કરો તો આપણા થોડા પણ જ્ઞાનનો લાભ જગતને આપી શકાય. આમ તેમની સતત પ્રેરણાથી અને તેમની ખૂબ આંતરિક ભાવના હોવાથી અમે આ ગ્રન્થનું પ્રકાશન કરવા તત્પર થયા છીએ.

આ ગ્રંથના પ્રુફ સંશોધનાદિનું કાર્ય પંડિત શ્રી ભાવેશભાઇ રવીન્દ્રકુમાર દોશી (માંડલાવાળા) એ ખૂબ ખંતપૂર્વક કર્યું. તેમજ છાપકામના દરેક કાર્યમાં પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો છે, તે પણ અતિ પ્રશંસનીય છે. તથા રાજેન્દ્રકુમાર ચીનુભાઇ શાહ વિઠલાપુરવાળાએ કોમ્પ્યુટર તેમજ પ્રિન્ટીંગ કાર્ય સુંદર કરી આપ્યું તે અનુમોદનીય છે.

તે સાથે આ ગ્રન્થ છપાવતાં ઘણું ધ્યાન રાખવા છતાં, કોઇ છદ્મસ્થતાને કારણે ભૂલ રહી ગઇ હોય, તેમજ કોઇ પ્રેસ મીસ્ટીક થઇ ગયેલ હોય, તો સુજ્ઞજનોને સુધારી લેવા તથા અમારુ ધ્યાન દોરવા ખાસ વિનંતિ છે.

**જિનાજ્ઞા વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તો**

**"મિચ્છા મિ દુક્કડમ્"**

: ॐ अर्हम् नमः :

## : કિંચિદ્વક્તવ્ય :

આધ્યાત્મિક શિક્ષણક્ષેત્રે શ્રી અભયસાગરજી જ્ઞાનપીઠમાં વિ. સં. ૨૦૫૨ની સાલમાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય રચિત "સિદ્ધહેમશબ્દાનુશાસન" નો ખંતપૂર્વક અભ્યાસ કરનાર પૂ. ઘણા સાધ્વીજી મહારાજો હતાં તેમાં પ. પૂ. આ. દે. નીતિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના વિદૂષી સાધ્વી શ્રી પરમ પૂજ્ય લાવણ્યશ્રીજી મ. સા. ના શિષ્યા પ. પૂ. મયૂરકળાશ્રીજી મ. સા. ના શિષ્યાઓ પ. પૂ. કૈરવયશાશ્રીજી મ. સા., પ. પૂ. દિવ્યલોચનાશ્રીજી મ. સા., પ. પૂ. પ્રશાન્તયશાશ્રીજી મ. સા. તથા પ. પૂ. અર્પિતયશાશ્રીજી મ. સા. આ ચાર સાધ્વીજી મહારાજ સાહેબે સુંદર અભ્યાસ કર્યો.

અભ્યાસ કરતાં કરતાં વિચાર આવ્યો કે આ રીતે મુદ્રણ કરાવવામાં આવે તો અન્ય અભ્યાસકોને વ્યાકરણના વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં સુગમતા થાય, એ દૃષ્ટિએ આ વિષય ઉપર પંડિત ભાવેશભાઈના બહેન મહારાજ પ. પૂ. પ્રશાન્તયશાશ્રીજી એ તથા પ. પૂ. કૈરવયશાશ્રીજી એ ખૂબ ઉત્સાહથી આ મેટર તૈયાર કર્યું.

તેમાં પહેલા ભાગ રૂપે સંજ્ઞા પ્રકરણ - પહેલા અધ્યાયનું - પહેલુ પાદ, **સ્વરસન્ધિપ્રકરણ - બીજુપાદ** , વ્યંજનસન્ધિ પ્રકરણ - ત્રીજુ પાદ તેમાં આવતાં સૂત્રોના વિગ્રહ કરી સ્પષ્ટ અર્થ અને વિશેષતાઓની નોંધ કરવા પૂર્વક કામ કરવામાં આવ્યું છે. સન્ધિ પ્રકરણમાં સ્વરસન્ધિ ૧૯૬ છે. અને વ્યંજનસન્ધિ ૧૦૮૯ છે. તેમાં એ એક સન્ધિ, એ બીજી સન્ધિ એમ ૧૯૬ સ્વરસન્ધિમાં કયા કયા સૂત્રો લાગે છે. તેમ એ એક સન્ધિ, એ બીજી સન્ધિ એમ ૧૦૮૯ વ્યંજન સન્ધિમાં કયા કયા સૂત્રો લાગી શકે છે, અને તે સન્ધિ કેટલી રીતે થાય છે, તે જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તથા બીજા ભાગમાં પાદ ૪ અને પમાં શબ્દસાધનિકા તથા વિસ્તૃતરૂપો અને સાધનિકા નો સમાવેશ કરેલ છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંતે વ્યાકરણ વિષયક ગ્રન્થરચનાનો પ્રસંગ કેવી રીતે ઉપસ્થિત થયો. બીજા બધાં વ્યાકરણો કરતાં તેમની રચનાની વિશિષ્ટતા તેમજ વ્યાકરણનું "સિદ્ધહેમ" નામ કેમ આપવામાં આવ્યું. તેમજ શબ્દાનુશાસનની સાથે પ્રયોગોની સુંદરતાની દૃષ્ટિએ તેમણે પાંચ અનુશાસનની

રચના કરી છે. તે બધુ વિગતવાર મારી ૫૦ વર્ષ પહેલાં લખેલી પ્રસ્તાવના જે પ. પૂ. વ્યાકરણ વિશારદ આ. ભ. લાવણ્યસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર અને સાહિત્યવિદ્ પ. પૂ. દક્ષસૂરીશ્વરજી મ. સાહેબે વિ. સં. ૨૦૦૫માં છપાવેલી તત્ત્વપ્રવેશિકા (લઘુવૃત્તિ) રુપ "સિદ્ધહેમશબ્દાનુશાસન" મુદ્રિત કરેલ તેમાં આપવામાં આવેલ છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત પ. પૂ. હેમચન્દ્રસૂરિજી મ. સા. નું જીવન ચરિત્ર પણ આલેખન કરવું જરૂરી હોવા છતાં પણ પ. પૂ. પં. વજ્રસેનવિજયજી મ. સા. ની સત્પ્રેરણાથી પ. પૂ. તત્ત્વદર્શનવિજયજી મ. સાહેબે નાતિવિસ્તૃત નાતિસંક્ષિપ્ત આલેખન તેમણે બૃહદ્વૃત્તિના ત્રણ ભાગમાંના પહેલા ભાગમાં સુંદર રીતે કરલે છે. તેમાંથી અભ્યાસકોને વાંચવા-જાણવા ખાસ વિનંતિ કરું છું.

આજ સાધ્વીજી મ. સા. ના ગચ્છનાયક, અતિશય જ્ઞાનપ્રેમી વિદ્વદ્વર્ય નીતિસૂરીશ્વરજી મ. સા. જંગમ પાઠશાળા ચલાવતાં હતાં. એજ જંગમ પાઠશાળામાં મહાવિદ્વાનો જેવાકે પં. પ્રભુદાસભાઇ બેચરદાસ, પં. વીરચંદભાઇ મેઘજીભાઇ, પં. પૂંજાભાઇ નારુભાઇ, પં. હીરાલાલ-દેવચંદભાઇ તથા પં. ભગવાનદાસ હરખચંદભાઇ જેવા મહાવિદ્વત્તા સભર અનેક વિદ્વાનો તૈયાર થયા.

આ પુસ્તક મુદ્રણ કરવામાં તથા તેનાં મુખપૃષ્ઠ અને તેના બાઇન્ડીંગ વિગેરેને સુંદર બનાવવામાં હાલમાં વ્યાકરણનું અધ્યાપન કરાવતાં પંડિત શ્રી ભાવેશભાઇનો ફાળો નોંધપાત્ર છે.

આ પૂર્વે ઘણી લઘુવૃત્તિ, ઘણાં મહાત્માઓએ છપાવી છે. છતાં પઠન કરનાર પૂજ્યોશ્રી તથા મને લાગ્યું કે આ કામમાં સરળતા ખાતર પૃથક્કરણવાળો કોઇ પ્રયત્ન કરવામાં આવે અને મુદ્રિત કરવામાં આવેતો સારું. એ દષ્ટિએ આ બાલભોગ્ય પ્રયત્ન અમારી અલ્પશક્તિ હોવા છતા પણ અમારા જેવા અલ્પજ્ઞાન વિચાર શક્તિવાળાને ઉપયોગી થશે. તેમ માની આ નાનકડો ગ્રંથ આપના કરકમળમાં મૂકવાં ભાગ્યશાળી બન્યા છીએ.

લેખક : છબીલદાસ કેસરીચંદ સંઘવી
પં. શ્રી અભયસાગર જ્ઞાનપીઠ
કાજીનું મેદાન - સુરત.

# રૂપોની અનુક્રમણિકા


| क्रम | नाम | पृ. नं. |
|---|---|---|
| १. | देव | १५० |
| २. | वन | १५२ |
| ३. | माला | १५३ |
| ४. | मुनि | १५५ |
| ५. | वारि | १५८ |
| ६. | मति | १६० |
| ७. | वातप्रमी | १६२ |
| ८. | ग्रामणी | १६३ |
| ९. | नदी | १६५ |
| १०. | साधु | १६७ |
| ११. | मधु | १६९ |
| १२. | धेनु | १७० |
| १३. | हूहू | १७३ |
| १४. | वधू | १७५ |
| १५. | पितृ | १७७ |
| १६. | कर्तृ | १७९ |
| १७. | मातृ | १८० |
| १८. | अतिहे | १८१ |
| १९. | रै | १८२ |
| २०. | गो | १८४ |
| २१. | नौ | १८६ |
| २२. | उपकुम्भ | १८७ |
| २३. | जरा | १८८ |
| २४. | कीलालपा | १८९ |
| २५. | सखि | १९१ |
| २६. | दधि | १९३ |
| २७. | स्त्री | १९५ |
| २८. | लक्ष्मी | १९८ |
| २९. | श्री | १९९ |
| ३०. | आधी | २०१ |
| ३१. | नी | २०२ |
| ३२. | वसू | २०३ |
| ३३. | दृन्भू | २०३ |
| ३४. | क्रोष्टु | २०५ |
| ३५. | मास | २०७ |
| ३६. | निशा | २०८ |
| ३७. | आसन | २०८ |
| ३८. | दन्त | २०९ |
| ३९. | पाद | २०९ |
| ४०. | नासिका | २१० |
| ४१. | हृदय | २१० |
| ४२. | असृज् | २११ |
| ४३. | यूष | २११ |
| ४४. | उदक | २१२ |
| ४५. | दोस् | २१२ |
| ४६. | यकृत् | २१३ |
| ४७. | शकृत् | २१३ |
| ४८. | मरूत् | २१४ |
| ४९. | जगत् | २१५ |
| ५०. | संपत् | २१६ |
| ५१. | राजन् | २१६ |
| ५२. | आत्मन् | २१९ |
| ५३. | नामन् | २२० |
| ५४. | सीमन् | २२१ |
| ५५. | शशिन् | २२१ |
| ५६. | गुणिन | २२३ |
| ५७. | चन्द्रमस् | २२४ |
| ५८. | पयस् | २२६ |
| ५९. | अप्सरस् | २२७ |
| ६०. | गोमत् | २२७ |

| क्रम | नाम | पृ. नं. |
| --- | --- | --- |
| ६१. | महत् | २२८ |
| ६२. | कुर्वत् | २३० |
| ६३. | विद्वस् | २३१ |
| ६४. | श्रेयस् | २३४ |
| ६५. | पिपठिष् | २३६ |
| ६६. | उखास्त्रंस् | २३८ |
| ६७. | चिकीर्ष् | २३९ |
| ६८. | पुम्स् | २४१ |
| ६९. | जीवनश् | २४३ |
| ७०. | प्राञ्च् | २४५ |
| ७१. | वाच् | २४९ |
| ७२. | युज् | २५० |
| ७३. | ऋत्विज् | २५२ |
| ७४. | भ्रूणहन् | २५३ |
| ७५. | अहन् | २५४ |
| ७६. | पथिन् | २५६ |
| ७७. | श्वन् | २५९ |
| ७८. | अप् | २६१ |
| ७९. | प्रशाम् | २६३ |
| ८०. | गिर् | २६५ |
| ८१. | दिव् | २६६ |
| ८२. | अनडुह् | २६८ |
| ८३. | पर्णगुह् | २७० |
| ८४. | तुण्डिभ् | २७१ |
| ८५. | गर्दभ् | २७२ |
| ८६. | धर्मबुध् | २७४ |
| ८७. | मधुलिह् | २७५ |
| ८८. | गोदुह् | २७६ |
| ८९. | उपानह् | २७८ |
| ९०. | साधुलस्ज् | २७९ |
| ९१. | द्विपाद् | २८१ |
| ९२. | सर्व | २८२ |

| क्रम | नाम | पृ. नं. |
| --- | --- | --- |
| ९३. | विश्व | २८६ |
| ९४. | उभ | २८६ |
| ९५. | उभयट् | २८८ |
| ९६. | अन्य, इतर, यतर, यतम ततर, ततम, कतर, कतम | २८९ |
| ९७. | त्वत्, त्व, नेम, सम, सिम पूर्व વિગેરે નવ | २९० |
| ९८. | तद् | २९१ |
| ९९. | अदस् | २९३ |
| १००. | एतद् | ३०१ |
| १०१. | इदम् | ३०४ |
| १०२. | युष्मद् | ३१२ |
| १०३. | अस्मद् | ३१९ |
| १०४. | एक | ३२३ |
| १०५. | द्वि | ३२५ |
| १०६. | त्रि | ३२६ |
| १०७. | चतुर् | ३२९ |
| १०८. | पञ्चन् | ३३२ |
| १०९. | षष् | ३३३ |
| ११०. | अष्टन् | ३३५ |
| १११. | गच्छत् | ३३७ |
| ११२. | यात् | ३३८ |
| ११३. | जक्षत् | ३३९ |
| ११४. | दरिद्रत् | ३३९ |
| ११५. | जाग्रत्, चकासत्, शासत् अदत् | ३४० |
| ११६. | दधत्, नेनिजत् | ३४१ |
| ११७. | दिव्यत्, चिन्वत्, तुदत् | ३४२ |
| ११८. | रून्धत्, तन्वत्, क्रीणत् | ३४३ |
| ११९. | चोरयत्, कारयत्, चिकीर्षत् | ३४४ |
| १२०. | पापच्यमान, जङ्ग्छत् | ३४५ |
| १२१. | पुत्रीयत् | ३४६ |

# अर्हम्

# चतुर्थः पादः

षड्लिंग એટલે છલિંગ. ખરેખર તો અષ્ટલિંગ કહેવું જોઈએ. પરંતુ લોકમાં વૈયાકરણો પાસેથી છલિંગ ચાલ્યા આવે છે અને વ્યાકરણમાં છલિંગ છે. (૧) પુંલિંગ (૨) સ્ત્રીલિંગ (૩) નપુંસકલિંગ (૪) પુંલિંગ - સ્ત્રીલિંગ. (૫) પુંલિંગ - નપું. (૬) સ્ત્રીલિંગ - નપું. (૭) પુંલિંગ - સ્ત્રીલિંગ - નપું. (૮) અલિંગ.

સાતમો પ્રકાર વિશેષણમાં સમાઈ જાય છે.

આઠમા પ્રકારનો વ્યવહારમાં ઉપયોગ થતો નથી. તેથી વ્યવહારમાં છલિંગ છે.

અહીં પાદમાં આવતાં દરેક શબ્દોનાં રૂપો અને સાધનિકા વિવેચન પછી લખેલા છે. ત્યાંથી જોઈ લેવા. તેથી અહીં સૂત્રોમાં આવતાં ઉદાહરણની સાધનિકા ફરી કરી નથી.

**अत आः स्यादौ जस्--भ्याम् ये । १-४-१**

અર્થ- સ્યાદિ સંબંધી जस्, भ्याम् અને य પ્રત્યય પરમાં હોતે છતે (પૂર્વમાં રહેલા) अ નો आ થાય છે.

સૂત્ર સમાસ : जस् च भ्याम् च यश्च एतेषां समाहारः - जस्-भ्याम्-यम्, तस्मिन् - (समा.-द्व).

सिः आदिः यस्य सः - स्यादिः, तस्मिन् (બહુ.)

स्यादावितिकिम् ? बाणान् जस्यति इति क्विप् - बाणजः અહીં जस् પર છતાં પૂર્વનાં अ નો आ નહિ થાય. કારણ કે તે जस् પ્રત્યય નથી પણ ધાતુ છે. તેના રૂપો चन्द्रमसवत् થશે. પરંતુ પ્ર. એ. વ. માં अभ्वादे.....૧-૪-૯૦ થી भ्वादि નું વર્જન હોવાથી દીર્ઘ ન થતાં बाणजः થશે.

વિવેચન-પ્રશ્ન : देव + जस् = देवाः આ ઉદાહરણમાં समानानां.... ૧-૨-૧ થી अ + अ = आ થવાનો જ હતો. છતાં આ સૂત્ર પૂર્વના अ નો आ કરવા શા માટે બનાવ્યું ?

જવાબ : समानानां..... ૧-૨-૧ થી अ + अ = आ થવાનો જ હતો. પરંતુ लुगस्यादेत्यपदे ૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો लुक् થવાની પ્રાપ્તિ "पूर्वात्

परम्'' એ ન્યાયથી આવે. તો देवस् થઈને અનિષ્ટ રૂપ થાત. તેવું ન થાય માટે આ સૂત્ર બનાવ્યું. આ સૂત્રથી પૂર્વના अ નો आ થઈ જશે. તેથી હવે પૂર્વમાં अ છે જ નહીં. आ છે. તેથી ''लुगस्यादेत्यपदे'' થી લોપની પ્રાપ્તિ નહીં આવે.

પ્રશ્ન : य પ્રત્યય સ્યાદિ પ્રત્યયોમાં છે જ નહિ. તો य સ્યાદિનો કેવી રીતે ગ્રહણ કરવો ?

જવાબ : સ્યાદિમાં ङे ચ. એ.વ. નો પ્રત્યય છે તે સ્યાદિનો છે. તેના સ્થાનમાં થયેલો य આદેશ તેના જેવો જ થાય. કારણ કે એક ન્યાય છે કે ''आदेशः आदेशि इव स्यात् ।'' (આદેશ - આદેશિ જેવો થાય) તેથી હવે य પ્રત્યય સ્યાદિમાં જ ગણાશે.

બીજું जस् અને भ्याम् પ્રત્યય સ્યાદિ હોવાથી તેના સાહચર્યથી य પ્રત્યય પણ સ્યાદિનો જ ગ્રહણ થશે.

જો કે य પ્રત્યય ''तत्रभवे''૬-૩-૧૨૩ થી તદ્ધિતમાં પણ આવે છે. જેમ કે वनेभव इति - वन्य . અહીં य પ્રત્યય સ્યાદિનો ન હોવાથી પૂર્વના अ નો आ ન થતાં ''अवर्णेवर्णस्य'' ૭-૪-૬૮ થી પૂર્વના अ નો લોપ થયો છે.

''प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैवग्रहणम् ।'' (પ્રત્યય અને અપ્રત્યય બંને મળતાં હોય તો પ્રત્યયનું જ ગ્રહણ થાય) તેથી जस् ધાતુ અને પ્રત્યય બંને છે તો તેમાંથી जस् પ્રત્યયનું જ ગ્રહણ થશે.)

પ્રશ્ન : ઉપરનાં ન્યાયથી સ્યાદિના જ પ્રત્યયો ગ્રહણ થઈ જાય છે તો પછી સૂત્રમાં સ્યાદિ ગ્રહણ શા માટે છે ?

જવાબ : णषमसत्परे..... ૨-૧-૬૦ વિગેરે સૂત્રોમાં આ સૂત્રોનું સ્યાદિવિધિના પ્રકરણમાં ગ્રહણ કરવા માટે જ સૂત્રમાં સ્યાદિ શબ્દનું ગ્રહણ છે. જેમ કે राजन् + भ्याम् - नाम्नो.... ૨-૧-૯૧ થી न् લોપ થવાથી राज + भ्याम्, હવે આ સૂત્રથી भ्याम् પ્રત્યય પર છતાં પૂર્વના अ નો आ થવાની પ્રાપ્તિ આવી, પણ ન થયો. કેમ કે राजन् માં જે न् નો લોપ થયો છે તે પૂર્વની સ્યાદિ વિધિમાં असत् થતો હોવાથી न् નો લોપ થવા છતાં न् છે એમ જ મનાય. તેથી હવે આ સૂત્રની પ્રાપ્તિ આવે ત્યારે વચ્ચે न દેખાતો હોવાથી अ જ નથી. તેથી अ નો आ ન થયો અને राजभ्याम् રૂપ સિદ્ધ થયું. અન્યથા राजाभ्याम् અનિષ્ટ રૂપ સિદ્ધ થાત. તે હવે

સ્યાદિના ગ્રહણથી નહિ થાય.

પ્રશ્ન : अ ને માનીને જ ङे ચ.એ.વ. નો य થયો. હવે તે य પ્રત્યયથી अ નો ઘાત ન કરી શકાય. કેમ કે "सन्निपात लक्षणोविधिरनिमित्तंतद् विघातस्य"(પોતાના કારણે થયેલો વિધિ પોતાના ઘાતનું કારણ બનતું નથી.) આવો ન્યાય છે તો પછી અહીં કેમ ઘાત થયો ?

જવાબ : આવું ન બને. છતાં પણ य પ્રત્યય તેના ઘાતનો નિમિત્ત બન્યો છે તે જ જણાવે છે કે જગતમાં જેટલા ન્યાય છે તે નિત્યાનિત્ય છે. આ ન્યાય અહીં અનિત્ય છે તેથી આ સૂત્રથી य પ્રત્યય પર છતાં अ નો आ થઈ શક્યો.

सुख - अ કારાન્ત નપું. ના રૂપો वनवत् થશે.

**भिस ऐस् । १-४-२**

અર્થ- अ કારથી પર રહેલાં સ્યાદિ સંબંધી भिस् પ્રત્યયનો ऐस् થાય છે.

વિવેચન-પ્રશ્ન : अत: એ ૧-૪-૧માં ષષ્ઠ્યન્ત છે અને અહીં અનુવૃત્તિ પણ ચાલે છે. તો ટીકામાં પંચમી કેમ કરી ?

જવાબ : "अर्थवशात् विभक्ति विपरिणाम:" એન્યાયના આધારે अत: ઉપરનાં પહેલાં સૂત્રમાં ષષ્ઠ્યન્ત છે અને અહીં પંચમ્યન્ત છે.

પ્રશ્ન : "षष्ठ्याऽन्त्यस्य" પરિભાષાથી भिस् ને ષષ્ઠી વિભક્તિ હોવાથી અંત્ય स् નો જ ऐस् આદેશ થાય. છતાં આખા भिस् પ્રત્યયનો ऐस् કેમ થયો ?

જવાબ : "षष्ठ्याऽन्त्यस्य" પરિભાષાથી અંતનું ગ્રહણ થતું હોવાથી स् નો જ ऐस् આદેશ થવો જોઈએ. પરંતુ "प्रत्ययस्य" પરિભાષાથી પ્રત્યયનો આદેશ સર્વનો થાય. તેથી આખા भिस् પ્રત્યયનો ऐस् આદેશ થયો છે.

પ્રશ્ન : देव + भिस् અહીં भिस् પ્રત્યયનો ऐस् કરીને देवै: રૂપ બનાવ્યું છે. તો પ્રશ્ન એ થાય છે કે જો देवै: જ રૂપ કરવું છે. તો भिस् નો ऐस् કરવાને બદલે एस् કર્યો હોત તો પણ ચાલે. કેમ કે ऐस् કરો કે एस् કરો. બંનેનો "ऐदौत् सन्ध्यक्षरै:" સૂત્ર લાગીને ऐ જ થવાનો છે. તો પછી एस् ન કરતાં ऐस् શા માટે કર્યો ?

જવાબ : एस् આદેશ કરીએ તો ચાલી શકે તેમ નથી કારણ કે एस् કરીએ તો "लुगस्यादेत्यपदे" ૨-૧-૧૧૩ સૂત્રથી एस् નો ए પર છતાં પૂર્વના अ

નો લોપ થઈ જાય. તો देवैः ને બદલે देवेः એવું અનિષ્ટ રૂપ થઈ જાત. તેથી ऐस् કરવો જરૂરી છે.

પ્રશ્ન : एस् કરીને "लुगस्यादेत्यपदे" સૂત્ર લગાડીને જો देवेः જ રૂપ કરવું હોત તો एस् કરવાની પણ જરૂર નથી. इस् કરીએ તો પણ ચાલે. કેમ કે देव + इस् अवर्णस्ये.... ૧-૨-૬ થી देवेः થઈ જ જાય છે. પણ છતાંય इस् ન કરતાં एस् કરીએ તો एस् કરવાના સામર્થ્યથી જ "लुगस्यादेत्यपदे" ૨-૧-૧૧૩ સૂત્ર લાગશે નહિ. અને देवैः રૂપ થઈ જાય. છતાં પણ ऐस् શા માટે કર્યો ?

જવાબ : देवैः રૂપ एस् કરવાથી સિદ્ધ થાય પણ अतिजरसैः પ્રયોગને સિદ્ધ કરવા માટે ऐस् કરવું જરૂરી છે. માટે ऐस् કર્યો છે.

પ્રશ્ન : તો પણ પ્રશ્ન થાય કે આ સૂત્ર તો अ કારાન્તને જ લાગે છે જ્યારે अतिजरस् તો વ્યંજનાંત છે તેને તો આ સૂત્ર લાગેજ નહિ. તો પછી अतिजरस् માટે ऐस् શા માટે કર્યો ?

જવાબ : अतिजरस् વ્યંજનાંત છે. છતાં તેને માટે જે ऐस् કર્યો છે તે જ બતાવે છે કે "एकदेशविकृतम् अनन्यवत्" (એક દેશમાં થયેલો ફેરફાર અન્યવત્ થતો નથી.) તેથી अतिजर થી अतिजरस् જુદું નથી. તેથી अतिजर ને લાગતું સૂત્ર अतिजरस् ને પણ લાગે.

અહીં પણ "सन्निपातलक्षणोविधिरनिमित्तं तद् विघातस्य" એ ન્યાય અનિત્ય થાય છે જેમ કે अतिजर + भिस् આ સૂત્રથી भिस् નો ऐस् થયો. પછી "जराया जरस्वा" ૨-૧-૩ થી સ્વરાદિ પ્રત્યય પર છતાં जरा નું जरस् થાય. તેથી જ अतिजर ને માનીને भिस् નો ऐस् થયો. તે જ ऐस् સ્વરાદિ બનીને अतिजर નો ઘાત કરનાર થયો. પણ ન્યાય અનિત્ય છે. માટે जरस् થઈ શક્યું.

## इदमदसोऽक्येव । १-४-३

અર્થ - अक् પર છતાં જ इदम् અને अदस् ના अ થી પરમાં રહેલાં भिस् પ્રત્યયનો ऐस् થાય છે.

સૂત્ર સમાસ -इदम् च अदस् च एतयोः समाहारः - इदमदः तस्य (સમા. દ્વ.)

વિવેચન - પ્રશ્ન - इदम् અને अदस् ના અંત્ય म् અને स् નો "आद्वेरः" ૨-૧-૪૧ થી अ થાય. અને "लुगस्यादेत्यपदे" ૨-૧-૧૧૩ થી પૂર્વના अ

નો લોપ થવાથી अ કારાન્ત થઇ જાય છે. તેથી ઉપરનાં ૧-૪-૨ થી भिस् નો ऐस् સિદ્ધ જ હતો. છતાં આ સૂત્ર શા માટે બનાવ્યું ?

જવાબ - सिद्धे सति आरम्भो नियमार्थः એ ન્યાયથી સૂત્રની રચના કરી તે નિયમને માટે છે. તો નિયમ એ થયો કે इदम् અને अदस् થી પરમાં રહેલાં भिस् નો ऐस् થાય તો अक् સહિત इदम् અને अदस् હોય ત્યારે જ થાય. अक् સિવાયના इदम् અને अदस् થી પર भिस् પ્રત્યયનો ऐस् ન થાય.

પ્રશ્ન - આ ન્યાયથી एव કાર આવી જ જવાનો છે.. તો પછી સૂત્રમાં एव શા માટે મૂકયો છે ?

જવાબ - છતાં अकि ની પછી एव કાર મૂકયો છે તે જ જણાવે છે કે બે જાતના નિયમ થાય છે. તેમાંથી વિપરીત નિયમને દૂર કરવા માટે જ एव મૂકયો છે. તે આ પ્રમાણે...

(૧) इदम् અને अदस् ને अक् પરમાં આવતાં જ भिस् નો ऐस् થાય.

(૨) अक् લાગ્યો હોય ત્યારે इदम् અને अदस् થી જ પરમાં રહેલાં भिस् નો ऐस् થાય.

આમાં પ્રહેલો નિયમ ગ્રહણ થશે. બીજો નિયમ વિપરીત છે. તેનું ગ્રહણ નહિં થાય. જો एव ન મૂકયો હોત તો વિપરીત નિયમ કોઇ ગ્રહણ કરે તો इदम् અને अदस् સિવાયના અન્ય સર્વનામોને अक् પર છતાં भिस् નો ऐस् થાય નહિ પરંતુ અન્ય સર્વનામોને તો अक् પર છતાં भिस् નો ऐस् કરવો છે. માટે अकि ની પછી एव કાર મૂકેલો છે.

### एद् बहुस्भोसि। १-४-४

અર્થ - બહુવચનનાં અર્થમાં વર્તતા સ્યાદિ स् કારાદિ અને भ् કારાદિ પ્રત્યય પર છતાં તેમ જ ओस् (ષ.સ.દ્વિ.વ.) પ્રત્યય પર છતાં (પૂર્વના) अ નો ए થાય છે.

સૂત્ર સમાસ - स् च भ् च - स्भौ (ઇ.દ્વ.), बहुषु स्भौ - बहुस्भौ - (સ.ત.) बहुस्भौ च ओस् च एतेषाम् समाहारः - बहुस्भोस्, तस्मिन् (સમા. દ્વ.)

અહીં अतः ષષ્ઠી થયું તે अर्थवशात् विभक्तिविपरिणामः થી થયું છે.

### टाङसोरिनस्यौ । १-४-५

અર્થ - अ કારથી પર રહેલાં टा (તૃ.એ.વ.) અને ङस् (ષ.એ.વ.) નો અનુક્રમે इन અને स्य આદેશ થાય છે.

સૂત્ર સમાસ - टा च ङस् च - टाङसौ तयोः (ઇ.દ્વ.) इनश्च स्यश्च-इनस्यौ (ઇ.દ્વ.)

વિવેચન - टा અને ङस् એ બે નિમિત્તિ છે. તેની સામે इन અને स्य એ બે કાર્યો છે. માટે દ્વિવચન કર્યું છે.

यथासङ्ख्यमनुदेशः समानाम् એ ન્યાયથી અનુક્રમ થયો છે.

**ङेङस्योर्याऽऽतौ । ૧-૪-૬.**

અર્થ - अ કારથી પર રહેલાં ङे (ચ.એ.વ.) અને ङसि (પં.એ.વ.) નો અનુક્રમે य અને आत् આદેશ થાય છે.

સમાસ - ङेश्च ङसिश्च - ङेङसी तयोः (ઇ.દ્વ) यश्च आत् च - याऽऽतौ (ઇ.દ્વ.)

વિવેચન - પ્રશ્ન-અહીં સૂત્રમાં आत् ને બદલે अत् કર્યું હોત તો શું વાંધો આવે ?

જવાબ - आत् ને બદલે अत् કર્યું હોત તો ચાલત કારણ કે देव + अत्, समानानां.... ૧-૨-૧ થી દીર્ઘ થઇને देवात् થઇ જાત પણ તેની પહેલાં लुगस्यादेत्यपदे ૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો લોપ પ્રાપ્ત થવાથી देवात् ને બદલે देवत् એવું અનિષ્ટ રૂપ થઇ જાત. અને જો देवत् રૂપ કરવું હોત તો अत् પણ શું કરવા કરત ? "त्" જ કરવું જોઇએ. પણ તેમ ન કરતાં अत् કરીએ તો તેના સામર્થ્યથી જ "लुगस्यादेत्यपदे" ૨-૧-૧૧૩ પણ ન લાગે અને देवात् રૂપ સિદ્ધ થાય. પણ अतिजरसात् રૂપ સિદ્ધ ન થઇ શકે માટે आत् કરવું જરૂરી છે.

**सर्वादेः स्मैस्मातौ । ૧-૪-૭**

અર્થ - अ કારાન્ત સર્વાદિ સંબંધી ङे (ચ.એ.વ.) અને ङसि (પં.એ.વ.) નો અનુક્રમે स्मै અને स्मात् આદેશ થાય છે.

સૂત્ર સમાસ - सर्वः आदिः यस्य सः - सर्वादिः तस्य (બહુ.) स्मै च स्मात् च - स्मै - स्मातौ (ઇ.દ્વ.)

વિવેચન - सर्व - સઘળું, બધું.

विश्व - સઘળું, બધું. सहचरितासहचरितयोः सहचरितस्यैवग्रहणम् (સહચરિત અને અસહચરિતમાં સહચરિતનું જ ગ્રહણ થાય છે.) એ ન્યાયથી विश्व શબ્દ सर्व નાં સાહચર્યથી सर्व અર્થમાં જ સર્વાદિ ગણપાઠમાં લીધો છે. પરંતુ જગત અર્થમાં હોય ત્યારે સર્વાદિ ન ગણાય. દા.ત. रामलक्ष्मणौ તેમાં લક્ષ્મણના સાહચર્યથી દશરથપુત્ર રામનું જ ગ્રહણ થાય. પણ અન્ય રામનું નહિં.

उभ - બે

પ્રશ્ન - ઉભ એ સર્વનામ નિત્ય દ્વિવચનાન્ત હોવાથી इ - स्मै - स्मात् - साम्, स्मिन् વિગેરે એ.વ. અને બ.વ.ના પ્રત્યયો લાગવાના જ નથી. તો સર્વાદિ ગણપાઠમાં ગ્રહણ કરવાનું પ્રયોજન શું ?

જવાબ - વાત બરાબર છે. પરંતુ "सर्वादे: सर्वा:" ૨-૨-૧૧૯ થી હેતુ અર્થમાં સર્વાદિ શબ્દોને સર્વવિભક્તિ અને સર્વવચન થાય છે. તે ઉભ સર્વનામને પણ થઇ શકે. માટે સર્વાદિ ગણપાઠમાં ગ્રહણ કરેલો છે.

એ પ્રમાણે द्वि, युष्मद्, अस्मद् અને भवतु સર્વનામોને માટે પણ આ નિયમ જાણવો. द्वि શબ્દ દ્વિ.વ.માં જ વપરાય છે. युष्मद् અને अस्मद् નાં આદેશો થઇ જાય છે. અને भवतु બ.વ.માં વપરાય છે. તેથી इ, स्मै વિગેરે પ્રત્યયો લાગવાનો સંભવ નથી. પરંતુ "सर्वादे: सर्वा:" ૨-૨-૧૧૯ થી હેતુ અર્થમાં સર્વ વિભક્તિ લાગી શકે. માટે સર્વાદિ ગણપાઠમાં લીધા છે.

उभयट् - બંને. તેની વિશેષતા उभयट् નાં રૂપોમાં જોવી.

अन्य - બીજો.

अन्यतर - બેમાંથી એક.

પ્રશ્ન - डतर પ્રત્યયાન્તમાં अन्यतर સર્વનામનો સમાવેશ થઇ જ જાય છે. તો તેને પૃથક્ શા માટે ગ્રહણ કર્યો ?

જવાબ - अन्यतर સર્વનામને પૃથક્ ગ્રહણ કરવાથી જ જણાય છે કે अन्यतम શબ્દને સર્વાદિ ગણપાઠમાં ગ્રહણ કરવો નથી. अन्यतम શબ્દની સર્વાદિ ગણપાઠમાંથી નિવૃત્તિ કરવા માટે अन्यतर સર્વનામને પૃથક્ ગ્રહણ કર્યો છે.

इतर - બીજો, અન્ય.

अन्यतम ની જેમ इतम શબ્દ પણ સર્વાદિમાં ગણાશે નહિં. કારણ કે इतर નું પૃથક્ ગ્રહણ કરેલ છે.

डतर - બેમાંથી એક, डतम - ઘણામાંથી એક.

પ્રશ્ન - प्रकृतिग्रहणे स्वार्थिक प्रत्ययान्तानामपि ग्रहणम् (જયાં પ્રકૃતિનું ગ્રહણ હોય ત્યાં સ્વાર્થિક પ્રત્યયો સહિત પણ તેનું ગ્રહણ થાય.) તેથી આ સૂત્રમાં डतर અને डतम પ્રત્યયો લેવાની જરૂરીયાત નથી. કેમકે डतर - डतम પ્રત્યયો સ્વાર્થિક છે. સર્વાદિ શબ્દો જેમ સર્વાદિ ગણાય છે. તેમ डतरान्त અને डतमान्त પણ અહીં ન લીધા હોત તો પણ સર્વાદિ

ગણાત તો પછી डतर - डतम પૃથક્ શા માટે ?

જવાબ - **सिद्धे सति आरम्भो नियमार्थः ।** આ ન્યાય જણાવે છે કે डतर અને डतम પ્રત્યયો સૂત્રમાં લઈને નિયમ કર્યો કે डतरान्त અને डतमान्त જ સર્વાદિ થાય. તે સિવાયના સ્વાર્થિક પ્રત્યયો લગાડેલાં નામો સર્વાદિ થાય નહિં.

એમાં પણ એક વિશેષતા એ છે કે डतरान्त અને डतमान्त નાં ગ્રહણથી બીજા સ્વાર્થિક પ્રત્યયો જે નીકળી જાય છે. તે પણ સર્વાદિની પછી લાગેલા હોય તેજ નીકળી જાય છે. કારણ કે डतर અને डतम પ્રત્યય સર્વાદિ શબ્દોની પછી લાગેલાં છે. એટલે જે પ્રત્યય સર્વાદિ શબ્દોની અંતર્ગત હોય તો તે શબ્દોની સર્વાદિ સંજ્ઞા થાય. જેમકે "त्यादि-सर्वादेः स्वरेष्वन्त्यात् पूर्वोऽक्" ૭-૩-૨૯ થી અંત્ય સ્વરની પહેલાં अक् પ્રત્યય લાગે છે. માટે તે પ્રત્યય શબ્દની અંતર્ગત છે. તેથી अक् વિગેરે પ્રત્યયો લાગેલાં સર્વાદિ શબ્દોની સર્વાદિ સંજ્ઞા થશે.

डतर અને डतम ની સાથે સંબંધ રાખતાં જે પ્રત્યયો છે. તે डतर - डतम નાં ગ્રહણથી નિષિદ્ધ થયાં. તેનાં નિષેધમાં पर्युदास नञ् સમજવો. એટલે કે સર્વાદિ શબ્દોની પછી જે પ્રત્યયો લાગ્યા હોય તેનો નિષેધ થશે પણ અંતર્ગત પ્રત્યયો જેને લાગ્યા હોય તેનો નિષેધ નહિં થાય.

त्व - અન્ય અર્થમાં.

त्वत् - સમુચ્ચય અર્થમાં.

પ્રશ્ન - त्वत् સર્વનામને સર્વાદિ ગણપાઠમાં લેવાનું કોઈ પ્રયોજન નથી. કારણ કે આ સૂત્ર अ કારાન્ત સર્વાદિને લાગે છે. અને त्वत् તો વ્યંજનાન્ત છે.

જવાબ - વ્યંજનાન્ત હોવા છતાં त्वत् ને સર્વાદિ ગણપાઠમાં ગ્રહણ કર્યો છે. તેથી જણાય છે. કે આ સૂત્ર ભલે ન લાગે. પરંતુ સર્વાદિને લગતાં અન્ય સૂત્રો લગાડી શકાય. જેમકે सर्वादयोऽस्यादौ ૩-૨-૬૧, सर्वादि - विश्वग्.....૩-૨-૧૨૨ વિગેરે સૂત્રો લાગી શકે. શબ્દોને સર્વાદિ ગણમાં લેવાથી આ ફાયદો થાય.

नेम - અર્ધ.

सम - સર્વ. "समाय देशाय" - સમાન દેશ માટે. અહીં સમાન

અર્થમાં સર્વાદિ નથી.

सिम - સર્વ. "सिमाय अश्वाय" - અશ્વને માટે. અહીં મર્યાદા અર્થમાં સર્વાદિ નથી.

पूर्व થી अधर સુધીના સર્વનામ દિશાવાચી છે. દેશ - કાલની વ્યવસ્થા રૂપ અર્થમાં છે.

स्व - પોતે (આત્મા), પોતાનું (આત્મીય), જ્ઞાતિ, અને ધન એ ચાર અર્થ स्व શબ્દનાં છે. તેમાંથી જ્ઞાતિ અને ધન અર્થમાં સર્વાદિ ગણપાઠમાં ગણાતો નથી.

अन्तर् - બહિર્યોગ અને ઉપસંવ્યાન અર્થમાં સર્વાદિ છે. पुर् અર્થમાં વર્તતો હોય ત્યારે સર્વાદિ ગણપાઠમાં ગણાતો નથી.

त्यद् - તે, પેલું. त्यद् થી માંડીને હવે પછીનાં બધા સર્વનામો વ્યંજનાન્ત છે. પરંતુ आद्वेरः ૨-૧-૪૧ થી અંત્ય નો अ થઇ જવાથી अ કારાન્ત બની જ જાય છે. માટે अ કારાન્ત હોવાથી આ સૂત્ર લગાડવામાં કોઇ વાંધો નથી. બધાના અર્થ સુગમ છે.

આ બધા સર્વનામો કોઇપણ સંજ્ઞામાં વર્તતા હોય તો તે સર્વાદિ નથી. અસંજ્ઞામાં વર્તતા હોય ત્યારે જ સર્વાદિ ગણાય છે.

**ङेः स्मिन् । १-४-८.**

અર્થ - अ કારાન્ત સર્વાદિ સંબંધી ङि (સ.એ.વ.) નો स्मिन् આદેશ થાય છે.

**जस इः । १-४-९.**

અર્થ - अ કારાન્ત સર્વાદિ સંબંધી जस् (પ્ર.બ.વ.) નો इ આદેશ થાય છે.

વિવેચન - પ્રશ્ન - षष्ठ्यान्त्यस्य પરિભાષાથી અંતનું ગ્રહણ થતું હોવાથી जस् પ્રત્યયના स् નો જ इ થવો જોઇએ. તો આખા जस् પ્રત્યયનો इ કેમ થયો ?

જવાબ - આખા जस् પ્રત્યયનો इ આદેશ આ પરિભાષાથી ન થાય. પરંતુ "प्रत्ययस्य" ૭-૪-૧૦૮ એ પરિભાષાથી પ્રત્યયનાં સ્થાનમાં થતો આદેશ સર્વનો થાય. તેથી આખા जस् પ્રત્યયનો इ આદેશ થયો છે.

**नेमा-ऽर्द्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य वा । १-४-१०**

અર્થ - अ કારાન્ત એવા नेम - अर्द्ध - प्रथम - चरम - तयट् પ્રત્યયાન્ત, अयट् પ્રત્યયાન્ત, अल्प અને कतिपय શબ્દો સંબંધી जस् પ્રત્યયનો વિકલ્પે इ થાય છે.

સૂત્ર સમાસ - नेमश्च अर्द्धश्च प्रथमश्च चरमश्च तयश्च अयश्च अल्पश्च कतिपयश्च एतेषाम् समाहार: - नेमार्द्धप्रथमचरमतयाऽयाल्पकतिपयम् - तस्य (સમા. દ્વ.)

વિવેચન - प्राप्ताप्राप्त विभाषार्थम् થી નેમ સર્વનામને નિત્ય પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે जस् નો इ કરવા માટે અને બીજા બધા શબ્દોને પ્રાપ્તિ જ ન હતી તેને પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

द्वि - अवयवात् तयट् ૭-૧-૧૫૧ થી तयट् પ્રત્યય લાગ્યો છે.

त्रि - द्वि-त्रिभ्यामयट् ૭-૧-૧૫૨ થી अयट् પ્રત્યય લાગ્યો છે.

**द्वन्द्वे वा । ૧-૪-૧૧.**

અર્થ - દ્વન્દ્વ સમાસમાં રહેલાં अ કારાન્ત સર્વાદિ સંબંધી जस् પ્રત્યયનો इ વિકલ્પે થાય છે.

પ્રશ્ન - આ સૂત્ર શા માટે બનાવ્યું ?

જવાબ - "जसइ:" ૧-૪-૯ થી સમાસાન્ત સર્વાદિ હોય કે અસમાસાન્ત સર્વાદિ હોય તેને जस् પ્રત્યયનો इ આદેશ થવાની પ્રાપ્તિ હતી જ. પરંતુ "न सर्वादि:" ૧-૪-૧૨ થી દ્વન્દ્વ સમાસાન્ત સર્વાદિ શબ્દોનો સર્વાદિ રૂપે નિષેધ થતો હતો. તેનો બાધ કરીને जस् પ્રત્યયનો इ કરવાના પ્રસંગે દ્વન્દ્વ સમાસાન્ત શબ્દોને સર્વાદિ ગણીને जस् નો इ કરવો છે. તે માટે આ સૂત્ર બનાવ્યું છે.

**न सर्वादि: । ૧-૪-૧૨.**

અર્થ - દ્વન્દ્વ સમાસમાં સર્વાદિ શબ્દો સર્વાદિ ન થાય. (સર્વાદિને લગતાં જે સૂત્રો લાગતાં હોય તે ન લાગે.)

વિવેચન - पूर्वापराय - અહીં "सर्वादे: स्मै-स्मातौ" ૧-૪-૭ થી ङे ચ.એ.વ. નો स्मै ન થયો. પરંતુ "ङेङस्योर्याऽऽतौ" ૧-૪-૬ થી य થયો.

पूर्वापरात् - અહીં "सर्वादे: स्मैस्मातौ" ૧-૪-૭ થી ङसि પં.એ.વ. નો स्मात् ન થયો. પરંતુ "ङेङस्योर्याऽऽतौ" ૧-૪-૬ થી आत् થયો.

पूर्वापरे - અહીં ङे:स्मिन् ૧-૪-૮ થી ङि સ.એ.વ. નો स्मिन् ન થયો.

कतरकतमानाम् - અહીં अवर्णस्याम: साम् ૧-૪-૧૫ થી आम् નો साम् ન થયો. ह्रस्वाऽऽपश्च ૧-૪-૩૨ થી नाम् થયો.

कतरकतमका: - અહીં સ્વાર્થિક अक् પ્રત્યય નથી. પરંતુ कुत्सित, अज्ञात અને अल्प અર્થમાં कप् પ્રત્યય લાગેલો છે. તે સર્વાદિ શબ્દોને અંતે લાગે છે. તેનો डतर - डतम પ્રત્યયના ગ્રહણથી શબ્દને અંતે

લાગેતાં અન્ય પ્રત્યયનો નિષેધ થયેલો છે. તેથી સર્વાદિ કાર્ય ન થવાથી द्वन्द्वे वा ૧-૪-૧૧ થી जस् પ્રત્યયનો इ વિકલ્પે ન થયો.

**तृतीयान्तात् पूर्वाऽवरं योगे । ૧-૪-૧૩.**

અર્થ - તૃતીયાન્ત શબ્દથી પર પૂર્વ અને अवर સર્વનામનો યોગ (સંબંધ) હોય તો તે સર્વાદિ થતાં નથી. (એટલે સર્વાદિ સંબંધી કોઈપણ કાર્ય ન થાય.)

સૂત્ર સમાસ - तृतीया अन्ते यस्य सः - तृतीयान्तः तस्मात् (બહુ.) पूर्वश्च - अवरश्च एतयोः समाहारः - पूर्वाऽवरम् (સમા.દ્વ.)

વિવેચન - मास पूर्वाय - मासेन पूर्वाय. અહીં मासेन એ તૃતીયાન્ત શબ્દ છે. તેનાથી પર **પૂર્વ શબ્દનો યોગ છે. તેથી सर्वादेः.....૧-૪-૭ થી ङे ચ.એ.વ. નો स्मै ન થતાં "ङेङस्योर्याऽऽतौ" ૧-૪-૬ થી य થયો.**

दिनावराय - **दिनेन अवराय. અહીં પણ मासपूर्वायवत् જાણવું.**

दिनावराः - दिनेन अवराः અહીં दिनेन એ તૃતીયાન્ત શબ્દ છે. તેનાથી પર अवर શબ્દનો યોગ છે. તેથી जस इः ૧-૪-૯ થી जस् નો इ ન થતાં जस् પ્રત્યય જ રહ્યો.

तृतीयान्तादितिकिम् ? पूर्वस्मै मासेन અહીં मासेन એ તૃતીયાન્ત શબ્દ છે. પરંતુ તે તૃતીયાન્ત શબ્દથી પરમાં પૂર્વ શબ્દ નથી. પરંતુ પૂર્વમાં છે. **તેથી પૂર્વ શબ્દ સર્વાદિ** મનાયો. તે કારણે सर्वादेः.... ૧-૪-૭ થી **ङे ચ.એ.વ. નો स्मै થયો.**

**तीयं ङित्कार्ये वा । ૧-૪-૧૪.**

**અર્થ - तीयान्त નામ ङे, ङसि, ङस् અને ङि નાં કાર્યમાં (ङित्कार्य માં) સર્વાદિ વિકલ્પે થાય.**

સૂત્ર સમાસ - ङितांकार्यम् - ङित्कार्यम्, तस्मिन् (ષ.ત.)

વિવેચન - ङित्कार्य इति किम् ? द्वितीयकाय - અહીં "प्राग् नित्यात्कप्" ૭-૩-૨૮ થી कप् પ્રત્યય લાગેલો છે. જો अक् લાગેલો હોય (અંતર્ભાવિ પ્રત્યય હોય) તો જ સર્વાદિમાં ગ્રહણ થાય. પરંતુ અહીં તો कप् પ્રત્યય લાગેલો છે. સર્વાદિમાં "प्रकृति ग्रहणे स्वार्थिकप्रत्यायन्तस्य अग्रहणम्" (પ્રકૃતિ ગ્રહણ થયે છતે સ્વાર્થિક પ્રત્યયાન્તનું ગ્રહણ થતું નથી.) कप् એ સ્વાર્થિક પ્રત્યય છે તેથી ङित् પ્રત્યયનું કાર્ય કરતાં સર્વાદિ ગણાશે નહિં. તેથી स्मै - स्मात् વિગેરે આદેશો પણ થશે નહિં.

પ્રશ્ન - "तीयं ङितिवा" આવું સૂત્ર ન બનાવતાં "तीयं ङित्कार्येवा" એવું વધારાનું कार्ये મૂકીને સૂત્ર શા માટે બનાવ્યું ?

જવાબ - ङित्कार्य - ङे, ङसि, ङस् અને ङि સંબંધી કાર્ય. ङित् ને લગતું કાર્ય હોય ત્યાંજ સર્વાદિ વિકલ્પે કરવા છે. પરંતુ ङित् સિવાયનું બીજું કાર્ય કરવાનું હોય ત્યાં સર્વાદિ ગણાય નહિં. તેથી त्यादि सर्वादे:..... ૭-૩-૨૯ થી अक् પ્રત્યય લાગશે નહિં. માટે સૂત્રમાં ङित्कार्ये એવું લખ્યું છે.

પ્રશ્ન - સૂત્રમાં अन्त અને नाम શબ્દ નથી. તો ટીકામાં કેવી રીતે લીધા ?

જવાબ - "प्रत्ययग्रहणे तदन्तस्य ग्रहणम्" (પ્રત્યય ગ્રહણ થયે છતે પ્રત્યયાન્તનું પણ ગ્રહણ થાય) એ ન્યાયથી સૂત્રમાં અન્તનું ગ્રહણ ન હોવા છતાં ટીકામાં तीयान्त કહ્યું. અથવા "प्रत्यय प्रकृत्यादे:" ૭-૪-૧૧૫ થી પ્રત્યય પ્રકૃતિનું વિશેષણ બનવાથી "विशेषणमन्त:" ૭-૪-૧૧૩ થી વિશેષણ એ વિશેષ્યના સમુદાયનો અંત છે. તેથી પણ तीयान्त નું ગ્રહણ થાય.

तीयान्त એ નામનું વિશેષણ છે. અને तीय પ્રત્યય નામને જ લાગે છે. તેથી ટીકામાં नाम શબ્દનું પણ ગ્રહણ થયું.

## अवर्णस्याऽऽम: साम् । १-४-१५.

અર્થ - अवर्णान्त સર્વાદિ સંબંધી आम् (ષ.બ.વ.) નો साम् થાય છે.

વિવેચન - सर्वेषाम् - सर्व + साम् અહીં આ સૂત્રથી अ કારને માનીને साम् થયો. પછી "एद् बहुस्भोसि" ૧-૪-૪ થી એ साम् ને માનીને अ કારનો ए કાર થયો. એટલે अ ના નિમિત્તે થયેલો साम् પોતે જ अ કારનો ઘાતક થયો. તેથી सन्निपातलक्षणोविधिरनिमित्तं तद् विघातस्य" એ ન્યાય અહીં અનિત્ય થયો.

પ્રશ્ન - સૂત્રમાં अवर्ण શા માટે ગ્રહણ કર્યું ?

જવાબ - "वर्णग्रहणे सजातीय ग्रहणम्" એ ન્યાયને આધારે શબ્દ अકારાન્ત હોય કે आ કારાન્ત હોય બંનેનું ગ્રહણ થશે. એટલે સ્ત્રીલિંગમાં પણ आम् નો साम् થશે.તેથી જ ઉદાહરણ બંનેના આપ્યા છે. सर्वेषाम् એ अકારાન્તનું ઉદાહરણ છે. અને विश्वासाम् એ आ કારાન્તનું ઉદાહરણ છે.

પ્રશ્ન - अકારાન્ત નામ થકી પર એમ અનુવૃત્તિ તો ઉપરનાં સૂત્રોથી જ આવતી

હતી. તો પછી અહીં अ વર્ણને બદલે आत् કર્યું હોત તો ન ચાલત ?

જવાબ - ન ચાલે. કારણ કે જો आत् કર્યું હોત તો आ કારાન્ત નામ લેવાય પણ अ કારાન્તની અનુવૃત્તિ અટકી જાત.

પ્રશ્ન - તો પછી आच्च એમ કરવાથી अ વર્ણ જ આવે ને ?

જવાબ - વાત બરાબર છે. પરંતુ નીચેના સૂત્રમાં જે इ-स्मात्-स्मिन् થવાનાં છે. તે अ કારાન્ત થકી થવાના છે. જો आच्च કર્યું હોત તો आ કારની અનુવૃત્તિ નીચેના સૂત્રોમાં આવે પણ અકારની અનુવૃત્તિ ન આવે. કેમ કે "चानुकृष्टं नानुवर्तते" ચકારથી ખેંચાયેલી અનુવૃત્તિ નીચેના સૂત્રોમાં ન આવે. જો अ કારની અનુવૃત્તિ નીચે ન આવે તો નીચેનું ૧-૪-૧૬ સૂત્ર વ્યર્થ પડે. માટે अवर्ण એમ સૂત્રમાં લખ્યું છે. તે જ બરાબર છે.

**नवभ्यः पूर्वेभ्यः इ-स्मात्-स्मिन् वा । १-४-१६.**

અર્થ - પૂર્વ વિગેરે નવ શબ્દોથી (પરમાં) इ-स्मात् અને स्मिन् જે સ્થાનમાં કહેલાં છે. તે વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ** -इश्च स्माच्च स्मिन्च एतेषां समाहारः - इ -स्मात् - स्मिन् (સમા.દ્વ.)

વિવેચન - પૂર્વ વિગેરે નવ એટલે पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर , अधर, स्व અને अन्तर् આ બધાં શબ્દોને "जस इः" ૧-૪-૯ થી इ, सर्वादेः... ૧-૪-૭ થી स्मात् અને "ङेःस्मिन्" ૧-૪-૮ થી स्मिन् આદેશની નિત્ય પ્રાપ્તિ હતી. તે આ નવ સર્વનામને વિકલ્પે કરવા માટે આ સૂત્રની રચના છે.

**૧ થી ૧૬ સૂત્રમાં अ કારાન્ત શબ્દોની વાત પૂર્ણ થઇ.**

**आपो ङितां यै-यास् - यास् - याम् । १-४-१७.**

અર્થ - आ કારાન્ત સંબંધી ङित् નો (ङे, ङसि, ङस्, ङि નો) અનુક્રમે यै, यास्, यास् અને याम् આદેશ થાય છે.

**સૂત્ર સંમાસ** -यैश्च यास् च यास्च याम्च एतेषां समाहारः - यैयास्यास्याम् (સમા.દ્વ.)

खट्वा -ખાટલો. आ કારાન્ત સ્ત્રીલિંગના રૂપો मालावत् થશે.

**सर्वादेर्डस्पूर्वाः । १-४-१८.**

અર્થ - સર્વાદિ आ કારાન્ત સંબંધી ङित् નો (ङे, ङसि, ङस्, ङि નો) જે यै, यास्, यास् અને याम् થાય છે. તે डस् પૂર્વક થાય.

(એટલે ङस्यै, ङस्यास्, ङस्यास्, ङस्याम् થાય.)

સૂત્ર સમાસ -ङस् पूर्वः येभ्यः ते - ङस्पूर्वाः (બહુ.)

**टौस्येत् । ૧-૪-૧૯.**

અર્થ - आ કારાન્ત શબ્દોનાં आ નો टा અને ओस् પ્રત્યય પરમાં હોતે છતે ए કાર થાય છે.

સૂત્ર સમાસ -टाश्च ओस् च एतयोः समाहारः - टौः, तस्मिन् (સમા.દ્વ.)

**औता । ૧-૪-૨૦.**

અર્થ - आ કારાન્ત નામનાં आ ની સાથે औ નો ए કાર થાય છે.

વિવેચન - પ્રશ્ન - સૂત્રમાં औता ને બદલે औति કર્યું હોત તો ચાલે. તો પછી औता શા માટે કર્યું ?

જવાબ - औता એમ તૃતીયા કર્યું છે તેથી आबन्त નાં आ નો औ ની સાથે મળીને ए થાય છે. એમ જણાવવા માટે છે. જો औति એમ સપ્તમી કરે તો औ પ્રત્યય પર છતાં आबन्त નાં आ નો ए થાય. એવો અર્થ નીકળે. તેથી आ + औ = ए થવાને બદલે आ + औ નો ए + औ થાય. તેવું નથી કરવું. માટે औति એમ સપ્તમી કરવાને બદલે औता એ પ્રમાણે તૃતીયા કર્યું છે.

**૧૭ થી ૨૦ સૂત્રમાં आबन्त શબ્દોની વાત પૂર્ણ થઈ.**

**इदुतोऽस्त्रेरीदूत् । ૧-૪-૨૧.**

અર્થ - स्त्री શબ્દને વર્જીને इ અન્તવાળાં શબ્દોનાં इ નો, અને उ અન્તવાળાં શબ્દોનાં उ નો औ પ્રત્યયની સાથે અનુક્રમે દીર્ઘ ई અને દીર્ઘ ऊ થાય છે.

સૂત્ર સમાસ -इत् च उत् च एतयोः समाहारः - इदुत्, तस्य - (સમા.દ્વ.)

न स्त्रीः, अस्त्रीः तस्य (નઞ્. ત.)

ईत् च ऊत् च एतयोः समाहारः ईदूत् (સમા. દ્વ.)

વિવેચન - પ્રશ્ન - આ સૂત્રમાં હ્રસ્વ इકારાન્ત અને उકારાન્તનો વિષય ચાલે છે. અને स्त्री શબ્દ તો દીર્ઘ ई કારાન્ત છે. તો स्त्री શબ્દને આ સૂત્ર લાગવાનું જ નથી. તો પછી નિષેધ કરવાની જરૂર શી ? જેની પ્રાપ્તિ હોય તેનો નિષેધ કરવાની જરૂર પડે. પણ જેની પ્રાપ્તિ જ ન હોય તો પછી નિષેધ નો અર્થ શું ?

જવાબ - વાત બરાબર છે. છતાંય નિષેધ કર્યો છે. તેથી स्त्री શબ્દ જયારે વિગ્રહ

પામીને હ્રસ્વ इકારાન્ત બનશે. ત્યારે આ સૂત્ર લાગી જાય. તે હ્રસ્વ इકારાન્ત अतिस्त्रि વિગેરેને પણ આ સૂત્ર ન લાગે. એમ માનીને स्त्री શબ્દનું વર્જન કરેલ છે.

પ્રશ્ન - તો ફરી પ્રશ્ન થાય કે હ્રસ્વ इ કારાન્ત શબ્દ બને તો પણ આ સૂત્ર નહિં લાગે. કેમ કે આગળ કહેવાતું "स्त्रियाः" ૨-૧-૫૪ સૂત્ર પર સૂત્ર છે. અને स्त्री શબ્દ માટે જ ખાસ છે. તો તે જ સૂત્ર લાગે. હ્રસ્વ इ કારાન્ત થવા છતાં પણ આ સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ નથી. તો પછી स्त्रीનું વર્જન કરવાની જરૂર શી ?

જવાબ - બરાબર છે. છતાંય વર્જન કર્યું છે. તે જ જણાવે છે કે "स्त्रियाः" ૨-૧-૫૪ એ પરસૂત્રથી થતાં इय् આદેશનો બાધ કરીને પણ અહીં રહેલાં હ્રસ્વ इ કારાન્તનાં સૂત્રો પહેલાં લગાડવાં. માટે જ स्त्री શબ્દનું વર્જન કર્યું છે. એવું ખાસ જણાવવું છે. જેથી કરીને આ સૂત્રમાં औ પ્રત્યય પર છતાં વર્જન કર્યું. માટે અહીં નહીં લાગે પણ औ સિવાયનાં બીજાં इ કારાન્તને લગતાં બધા પ્રત્યયોનું કાર્ય પહેલું થશે. તેથી अतिस्त्रयः, अतिस्त्रये, अतिस्त्रेः, अतिस्त्रिणां, अतिस्त्रौ વિગેરે રૂપો સિદ્ધ થયાં. स्त्री શબ્દનું વર્જન કર્યું છે તેથી આવા પ્રયોગો થઈ શકયા. નહિ તો આવા પ્રયોગો ન થતાં અનિષ્ટ રૂપો થાત. કહ્યું છે કે....

**इदमेव अस्त्रिग्रहणं ज्ञापकं परमपि इय् आदेशं बाधित्वा इमानि कार्याणि एव भवन्ति ।**

**जस्येदोत् । १-४-२२**

**અર્થ - इ કારાન્ત નામનાં इ નો અને उકારાન્ત નામનાં उ નો जस् (પ્ર.બ.વ.) પ્રત્યય પર છતાં અનુક્રમે ए અને ओ થાય છે.**

**સૂત્ર સમાસ -एत् च ओत् च एतयोः समाहारः एदोत् (સમા.દ્વ.)**

**વિવેચન - પ્રશ્ન -** **मुने + अस्, साधो + अस् અહીં एदोतः ...૧-૨-૨૭ મું સૂત્ર લાગે કે નહીં ?**

જવાબ - ન લાગે કારણ કે एदोतः .. ૧-૨-૨૭ સૂત્રમાં ए અને ओ એ પદાન્તે રહેલા હોય અને તેનાથી પરમાં अ હોય તો તે अ નો લોપ થાય. અહીં તો ए કે ओ પદાન્તે નથી. કારણ કે વિભક્તિ લાગ્યા પછી "तदन्तं पदम्" ૧-૧-૨૦ થી પદ સંજ્ઞા થાય. હજુ તો વિભક્તિ પરમાં છે. તેથી मुने કે साधो પદાન્ત નથી. માટે ૧-૨-૨૭ થી अ નો લોપ ન

થતાં एदैतोऽयाय् ૧-૨-૨૩ થી अय् અને ओदौतोऽवाव् ૧-૨-૨૪ થી अव् થઈને मुनयः, साधवः રૂપ થશે.

### ङित्यदिति । ૧-૪-૨૩.

અર્થ - द् જેમાં इत् હોય તેના સિવાયનાં સ્યાદિ સંબંધી ङित् (ङे, ङसि, ङस्, ङि) પ્રત્યય પર છતાં इ કારાન્ત નામનાં इ નો અને उ કારાન્ત નામનાં उ નો અનુક્રમે ए અને ओ થાય.

સૂત્ર સમાસ -द् इत् यस्मिन् तद् - दित् (બહુ.)

ન दित्, अदित् तस्मिन् (નગ્. ત.)

વિવેચન - अदिति इति किम् ? बुद्ध्याः, धेन्वाः - અહીં ङसि, ङस् નો स्त्रिया ङितां...૧-૪-૨૮ થી दास्, दास् થયેલો છે. તેથી આ સૂત્રથી પૂર્વના इ કે उ નો ए કે ओ ન થતાં इवर्णादे... ૧-૨-૨૧ થી य् અને व् થયો છે. स्यादावित्येव ? शुची અહીં शुचि શબ્દને ईतोऽक्त्यर्थात् ૨-૪-૩૨ થી સ્ત્રીલિંગનો ङी પ્રત્યય થયેલો છે. તે ङी, ङित् છે પણ સ્યાદિ સંબંધી ङित् નથી. તેથી આ સૂત્રથી પૂર્વના इ નો ए ન થતાં समानानां... ૧-૨-૧ થી દીર્ઘ ई થયો.

પ્રશ્ન - સૂત્રમાં अदिति શા માટે લખ્યું છે ?

જવાબ આ સૂત્રથી પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ બધા इ કારાન્ત અને उ કારાન્ત નામોને ङित् પ્રત્યય પર છતાં ए અને ओ થાય છે. જ્યારે स्त्रिया ङितां वा.... ૧-૪-૨૮ સૂત્ર સ્ત્રીલિંગ इ કારાન્ત અને उ કારાન્ત નામોને લાગે છે. અને તે પર સૂત્ર છે. તેથી પહેલાં તે સૂત્રથી दै... વિગેરે આદેશો થશે. અને વિકલ્પ પક્ષમાં આ ૧-૪-૨૩ સૂત્ર લાગશે. પણ જો આ સૂત્રમાં अदिति ન લખ્યું હોત તો स्थानीवावर्णविधौ એ ન્યાયથી જે दै વિ. આદેશો થયા છે. તેને ङित् માનીને જો આ સૂત્ર લાગે તો "बुद्धयै" એવું અનિષ્ટરૂપ થાત. માટે આ સૂત્રમાં अदिति લખીને તેનો નિષેધ કર્યો છે. માટે હવે बुद्धि + ऐ માં આ સૂત્ર ન લાગતાં इवर्णादे... ૧-૨-૨૧ થી यत्व થવાથી "बुद्ध्यै" રૂપ સિદ્ધ થશે.

### टः पुंसि ना । ૧-૪-૨૪.

અર્થ - इ કારાન્ત અને उ કારાન્ત નામથી પર રહેલાં પુંલિંગ વિષયવાળા टा (તૃ.એ.વ.) નો ना આદેશ થાય છે.

डिर्डौ । ૧-૪-૨૫.

અર્થ - इ કારાન્ત અને उ કારાન્ત નામથી પર રહેલાં ङि (સ.એ.વ.) નો डौ આદેશ થાય છે.

अदितीत्येव? बुद्ध्याम् - અહીં बुद्धि શબ્દ इ કારાન્ત છે. પણ સ્ત્રીલિંગ હોવાથી स्त्रिया ङित्तां......૧-૪-૨૮ થી ङि નો दाम् આદેશ થયો છે. दित् વિષયક હોવાથી આ સૂત્રથી डौ આદેશ ન થયો.

केवलसखिपतेरौः । ૧-૪-૨૬.

અર્થ - इ કારાન્ત એવા ફક્ત सखि અને पति શબ્દથી પર રહેલાં ङि (સ.એ.વ.) નો औ થાય છે.

સૂત્ર સમાસ -सखिश्च पतिश्च एतयोः समाहारः - सखिपतिः - (સમા.દ્વ.)

केवलश्चासौ सखिपतिश्च - केवलसखिपतिः तस्मात् (કર્મ.)

અહીં સમાસમાં સમા.દ્વ. ના હિસાબે सखिपति નપું.એ.વ. वारिवत् થવું જોઇએ. છતાં सखिपतिः કર્યું છે. અને જો નપું. કરે તો પં.એ.વ. सखिपतिनः થાય. જો દ્વન્દ્વ સમાસ કરીએ તો सखिपती દીર્ઘ થાય. તેનું પં.દ્વિ.વ. सखिपतिभ्यां થાય. પણ સૂત્રમાં તો सखिपतेः કર્યું છે. તેથી આ અલૌકિક સમાસ જાણવો. આવો સમાસ જયાં જયાં આવે ત્યાં આ પ્રમાણે વિચારી લેવું.

વિવેચન - इत इत्येव ? सखायम् इच्छति - सख्यि, पतिम् इच्छति - पत्यि. અહીં इच्छति અર્થમાં अमाव्ययात् .... ૩-૪-૨૩ થી क्यन्, सखि + य, पति + य, दीर्घश्चिव.... ૪-૩-૧૦૮ થી सखीय, पतीय, આ નામ ધાતુ થયાં. હવે નામ બનાવવા માટે क्विप् પ્રત્યય લાગવાથી सखीयति, इति क्विप्, - सखी, पतीयति इति क्विप् - पती, ૫-૧-૧૪૮ થી क्विप् अतः ૪-૩-૮૨ થી अ નો લોપ, य्वोःप्वय्..... ૪-૪-૧૨૧ થી य् નો લુક્ થવાથી सखी, पती નામ બન્યાં.

આ નામો તે કેવલ सखी, पती છે. પરંતુ હ્રસ્વ इ કારાન્ત નથી. દીર્ઘ ई કારાન્ત છે. તેથી આ સૂત્રથી ङि નો औ ન થયો. एकदेशविकृतम् अनन्यवत् । એ ન્યાયથી આ દીર્ઘ ई કારાન્ત सखी, पती ને આ સૂત્ર લાગવું જોઇએ. પણ નથી લાગ્યું તેથી જ જણાય છે કે અહીં આ ન્યાય અનિત્ય બન્યો છે. તેથી દીર્ઘ ई કારાન્તને આ સૂત્ર નહીં લાગે.

केवलेति किम् ? प्रियसखौ, नरपतौ. અહીં કેવલ सखि, पति નથી. તેથી આ સૂત્રથી ङि નો औ ન થતાં ङिर्डौ ૧-૪-૨૫ થી डौ આદેશ થયો છે.

पति શબ્દનાં રૂપો सखिवत् થશે.

पती શબ્દનાં રૂપો सखीवत् થશે.

જ્યારે पति શબ્દનું સ્ત્રીલિંગ બને ત્યારે "ऊढायाम्" ૨-૪-૫૧ થી ङी લાગે અને અંતે न् ઉમેરાવાથી पत्नी બનશે. તેના રૂપો नदीवत् થશે.

### न नाङिदेत् । ૧-૪-૨૭.

અર્થ - टा (તૃ.એ.વ.)નો ना આદેશ અને ङित् પ્રત્યયો પર છતાં જે (પૂર્વના इ નો) ए કહેલો છે. તે કેવલ सखि અને पति શબ્દને ન થાય.

સૂત્ર સમાસ -ङिति एत् - ङिदेत् (સ.ત.) ना च ङिदेत् च एतयोः समाहारः - नाङिदेत् - (સમા.દ્વ.)

વિવેચન - ङितीति किम्? पतयः - पति + जस् અહીં जस् પ્રત્યય એ ङित् નથી. પરંતુ जस् (अस्) પ્ર. બ.વ.નો પ્રત્યય છે. તેથી जस्येदोत् ૧-૪-૨૨ થી जस् પ્રત્યય પર છતાં પૂર્વના इ નો ए થયો છે.

### स्त्रिया ङितां वा दै-दास्-दास्-दाम् । ૧-૪-૨૮.

અર્થ - સ્ત્રીલિંગ इ કારાન્ત અને उ કારાન્ત શબ્દોથી પર રહેલાં ङित् પ્રત્યયોનો (ङे, ङसि, ङस्, ङिनो) અનુક્રમે दै, दास, दास् અને दाम् વિકલ્પે થાય છે.

સૂત્ર સમાસ -दैश्च दास्च दास्च दाम्च एतेषां समाहारः - दैदास्दास्दाम्(સમા.દ્વ.)

વિવેચન - प्रिया बुद्धिः यस्य सः - प्रियबुद्धिः - પુંલિંગ तस्मै - प्रियबुद्ध्यै, प्रियबुद्धये. આ વિગ્રહ પામીને અન્ય સંબંધી પુંલિંગ બનેલું છે. અને प्रिया बुद्धिः यस्याः सा - प्रियबुद्धिः સ્ત્રીલિંગ. तस्यै - प्रियबुद्ध्यै, प्रियबुद्धये. આ વિગ્રહ પામીને અન્ય સંબંધી સ્ત્રીલિંગ બનેલું છે. છતાં બંનેના રૂપો સરખા થયા. કેમ કે આ સૂત્ર સ્ત્રીલિંગ શબ્દોથી પરમાં રહેલાં ङित् પ્રત્યયનો दै..... વિગેરે આદેશ કરે છે. પણ સ્ત્રીલિંગ સંબંધી જ ङित् પ્રત્યયો હોવા જોઇએ. એમ નથી કહ્યું. તેથી વિગ્રહ પામીને અન્યસંબંધી તરીકે ભલે પુંલિંગ થયું. પણ बुद्धि શબ્દ તો સ્ત્રીલિંગ જ છે.તેમ માનીને આ સૂત્રથી પુંલિંગમાં પણ दै...વિગેરે

આદેશો વિકલ્પે થયા છે. તેથી સૂત્રમાં प्रियबुद्ध्यै, प्रियबुद्धये - पुंसे स्त्रियै वा ઉદાહરણ મૂક્યું છે.

स्त्रीदूतः । ૧-૪-૨૯

અર્થ - નિત્ય સ્ત્રીલિંગ દીર્ઘ ई કારાન્ત અને દીર્ઘ ऊ કારાન્ત નામથી પર સ્યાદિ સંબંધી ङित् પ્રત્યયોનો અનુક્રમે दै-दास्-दास् અને दाम् થાય છે.

સૂત્ર સમાસ -ईत् च ऊत् च एतयोः समाहारः - ईदूत् (સમા.દ્વ.)

स्त्रियाः ईदूत् - स्त्रीदूत्. तस्मात् (ષ.ત.)

વિવેચન - अतिलक्ष्म्यै पुंसे स्त्रियैवा - અહીં પણ ૧-૪-૨૮ ઉપરના સૂત્રમાં प्रियबुद्ध्यै માં જે રીતે પુંલિંગ-સ્ત્રીલિંગ બંનેના રૂપો સરખા થયા તે જ પ્રમાણે अतिलक्ष्म्यै માં પણ થશે. વિશેષ સામાસિક શબ્દો વિગેરે રૂપોનાં લખાણમાંથી જોવું.

स्त्रीति किम्? ग्रामण्ये, खलप्वे पुंसे स्त्रियैवा - ग्रामं नयति અને खलं पुनाति - ग्रामणी અને खलपू શબ્દો નિત્ય સ્ત્રીલિંગ નથી. પરંતુ ત્રિલિંગે છે. તેથી આ સૂત્રથી दै.....વિગેરે આદેશો ન થતાં "क्विब्वृत्तेरसुधीयस्तौ" ૨-૧-૫૮ થી ई નો य् અને ऊ નો व् આદેશ થયો છે.

પ્રશ્ન - અહીં अतिलक्ष्म्यै पुंसे स्त्रियै वा બે લખ્યાં છે. નપું. કેમ નથી લખ્યું ?

જવાબ - નપું. માં કોઈપણ શબ્દો દીર્ઘ રહેતાં જ નથી. કારણ કે "क्लिबे" ૨-૪-૯૭ થી હ્રસ્વ જ થઇ જાય છે. માટે નપું. નો ઉલ્લેખ ઉદાહરણમાં નથી.

પ્રશ્ન - ઉપરનાં સૂત્રોમાંથી સ્ત્રીલિંગની અનુવૃત્તિ આવતી જ હતી. છતાં આ સૂત્રમાં ફરી स्त्री નું ગ્રહણ શા માટે ?

જવાબ - स्त्रिया इति अनुवर्तमाने पुनः स्त्रीग्रहणम् नित्यस्त्रीविषयार्थम् ।સ્ત્રીલિંગની અનુવૃત્તિ વર્તતી હોવા છતાં ફરી स्त्री શબ્દનું જે ગ્રહણ કર્યું છે. તે નિત્ય સ્ત્રીલિંગ શબ્દોનાં ગ્રહણ માટે જ છે. ग्रामणी વિગેરે દીર્ઘ ई કારાન્ત સ્ત્રીલિંગ છે. પરંતુ નિત્ય સ્ત્રીલિંગ નથી. વિશેષણ સ્વરૂપ હોવાથી ત્રણે લિંગે વપરાય છે.

દીર્ઘ ई કારાન્ત અને દીર્ઘ ऊ કારાન્ત શબ્દો બે જાતનાં છે. નિત્ય સ્ત્રીલિંગ અને વિશેષણ સ્વરૂપ સ્ત્રીલિંગ હોય છે.

"अवीलक्ष्मीतरीतन्त्री, धी ह्रीश्रीणामुदाहृतः ।
सप्तानामेवशब्दानां, सि लोपो न कदाचन ॥"

अवी, लक्ष्मी, तरी, तन्त्री, धी, ह्री અને श्री આ શ્લોકમાં કહેલાં સાત શબ્દોનો सि ક્યારેય લોપાતો નથી.

लक्ष्मी દીર્ઘ ई કારાન્ત છે. અને वधू દીર્ઘ ऊ કારાન્ત છે. પણ ङी કે ऊङ् લાગીને થયેલાં નથી. ઉણાદિથી સિદ્ધ છે. તેથી अतिलक्ष्मी કે अतिवधू કરી અન્ય સંબંધી બનાવી પુંલિંગ કરો તો પણ गोश्चान्ते...... ૨-૪-૯૬ થી હ્રસ્વ થતું નથી અને सि નો લોપ થતો નથી. જયારે ङी, आप् કે ऊङ् લાગીને થયેલાં સ્ત્રીલિંગ શબ્દો અન્ય સંબંધી બનાવીને પુંલિંગ કરીએ ત્યારે गोश्चान्ते.... ૨-૪-૯૬ થી હ્રસ્વ થશે. અને सि નો લોપ પણ થશે. દા.ત. नदीम् अतिक्रान्तः-अतिनदि. અહીં नदी શબ્દને गौरादिभ्यो.....૨-૪-૨૦ થી ङी પ્રત્યય લાગેલો છે. તેથી અન્ય સંબંધીમાં गोश्चान्ते..... ૨-૪-૯૬ થી હ્રસ્વ થયું. અને ૧-૪-૨૮ સૂત્રથી दै..... વિગેરે આદેશો વિકલ્પે થાય છે.

लक्ष्मीम् अतिक्रान्तः - अतिलक्ष्मी. અહીં लक्ष्मी શબ્દ અન્ય સંબંધી બન્યો. છતાં ૨-૪-૯૬ થી હ્રસ્વ નહીં થાય. કેમકે નિત્ય સ્ત્રીલિંગ છે. ङी લાગ્યો નથી. તેને ૧-૪-૨૯ થી दै..... વિગેરે આદેશો નિત્ય થાય છે.

कुरू શબ્દના રૂપો वधू પ્રમાણે થશે. પણ સમાસાન્તમાં જયારે અવ્યયી ભાવસમાસ થાય ત્યારે પુંલિંગ અને સ્ત્રીલિંગમાં गोश्चान्ते......૨-૪-૯૬ થી હ્રસ્વ થઈ अतिकुरु થશે. રૂપો, સાધનિકા વિગેરે પુંલિંગમાં साधुवत् અને સ્ત્રીલિંગમાં धेनुवत् થશે. प्रिय ની સાથેના રૂપો वधूवत् થશે.

खलपू નાં રૂપો, સાધનિકા વિગેરે ग्रामणीवत् થશે. ग्रामणी માં इ નો इय् થશે. જયારે खलपू માં उ નો उव् થશે.

**वेयुवोऽस्त्रियाः । ૧-૪-૩૦**

અર્થ - સ્ત્રી શબ્દ વર્જીને જે દીર્ઘ ई કારાન્ત અને દીર્ઘ ऊ કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ નામનાં ई નો इय् અને ऊ નો उव् આદેશ થાય છે. એવા નામથી પર રહેલાં સ્યાદિ સંબંધી ङित् પ્રત્યયોના અનુક્રમે दै, दास्, दास्, दाम् આદેશો વિકલ્પે થાય છે.

સૂત્ર સમાસ - इय् च उव् च एतयोः समाहारः, इयुव्, तस्मात् (સમા.દ્વ.)
न स्त्रीः - अस्त्रीः, तस्मात् (नञ् તત્પુ.)

વિવેચન - इयुव इति किम् ? आध्यै - आध्यायति इति क्विप् - आधी. અહીં दिद्युद् ददृत्.... ૫-૨-૮૩ થી ध्या નો धी નિપાતન થવાથી દીર્ઘ ई

કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ બન્યો છે. પણ इय् ના સ્થાનીભૂત નથી. કેમ કે क्विब्वृत्तेर..... ૨-૧-૫૮ થી ई નો य् થયેલો છે. તેથી આ સૂત્રથી दै વિગેરે આદેશો વિકલ્પે ન થતાં स्त्रीदूतः ૧-૪-૨૯ થી दै વિગેરે આદેશો નિત્ય થવાથી आध्यै એક જ રૂપ થયું.

अस्त्रिया इति किम्? स्त्रियै. અહીં સ્ત્રી શબ્દનું વર્જન હોવાથી स्त्रीदूतः ૧-૪-૨૯ થી दै આદેશ નિત્ય થાય છે. જો સ્ત્રી શબ્દનું વર્જન ન હોત તો स्त्रियै રૂપ તો થાત અને સાથે સાથે स्त्रिये એવું અનિષ્ટ રૂપ વિકલ્પ પક્ષમાં થાત.

भ्रू શબ્દના રૂપો, સાધનિકા વિગેરે श्रीवत् થશે. પરંતુ ऊ નો उव् થશે.

**आमो नाम् वा । ૧-૪-૩૧.**

**અર્થ** - સ્ત્રી શબ્દને વર્જીને અંત્ય ई નો इय् અને ऊ નો उव् આદેશ થાય છે. તેવા દીર્ઘ ई કારાન્ત અને દીર્ઘ ऊ કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ નામથી પર રહેલાં आम् નો नाम् વિકલ્પે થાય છે.

વિવેચન - इयुव इत्येव ? प्रधीनाम्, प्रध्यायति इति क्विप् - प्रधी. અહીં दिद्युद् - ददृत्.....૫-૨-૮૩ થી ध्या નો धी નિપાતન થવાથી દીર્ઘ ई કારાન્ત સ્ત્રીલિંગ બન્યો છે. પણ તે इय् ના સ્થાનીભૂત નથી. તેથી આ સૂત્રથી आम् નો नाम् વિકલ્પે ન થતાં ह्रस्वाऽऽपश्च ૧-૪-૩૨ થી નિત્ય आम् નો नाम् થયો છે.

प्रत्ययस्य ૭-૪-૧૦૮ એ પરિભાષાથી આખા आम् પ્રત્યયનો नाम् આદેશ થયો છે.

प्रधी ના રૂપો, સાધનિકા વિગેરે आधीवत् થશે.

**ह्रस्वाऽऽपश्च । ૧-૪-૩૨.**

**અર્થ** - હ્રસ્વસ્વરાન્ત, आप् પ્રત્યયાન્ત અને સ્ત્રીલિંગમાં વર્તતા દીર્ઘ ई કારાન્ત અને દીર્ઘ ऊ કારાન્ત નામથી પર રહેલાં आम् નો नाम् આદેશ થાય છે.

સૂત્ર સમાસ - ह्रस्वश्च आप् च एतयोः समाहारः ह्रस्वाऽऽप्, तस्मात् - (સમા.દ્વ.)

(૧) देवानाम् - હ્રસ્વ સ્વરાન્ત થી પર आम् નો नाम् થયો છે.

(૨) मालानाम् - आप् પ્રત્યયાન્ત થી પર आम् નો नाम् થયો છે.

(૩) स्त्रीणाम् - દીર્ઘ ई કારાન્ત સ્ત્રી. થી પર आम् નો नाम् થયો છે.

(૪) वधूनाम् - દીર્ઘ ऊ કારાન્ત સ્ત્રી. થી પર आम् નો नाम् થયો છે.

વિવેચન - સૂત્રમાં च કારનું ગ્રહણ છે. તેથી चकारो यस्मात् परः प्रयुज्यते तद्

सजातीयमेव गृह्णाति ।એ ન્યાયથી स्त्रीदूतः નો અધિકાર આવી શકયો. જો च કાર ન મૂકયો હોત તો અનુવૃત્તિ ચાલુ હોવા છતાં हृस्व અને आप् શબ્દને લીધા હોવાથી અનુવૃત્તિ ન આવી શકત. માટે નવા શબ્દોની સાથે च કારથી स्त्रीदूतः ની અનુવૃત્તિ રાખી. હવે પછીના સૂત્રોમાં स्त्रीदूतः ની અનુવૃત્તિ નહિં ચાલે કેમકે "चानुकृष्टं नानुवर्तते" એ ન્યાય કહે છે કે च કારથી લીધેલા શબ્દોની પછીના સૂત્રોમાં અનુવૃત્તિ ન ચાલે.

## संख्यानां र्ष्णाम् । ૧-૪-૩૩.

અર્થ - र्, ष् અને न् અંતવાળા સંખ્યાવાચક નામોનાં आम् પ્રત્યયનો नाम् આદેશ થાય છે.

સૂત્ર સમાસ -र् च ष् च न् च - र्ष्णः, तेषाम् - र्ष्णाम् (ઇ.દ્વ.)

(૧) चतुर्णाम् - चतुर्, र् અંતવાળો હોવાથી आम् નો नाम् થયો છે.

(૨) षण्णाम् - षष्, ष् અંતવાળો હોવાથી आम् નો नाम् થયો છે.

(૩) पञ्चानाम् - पञ्चन्
(૪) अष्टानाम् - अष्टन्
} न् અંતવાળા હોવાથી आम् નો नाम् થયો છે.

વિવેચન પ્રશ્ન - र्ष्णाम् બ.વ. શા માટે કર્યું છે ?

જવાબ - ભૂતપૂર્વ न् અંતવાળા શબ્દોના સમાવેશ માટે र्ष्णाम् બ.વ.માં છે. એટલે કે શબ્દોમાં પહેલાં न् હોય પણ न् નો લોપ થયેલો હોય તેવા શબ્દોથી પર પણ आम् નો नाम् કરવો છે.

દા.ત. अष्टन् + आम् "वाष्टन आः".... ૧-૪-૫૨ થી अष्टन् ના न् નો आ થવાથી अष्टा + आम् થયું. હવે आम् નો नाम् આ સૂત્રથી નહિં થાય. કેમકે न् અંતવાળું નામ નથી. તો પ્રશ્ન એમ થાય કે પહેલાં જયારે न् અંતવાળો શબ્દ છે ત્યારે आम् નો नाम् કરો. પછી न् નો आ કરો. પણ તે રીતે નહિં થાય. કારણ કે "पूर्वात् परम्" એ ન્યાયથી ૧-૪-૫૨ પરસૂત્ર હોવાથી પહેલાં न् નો आ કરી ભૂતપૂર્વ न् ને માનીને આ સૂત્રથી आम् નો नाम् થાય. તેથી જ સૂત્રમાં पञ्चानाम्, अष्टानाम् નું ઉદાહરણ આપ્યું છે.

**त्रेस्त्रयः । १-४-३४.**

અર્થ - आम् સંબંધી त्रि શબ્દનો त्रय આદેશ થાય છે.

વિવેચન - त्रयाणाम्, परमत्रयाणाम् - અહીં त्रि સંબંધી જ आम् પ્રત્યય છે. તેથી त्रि નો त्रय આદેશ થયો. परमत्रि પણ તત્સંબંધી જ છે. પરંતુ अतित्रि માં त्रि નો त्रय નહિં થાય. કેમ કે अतित्रि સમાસાન્ત થયા પછી તત્સંબંધી ન રહેતાં અન્યસંબંધી બની જાય છે. તેથી आम् પણ त्रि સંબંધી ન કહેવાય. પણ अतित्रि સંબંધી કહેવાય. તેથી આ સૂત્રથી त्रि નો त्रय આદેશ ન થવાથી अतित्रीणाम् થશે.

**एदोद्भ्यां ङसि - ङसो रः । १-४-३५.**

અર્થ - ए અને ओ થી પર રહેલાં પ્રત્યેક (બંનેનો) ङसि અને ङस् નો र् આદેશ થાય છે.

સૂત્ર સમાસ -एद् च ओत् च - एदोतौ, ताभ्यां (ઇ.દ્ર.)

ङसिश्च ङस् च एतयोः समाहारः ङसि ङस्, तस्य - (સમા.દ્ર.)

વિવેચન - પ્રશ્ન - एदोद्भ्यां દ્વિ.વ.માં અને ङसि ङस् એ.વ.માં શા માટે છે ?

જવાબ - वचनभेदः यथासंख्यनिवृत्यर्थम् આ પ્રમાણે વચનભેદ યથાસંખ્યની નિવૃત્તિ માટે છે. તેથી હવે ए થી પર ङसि નો र् અને ओ થી પર ङस् નો र् થાય. એવો અર્થ ન કરતાં ए અને ओ બંનેથી પર ङसि, ङस् બંનેનો र् થશે.

द्यो - ओ કારાન્તનાં રૂપો, સાધનિકા વિગેરે गोवत् થશે.

**खि - ति - खी - तीय उर् । १-४-३६.**

અર્થ - खि - ति - खी અને ती સંબંધી य् થી પર રહેલાં ङसि - ङस् નો उर् થાય છે.

સૂત્ર સમાસ -खिश्च तिश्च खीश्च तीश्च - खितिखीती (ઇ.દ્ર.)

खितिखीतीनाम् य् - खितिखीतीय्, तस्मात् - (ષ.ત.)

વિવેચન - सखि, पति માં હ્રસ્વ इ કારાન્ત અને નામધાતુ પરથી બનેલ सखी - पती માં દીર્ઘ ई કારાન્ત શબ્દોનાં રૂપો, સાધનિકા વિગેરે થયું. તે જ રીતે खि, ति અને खी, ती જે શબ્દને અંતે આવતાં હોય તે શબ્દોને પણ આ સૂત્ર લાગશે. દા.ત. सातम् इच्छति इति क्यन् - सातीय, सातीयति इति क्विप् - साती. અહીં ती અન્તવાળાં શબ્દથી પરમાં ङसि, ङस् આવે ત્યારે આ સૂત્રથી उर् થવાથી सात्युः રૂપ થશે. તથા सुखम् इच्छति इति क्यन् - सुखीय, सुखीयति इति क्विप् - सुखी. અહીં खी અન્તવાળાં

શબ્દથી પરમાં ङसि - ङस् આવે ત્યારે આ સૂત્રથી उर् થવાથી सुख्युः રૂપ થશે. साती અને सुखी શબ્દનાં રૂપો અને સાધનિકા सखीवत् થશે. અન્ય સંબંધીને આ સૂત્ર લાગતું નથી. તેથી अतिसखेः અને अधिपतेः માં ङसि, ङस् નો उर् ન થતાં "ङित्यदिति" ૧-૪-૨૩ થી इ નો ए અને एदोद्भ्यां.....૧-૪-૩૫ થી र् થયો છે.

**ऋतो डुर् । ૧-૪-૩૭**

અર્થ - ऋ થી પરમાં રહેલાં ङसि, ङस् નો डुर् આદેશ થાય છે.

**तृ - स्वसृ -नप्तृ - नेष्टृ - त्वष्टृ - क्षत्तृ - होतृ**
**पोतृ - प्रशास्त्रो घुट्यार् । ૧-૪-૩૮**

અર્થ - तृच् અથવા तृन् પ્રત્યયાંત શબ્દો તેમજ स्वसृ વિગેરે શબ્દોનાં ऋ નો घुट् પ્રત્યય પર છતાં आर् થાય છે.

સૂત્ર સમાસ -ता च स्वसाच नप्ताच नेष्टा च त्वष्टा च क्षत्ताच होताच पोताच प्रशास्ता च एतेषाम् समाहारः - तृस्वसृ..... प्रशास्तृ, तस्य (સમા.દ્વ.)

વિવેચન - कर्तारम्, कर्तारौ, कर्तारौ, कर्तारः અહીં पुं-स्त्रियोः.... ૧-૧-૨૯ થી પું. અને સ્ત્રીલિંગનાં પહેલાં પાંચ પ્રત્યયો घुट् છે. તે घुट् પ્રત્યયો પર છતાં આ સૂત્રથી અંત્ય ऋ નો आर् થયો છે.

પ્રશ્ન - અહીં તો ચાર પ્રત્યયો પર છતાં आर् થયો છે. તો सि પ્રત્યય પર છતાં आर् થવો જોઇએ ને?

જવાબ : ऋदुशनस्.... ૧-૪-૮૪ થી सिं નો डा थई જાય છે. તેથી कर्ता એ પ્રમાણે રૂપ સિદ્ધ થશે. માટે આ સૂત્રથી आर् નહિ થાય.

घुटीति किम्? कर्तृ कुलं पश्य । અહીં નપું. નો सि કે अम् પ્રત્યય છે. તેથી તે घुट् સંજ્ઞક થતો ન હોવાથી આ સૂત્રથી आर् થતો નથી. પરંતુ તે सि અને अम् નો "अनतोलुप्" ૧-૪-૫૯ થી લોપ થયો છે.

"अर्डौंच" ૧-૪-૩૯ સૂત્ર ઉત્સર્ગસૂત્ર છે. તેથી બધા જ ऋ કારાન્ત શબ્દોને घुट् પ્રત્યય પર છતાં अर् જ થાય છે. પરંતુ આ સૂત્ર અપવાદરૂપે છે. તેથી तृ પ્રત્યયાન્ત અને स्वसृ વિગેરે શબ્દોને घुट् પ્રત્યય પર છતાં आर् થાય છે. બાકીનાં બધાં જ ऋ કારાન્ત શબ્દોના ऋ નો "अर्डौंच" ૧-૪-૩૯ થી अर् જ થશે.

પ્રશ્ન - नप्तृ વિગેરે શબ્દો तृ અંતવાળા જ છે. તો તેનો तृ પ્રત્યયાન્તમાં સમાવેશ થઇ જ જવાનો હતો. છતાં नप्तृ વિગેરે શબ્દો પૃથગ્ શા માટે ગ્રહણ કર્યા છે?

જવાબ - नप्तृ વિગેરે શબ્દો तृ અંતવાળા જેવા દેખાય છે. પરંતુ तृ પ્રત્યયાન્ત નથી. કેમકે એક ન્યાય છે. उणादयोऽव्युत्पन्नानि नामानि । ઉણાદિથી બનેલા નામો વ્યુત્પત્તિ વિનાના સમજવાં. એટલે तृ પ્રત્યયાન્ત જેવા દેખાતાં શબ્દો અહીં લીધેલા છે. તેનાં સિવાયનાં બીજા શબ્દો આવી શકશે નહિં. આ સૂત્રમાં લીધેલા શબ્દો જ લેવા છે. માટે તેને પૃથક્ ગ્રહણ કર્યા છે.

અથવા બીજી રીતે જવાબ છે કે तृ અંતવાળા જેવા દેખાતાં બધા શબ્દો માટે સૂત્ર લાગતું હોત તો આ શબ્દો એમાં આવી જાત. જુદા ગ્રહણ કરવા ન પડત. છતાં જુદા ગ્રહણ કર્યા છે. તે નિયમ માટે છે.

"सिद्धे सत्यारंभो नियमार्थः" એ ન્યાયે ઉણાદિ પણ तृ અંતવાળા જેવા દેખાતાં શબ્દો સૂત્રમાં કહ્યા તેટલાં જ લેવા છે. બીજા નહિં. તેથી नप्तृ વિગેરે શબ્દોને પૃથક્ ગ્રહણ કર્યા. દા.ત. मातृ, पितृ વિગેરે પણ ઉણાદિથી સિદ્ધ છે. છતાં તેને આ સૂત્રમાં ગણ્યા નથી. તેથી તેમાં ऋ નો आर् ન થતાં "अर्डौच" ૧-૪-૩૯ થી अर् થશે.

વળી ત્રીજી રીતે પણ આ વાત સિદ્ધ થાય છે કે अर्थवत् ग्रहणे नानर्थकस्य । જ્યાં અર્થવાન્‌નું ગ્રહણ કર્યું હોય ત્યાં અનર્થકનું ગ્રહણ ન થાય. આ ન્યાયનાં આધારે तृ કહેવાથી માત્ર तृ પ્રત્યયાન્તનું જ ગ્રહણ થાય. પણ तृ અન્તવાળાં જેવા દેખાતાં શબ્દોનું ગ્રહણ ન થાય. તેથી આ શબ્દો ન આવી શકત. પણ नप्तृ વિગેરે શબ્દોના ऋ નો आर् કરવો છે. માટે नप्तृ વિગેરે શબ્દોને સૂત્રમાં પૃથક્ ગ્રહણ કર્યા છે.

तृ પ્રત્યયાન્તમાં कर्तृ - પુલિંગના રૂપો અને સાધનિકા पितृ પ્રમાણે થશે. પરંતુ ઘુટ્ પ્રત્યય પર છતાં આ સૂત્રથી ऋ નો आर् થશે.

कर्तृ - નપું. ના રૂપો લખેલાં છે.

कर्त्री - સ્ત્રીલિંગના રૂપો नदीवत् થશે.

स्वसृ - સ્ત્રીલિંગના રૂપો, સાધનિકા मातृवत् થશે. પરન્તુ ઘુટ્ પ્રત્યય પર છતાં आर् થશે.

नप्तृ, नेष्टृ, त्वष्टृ, क्षत्तृ, होतृ, पोतृ અને प्रशास्तृ શબ્દો પુંલિંગ છે. તેનાં રૂપો અને સાધનિકા पितृवत् થશે. પરંતુ ઘુટ્ પ્રત્યય પર છતાં आर् થશે.

अति સાથેના વિગ્રહોમાં अतिस्वस्त्री, अतिनप्त्री વિગેરે દરેક શબ્દોને स्त्रियांनृतो.... ૨-૪-૧ થી ङी લાગશે. રૂપો, સાધનિકા વિ. नदीवत् થશે.

પ્રિયની સાથેના વિગ્રહોમાં તો कच् લાગતો હોવાથી देव-वन-मालावत् રૂપો અને સાધનિકા થશે.

**अर्डौं च । ૧-૪-૩૯**

અર્થ - ऋ નો ङि (સ.એ.વ.) અને ઘુટ્ પ્રત્યયો પર છતાં अर् થાય છે.

**मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये । ૧-૪-૪૦.**

અર્થ - પ્રશંસા અર્થ ગમ્યમાન હોય તો પુત્ર અર્થમાં વર્તતા આમન્ત્ર્યવાચી मातृ શબ્દનો सि પ્રત્યયની સાથે मात આદેશ થાય છે.

વિવેચન -हे गार्गीमात ! गार्गी माता यस्य तत्संबोधने - આ અર્થમાં માતા શબ્દ પુત્ર અર્થમાં વર્તે છે. અને પુત્રની પ્રશંસા કરાય છે. તેથી આ સૂત્રથી (गार्गीमातृ + सि) मातृ શબ્દનો सि ની સાથે मात થવાથી गार्गीमात !' શબ્દ બને છે.

पुत्र इति किम् ? हे मातः । અહીં मातृ શબ્દ સ્વતંત્ર છે. પુત્ર અર્થમાં નથી. તેમ જ हे गार्गीमातृके वत्से ! આ પણ પુત્ર અર્થમાં નથી પણ પુત્રી અર્થમાં છે. તેથી આ સૂત્રથી मातृ શબ્દનો सि ની સાથે मात આદેશ થયો નથી.

अर्ह इति किम् ? अरे गार्गीमातृक ! અહીં मातृ શબ્દ પુત્ર અર્થમાં છે. પણ પ્રશંસાને બદલે નિંદા ગમ્યમાન છે તેથી मातृ શબ્દનો सि ની સાથે मात આદેશ થયો નથી.

मातृ શબ્દ અન્ય સંબંધી બને ત્યારે જ પુત્ર અર્થમાં વર્તમાન થાય.

સં.એ.વ.માં हे गार्गीमात ! રૂપ આ સૂત્રથી બનશે. બાકીના गार्गीमातृ નાં રૂપો, સાધનિકા मातृ શબ્દ પ્રમાણે થશે.

**ह्रस्वस्य गुणः । ૧-૪-૪૧.**

અર્થ - સંબોધન અર્થમાં વર્તતા હ્રસ્વ સ્વરાન્ત નામના અન્ત્ય સ્વરનો सि પ્રત્યયની સાથે ગુણ થાય છે.

**एदापः । ૧-૪-૪૨.**

અર્થ - સંબોધન અર્થમાં વર્તતા आ કારાન્ત નામોના आ નો सि પ્રત્યયની સાથે ए થાય છે.

સૂત્ર સમાસ - आश्चासौ आप् च - आप् तस्य. (કર્મ.)

આ સમાસમાં आ કારનો પ્રશ્લેષ કરેલો હોવાથી ''हे प्रियखट्व'' ઉદાહરણમાં गोश्चान्ते......૨.૪.૯૬થી હ્રસ્વ થવાથી આ સૂત્રથી ए કાર થયો નથી અને एकदेशविकृत....એ ન્યાયથી પ્રાપ્તિ હોવા છતાં પણ ए કાર નહીં થાય.

**नित्यदिद् - द्विस्वराऽम्बार्थस्य ह्रस्वः । १-४-४३.**

અર્થ - नित्य-दै-दास् - दास् दाम् આદેશ થાય છે એવા, સંબોધન અર્થમાં વર્તતા નામોનો સ્વર તેમજ બે સ્વરવાળા માતા અર્થમાં વર્તતાં સંબોધન વાચી आ કારાન્ત નામોના आ નો सि પ્રત્યયની સાથે હ્રસ્વ થાય છે.

સૂત્ર સમાસ -नित्यं च तद् दित् च - नित्यदित् (કર્મ.)

द्वौ स्वरौ यस्य सः - द्विस्वरः (બહુ.)

अम्बा अर्थः यस्य सः - अम्बार्थः - (બહુ.)

द्विस्वरश्चासौ अम्बार्थश्च - द्विस्वराम्बार्थः - (કર્મ.)

नित्यदित्च द्विस्वराम्बार्थश्च एतयोः समाहारः - नित्यदिद्द्विस्वराम्बार्थम् तस्य (સમા.દ્વ.)

વિવેચન - हे स्त्रि !, हे लक्ष्मि !, हे श्वश्रु !, हे वधु! આ ચાર શબ્દો નિત્ય दै... વિગેરે આદેશવાળા હોવાથી અંત્ય સ્વર ई અને ऊ નો सि પ્રત્યયની સાથે આ સૂત્રથી હ્રસ્વ થયો છે.

हे अम्ब ! हे अक्क ! આ બે શબ્દો બે સ્વરવાળા, માતા અર્થવાળા અને आ કારાન્ત હોવાથી અંત્ય आ નો सि પ્રત્યયની સાથે આ સૂત્રથી હ્રસ્વ થયો છે.

नित्यदिदिति किम् ? हे हूहूः ! આ શબ્દથી પર दै.... વિગેરે આદેશો થાય છે. પરંતુ નિત્ય નથી થતાં તેથી અંત્ય સ્વર ऊ નો सि પ્રત્યયની સાથે આ સૂત્રથી હ્રસ્વ થયો નથી.

द्विस्वरेति किम् ? हे अम्बाडे ! આ अम्बाडा શબ્દ आ કારાન્ત સંબોધનવાચી છે. માતા અર્થમાં છે. પણ બે સ્વરવાળો નથી. તેથી અંત્ય आ નો सि પ્રત્યયની સાથે હ્રસ્વ ન થતાં एदापः १-४-४२ થી आ નો सि પ્રત્યયની સાથે ए થયો છે.

आप इत्येव ? हे मातः! આ मातृ શબ્દ બે સ્વરવાળો સંબોધનવાચી છે. માતા અર્થમાં પણ છે. પરંતુ आ કારાન્ત નથી. ऋ કારાન્ત છે. તેથી અંત્ય સ્વર ऋ નો सि પ્રત્યયની સાથે હ્રસ્વ ન થતાં ह्रस्वस्य गुणः १-४-४१ થી ऋ નો सि ની સાથે ગુણ થયો છે.

श्वश्रू દીર્ઘ ऊ કારાન્ત સ્ત્રી. ના રૂપો वधूवत् થશે.

अम्बा, अक्का, अम्बाडा, आ કારાન્ત સ્ત્રીલિંગ ના રૂપો मालावत् થશે.

### अदेतः स्यमोर्लुक् । १-४-४४

અર્થ - સંબોધન અર્થમાં વર્તતા अ કારાન્ત અને ए કારાન્ત નામોથી પર રહેલા सि અને अम् પ્રત્યયનો લુક્ થાય છે.

સૂત્ર સમાસ -अत् च एत् च एतयोः समाहारः - अदेत् तस्मात् - (સમા.દ્વ.)
सिश्च अम् च - स्यमौ तयोः (ઇ.દ્વ.)

વિવેચન - પ્રશ્ન - આ સૂત્રમાં अम् નો લુક્ કરવાનું કહ્યું છે તે કરવાની જરૂર નથી કારણ કે अतः स्यमोऽम् ૧-૪-૫૭ સૂત્રથી "सि" પ્રત્યયનો अम् થાય છે. અને અવ્યયીભાવ સમાસમાં अमव्ययी.... ૩-૨-૨ સૂત્રથી "सि" નો अम् થાય છે. માટે "सि" નો લુક્ કરવાથી अम् નો લુક્ થઇ જ જશે. તો શા માટે "सि" અને अम् બંનેને લુક્ કરવાનું સૂત્રમાં કહ્યું ?

જવાબ - "सि" નો લુક્ થતાં अम् નો લુક્ થઇ જ જવાનો હતો. છતાં अम् નો લુક્ પૃથક્ કર્યો છે. તે જ જણાવે છે. કે सि પ્રત્યયનો अम् આદેશ થાય છે. તેનો જ લુક્ કરવો પરંતુ "सि" પ્રત્યયનો अम् સિવાય બીજો કોઇ આદેશ થતો હોય તો તેનો લુક્ ન કરવો. દા.ત. पञ्चतोऽन्यादे.... ૧-૪-૫૮ સૂત્રથી "सि" પ્રત્યયનો द् આદેશ થાય છે. તેનો લુક્ આ સૂત્રથી હવે નહીં થાય. અન્યથા "सि" પ્રત્યયના બધા આદેશોનો લુક્ કરવાની પ્રાપ્તિ આવત.
અવ્યયીભાવ સમાસમાં સર્વ વિભક્તિનો अम् આદેશ થાય છે. તો કયા अम् પ્રત્યયનો લુક્ કરવો આવો પ્રશ્ન થાય તો તેના જવાબમાં "सि" ના સાહચર્યથી એ.વ.ના अम् આદેશનો જ લુક્ થશે. બ.વ. આદિ સ્થાનોના अम् આદેશનો લુક્ નહીં થાય.

### दीर्घङ्याब् - व्यञ्जनात् सेः । १-४-४५.

અર્થ - દીર્ઘ ङी અને आप् અંતવાળા શબ્દોથી તેમજ વ્યંજનાન્ત શબ્દોથી પર રહેલાં "सि" પ્રત્યયનો લુક્ થાય છે.

સૂત્ર સમાસ -ङीश्च आप् च - ङ्यापौ - (ઇ.દ્વ.)
दीर्घौच तौ ङ्यापौ च - दीर्घङ्यापौ - (કર્મ.)
दीर्घङ्यापौ च व्यञ्जनञ्च एतेषां समाहारः - दीर्घङ्याब्व्यञ्जनम् तस्मात् - (સમા.દ્વ.)

વિવેચન - निर्गतः कौशाम्ब्याः - निष्कौशाम्बी, खट्वां अतिक्रान्तः - अतिखट्वः અહીં कौशाम्बी અને खट्वा શબ્દમાં ङी અને आप् દીર્ઘ હતાં. પણ

અન્યસંબંધી થતાં ગોશ્રાન્તે..... ૨-૪-૯૬ થી હ્રસ્વ થયેલાં છે. તે કારણે આ સૂત્રથી "सि" પ્રત્યયનો લુક્ થયો નહીં.

પ્રશ્ન - પુનઃ "सि" પ્રત્યયનું ગ્રહણ શા માટે કર્યુ ?

જવાબ - ઉપરના ૧-૪-૪૦ સૂત્રથી "सि" પ્રત્યયની અનુવૃત્તિ આવતી જ હતી. છતાં પુનઃ "सि" પ્રત્યયનું ગ્રહણ કર્યું છે. તે જ જણાવે છે કે ઉપરનાં સૂત્રોમાં "सि" પ્રત્યયનો લુક્ સંબોધનમાં થતો હતો. જયારે આ સૂત્રમાં પ્ર.એ.વ.નાં "सि" પ્રત્યયનો લુક્ કરવો છે. માટે પુનઃ "सि" પ્રત્યયનું ગ્રહણ કરવાની જરૂર પડી.

પ્રશ્ન - ङी અને आप् જેને લાગ્યા હોય તે દીર્ઘ જ હોય છતાં દીર્ઘ એ પ્રમાણે વિશેષણ સૂત્રમાં શા માટે ગ્રહણ કર્યું છે ?

જવાબ - ङी અને आप् જેને લાગ્યા હોય તે દીર્ઘ જ હોય તે વાત બરાબર છે. પણ જયારે તે શબ્દો અન્યસંબંધી થાય ત્યારે હ્રસ્વ થઇ જાય છે. જયારે હ્રસ્વ થાય ત્યારે "सि" પ્રત્યયનો લુક્ નથી કરવો માટે સૂત્રમાં દીર્ઘ વિશેષણ જરૂરી છે.

પ્રશ્ન - "दीर्घङ्याब् सेः" આટલું જ સૂત્ર કરવાની જરૂર હતી. "दीर्घङ्याब् - व्यञ्जनात् सेः" આવું લાંબુ સૂત્ર કરવાની જરૂર ન હતી. કેમકે વ્યંજનાન્ત નામ થકી "सि" પ્રત્યય આવે તો पदस्य ૨-૧-૮૯ સૂત્રથી વ્યંજન અને "सि" નો સંયોગ થવાથી સંયોગના અંત્ય વ્યંજન એવા પ્રત્યયનો લોપ થઇ જ જાત. તેથી व्यञ्जनात् શબ્દને સૂત્રમાં લેવાની શું જરૂર છે ?

જવાબ - નથી જરૂર. છતાં પણ "व्यञ्जनात्" શબ્દને સૂત્રમાં લીધો છે. તે જ જણાવે છે કે न् અંતવાળા શબ્દોને "पदस्य" ૨-૧-૮૯ સૂત્ર લાગતાં (પહેલાં) "नाम्नो नो नह्नः" ૨-૧-૯૧ સૂત્ર લાગીને न् નો લોપ થઇ જશે. હવે અંતે સંયોગ રહેતો નથી. તેથી હવે "पदस्य" સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ નથી રહેતી. અને "सि" પ્રત્યયનો લોપ તો કરવો જ છે. માટે न् અંતવાળા નામોથી પર રહેલા "सि" પ્રત્યયનો લોપ કરવા માટે જ "व्यञ्जनात्" શબ્દને સૂત્રમાં ગ્રહણ કર્યો છે. તેની પુષ્ટિ કરવા માટે જ આ સૂત્રમાં "राजा" નું ઉદાહરણ મૂકેલું છે.

**समानादमोऽतः । ૧-૪-૪૬.**

અર્થ - સમાનથી પર રહેલાં "अम्" પ્રત્યયના अ નો લુક્ થાય છે.

વિવેચન - પ્રશ્ન - पितृ વિગેરે શબ્દોમાં પણ ऋ એ સમાન છે. તો તેવા શબ્દોને અહીં કેમ ગ્રહણ કર્યા નથી ?

જવાબ - કેમ કે ऋ કારાન્ત શબ્દો માટે વિશેષ વિધાન કરેલું છે કે अम् - प्रत्यय ધુટ્ છે. અને ધુટ્ પ્રત્યય પર છતાં ऋ કારાન્ત નામોના ऋ નો "अर्डौच" ૧-૪-૩૯ થી अर् થાય છે. તે ऋ કારાન્ત શબ્દો માટે જ ખાસ વિધાન છે. તેથી આ સૂત્રોમાં ऋ કારાન્ત નામોને ગ્રહણ કર્યા નથી.

**दीर्घो नाम्यतिसृ - चतसृ - षृः । ૧-૪-૪૭.**

અર્થ - तिसृ, चतसृ તેમજ ष् અને र् અંતવાળા શબ્દોને વર્જીને नाम् प्रत्यय પર છતાં સમાન સ્વર દીર્ઘ થાય છે.

સૂત્ર સમાસ -तिसा च चतसा च ष् च र् च एतेषां समाहारः - तिसृचतसृष्र् (સમા.દ્વ.)

न तिसृ चतसृ ष् र् - अतिसृचतसृ ष् र् तस्य. (નञ् તત્પુ.)

વિવેચન - પ્રત્યય તો आम् છે. પણ તે आम् પ્રત્યયનો नाम् આદેશ "हृस्वाऽऽपश्च" ૧-૪-૩૨ થી થયો છે.

પ્રતિ ઉદાહરણમાં तिसृणाम्. चतसृणाम्, षण्णाम्, चतुर्णाम् આ ચાર શબ્દોનું વર્જન કરેલું હોવાથી દીર્ઘ થયા નથી.

પ્રશ્ન - સૂત્રમાં ष् અને र् અંતવાળા શબ્દોનું વર્જન કરવાની જરૂર ન હતી. કારણ કે नाम् પ્રત્યય પર છતાં પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય છે. અહી તો र् અને ष् અંતવાળા શબ્દોમાં અંતે સમાન સ્વર જ નથી. જેની પ્રાપ્તિ હોય તેનું વર્જન કરવું પડે. જેની પ્રાપ્તિ જ ન હોય તેનું વર્જન શા માટે ?

જવાબ - र् અને ष् નું વર્જન ન કર્યું હોત તો ચાલત. છતાં પણ વર્જન કર્યું છે તે જ જણાવે છે કે र् અને ष् સિવાય વચ્ચે न् નું વ્યવધાન હોય તો પણ દીર્ઘ થાય. अषृ इति प्रतिषेधेन नकारेण व्यवहितेऽपि नामि दीर्घो ज्ञाप्यते ।"

દા.ત. पञ्चन् + नाम् અહીં नाम्नो नोऽनह्नः ૨-૧-૯૧ થી न् નો લોપ થવાથી पञ्च + नाम्. હવે न् નો લોપ થવાથી સમાન પછી જ नाम् પ્રત્યય છે. તેથી પ્રશ્ન જ ક્યાં આવે છે ? પણ આ "नाम्नो नोऽनह्नः" ૨-૧-૯૧ સૂત્ર પર સૂત્ર છે. અને તેનાથી થયેલો न् નો લોપ પૂર્વની સ્યાદિવિધિમાં અસત્ થાય છે. તેથી न् નો લોપ થવાં છતાં न् છે એમ માનીને જ કાર્ય થાય છે. તે કારણે न् છે જ. તો હવે આ સૂત્ર ન લાગી

શકે પણ र् અને ष् નું વર્જન કર્યું છે. તેથી એમ સાબિત થયું કે न् નું વ્યવધાન હોય તો દીર્ઘ થાય. તો જ पञ्चानाम्, अष्टानाम्... વિગેરે પ્રયોગો સિદ્ધ થયા. જો र् અને ष् નું વર્જન ન કર્યું હોત તો न् નું પણ વર્જન થઇ જાત અને આ પ્રયોગો સિદ્ધ ન થતાં અનિષ્ટ રૂપો થાત.

**नुर्वा** । ૧-૪-૪૮

અર્થ - नृ શબ્દમાં રહેલો સમાન સ્વર नाम् પ્રત્યય પર છતાં દીર્ઘ વિકલ્પે થાય છે.

नृ શબ્દના રૂપો અને સાધનિકા पितृवत् થશે. ફક્ત ષ.બ.વ.માં नृणाम्, नृणाम् એમ બે રૂપો આ સૂત્રથી થશે.

**शसोऽता सश्च नः पुंसि** । ૧-૪-૪૯

અર્થ - शस् પ્રત્યયના अ ની સાથે પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય છે અને તેના યોગમાં પુંલિંગ વિષયમાં शस् પ્રત્યયના स् નો न् થાય છે.

शाला શબ્દ સ્ત્રીલિંગ છે. તેથી आ + अ મળીને દીર્ઘ થયું પણ शस् ના स् નો न् ન થયો. તેના રૂપો અને સાધનિકા मालावत् થશે.

**संख्या - साय - वेरह्नस्याऽहन् ङौवा** । ૧-૪-૫૦.

અર્થ - સંખ્યાવાચી શબ્દોથી તેમજ साय અને वि થી પર રહેલાં अह्न નો ङि પર છતાં अहन् વિકલ્પે થાય છે.

સૂત્ર સમાસ - संख्या च सायं च विश्च एतेषां समाहारः - संख्यासायविः (સમા.દ્વ.) तस्मात्

વિવેચન - સમાહાર દ્વન્દ્વ સમાસ હોવાથી संख्या-साय-विनः થવું જોઇએ. પરંતુ તેવું ન કરતાં લાઘવતા માટે સૂત્રમાં वेः કર્યું છે. તે અલૌકિક સમાસ જાણવો.

(૧) द्वयोः अह्नोः भव - द्व्यहन्, संख्यासमाहारे..... ૩-૧-૯૯ થી (દ્વિગુ. સ.) द्व्यहन् + अण्, भवे ૬-૩-૧૨૩ થી ભવે અર્થમાં अण् પ્રત્યય. द्व्यह्न + अ + अण्, सर्वांश..... ૭-૩-૧૧૮ થી अण् પ્રત્યય પૂર્વે अट् સમાસાન્ત અને अहन् નો अह्न આદેશ થયો.

द्व्यह्न + अण्, अवर्णेऽवर्णस्य ૭-૪-૬૮ થી અંત્ય अ નો લોપ થવાથી द्व्यह्न द्विगोरनपत्ये.... ૬-૧-૨૪ થી अण् નો લોપ થવાથી द्व्यह्न શબ્દ બન્યો એજ પ્રમાણે..

(૨) अह्नः सायम् - सायाह्नः સાધનિકા ઉપર પ્રમાણે થશે.

"सायाह्नादय:" ૩-૧-૫૩ થી અંશિ તત્પુરૂષ સમાસ થયો છે. સૂત્રમાં साय એ પ્રમાણે પાઠ હોવાથી સૂત્ર સામર્થ્યથી જ सायम् ના म् નો લોપ થયેલો છે.

(૩) विगतम् अह: - व्यह्नः સાધનિકા ઉપર પ્રમાણે થશે. प्रात्यव परि..... - ૩-૧-૪૭ થી तत्पु. સમાસ થયો છે. તેથી द्व्यह्न, सायाह्न અને व्यह्न થયું

द्व्यह्न + ङि } આ સૂત્રથી अह्न નો अहन् થવાથી द्व्यहनि<br>
सायाह्न + ङि } सायाहनि<br>
व्यह्न + ङि } व्यहनि

ईडौवा ૨-૧-૧૦૯ થી ઉપાન્ત્ય अ નો લોપ થવાથી द्व्यह्नि, सायाह्नि અને व्यह्नि પણ થશે.

હવે ईडौवा અને આ સૂત્ર બંને વિકલ્પે થાય છે તેથી બે વિકલ્પે ત્રણ રૂપો થાય. તે કારણે....

द्व्यह्न + ङि } अवर्णस्ये...૧-૨-૬ થી अ + इ = ए द्व्यह्ने<br>
सायाह्न + ङि } सायाह्ने<br>
व्यह्न + ङि } व्यह्ने

એમ કુલ ત્રણ રૂપો સ.એ.વ.માં થશે. બાકી वनवत् —રૂપો થશે.

**निय आम् । १-४-५१.**

અર્થ - नी નામથી પર રહેલાં ङि (સ.એ.વ.) પ્રત્યયનો "आम्" આદેશ થાય છે.

વિવેચન - ङि પ્રત્યયની અનુવૃત્તિ ઉપરનાં સૂત્રમાંથી આવે છે. પરંતુ ત્યાં ङि પર છતાં કાર્ય થતું હતું. અને અહીં ङि નું કાર્ય થાય છે તે अर्थवशात् विभक्ति विपरिणाम: થી આવો ફેરફાર થાય છે.

પ્રશ્ન - ग्रामणी શબ્દને આ સૂત્ર ન લાગે કારણ કે ग्रामणी શબ્દમાં णी છે. नी છે જ નહીં. તો ङि નો आम् ન થાય?

જવાબ - ખરેખર ङि નો आम् ન જ થાય. પરંતુ ग्रामणी શબ્દમાં न् નો ण् ग्रामाऽग्रान्निय: ૨-૩-૭૧ થી થયેલો છે. તે णत्व પ્રકરણ णषमसत्परे..... ૨-૧-૬૦ થી પૂર્વની સ્યાદિવિધિમાં અસત્ મનાય છે. અહીં જે ङि નો आम् થાય છે. તે સ્યાદિવિધિ છે. તેથી णी ને બદલે नी જ મનાય છે. તે કારણે ग्रामणी શબ્દથી પર રહેલા ङि નો आम् થયો છે.

**वाष्टन आः स्यादौ** । ૧-૪-૫૨.

અર્થ - अष्टन् શબ્દના न् નો સ્યાદિ પ્રત્યય પર છતાં आ વિકલ્પે થાય છે.

વિવેચન - પ્રશ્ન - स्यादि નું પ્રકરણ ચાલે છે. છતાં સૂત્રમાં ફરી स्यादि નું ગ્રહણ શા માટે કર્યું છે ?

જવાબ - ઉપરનાં સૂત્રમાંથી ङि ની અનુવૃત્તિ આવતી હતી. પણ અહીં એકલા ङि નું ગ્રહણ ન કરતાં બધા स्यादि પ્રત્યયનું ગ્રહણ કરવું છે માટે ફરી स्यादि નું ગ્રહણ કર્યું છે.

**अष्ट और्जस् शसोः** । ૧-૪-૫૩.

અર્થ - કરાયો છે न् નો आ જેને એવા अष्टन् શબ્દથી પર રહેલા जस्- शस् નો औ આદેશ થાય છે.

સૂત્ર સમાસ - जस् च शस् च - जस्शसौ, तयोः (ઇ.દ્વ.)

વિવેચન - અહીં સૂત્રમાં अष्टः લખ્યું છે. પણ अष्टन् શબ્દનું પંચમી એ.વ. अष्टः થાય જ નહીં. છતાં પણ अष्टः લખ્યું છે. તે એમ જણાવે છે કે अष्टन् ના न् નો आ થયો હોય તેને જ આ સૂત્ર લાગે. હવે જયારે अष्टा શબ્દ થયો છે. તો તેનાથી પર આવતાં जस् - शस् નો औ કર્યો છે. તેને બદલે ओ કર્યો હોત તો પણ आ + ओ = औ જ થાત. છતાં પણ ओ ન કરતાં औ કર્યો છે. તેથી જણાય છે કે નામધાતુ થઇને વ્યંજનાન્ત બની જાય અને રૂપ કરવાનું આવે ત્યારે જો ओ હોય તો अष्टो એમ અનિષ્ટ રૂપ થાત. તેવું ન થાય અને अष्टौ રૂપ સિદ્ધ થાય તે માટે જ औ કર્યો છે.

સૂત્રમાં अष्टन् નાં न् નો वाष्टन......૧-૪-૫૨ થી आ થઈને लुगातो.... ૨-૧-૧૦૭ થી તે आ નો લોપ થઈને પંચમી એ.વ. નું રૂપ अष्टः થયું છે.

પ્રશ્ન - प्रियाष्टा થી પર રહેલાં जस् - शस् નો औ કેમ થયો નથી ?

જવાબ - प्रियाष्टा એ અન્યસંબંધી છે. તેથી आ ની પછી રહેલાં जस्-शस् નો औ ન થયો. जस् - शस् નો औ આદેશ તત્સંબંધી હોય ત્યારે જ થાય છે. તત્સંબંધી એટલે પોતાના અર્થમાં હોય ત્યારે એટલે अष्टन् નો અર્થ ''આઠ'' થતો હોય ત્યારે જ औ થાય. પરંતુ સમાસમાં અન્ય કોઇનું વિશેષણ હોય ત્યારે औ થતો નથી. प्रियाष्टा નો અર્થ આઠ નથી. પરંતુ ''પ્રિય છે આઠ જેને એવી વ્યકિત'' થાય છે. તેથી जस्-

शस् નો औ થયો નથી.

"प्रत्ययस्य" ૭-૪-૧૦૮ થી પ્રત્યયનો આદેશ સર્વનો જ થતો હોવાથી આખા जस् - शस् પ્રત્યયનો औ આદેશ થયો છે.

**डति-ष्णः संख्याया लुप् । ૧-૪-૫૪.**

અર્થ - डति પ્રત્યયાન્ત, ष् અને न् અંતવાળા સંખ્યાવાચક શબ્દો સંબંધી जस् - शस् નો લોપ થાય છે.

સૂત્ર સમાસ -डति च ष् च न् च एतेषां समाहारः - डतिष्ण् - तस्य (સમા.દ્વ.)

વિવેચન - અહીં संख्यायाः લખવાની જરૂર ન હતી. છતાં પણ લખ્યું છે તે જ જણાવે છે કે ઉપરનું સૂત્ર અન્યસંબંધીને લાગતું ન હતું. તેમ અહીં संख्यायाः લઇને જણાવ્યું કે સંખ્યાવાચી હોય ત્યારે જ આ સૂત્ર લાગે. અન્યસંબંધીને આ સૂત્ર ન લાગે.

**नपुंसकस्य शिः । ૧-૪-૫૫.**

અર્થ - નપુંસક શબ્દો સંબંધી जस् - शस् પ્રત્યયનો "शि" આદેશ થાય છે.

વિવેચન - પ્રશ્ન - नपुंसक શબ્દથી नपुंसक શબ્દ પોતે જ ગ્રહણ થાય તો નપુંસકલિંગમાં વર્તતા શબ્દો કેવી રીતે લીધા ?

જવાબ - "स्वं रुपं शब्दस्याशब्दसंज्ञा ।" એ ન્યાયથી શબ્દની સંજ્ઞા ન હોય તો શબ્દનું પોતાનું રૂપ લેવાય છે. પણ જો શબ્દની સંજ્ઞા હોય તો સંજ્ઞાવાચક શબ્દો જ લેવાય છે. "नपुंसक", એ શબ્દની સંજ્ઞા છે. તેથી શબ્દ પોતે ન લેતાં નપુંસકલિંગ નામો (શબ્દો) લીધા છે.

कुण्ड - अ કારાન્ત નપુંસકલિંગના રૂપો - સાધનિકા वनवत् થશે.

**औरीः । ૧-૪-૫૬.**

અર્થ - નપુંસક સંબધી औ પ્રત્યયનો ई આદેશ થાય છે.

**अतः स्यमोऽम् । ૧-૪-૫૭.**

અર્થ - अ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી सि અને अम् પ્રત્યયનો अम् આદેશ થાય છે.

સૂત્ર સમાસ -सिश्च अम् च एतयोः समाहारः - स्यम्, तस्य (સમા.દ્વ.)

વિવેચન - પ્રશ્ન - अतः स्यमोऽम् ને બદલે अतःस्यम् એટલું જ સૂત્ર કર્યું હોત તો ચાલત. કેમ કે अम् પ્રત્યય તો છે જ. તો પછી अम् નો अम् આદેશ કરવાથી શું ? सि પ્રત્યયનો अम् થાય છે એટલું જ કહેવું જોઇએને ?

જવાબ - બરાબર છે. પણ નીચેના સૂત્રમાં सि અને अम् બંનેનો द् કરવો છે.

તેથી નીચેના સૂત્રમાં તો જરૂર પડત જ. તેથી अमश्च કરીને પ્રક્રિયા કરવી પડત. એ પ્રક્રિયાનું લાઘવ કરવા માટે અને सि અને अम् બંનેની અનુવૃત્તિ સાથે ચલાવવા માટે જ અહીં આ સૂત્રમાં अम् ને પણ ગ્રહણ કર્યો છે.

પ્રશ્ન - તો પછી सि અને अम् નો अम् આદેશ ન કરતાં માત્ર म् જ કરવો જોઈતો હતો. કારણ કે अम् કરીને પણ "समानादमोऽतः" ૧-૪-૪૬ થી अम् ના अ નો લોપ જ કરવાનો છે. તો પછી अम् નાં બદલે म् કરવો બરાબર લાગે છે.

જવાબ - म् કરીએ તે બરાબર છે. પણ જયાં જયાં अ કારાન્ત શબ્દો હોય ત્યાં ત્યાં म् હોય તો कुण्डम् વિગેરે રૂપો સિદ્ધ થશે. પરંતુ अतिजर શબ્દનો જયારે अतिजरस् આદેશ થાય ત્યારે જો अम् ન કર્યો હોય તો अतिजरस्म् એવું અનિષ્ટ રૂપ થાય. એટલે अतिजरसम् રૂપ સિદ્ધ કરવા માટે જ सि અને अम् પ્રત્યયનો अम् આદેશ કર્યો છે.

કહ્યું છે કે "अम् करणात् अतिजरसम् ।"

**पञ्चतोऽन्यादेरनेकतरस्यदः । १-४-५८.**

અર્થ - एकतर નામને વર્જીને (अन्य, अन्यतर, इतर, डतर પ્રત્યયાન્ત અને डतम પ્રત્યયાન્ત) આ પાંચ અન્યાદિ નપુંસક નામો સંબંધી सि અને अम् પ્રત્યયનો द् આદેશ થાય છે.

સૂત્ર સમાસ - पञ्च इति संख्या मानम् यस्य - पञ्चत् , तस्य (બહુ.)

अन्यः आदिः यस्य सः - अन्यादिः, तस्य (બહુ.)

द्वयोः मध्ये एकम् प्रकृष्टम् - एकतरम् (દ્વિગુ.)

न एकतरः यस्मिन् सः - अनेकतरः, तस्य (બહુ.)

વિવેચન - कतर એ डतर પ્રત્યયાન્ત અને कतम એ डतम પ્રત્યયાન્ત છે.

एकतरम् - અહીં આ શબ્દનું વર્જન હોવાથી सि અને अम् પ્રત્યયનો द् ન થતાં "अतःस्यमोऽम्" ૧-૪-૫૭ સૂત્રથી सि અને अम् પ્રત્યયનો अम् આદેશ થવાથી कुण्डम् શબ્દની જેમ एकतरम् રૂપ સિદ્ધ થશે.

પ્રશ્ન - અહીં पञ्च શબ્દ પરિમાણ અર્થમાં છે. તો પરિમાણ અર્થમાં सङ्ख्या डतेश्चा..... ૬-૪-૧૩૦ થી क પ્રત્યય લાગે છે. તેથી पञ्चक બનવું જોઈએ. पञ्चतः એમ કેવી રીતે થયું ?

જવાબ - સંખ્યાવાચક શબ્દોને પરિમાણ અર્થમાં सङ्ख्या..... ૬-૪-૧૩૦ થી

क પ્રત્યય લાગે છે. પરંતુ पञ्चन् અને दशन् શબ્દને "पञ्चद् दशद् वर्गेवा" ૬-૪-૧૭૫ થી अत् પ્રત્યય લાગે છે. તેથી पञ्चतः બન્યું છે.

પ્રશ્ન - અન્યાદિ પાંચમાં एकतर શબ્દ આવતો જ નથી તો પછી एकतर શબ્દનું વર્જન શા માટે કર્યું છે ?

જવાબ - अन्यादि પાંચમાં एकतर શબ્દ નથી. પણ डतर પ્રત્યયાન્ત શબ્દ લીધા છે. તેથી एकतर શબ્દ આવી શકે પણ एकतर શબ્દનું વર્જન કર્યું એટલે હવે एकतर શબ્દ નહીં આવે.

પ્રશ્ન - તો શું एकतम શબ્દનું ગ્રહણ થશે ?

જવાબ - હા, एकतमद् થઇ શકે છે. તે एकतर ના વર્જનથી જ સમજાય છે કે एकतम આવી શકે. જો एकतम ન લેવો હોત તો एकतर ની સાથે एकतम નું પણ વર્જન કર્યું હોત.

**अनतो लुप् । ૧-૪-૫૯.**

અર્થ - अ કારાન્ત સિવાયના નપુંસક નામ્નોના सि અને अम् પ્રત્યયનો લોપ થાય છે.

સૂત્ર સમાસ -न अत् - अनत्, तस्य (નઞ્ ત.)

વિવેચન - પ્રશ્ન - સૂત્રમાં लुक् ને સ્થાને लुप् શા માટે કર્યું છે ?

જવાબ - આ સૂત્રમાં लुक् ને સ્થાને लुप् કર્યું છે. તે એમ સમજાવે છે કે सि અને अम् નો લોપ થયા પછી પણ તે પ્રત્યયો છે એમ માનીને કાર્ય ન કરવું. એટલે કે "लुप्यय्वृल्लेनत्" ૭-૪-૧૧૨ થી પ્રત્યયનો લોપ થયા પછી તે લોપ થયેલા પ્રત્યયને માનીને પૂર્વનું કોઇ કાર્ય કરવું હોય તો ન થાય. (સ્થાનિવદ્ભાવ ન થાય) તેથી यद्, तत् વિગેરેમાં सि અને अम् પ્રત્યયનો આ સૂત્રથી લોપ થયા પછી તે सि અને अम् પ્રત્યયને માનીને आद्वेरः ૨-૧-૪૧ થી द् નો आ નહિં થાય. જો लुप् ને સ્થાને लुक् કર્યું હોત તો यद्-तत् નાં અંત્ય નો आ થઇ જાત. કહ્યું છે કે "लुकम्अकृत्वा लुप् करणं स्यमोः स्थानिवद्भावेन यत् कार्यं, तस्य प्रतिषेधार्थम् ।"

પ્રશ્ન - સૂત્રમાં अनतः શા માટે લખ્યું છે ?

જવાબ - જો સૂત્રમાં अनतः ન લખ્યું હોત તો कुण्ड વિગેરે નપુંસક નામોનો પણ આ સૂત્રમાં સમાવેશ થઇ જાત. અને જો એવું થાય તો "अतः स्यमोऽम्" ૧-૪-૫૭ અને पञ्चतोऽन्यादे.... ૧-૪-૫૮માં કહેલાં अन्यादि શબ્દો પણ અહીં જ આવી જાત. તો બન્ને સૂત્રો વ્યર્થ પડે અને

અનિષ્ટ રૂપો થાય. એ અનિષ્ટ રૂપોનો નિષેધ કરવા માટે જ આ સૂત્રમાં अनतः નું ગ્રહણ છે.

પ્રશ્ન - આ સૂત્રમાં अनतः (अ કારાન્ત સિવાયના) કહ્યું. એટલે બીજા સ્વરાંત જ આવી શકે. વ્યંજનાન્ત કેવી રીતે આવી શકે ?

જવાબ - બે પ્રકારના नञ् છે. पर्युदास અને प्रसज्य. અહીં पयुदास नञ् ન લેતાં प्रसज्य नञ् લેવો કારણ કે તે માત્ર નિષેધ જ કરે છે. તેથી अ કારાન્ત સિવાયનાં માત્ર સ્વરાંત જ લેવા એવું નહીં પરંતુ વ્યંજનાન્ત પણ આવી શકે. તે જણાવવા માટે જ આ સૂત્રના ઉદાહરણમાં पयः નું ઉદાહરણ આપ્યું છે.

**जरसो वा । ૧-૪-૬૦.**

અર્થ - जरस् અંતવાળા નપુંસકનામો સંબંધી सि અને अम् પ્રત્યયનો વિકલ્પે લોપ થાય છે.

વિવેચન - (૧) "अतिजर + सि, अम् - जराया जरस्वा" ૨-૧-૩ થી जरस् થયું. अतिजरस् + सि, अम् - આ સૂત્રથી सि અને अम् બંનેનો લોપ થવાથી "सोरुः", "रःपदान्ते...," સૂત્રથી अतिजरः થયું.

(૨) अतिजरसम् - હવે આ સૂત્ર વિકલ્પે લાગતું હોવાથી सि અને अम् નો જયારે લોપ ન થાય ત્યારે "अतः स्यमोऽम्" ૧-૪-૫૭ થી सि અને अम् નો अम् થવાથી अतिजरसम् સિદ્ધ થયું.

(૩) अतिजरम् - "जराया जरस् वा" ૨-૧-૩ થી જયારે जरा નો जरस् આદેશ ન થાય ત્યારે अतिजर + सि, "अतः स्यमोऽम्" ૧-૪-૫૭ થી सि અને अम् નો अम्, अतिजर + अम् - "समानादमोऽत" ૧-૪-૪૬ થી अम् નાં अ નો લોપ થવાથી अतिजरम् સિદ્ધ થયું. આમ પ્ર.દ્વિ.એ.વ.માં બે વિકલ્પે ત્રણ રૂપો સિદ્ધ થયાં.

**नामिनो लुग् वा । ૧-૪-૬૧**

અર્થ - નામ્યન્ત નપુંસકનામો સંબંધી सि અને अम् નો લુક્ વિકલ્પે થાય છે.

વિવેચન - પ્રશ્ન - वारि + सि અહીં બે સૂત્રો લાગે છે. એક તો ૧-૪-૫૯ અને બીજું ૧-૪-૬૧ તો બેમાંથી કયું સૂત્ર લગાડવું ?

જવાબ - ૧-૪-૬૧ આ ચાલુ સૂત્ર જ લગાડવું "स्पर्द्धे परम्" થી પરસૂત્ર હોય તેજ પહેલાં લાગે તેથી આ સૂત્રથી જ सि અને अम् નો લુક્ વિકલ્પે થશે.

પ્રશ્ન - તો પછી લુપ્ અને લુક્માં ફરક શું ? બન્નેમાં સિ નો લોપ જ થવાનો છે ને ?

જવાબ - બરાબર છે. લુપ્ કરો કે લુક્ કરો એટલે ૧-૪-૫૯ સૂત્ર લગાડો કે ૧-૪-૬૧ સૂત્ર લગાડો બંનેમાં સિ નો લોપ જ થવાનો છે. છતાં પણ ફરક પડે છે. કારણ કે જયારે લુક્ કરીએ ત્યારે "प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ।" (પ્રત્યયનો લુક્ થયો હોય તો પણ તે પ્રત્યયને આશ્રયીને કાર્ય થાય છે.) એ પરિભાષાથી સિ પ્રત્યયનો સ્થાનીવદ્ભાવ થાય છે. તેથી સિ પ્રત્યય છે જ એમ માનીને "ह्रस्वस्य गुणः" ૧-૪-૪૧ થી સિ પ્રત્યયની સાથે સ્વરનો ગુણ થવાથી "वारे" રૂપ સિદ્ધ થયું.

આ સૂત્ર વિકલ્પે સિ નો લુક્ કરે છે. તેથી જયારે સિ નો લુક્ ન થાય ત્યારે "अनतो लुप्" ૧-૪-૫૯ થી સિ નો લુપ્ થશે. ત્યાં લુપ્ નો સ્થાનીવદ્ભાવ થતો નથી. તેથી સિ નો લુપ્ થયા પછી સિ છે. એમ મનાતું ન હોવાથી "ह्रस्वस्य गुणः" ૧-૪-૪૧ થી ગુણ ન થયો. કારણ કે સિ હોય તો સિ ની સાથે સ્વરનો ગુણ થાય. પણ સિ જ ન હોય તો ગુણ કેવી રીતે થાય ? તેથી "हे वारि" રૂપ સિદ્ધ થયું.

એજ પ્રમાણે "प्रियत्रि" માં જયારે ૧-૪-૬૧ થી સિ નો લુક્ થશે ત્યારે સિ નો સ્થાનીવદ્ભાવ થવાથી સિ પર છતાં त्रिचतुरस्तिसृ.... ૨-૧-૧ થી ત્રિ નો તિસૃ આદેશ થશે તેથી "प्रियतिसृ" થયું. અને આ સૂત્ર (૧-૪-૬૧) ના વિકલ્પ પક્ષમાં "अनतो लुप्" ૧-૪-૫૯ થી સિ નો લુપ્ થશે. ત્યારે તે લુપ્ એવા સિ નો સ્થાનીવદ્ભાવ નહીં થાય. તેથી સિ પરમાં ન હોવાથી त्रि-चतुर.... ૨-૧-૧ થી ત્રિ નો તિસૃ આદેશ નહિં થવાથી "प्रियत्रि" જ રહ્યું.

**वान्यतः पुमांष्टादौ स्वरे । ૧-૪-૬૨**

અર્થ - अन्यतः - વિશેષ્યનાં વશથી (થયેલ) નામ્યન્ત નપુંસક નામ ટા વિગેરે સ્વરાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે પુંવદ્ભાવ થાય છે.

સૂત્ર સમાસ - टा आदिः यस्य सः - टादिः, तस्मिन् (બહુ.)

વિવેચન - अन्यत इति किम् ? पिलुने - पिलु + ङे (ए), अनाम् स्वरे.... ૧-૪-૬૪ થી અંતે न् નો આગમ થવાથી पिलुन् + ए - पिलुने થયું. અહીં पिलु શબ્દ મૂળથી જ નપુંસક નામ છે. વિશેષ્ય એવા फल ને કારણે

નપુંસક થયેલો નથી. જો આ સ્વભાવથી જ નપુંસક નામને પુંવદ્ભાવ કર્યો હોત તો ૧-૪-૬૪ થી न् ન ઉમેરાત તેથી पिलु + ए. अवर्णे.... ૧-૧-૨૧ થી उ નો व् થઇ पिल्वे - આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થાત.

टादाविति किम् ? शुचिनी - આ शुचि નામ વિશેષણ હોવાથી कुल એવા વિશેષ્યનાં વશથી નપુંસક થયેલું છે. પણ પ્ર.દ્વિ.દ્વિ.વ. છે. टादि સ્વરાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ નથી થયો.

नपुंसक इत्येव ? कल्याण्यै - कल्याणी શબ્દ વિશેષણ હોવાથી સ્ત્રી એવા વિશેષ્યનાં વશથી થયેલ નપુંસક નામ નથી પણ સ્ત્રીલિંગ છે. તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો નથી. પુંવદ્ભાવ થયો હોત તો कल्याणाय આવો અનિષ્ટ પ્રયોગ થાત.

कुल - अ કારાન્ત નપુંસક નામનાં રૂપો - સાધનિકા वनवत् થશે. पिलु - હ્રસ્વ उ કારાન્ત નપુંસક નામનાં રૂપો - સાધનિકા मधुवत् થશે. कल्याणी - દીર્ઘ ई કારાન્ત સ્ત્રીલિંગ નામનાં રૂપો - સાધનિકા नदीवत् થશે.

### दध्यस्थिसक्थ्यक्ष्णोऽन्तस्याऽन् । ૧-૪-૬૩

અર્થ - दधि, अस्थि, सक्थि અને अक्षि એ નામ્યન્ત નપુંસક નામનાં અંત્યનો टादि સ્વરાદિ પ્રત્યય પર છતાં अन् આદેશ થાય છે.

સૂત્ર સમાસ - दधि च अस्थि च सक्थि च अक्षि च एतेषां समाहार: - दध्यस्थिसक्थ्यक्षि तस्य । (સમા.દ્વ.)

વિવેચન - પ્રશ્ન - दध्यस्थिसक्थ्यक्ष्णोऽन् આવું સૂત્ર કર્યું હોત તો ચાલત કારણ કે षष्ठ्याऽन्त्यस्य ૭-૪-૧૦૬ એ પરિભાષાથી અંત્યનું ગ્રહણ થવાથી અંત્યનો જ अन् થવાનો હતો. તો પછી સૂત્રમાં अन्त શબ્દ શા માટે મુક્યો છે ?

જવાબ - બરાબર છે. છતાં પણ તેમ ન કરતાં अन्त શબ્દ મૂકયો છે. તે જ જણાવે છે કે "अनेकवर्ण: सर्वस्य" ૭-૪-૧૦૭ એ પરિભાષાથી જેનો આદેશ અનેકવર્ણી થતો હોય તે સર્વનો થાય. તો અહીં પણ अन्त શબ્દ ન મૂક્યો હોત તો આખા दधि વિગેરે શબ્દનો अन् થઇ જાત. એવું અનિષ્ટ કાર્ય ન થાય તે માટે સૂત્રમાં अन्त નું ગ્રહણ કર્યું છે. તેથી હવે दधि વિગેરે શબ્દનો अन् ન થતાં અંત્ય इ નો જ अन् થશે.

अनाम् स्वरे नोऽन्तः । १-४-६४

અર્થ - आम् (ષ.બ.વ.) પ્રત્યયને વર્જીને સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં નામ્યન્ત નપુંસક નામોને न् નો આગમ થાય છે.

સૂત્ર સમાસ - न आम् - अनाम् (નગ્ તત્પુ.)
अनाम् चासौ स्वरश्च - अनाम् स्वरः, तस्मिन् (કર્મ.)

વિવેચન - પ્રશ્ન - स्वर શબ્દની અનુવૃત્તિ ઉપરનાં સૂત્રથી ચાલી આવતી હતી. તો પછી આ સૂત્રમાં પુનઃ स्वरे નું ગ્રહણ શા માટે કર્યું છે ?

જવાબ - સ્વરની અનુવૃત્તિ ઉપરના સૂત્રોથી ચાલી આવતી હોવા છતાં પણ આ સૂત્રમાં પુનઃ स्वरे નું ગ્રહણ છે તેનાથી જ સમજાય છે કે ઉપરનાં સૂત્રોમાં "टादौ स्वरे" ટાદિ સ્વરાદિનું ગ્રહણ છે. અને અહીં ટાદિ સ્વરાદિ પ્રત્યયો નથી લેવા પરંતુ आम् પ્રત્યય વર્જીને બધા સ્વરાદિ પ્રત્યયો લેવા છે. માટે આ સૂત્રમાં પુનઃ "स्वरे" શબ્દનું ગ્રહણ છે. તેથી आम् વર્જીને બધા સ્વરાદિ પ્રત્યય પર છતાં न् નો આગમ થશે. જો "स्वरे" શબ્દનું ગ્રહણ આ સૂત્રમાં ન કર્યું હોત તો તૃ.એ.વ. થી માંડીને આવતાં સ્વરાદિ પ્રત્યય પર છતાં જ न् નો આગમ થાત પણ હવે બધા સ્વરાદિ પ્રત્યય પર છતાં न् નો આગમ થશે.

પ્રશ્ન - સૂત્રમાં "आम्" નું વર્જન શા માટે કર્યું ?

જવાબ - જો आम् નું વર્જન ન કર્યું હોત તો પણ वारीणाम् પ્રયોગની સિદ્ધિ થાત જેમકે वारि + आम् આ સૂત્રથી न् નો આગમ થવાથી वारिन् + आम् - वारिनाम्. આ પ્રમાણે થયા પછી नाम् પરમાં હોવાથી दीर्घोनाम्य... ૧-૪-૪૭ થી नाम् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી वारीनाम्, रषृवर्णान्नोण.... ૨-૩-૬૩ થી वारीणाम् થઇ જાત. તેથી આ સૂત્રમાં अनाम् કરીને आम् નું વર્જન કરવાની જરૂર ન હતી. પણ વર્જન કર્યું છે તેથી अर्थवद्ग्रहणे नानर्थकस्य - (પ્રકૃતિ કે પ્રત્યય અર્થવાળા ગ્રહણ થઇ શકતાં હોય તો અનર્થકનું ગ્રહણ થતું નથી.) આ પરિભાષાથી आम् ના સ્થાનમાં ह्रस्वाऽऽपश्च ૧-૪-૩૨ થી જે नाम् આદેશ થાય છે. તેનું જ ગ્રહણ दीर्घो नाम्य..... ૧-૪-૪૭ માં થઇ શકે. પરંતુ આ સૂત્રથી न् નો આગમ થઇને नाम् પ્રત્યય જેનો થયો હોય તેનું ગ્રહણ दीर्घोनाम्य.... ૧-૪-૪૭ માં ન થાય. કેમ કે તે અનર્થક છે. તેથી वारिणाम् પ્રયોગ થાય પણ આપણને ઇષ્ટ એવો वारीणाम् પ્રયોગ સિદ્ધ ન થાત માટે આવા અનિષ્ટ પ્રયોગના નિવારણ માટે आम् નું વર્જન

જરૂરી છે.

तुम्बुरु - હ્રસ્વ उ કારાન્ત નપુંસક નામનાં રૂપો, સાધનિકા મધુવત્ થશે.

**स्वराच्छौ । ૧-૪-૬૫**

અર્થ - शि (નપું. પ્ર. દ્વિ.બ.વ.) પ્રત્યય પર છતાં સ્વરાન્ત નપુંસક નામથી પરમાં न् નો આગમ થાય છે.

વિવેચન - પ્રશ્ન - અહીં स्वराच्छौ ને બદલે आच्छौ આટલું જ સૂત્ર કરવાની જરૂર હતી. છતાં आच्छौ ન કરતાં स्वराच्छौ એવું લાંબુ સૂત્ર શા માટે કર્યું ?

જવાબ - स्वराच्छौ ને બદલે आच्छौ કર્યું હોત તો ચાલત. કારણ કે સ્વરાન્ત જે શબ્દો લેવાના છે તેમાંથી નામ્યન્ત નપુંસક નામોને ઉપરના अनाम् स्वरे....... ૧-૪-૬૪ થી न् નો આગમ થઇ જાત. તો પછી બાકી રહ્યા अ કારાન્ત અને आकारान्त. તેમાં आ કારાન્ત નપુંસક નામો તો હોતા જ નથી. કારણ કે क्लीबे ૨-૪-૯૭ થી દીર્ઘ નપુંસક નામો હ્રસ્વ જ થઇ જાય છે. તો હવે अ કારાન્ત નપુંસક નામોને લેવા માટે आच्छौ કર્યું હોત તો ચાલે છતાં પણ स्वराच्छौ માં आत् ન કરતાં स्वरात् લખ્યું છે. તે નીચેના સૂત્રોમાં स्वरात् ની અનુવૃત્તિ લઇ જવા માટે જ છે.

**धुटां प्राक् । ૧-૪-૬૬**

અર્થ - સ્વરથી પરમાં જે ધુટ્ વર્ણો હોય તેવા ધુડન્ત નપુંસક નામોને शि પ્રત્યય પર છતાં ધુટ્ની પહેલાં જ न् નો આગમ થાય છે.

વિવેચન - गोमन्ति - गोमत् + शि. અહીં गोमतु શબ્દ उ ઇત્ સંજ્ઞક હોવાથી ऋदुदितः ૧-૪-૭૦ થી ધુટ્ ની પૂર્વે न् નો આગમ થવાથી गोमन्त् + शि. મ્નાં धुड्वर्गे.... ૧-૩-૩૯ થી न् નો તેની પછી તેના જ વર્ગનો વ્યંજન હોવાથી त् વર્ગનો પંચમ न् જ છે તેથી न् આદેશ થયો. એટલે હવે न् નો કોઇ ફેરફાર ન થઇ શકે. न् જ કાયમ રહે. અને गोमन्त् ધુડન્ત હોવા છતાં સ્વરની પછી न् છે. તે ધુટ્ નથી. તેથી આ સૂત્રથી न् નો આગમ ન થઇ શકે.

પ્રશ્ન - धुटां प्राक् ને બદલે धुटः प्राक् કરવું જોઇએ કારણ કે દિગ્, દેશ અને કાલવાચી શબ્દ હોય તેને દિગ્ના યોગમાં प्रभृत्यन्या.... ૨-૨-૭૫ સૂત્રથી પંચમી વિભક્તિ થાય. તો અહીં ષષ્ઠી વિભક્તિ કેમ કરી ?

જવાબ - પંચમી વિભક્તિ થવાની હતી. તેના બદલે ષષ્ઠી વિભક્તિ કરી છે તે

જ જણાવે છે કે ધુટાં નો સીધો સંબંધ નપુંસક નામોની સાથે છે અને નપુસંક નામોને ઉપરથી ષષ્ઠી વિભક્તિ આવે છે. તેથી ધુડન્ત નપુંસક નામોને સ્વરાદિ પ્રત્યય પર છતાં न् નો આગમ થાય. અને प्राक् નો સીધો સંબંધ ધુટ્ ની સાથે નથી. માટે પંચમી ન થતાં ષષ્ઠી થઇ છે.

પ્રશ્ન - તો પછી प्राक् શા માટે મૂક્યું ?

જવાબ - અહીં આ સૂત્રમાં સ્પષ્ટતા માટે અને આગળ प्राक् ની અનુવૃત્તિ લઇ જવા માટે. અહીં તો ન મૂક્યું હોત તો ચાલત પણ નીચે प्राक् શબ્દની જરૂર છે. તેથી અહીં જ લખ્યો કે જેનાથી અહીં પણ સ્પષ્ટ થાય.
"द्विर्बद्धम् सुबद्धम् भवति ।"

પ્રશ્ન - ધુટાં બ.વ.માં શા માટે છે ?

જવાબ - જો ધુટ: એમ એ.વ. કર્યું હોત તો ધુટ્ની પૂર્વે न् ઉમેરાય પણ એક જ ધુટ્ હોય તો ઉમેરાય એવું નહીં. એક કરતાં વધારે ધુટ્ વર્ણ હોય તો પણ તે બધા ધુટ્ વર્ણોની પૂર્વે न् ઉમેરાય માટે ધુટાં બ.વ.માં છે અને તે જણાવવા માટે જ સૂત્રમાં काष्टतङ्क्षि - નું ઉદાહરણ મૂક્યું છે. તેમાં સ્વરની પછી क् અને ष् બે ધુટ્ છે. તો પણ તેની પૂર્વે न् ઉમેરાયો છે.

## र्लोवा । १-४-६७

અર્થ - र् અને ल् થી પરમાં રહેલા ધુડન્ત નપુંસક નામોને शि પ્રત્યય પર છતાં ધુટ્ની પહેલા જ न् નો આગમ વિકલ્પે થાય છે.

સૂત્ર સમાસ -र्, च ल् च एतयोः समाहारः र्ल्, तस्मात् (સમા.દ્વ.)

વિવેચન - बहूर्ञ्जि, बहूर्जि - बहूर्ज् + जस्, शस्.
नपुंसकस्य शिः - १-४-५५ થી बहूर्ज् + शि.
र्लोवा - १-४-६७ થી बहूर्न्ज् + शि અહીં र् ની પછી ज् એ ધુટ્ છે. તેથી આ સૂત્રથી र् ની પછી અને ज् ની પૂર્વે न् નો આગમ થયો.
म्नां धुड्वर्गे ..... १-४-३९ થી बहूर्ञ्ज् + शि - बहूर्ञ्जि. વિકલ્પ પક્ષમાં न् નો આગમ ન થાય ત્યારે, बहूर्ज् + शि - बहूर्जि.
सुवल्ङ्गि, सुवल्गि - सुवल्ग् + जस् - शस्.
नपुंसकस्य शिः १-४-५५ सुवल्ग् + शि.
र्लोवा १-४-६७ થી सुवल्न्ग् + शि અહીં ल् ની પછી ग् એ ધુટ્ છે. તેથી આ સૂત્રથી ल् ની પછી અને ग् ની પૂર્વે न् નો આગમ થયો.

म्नां धुड्वर्गे.... ૧-૩-૩૯ થી सुवल्ङ्ग् + शि - सुवल्ङ्गि. વિકલ્પ પક્ષમાં न् નો આગમ ન થાય ત્યારે सुवल् + शि - सुवल्गि.

काष्टतङ्क्षि - અહીં र् કે ल् થી પરમાં ધુટ્ નથી પણ સ્વરથી પરમાં ધુટ્ છે તેથી न् નો આગમ તો થયો પણ આ સૂત્રથી ન થતાં धुटां प्राक् ૧-૪-૬૬ થી થયો છે.

सुफुल्लि - અહીં ल् થી પરમાં ल् છે પણ તે ल् ધુટ્ નથી તેથી આ સૂત્રથી न् નો આગમ થયો નથી.

प्राक् શબ્દ ઉપરનાં સૂત્રમાં ન મૂકયો હોત તો અહીં તો લેવો જ પડત તેથી ઉપરનાં સૂત્રમાં જ મૂકયો તે સારૂં કર્યું. જેથી ઉપરનાં સૂત્રમાં સ્પષ્ટતા થઇ અને અનુવૃત્તિ આવી શકી: ખરેખરી જરૂર તો અહીં જ છે. કારણ કે प्राक् ન મૂકયું હોત તો સ્વરની પછી न् ઉમેરાત. પણ र् અને ल् ની પછી અને ધુટ્ વર્ણની પૂર્વે न् ઉમેરવો છે તે ન ઉમેરાત પણ प्राक् ની અનુવૃત્તિ છે. તેથી र् અને ल् ની પછી અને ધુટ્વર્ણની પૂર્વે न् ઉમેરાશે.

बहुर्ज्, सुवल् અને सुफुल्ल् ત્રણેનાં રૂપો અને સાધનિકા वाच्वत् થશે.

**घुटि । ૧-૪-૬૮**

અર્થ - આ પાદ પૂર્ણ થાય ત્યાં સુધીના (૧-૪-૯૩ સૂત્ર સુધી) સૂત્રોમાં જો કોઇ વિશેષ નિમિત્ત ન બતાવ્યું હોય તો જે કાર્ય કહેવાશે તેમાં ધુટ્ પ્રત્યય પર છતાં થાય છે. તેમ જાણવું.

આ સૂત્ર એમ સમજાવે છે કે હવે પછીના દરેક સૂત્રમાં घुटि નો અધિકાર લઇ જવો. કોઇક સૂત્રમાં ફેરફાર આવતો હોય તો તે તે સૂત્રો પૂરતો જ જાણવો. બાકીના સૂત્રોમાં તો घुटि નો જ અધિકાર ચાલુ રહેશે.

વિવેચન - સૂત્રો ત્રણ પ્રકારના હોય છે.

(૧) અધિકાર સૂત્ર (૨) લક્ષણ સૂત્ર (૩) અધિકાર અને લક્ષણસૂત્ર

આ સૂત્ર અધિકાર સૂત્ર છે.

(૧) **અધિકાર સૂત્ર** - જે સૂત્રનો અધિકાર આગળના સૂત્રોમાં ચાલે પણ પોતાના સૂત્રમાં કોઇ કાર્ય ન કરે. દા.ત. घुटि - ૧-૪-૬૮, कर्तरि ૫-૩-૨ વિગેરે સૂત્રો અધિકાર સૂત્રો છે.

(૨) **લક્ષણસૂત્ર** - જે સૂત્રનો અધિકાર આગળના સૂત્રોમાં ન ચાલે પણ પોતાના સૂત્રમાં કંઇને કંઇ કાર્ય કરે. દા.ત. पुंसोः पुमन्स्, ૧-૪-૭૩, अपोऽद्भे ૨-૧-૪ વિગેરે સૂત્રો લક્ષણ સૂત્રો કહેવાય.

(૩) **લક્ષણ અને અધિકાર સૂત્ર** - જેનો અધિકાર પણ ચાલે અને પોત પોતાના સૂત્રોમાં કંઇને કંઇ કાર્ય પણ કરે. દા.ત. नाम नाम्नैकार्थ्ये.... ૩-૧-૧૮, एदोतः पदान्तेऽस्य लुक् ૧-૨-૨૭ વિગેરે સૂત્રો.

**अचः । ૧-૪-૬૯**

અર્થ - ધુટ્ વર્ણ અંતે છે એવા अञ्च् અંતવાળા ધાતુને ધુટ્ વર્ણની પહેલાં ઘુટ્ પ્રત્યય પર છતાં न् નો આગમ થાય છે.

**ऋदुदितः । ૧-૪-૭૦**

અર્થ - ऋ ઈત્‌વાળા અને उ ઈત્‌વાળા ધુડન્ત નામોને ઘુટ્ પ્રત્યય પર છતાં ધુટ્ વર્ણની પહેલાં અને સ્વરથી પરમાં न् નો આગમ થાય છે.

સૂત્ર સમાસ - ऋत् च उद् च - ऋदुतौ. (ઇ.દ્વ.)

ऋदुतौ ईतौ यस्मिन् सः - ऋदुदित्, तस्य (બહુ.)

વિવેચન - પ્રશ્ન - આ સૂત્રમાં उदितः મૂક્યું છે તે મૂકવાની જરૂર નથી. કારણકે उ ઈત્‌વાળા શબ્દોને તો "उदितः स्वरान्नोऽन्तः" ૪-૪-૯૮ થી न् નો આગમ થઇ જાય છે. તેથી માત્ર ऋदितः આટલુ જ સૂત્ર કરવાની જરૂર હતી. તો પછી उदित् નું શા માટે ગ્રહણ કર્યું ?

જવાબ - બરાબર છે. પણ ૪-૪-૯૮ સૂત્રમાં उदित् ધાતુઓનું ગ્રહણ છે. જયારે અહીં उदित् (उ ઈત્ વાળા) શબ્દોનું ગ્રહણ છે અને તેના સાહચર્યથી ऋ ઈત્‌વાળા પણ भ्वादि સિવાયના શબ્દોનું જ ગ્રહણ થશે. (એટલે કે ऋ ઈત્‌વાળા - अतृ, शतृ, अतृश् અંતવાળા શબ્દો અને उ ઈત્‌વાળા - क्वसु, मतु અંતવાળા શબ્દો ગ્રહણ થશે.)

તેથી सम्राट् માં राजृङ् ધાતુ છે. તેને આ સૂત્રથી न् નો આગમ નહીં થાય કારણકે राजृङ् ધાતુ भ्वादि છે અને सम्यग् राजते इति क्विप् - सम्राट् આ શબ્દ બન્યા પછી ऋ કે उ ઈત્‌વાળો નથી. માટે આ સૂત્રથી न् નો આગમ થતો નથી.

તેથી એમ ફલિત થયું કે જે શબ્દોને ऋ અને उ ઈત્‌વાળા પ્રત્યયો લાગ્યા હોય તે શબ્દોને જ આ સૂત્રથી न् નો આગમ થશે અને જે શબ્દોને ऋ અને उ ઈત્‌વાળા ધાતુ લાગીને શબ્દો બન્યા હોય તેને આ સૂત્રથી न् નો આગમ નહીં થાય.

**युञ्जोऽसमासे । ૧-૪-૭૧**

અર્થ - युजूंपी योगे (૧૪૭૬) ધુટ્ વર્ણાન્ત युज् ધાતુના ધુટ્ વર્ણની પૂર્વે ઘુટ્

પ્રત્યય પર છતાં અસમાસમાં (સમાસ ન હોય તો) न् નો આગમ થાય છે.

સૂત્ર સમાસ - न समासः - असमासः, तस्मिन् - (નઞ્ તત્પુ.)

વિવેચન - अश्वयुक् - अश्वं युनक्ति - ङस्युक्तं कृता ૩-૧-૪૯ થી ત.પુ. સમાસ થયેલો છે તેથી આ સૂત્રથી न् નો આગમ ન થયો. युजृंपी योगे - અહીં युज् ધાતુમાં જે દીર્ઘ ॠ કાર કર્યો છે તે સાતમાં ગણનો જ લેવા માટે બીજા કોઇપણ ગણનો ન લેવો. દા.ત..युजिंच् समाधौ (૧૨૫૪) આ ચોથા ગણનો युज् ધાતુ છે. તે જોડવું અર્થમાં નથી, પણ સમાધિ અર્થમાં છે. તેથી युजमापन्ना मुनयः - સમાધિમાં રહેલા મુનીઓ. આ અર્થમાં રહેલા युज् ધાતુને આ સૂત્રથી न् નો આગમ થતો નથી.

પ્રશ્ન - સૂત્રમાં असमासे શા માટે લખ્યું છે ?

જવાબ - આ સૂત્રમાં असमासे લખ્યું છે તે આ સૂત્ર પૂરતું જ સમજવું. તેથી આ સૂત્રો સિવાયના બીજા સૂત્રોમાં સમાસ હોય તો પણ न् નો આગમ થાય. દા.ત. प्राङ् અહીં સમાસ છે તો પણ न् નો આગમ થયો છે. તે अचः ૧-૪-૬૯ સૂત્રથી થયો છે. असमासे શબ્દ આ સૂત્ર પૂરતો જ છે.

## अनडुहः सौ । ૧-૪-૭૨

અર્થ - धुट् વર્ણાન્ત अनडुह् શબ્દને धुट् વર્ણની પહેલાં सि પ્રત્યય પર છતાં न् નો આગમ થાય છે.

વિવેચન - પ્રશ્ન - "नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपिग्रहणम्" એ ન્યાયથી अनडुह् શબ્દનાં ગ્રહણથી अनडुही પણ ગ્રહણ થવું જોઇએ ને ?

જવાબ - બરાબર છે. अनडुह् ના ગ્રહણ થી अनडुही પણ ગ્રહણ થવું જ જોઇએ પણ अनडुही માં ङी લાગ્યાપછી धुडन्त ન હોવાથી તેને न् નો આગમ થવાની પ્રાપ્તિ જ નથી રહેતી.

પ્રશ્ન - अनड्वान् અહીં स्रंस् - ध्वंस् ..... ૨-૧-૬૮ એ પરસૂત્ર હોવાથી न् નો द् થવો જોઇએ તો द् કેમ ન થયો ?

જવાબ - બરાબર છે. પરસૂત્ર જ લાગે. પણ અહીં न् ના આગમનું વિધાન જ કર્યું છે. તેથી ૨-૧-૬૮ સૂત્ર પરસૂત્ર હોવા છતાં આ સૂત્રના વિધાન સામર્થ્યથી અંત્ય न् નો द् ન થતાં न् જ રહેશે. જો બીજો કોઇ વ્યંજન અંતે હોત તો द् થઇ જાત. દા.ત. अनडुद्भ्याम् અહીં अनडुह् માં ह्

છે. न् નથી માટે ૨-૧-૬૮ થી द् થયો.

બીજી રીતે વિચારીએ તો अनड्वान् રૂપ થયું. તેમાં न् પદને અંતે છે. તો नाम्नो नोऽनह्नः ૨-૧-૯૧ થી અંત્ય न् નો લોપ થવાની પ્રાપ્તિ આવે, પણ पदस्य ૨-૧-૮૯ થી જે અંત્ય ह् નો લોપ થયેલો છે. તે જ્યારે नाम्नो..... ૨-૧-૯૧ થી न् નો લોપ કરવાનું પરકાર્ય આવે ત્યારે पदस्य ૨-૧-૮૯ થી થયેલું કાર્ય અસત્ થાય એટલે ह् નો લોપ થવા છતાં ह् છે, એમ મનાય છે. તેથી પદને અંતે હવે ह् છે. પણ न् નથી તે કારણે नाम्नो...... ૨-૧-૯૧ થી હવે न् નો લોપ કરવાની પ્રાપ્તિ જ નહીં આવે.

प्रियानड्वान् - આ ઉદાહરણ મૂક્યું છે તે જ જણાવે છે કે ઉપરનાં સૂત્રમાં સમાસનો નિષેધ કર્યો છે. તે તેજ સૂત્ર પૂરતો હતો. તે असमासे ની અનુવૃત્તિ નીચે આવતી નથી. એમ જણાવવા માટે જ સમાસવાળું ઉદાહરણ આ સૂત્રમાં મૂક્યું છે.

**पुंसोः पुमन्स् । ૧-૪-૭૩**

અર્થ - पुम्स् શબ્દનો घुट् પ્રત્યય પર છતાં पुमन्स् આદેશ થાય છે.

વિવેચન - प्रियपुमान् - આ ઉદાહરણમાં પુંલિંગ સમાસ છે.

प्रियपुमांसि - આ ઉદાહરણમાં નપું. સમાસ છે.

પ્રશ્ન - पुंसः पुमन्स् આવું સૂત્ર કરવું જોઈએ તેને બદલે पुंसोः पुमन्स् - કેમ થયું ?

જવાબ - पुंसु એમ उदित् કરીને पुंसो; ષષ્ઠી કરી છે. તેમાં उ ઈત્સંજ્ઞાવાળા पुंस् નું રૂપ કરવામાં કંઈ પ્રયોજન નથી. પણ જ્યારે અન્યસંબંધી બનીને સ્ત્રીલિંગ બને ત્યારે જ તેનું પ્રયોજન સમજાય છે એટલે કે अधातूदृदितः ૨-૪-૨ થી સ્ત્રીલિંગમાં उ ઈત્વાળા શબ્દોને ङी લાગે છે. આ જ उ ઈત્નું ફળ છે. દા.ત. प्रियः पुमान् यस्याः सा - प्रियपुंसी થશે. જો उ ઈત્વાળો पुंस् શબ્દ ન હોત તો સ્ત્રીલિંગમાં ङी ન લાગી શકત.

અહીં षष्ठ्यान्त्यस्य ૭-૪-૧૦૬ પરિભાષાથી पुंसु શબ્દના અંત્ય उ નો पुमन्स् આદેશ થવાને બદલે अनेकवर्णः सर्वस्य ૭-૪-૧૦૭ પરિભાષાથી આદેશ અનેકવર્ણી હોવાથી અંત્યનો આદેશ ન થતાં આખા पुंसु શબ્દનો पुमन्स् આદેશ થયો છે.

**ओत औः । ૧-૪-૭૪**

અર્થ - ओ કારાન્ત નામનાં ओ નો घुट् પ્રત્યય છતાં औ આદેશ થાય છે.

વિવેચન - चित्रगु: - चित्रा गौ: यस्य स: - અહીં ओ નથી उ છે. गोश्चान्ते..... ૨-૪-૯૬ થી સમાસમાં અંત્ય ओ નું उ એ પ્રમાણે હ્રસ્વ થવાથી આ સૂત્ર લાગતું નથી.

**आ अम्शसोऽता । १-४-७५**

અર્થ - ओ કારાન્ત નામનાં ओ નો પર રહેલાં अम् અને शस् ના अ ની સાથે आ થાય છે.

સૂત્ર સમાસ -अम् च शस् च एतयो: समाहार: - अम् शस्, तस्य (સમા.દ્વ.)

વિવેચન - પ્રશ્ન - आ अम् शसोऽता ને બદલે आ अम् शसि સૂત્ર કર્યું હોત તો ચાલે કારણકે अम् અને शस् પ્રત્યય પર છતાં ओ નો आ થઇને समानानां.... ૧-૨-૧ થી गाम् અને गा: બંને રૂપ સિદ્ધ થઇ જાય છે. તો પછી अता લખીને સૂત્ર લાંબુ શા માટે કર્યું ?

જવાબ - જો अता ન કરતાં आअम्शसि એટલું જ સૂત્ર કર્યું હોત તો स्पर्द्धेपरम् એ ન્યાયથી समानानां..... ૧-૨-૧ સૂત્ર ન લાગતાં शसोऽता..... ૧-૪-૪૯ એ સૂત્ર લાગત તેથી પુલિંગમાં गा: રૂપ ન બનતાં गान् એવું અનિષ્ટ રૂપ બનત.

અને સ્ત્રીલિંગમાં लुगातोऽनाप: ૨-૧-૧૦૭ થી शस् પર છતાં પૂર્વના आ નો લોપ થવાથી गा: ને બદલે ग: એવું અનિષ્ટ રૂપ બનત માટે अता જરૂરી છે.

**पथिन् - मथिनृभुक्ष: सौ । १-४-७६**

અર્થ - पथिन्, मथिन् અને ऋभुक्षिन् એ न् અંતવાળા નામોનાં न् નો सि પ્રત્યય પર છતાં आ થાય છે.

સૂત્ર સમાસ -पन्थाश्च मन्थाश्च ऋभुक्षाश्च एतेषां समाहार: - पथिन् मथिनृभुक्षिन्, तस्य (સમા.દ્વ.)

पथीय - पन्थानम् ऐच्छत् - અહીં इच्छति અર્થમાં अमाव्ययात्.... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય લાગ્યો. क्यन् લાગવાથી नाम्नो नोऽह्न: ૨-૧-૯૧ થી પદાન્તે રહેલા न् નો લોપ અને क्यनि ૪-૩-૧૦૮ થી પૂર્વનો इ દીર્ઘ થવાથી पथीय થયું. હવે पथीय ધાતુ બન્યો તેથી તેને શબ્દ બનાવવા માટે क्विप् પ્રત્યય લગાડવો પડે માટે पथीयति इति क्विप् - पथी. અહીં અશિત્ એવો क्विप् પ્રત્યય લાગતાં अत: ૪-૩-૮૨ થી अ નો લોપ થશે. તેથી पथीय् થયું. य्वो: प्वय्व्यञ्जनेलुक् ૪-

૪-૧૨૧ થી य् નો લોપ થવાથી पथीः થયું આ અવસ્થામાં આ સૂત્ર લાગતું નથી કેમ કે હવે न् અંતવાળો શબ્દ રહ્યો જ નથી. આ રીતે કોઈપણ નામધાતુને આ સૂત્રો ૧-૪-૭૬,૭૭,૭૮,૭૯ લાગશે નહીં.

પ્રશ્ન - पथिन्मथिनृभुक्षः सौ આ સૂત્રમાં पथिन्मथिन् એ न् અંતવાળા શબ્દો મૂક્યાં છે. તે ખરી રીતે ન મૂકવા જોઈએ કેમ કે नाम्नो नो... ૨-૧-૯૧ થી પદને અંતે રહેલાં न् નો લોપ થઈ જ જાય તેથી "पथिमथ्यृभुक्षः सौ" આ પ્રમાણે સૂત્ર કરવું જોઈએ તો શા માટે લાંબું સૂત્ર કર્યું ?

જવાબ - "पथिमथ्यृभुक्षः सौ" આવુ જ સૂત્ર કરવું જોઈએ છતાં સૂત્રકારે પોતે જ એ વાત છોડીને न् અંતવાળાનો નિર્દેશ કર્યો છે. તેથી આ સૂત્રથી તેમજ હવે પછીના ૭૭,૭૮,૭૯ સૂત્રથી જયારે न् અંતવાળા રહેતા હોય ત્યારે જ ૧-૪-૭૬ થી न् નો आ, ૧-૪-૭૭ થી इ નો आ, ૧-૪-૭૮ થી थ् નો न्थ् અને ૧-૪-૭૯ થી इन् નો લોપ થશે. જયારે न् અંતવાળા ન રહેતાં હોય ત્યારે આ સૂત્રો લાગશે નહિં. અને न् અંતવાળા શબ્દો મૂક્યા હોય તો જ આ શબ્દો છે એમ કોઈને ખબર પડે માટે સૂત્રમાં न् અંતવાળા શબ્દો મૂક્યા છે. मथिन् અને ऋभुक्षिन् શબ્દોના રૂપો અને સાધનિકા पथिन् શબ્દ પ્રમાણે જ થશે.

## एः । ૧-૪-૭૭

અર્થ - पथिन् વિગેરે न् અંતવાળા નામોના इ નો घुट् પ્રત્યય પર છતાં आ થાય છે.

વિવેચેન - नान्तनिर्देशाद् एः अभावात् च इह न स्यात् - पथ्यौ, पथ्यः - અહીં पथिन्मथिन् .... ૧-૪-૭૬ માં બતાવ્યા પ્રમાણે पथी શબ્દ બને છે. તેમાં न् કારાન્ત નથી અને इ પણ નથી એટલે કે इ નો અભાવ છે. इ છે પણ દીર્ઘ ई છે તેથી આ સૂત્રો લાગતાં નથી પણ पथी + औ, पथी + अस् માં "योऽनेकस्वरस्य" ૨-૧-૫૬ થી ई નો य् થઈને पथ्यौ, पथ्यः રૂપ થશે. सखी શબ્દ પ્રમાણે આ पथी શબ્દના રૂપો થશે.

## थोन्थ् । ૧-૪-૭૮

અર્થ - पथिन् અને मथिन् એ न् અંતવાળા નામોના थ् નો घुट् પ્રત્યય પર છતાં न्थ् થાય છે.

વિવેચન - પ્રશ્ન - "थोन्थ्" સૂત્રને બદલે માત્ર "न्थ्" એટલું જ સૂત્ર કેમ ન કર્યું ?

જવાબ - માત્ર "न्थ्" સૂત્ર કરે તો આદેશ અનેકવર્ણી હોવાથી આખા पथिन् અને मथिन् નો न्थ् થઇ જાય. આવું ન થાય માટે थः સૂત્રમાં મૂક્યો છે. અને पथिन्-मथिन्-ऋभुक्षिन् ત્રણે સાથે જ અનુવૃત્તિમાં આવે છે. તો थः ન લખે તો ऋभुक्षिन् નો પણ न्थ् આદેશ થઇ જાય. માટે ऋभुक्षिन् શબ્દની નિવૃત્તિ માટે પણ थः મૂક્યું છે.

"थोन्थ् इति अनेकवर्णत्वात् सर्वस्य प्राप्तौ थः इति स्थानिविशेषार्थम् ऋभुक्षिन् निवृत्यर्थम् च ।"

**इन् ङीस्वरे लुक् । १-४-७९**

અર્થ - पथिन् વિગેરે न् અંતવાળા નામોનો इन्, (નો) ङी અને અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં લુક્ થાય છે.

સૂત્ર સમાસ - ङीश्च स्वरश्च एतयोः समाहारः - ङीस्वरम्, तस्मिन् (સમા.દ્વ.)

વિવેચન - પ્રશ્ન - સૂત્રમાં स्वरे લખ્યું છે. અને घुटि નો અધિકાર ચાલે છે. તેથી સ્વરાદિ જો ઘુટ્ લેવાના હોય તો ઉપરનાં ૧-૪-૭૭ સૂત્રની સાથે તેનો સમાવેશ થઇ જાત. તો પછી स्वरे થી ક્યા સ્વરાદિ લેવાં?

જવાબ - અઘુટ્ સ્વરાદિ પ્રત્યયો લેવાના છે.

પ્રશ્ન - સૂત્રમાં તો માત્ર स्वरे લખ્યું છે. તો સ્વરાદિ લેવા પણ અઘુટ્ સ્વરાદિ કેવી રીતે આવી શકે?

જવાબ - ङी એ સ્ત્રીલિંગમાં અઘુટ્ સ્વરાદિ પ્રત્યય છે. તેથી ङी ના સાહચર્યથી અઘુટ્ સ્વરાદિ પ્રત્યયો જ લેવા.

પ્રશ્ન - ङी અઘુટ્ સ્વરાદિ છે. તો स्वरे માં તેનો સમાવેશ થઇ શકે તો પૃથક્ શા માટે ગ્રહણ કર્યો?

જવાબ - ङी પોતે અઘુટ્ સ્વરાદિ છે તે વાત સાચી. પણ સ્યાદિ નથી. જ્યારે स्वरे થી અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો જ લેવા છે. તે ङी ને પૃથગ્ ગ્રહણ કરવાથી જ સમજાય છે કે અઘુટ્ સ્વરાદિ સ્યાદિ જ લેવા, સ્યાદિ સિવાયના નહિ. સ્યાદિ સિવાયનો માત્ર ङी જ લેવો છે માટે ङी ને પૃથક્ ગ્રહણ કર્યો છે.

પ્રશ્ન - इन् નો લુક્ થાય છે. તો સૂત્રમાં इन् ને બદલે इनः કેમ ન કર્યું?

જવાબ - જો इनः એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિ કરી હોત તો इन् ના न् નો લુક્ થાત. કેમ કે षष्ठ्यान्त्यस्य પરિભાષાથી અંત્યનો લુક્ થાય છે અને ષષ્ઠી હંમેશા ભેદ બતાવે છે જેમ કે राज्ञः पुरुषः - રાજાનો પુરુષ. અહીં રાજા અને

પુરુષ બંને જુદા છે. તેથી ભેદ થયો માટે ભેદ ન કરતાં लुक् ની સાથે इन् નો અભેદનિર્દેશ કર્યો છે. તેથી इन् ના न् નો लुक् ન થતાં આખો इन् લોપાઇ ગયો છે. માટે સૂત્રમાં इनः એ પ્રમાણે ષષ્ઠી ન કરતાં इन् કર્યું છે.

**वोशनसो नश्चामन्त्र्ये सौ । १-४-८०**

અર્થ - આમન્ત્ય (સંબોધન) અર્થમાં વર્તતો सि પ્રત્યય પર છતાં उशनस् શબ્દનાં અંત્યવર્ણનો न् આદેશ અને લુક્ વિકલ્પે થાય છે.

વિવેચન - हे उशनन् - उशनस् + सि, આ સૂત્રથી અંત્ય स् નો न् થવાથી उशनन् + सि, दीर्घङ्याब् ....१-४-४५ થી सि નો લોપ થવાથી उशनन् ! થયું.

हे उशन ! उशनस् + सि, આ સૂત્રથી स् નો લોપ उशन + सि, दीर्घङ्याब्.... १-४-४५ થી सि નો લોપ થવાથી उशन ! થયું.

અંત્ય स् નો न् અને લુક્ બંને આ સૂત્રથી વિકલ્પે થાય છે. તેથી તેના વિકલ્પ પક્ષમાં ત્રીજું રૂપ પણ થાય તે આ પ્રમાણે....

हे उशनः । उशनस् + सि, दीर्घङ्याब् - १-४-४५ થી सि નો લોપ થવાથી उशनस्, सोरुः २-१-७२, रःपदान्ते....१-३-५३ થી उशनः ! થયું.

उशना - उशनस् + सि અહીં सि છે. પણ પ્ર.એ.વ. નો છે. આમન્ત્યવાચી નથી તેથી ऋदुशनस्..... १-४-८४ થી सि નો डा થવાથી उशनस् + डा(आ), डित्यन्त्य.... २-१-११४ થી डित् પ્રત્યય હોવાથી અંત્ય સ્વરાદિ એવા अस् નો લોપ થવાથી उशन् + आ = उशना રૂપ થશે.

उशनस् શબ્દના રૂપો અને સાધનિકા चन्द्रमस्वत् થશે. પણ સં.એ.વ.માં ઉપર પ્રમાણે ત્રણ રૂપો થશે.

**उतोऽनडुच्चतुरो वः । १-४-८१**

અર્થ - આમન્ત્યવાચી सि પ્રત્યય પર છતાં अनडुह् અને चतुर् શબ્દનાં उ નો व આદેશ થાય છે.

સૂત્ર સમાસ - अनड्वान् च चत्वारश्च एतयोः समाहारः - अनडुच्चतुः, तस्य (સમા.દ્વ.)

વિવેચન - प्रियाः चत्वारः यस्य सः । प्रियाणि चत्वारि यस्य सः । प्रियाः चत्वारः यस्याः सा । प्रियाणि चत्वारि यस्याः सा । } तत् संबोधने-प्रियचत्वः

અહીં प्रियचतुर् + सि આ સૂત્રથી उ નો व થવાથી प्रियचत्वर् + सि, दीर्घङ्याब्..... ૧-૪-૪૫ થી सि નો લોપ થવાથી प्रियचत्वर्, र:पदान्ते..... ૧-૩-૫૩ થી વિસર્ગ થવાથી प्रिययत्वः થયું.

चत्वारः अतिक्रान्तः । चत्वारि अतिक्रान्तः । चत्वारः अतिक्रान्ता । चत्वारि अतिक्रान्ता । } तत् संबोधने-अतिचत्वः

अतिचतुर् + सि આ સૂત્રથી उ નો व થવાથી अतिचत्वर् + सि, ૧-૪-૪૫ થી सि નો લોપ થવાથી अतिचत्वर्, र:पदान्ते.... થી વિસર્ગ થવાથી अतिचत्वः થયું.

પ્રશ્ન - चतुर् શબ્દ બ.વ.માં જ વપરાય છે તો તેને सि પ્રત્યય આવે જ નહિં. કેવી રીતે सि પ્રત્યય પર છતાં उ નો व થાય ?

જવાબ - चतुर् શબ્દ બ.વ.માં જ વપરાય છે પણ જયારે प्रिय અને अति સાથે વિગ્રહ પામીને અન્યસંબંધી બને ત્યારે सि પ્રત્યય આવી શકે છે ત્યારે सि પ્રત્યય પર છતાં उ નો व થઇ શકે.

પ્રશ્ન - सि પ્રત્યય બે જાતના છે પ્ર.એ.વ. અને આમન્ત્ર્યવાચી. ઉપરથી ઘુટિ નો અધિકાર ચાલ્યો આવે છે. તેના કારણે सि પ્રત્યય ઘુટ્ જ આવે. એટલે કે પ્ર.એ.વ. નો જ આવે. કારણ કે સૂત્રમાં કયો सि લેવો એવો નિર્દેશ કર્યો નથી. છતાં પણ પ્ર.એ.વ. નો सि ન લેતાં આમન્ત્ર્યવાચીનો सि કેવી રીતે આવ્યો ?

જવાબ - બરાબર છે. બંને सि આવી શકે. છતાં પણ આમન્ત્ર્યવાચી જ सि લીધો છે તેનું કારણ નીચે वाः शेषे ૧-૪-૮૨ માં શેષ ઘુટ્ પ્રત્યય પર છતાં કાર્ય કરેલું છે. તેથી અર્થાપત્તિથી જ અહીંનો सि આમન્ત્ર્યવાચી લેવો એમ નક્કી થાય છે.

**वाः शेषे । ૧-૪-૮૨**

અર્થ - આમન્ત્ર્યવાચી सि ને વર્જીને અન્ય ઘુટ્ પ્રત્યયોને શેષઘુટ્ કહેવાય છે.

આવા શેષઘુટ્ પ્રત્યયો પર છતાં अनडुह અને चतुर् ના उ નો वा થાય છે.

વિવેચન - हे अनडवन् !, हे प्रिययत्वः ! અહીં આમન્ત્ર્યવાચી सि છે તેનું શેષઘુટ્ કહીને વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી उ નો वा ન થતાં ઉપરના ૧-૪-૮૧ થી उ નો व થયેલો છે.

**सख्युरितोऽ शावैत् । ૧-૪-૮૩**

અર્થ - इ કારાન્ત सखि શબ્દના इ નો 'शि' વર્જીને શેષઘુટ્ પ્રત્યય પર છતાં ऐ થાય છે.

સૂત્ર સમાસ -न शिः - अशिः, तस्मिन् (નञ्. તત્પુ.)

વિવેચન - इत इति किम् ? सख्यौ स्त्रियौ - केवलसखि....૧-૪-૨૬ માં કહ્યા પ્રમાણે આ सखी શબ્દ નામ ધાતુ પરથી બનેલો છે, અને દીર્ઘ ई કારાન્ત હોવાથી આ સૂત્રથી ई નો ऐ ન થતાં योऽनेकस्वरस्य ૨-૧-૫૬ થી ई નો य् થવાથી सख्य् + औ = सख्यौ થયું.

अशाविति किम् ? अतिसखीनि = सखायम् अतिक्रान्तम्, अतिसखि + शि, स्वराच्छौ ૧-૪-૬૫ થી न् નો આગમ થવાથી अतिसखिन् + शि, निदीर्घः ૧-૪-૮૫ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી अतिसखीन् + शि - अतिसखीनि થયું. शि નું વર્જન કરેલું હોવાથી सखि ના इ નો ऐ થયો નથી.

शेष इत्येव ? हे सखे ! सखि + सि, ह्रस्वस्य गुणः ૧-૪-૪૧ થી सि ની સાથે इ નો ગુણ થવાથી सखे થયું છે. અહીં આમન્ત્ર્યવાચી सि નું વર્જન હોવાથી આ સૂત્રથી इ નો ऐ થયો નથી.

પ્રશ્ન - सखि શબ્દ પુલિંગ છે. તેમાં તો शि પ્રત્યય આવવાનો જ નહતો તો પછી शि નું વર્જન શા માટે કર્યું ?

જવાબ - બરાબર છે. सखि શબ્દ પુલિંગ છે. તેથી शि પ્રત્યય નહોતો આવવાનો પણ જયારે सखि શબ્દ અન્યસંબંધી બને ત્યારે નપુંસકનો शि પ્રત્યય આવી શકે. તે વખતે शि પ્રત્યય પર છતાં इ નો ऐ ન કરવા માટે જ शि નું વર્જન છે.

પ્રશ્ન - "सख्युरितोऽशावैत्" ને બદલે "सख्युरितोऽशावाय्" આવું સૂત્ર કર્યું હોત તો પ્રક્રિયા લાઘવ થાત. તો પછી आय् ન કરતાં ऐत् શા માટે કર્યો ?

જવાબ - ऐ ને બદલે आय् ન કરાય. કારણ કે अनेकवर्णःसर्वस्य એ પરિભાષાથી જો आय् કર્યો હોત તો આદેશ અનેકવર્ણી હોવાથી આખા सखि શબ્દનો आय् થઇ જાત. આવું ન થાય તે માટે आय् ન કરતાં ऐत् કર્યો છે. આ સૂત્ર તત્સંબંધી અને અન્યસંબંધી બંનેમાં લાગે છે.

**ऋदुशनस् - पुरुदंशोऽनेहसश्च सेर्डाः । ૧-૪-૮૪**

અર્થ - ऋ કારાન્ત નામોથી પર રહેલ તેમજ उशनस्, पुरुदंशस्, अनेहस् અને इ કારાન્ત सखि શબ્દોથી પર રહેલ શેષ सि પ્રત્યયનો डा આદેશ થાય છે.

સૂત્ર સમાસ - ऋच्च उशना च पुरुदंशा च अनेहा च एतेषां समाहारः - ऋदुशनस्पुरुदंशोऽनेहा, तस्मात् (સમા.દ્વ.)

વિવેચન - ऋ કારાન્ત શબ્દોમાં अड्डौच ૧-૪-૩૯ થી ऋ નાં अर् ની પ્રાપ્તિ હતી. उशनस्, पुरुदंशस् અને अनेहस् આ ત્રણમાં दीर्घङ्याब् - ૧-૪-૪૫ થી सि ના લોપની, अभ्वादे..... ૧-૪-૯૦ થી પૂર્વના સ્વરને દીર્ઘ થવાની અને सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થવાની પ્રાપ્તિ હતી. અને सखि શબ્દને सख्युरितो.....૧-૪-૮૩ થી इ ના ऐ ની પ્રાપ્તિ હતી તે બધાનો બાધ કરીને આ સૂત્રથી डा કર્યો છે.

पुरुदंशस् અને अनेहस् શબ્દનાં રૂપો અને સાધનિકા चन्द्रमस् પ્રમાણે થશે.

**नि दीर्घः । ૧-૪-૮૫**

અર્થ - શેષ ઘુટ્ પ્રત્યય પર છતાં न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

વિવેચન - राजा-राजन् + सि, नाम्नोनो.... ૨-૧-૯૧ થી પદાન્તે રહેલા નામનાં न् નો લોપ થવાથી राज + सि, હવે निदीर्घः ૧-૪-૮૫ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થાય એમ કહ્યું. પણ અહીં તો न् છે જ નહીં न् હોય તો જ न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થાય. પરંતુ સ્યાદિવિધિમાં नाम्नो नो... ૨-૧-૯૧ થી થયેલું न् ના લોપનું કાર્ય અસત્ થાય છે. તેથી હવે દીર્ઘ કરવાની સ્યાદિવિધિમાં न् નો લોપ થયેલો હોવા છતાં न् છે એમ માન્યું. તેથી પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી राजा + सि, હવે दीर्घङ्याब्....... ૧-૪-૪૫ થી सि નો લોપ કરવાની પૂર્વની સ્યાદિવિધિમાં પણ नाम्नो नो.... ૧-૪-૯૧ થી થયેલા न् ના લોપને અસત્ માનવાથી सि નો લોપ થયો. તેથી राजा રૂપ સિદ્ધ થયું.

**न्स्महतोः । १-४-८६**

અર્થ - न्स् અંતવાળા અને महत् શબ્દનો સ્વર શેષઘુટ્ પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

સૂત્ર સમાસ -नकारेण युक्तः स् - न्स्, न्स्च महत् च - न्स्महतौ, तयोः (ઇ.દ્વ.)

**इन् - हन् - पूषाऽर्यम्णः शिस्योः । १-४-८७**

અર્થ - इन् અંતવાળા हन्, पूषन् અને अर्यमन् શબ્દોનો સ્વર शि અને सि પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

સૂત્ર સમાસ -इन् च हन् च पूषा च अर्यमा च एतेषां समाहारः - इन्हन्पूषाऽर्यमा, तस्य (સમા.દ્વ.) शिश्च सिश्च - शिसी, तयोः (ઇ.દ્વ.)

વિવેચન - પ્રશ્ન - सि અને शि બંને ઘુટ્ છે તો ઘુટ્ પ્રત્યય પર છતાં निदीर्घः ૧-૪-૮૫ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાનો જ હતો. તો આ સૂત્ર શા માટે બનાવ્યું ?

જવાબ - જો આ સૂત્ર ન બનાવ્યું હોત તો ઇષ્ટ પ્રયોગની સિદ્ધિ તો થઇ જાત. તેની સાથે અનિષ્ટ પ્રયોગની પણ સિદ્ધિ થાત. જેમ કે दण्डीनि -એ शि પર છતાં અને दण्डी એ सि પર છતાં, निदीर्घः ૧-૪-૮૫ થી થાત. તેવી રીતે પ્રતિઉદાહરણમાં આપેલ दण्डिनौ માં પણ औ પ્રત્યય પર છતાં દીર્ઘ થાત. આ સૂત્ર કરવાથી એ ફળ મળ્યું કે, દીર્ઘ થશે તો માત્ર शि અને सि પ્રત્યય પર છતાં જ થશે. પણ બીજા औ-जस् વિગેરે પ્રત્યયો ઘુટ્ હોવા છતાં પણ દીર્ઘ નહિં થાય.

પ્રશ્ન - इन् અંતવાળા કહ્યું તેને બદલે इन् પ્રત્યયાન્ત કહ્યું હોત તો ન ચાલે ?

જવાબ - જો इन् પ્રત્યયાન્ત ગ્રહણ કરે તો दण्डिन् વિગેરે જે इन् પ્રત્યયાન્ત છે. તેને તો આ સૂત્રથી દીર્ઘ થઈ જાય. અને "अनिनस्मन्ग्रहणान्यर्थवताऽनर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति ।" (अन्-इन्-अस् અને मन् અંતવાળા પ્રત્યયોનું જ્યાં ગ્રહણ હોય ત્યાં અર્થવાન્‌ની સાથે અનર્થવાન્‌નું પણ ગ્રહણ થાય છે.) આ ન્યાયથી અર્થવાન્ તરીકે दण्डिन् વિગેરે इन् પ્રત્યયાન્તનું તો ગ્રહણ થયું. પણ स्रग्विन् વિગેરે विन् પ્રત્યયાન્ત હોવા છતાં इन् અંતવાળાનું ગ્રહણ હોવાથી અનર્થવાન્‌નું પણ ગ્રહણ થયું. માટે स्रग्वीनि વિગેરે પ્રયોગો થશે. ફલિતાર્થ એ થયો કે પ્રત્યય ભલે ગમે તે લાગ્યો હોય પણ इन् જેને અંતે આવતો હોય તે બધા નામોનું આ સૂત્રમાં ગ્રહણ થશે.તેથી इन् પ્રત્યયાન્ત ન કહેતાં इन्

અંતવાળા એમ કહ્યું છે.

આ સૂત્રમાં हन् લીધો છે. તેથી हन् અંતવાળા નામોનું જ ગ્રહણ થશે. કેમકે हन् એ ધાતુ છે. અને અહીં નામની વાત ચાલે છે. प्लीहन् શબ્દ છે. તે દેખીતી રીતે हन् અંતવાળો દેખાય છે. પણ हन् ધાતુ લાગીને બનેલો નથી. તેથી તેને આ સૂત્ર નહિ લાગે. કારણ કે ''अर्थवत् ग्रहणे नानर्थकस्य'' (અર્થવાન્નું ગ્રહણ હોતે છતે અનર્થવાન્નું ગ્રહણ ન થાય.)એ ન્યાયથી हन् ધાતુના અંતવાળા જે શબ્દો હોય તેને જ આ સૂત્ર લાગે. બીજી કોઇ રીતે દેખાતાં हन् અંતવાળા શબ્દોને આ સૂત્ર ન લાગે. हन् ધાતુ પરથી બનેલા શબ્દોને આ સૂત્રથી शि અને सि પ્રત્યય પર છતાં न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થશે. જેમકે भ्रूणहा, वृत्रहा વિગેરે... પણ દેખાતાં हन् અંતવાળા શબ્દોને આ સૂત્ર ન લાગતાં निदीर्घः ૧-૪-૮૫ થી બધા ઘુટ્ પ્રત્યયો પર છતાં न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થશે. દા.ત. प्लीहा, प्लीहानौ, प्लीहानः વિગેરે..

સૂત્રમાં પદને અંતે જેમ पूषन् ના न् નો લોપ કર્યો તેમ इन् અને हन् ના न् નો પણ પદને અંતે લોપ કરીને સૂત્ર ''इ-ह-पूषाऽर्यम्णः शिस्योः'' આવુ થવું જોઇએ છતાં નથી કર્યું કેમ કે इ થી શું ગ્રહણ કરવું ? અને ह થી શું ગ્રહણ કરવું ? એની સમજ ન પડે. અને જો इ અંતવાળા અને ह અંતવાળા શબ્દોનું ગ્રહણ કરે તો આપત્તિ આવે. આવું અનિષ્ટ કાર્ય ન થાય માટે न् ના લોપની પ્રાપ્તિ હોવા છતાં ઈષ્ટતા સચવાઇ રહે માટે સૂત્રમાં न् નો લોપ કર્યો નથી.

दण्डिन् શબ્દના રૂપો પુંલિંગમાં शशिन्वत् થશે.

दण्डिन् શબ્દના રૂપો નપું. માં गुणिन्वत् થશે.

दण्डिन् શબ્દના રૂપો સ્ત્રીલિંગમાં नदीवत् થશે. (दण्डिनी)

स्रग्विन् શબ્દના રૂપો પુલિંગમાં शशिन्वत् થશે.

वृत्रहन्, पूषन्, अर्यमन् આ ત્રણેના રૂપો પુલિંગમાં राजन्वत्, પરન્તુ वृत्रहन् નાં રૂપો નપું.માં नामन्वत् અને સ્ત્રીલિંગમાં वृत्रघ्नी થઈને राज्ञीवत् થશે.

ઘુટ્ પ્રત્યયો પર છતાં જયારે राजन् માં निदीर्घः ૧-૪-૮૫ થી દીર્ઘ થાય છે. તેને બદલે આ ત્રણમાં इन्-हन् ..... ૧-૪-૮૭ થી દીર્ઘ થશે.

**अपः । १-४-८८**

અર્થ - अप् શબ્દનો સ્વર શેષઘુટ્ પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

लिङ्गानुशासन ની દષ્ટિએ अप् શબ્દ સ્ત્રીલિંગ બ.વ.માં જ વપરાય છે. પણ અન્યસંબંધીમાં આવે ત્યારે ત્રણે લિંગે વપરાય છે. જેમ કે स्वाप् -स्वापौ - स्वापः ।

**निवा । १-४-८९**

અર્થ - न् નો આગમ થયો હોય ત્યારે अप् શબ્દનો સ્વર ઘુટ્ પ્રત્યય પર છતાં વિકલ્પે દીર્ઘ થાય છે.

આ સૂત્ર પરથી જ નક્કી થાય છે કે अप् શબ્દ મૂળમાં હોય ત્યારે સ્ત્રીલિંગ બ.વ.માં જ વપરાય પણ જયારે અન્યસંબંધી થાય ત્યારે ત્રણલિંગે, ત્રણેવચનમાં વપરાય અને પુંલિંગમાં, સ્ત્રીલિંગમાં मरुत् પ્રમાણે, અને નપું.માં जगत् પ્રમાણે રૂપો થશે.

**अभ्वादेरत्वसः सौ । १-४-९०**

અર્થ - भू વિગેરે ધાતુ પરથી બનેલા શબ્દોને વર્જીને अतु અને अस् અંતવાળા નામોનો સ્વર શેષ सि પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

સૂત્ર સમાસ - भूः आदिः यस्य सः - भ्वादिः (બહુ.) न भ्वादिः - अभ्वादिः तस्य (નઞ્ ત.)

अतुश्च अस् च एतयोः समाहारः - अत्वस् तस्य (સમા.દ્વ.)

વિવેચન - भवान् - भवतु એ भू ધાતુ પરથી બનેલ શબ્દ નથી પણ भवतु સર્વનામ છે. તે अतु અંતવાળો હોવાથી भवत् + सि, ऋदुदितः १-४-७० થી न् નો આગમ થવાથી भवन्त् + सि, આ સૂત્રથી न् ની પૂર્વનોસ્વર દીર્ઘ થવાથી भवान्त् + सि, दीर्घङ्याब्....१-४-४५ થી सि નો લોપ થવાથી भवान्त्, पदस्य २-१-८९ થી त् નો લોપ થવાથી भवान् થયું.

यवमान् - यवाः सन्ति यस्य सः - यवमत् અહીં तदस्या..... ७-२-१ થી मतु પ્રત્યય લાગવાથી यव + मतु - यवमत् + सि આ શબ્દ પણ अतु અંતવાળો છે. તેથી ऋदुदितः १-४-७० થી न् નો આગમ થવાથી यवमन्त् + सि, આ સૂત્રથી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી यवमान्त् + सि, दीर्घङ्याब् .... १-४-४५ થી सि નો લોપ થવાથી यवमान्त्, पदस्य २-१-८९ થી त् નો લોપ થવાથી यवमान् થયું.

अप्सराः - अप्सरस् अस् અંતવાળો ઉણાદિથી સિદ્ધ છે.

अप्सरस् + सि, આ સૂત્રથી સ્વર દીર્ઘ થવાથી अप्सरास् + सि दीर्घङ्याब्... ૧-૪-૪૫ થી सि નો લોપ થવાથી अप्सरास्, सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થવાથી अप्सरार्, रः पदान्ते....૧-૩-૫૩ થી र् નો વિસર્ગ થવાથી अप्सराः થયું.

गोमान् - गोमन्तं इच्छति इति - गोमत्य-अमाव्ययात्... ૩-૪-૨૩ થી क्यन् (य) પ્રત્યય લાગ્યો છે. अतः ૪-૩-૮૨ થી अ નો લોપ, य्वोःप्वय्.... ૪-૪-૧૨૧ થી य् નો લોપ થવાથી गोमत् નામધાતુ પરથી નામ થયું. તેની સાધનિકા રૂપોમાં બતાવ્યા પ્રમાણે કરવી.

स्थूलशिराः-स्थूलशिरसं इच्छति આ અર્થમાં अमाव्ययात्..... ૩-૪-૨૩ થી क्यन् લાગવાથી स्थूलशिरस्य, स्थूलशिरस्यति इति क्विप्, अतः ૪-૩-૮૨ થી अ નો લોપ, य्वोः प्वय्.... ૪-૪-૧૨૧ થી य् નો લોપ થવાથી स्थूलशिरस् નામધાતુ પરથી નામ થયું. તેથી स्थूलशिरस् + सि આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી स्थूलशिरास्+ सि, दीर्घङ्याब्..... ૧-૪-૪૫ થી सि નો લોપ થવાથી स्थूलशिरास्, सोरुः, रः पदान्तेः... થી स्थूलशिराः થયું.

पिण्डग्रः - पिण्डं ग्रसति इति क्विप् - पिण्डग्रस् શબ્દ બન્યો. ઉપર પ્રમાણે सि નો લોપ, स् નો र्, र् નો વિસર્ગ થવાથી पिण्डग्रः બન્યું. અહીં આ સૂત્રથી સ્વર દીર્ઘ થતો નથી કેમકે ग्रस् એ ધાતુ છે. ધાતુ પરથી બનેલ શબ્દ છે. તેથી આ સૂત્રથી દીર્ઘ ન થાય.

પ્રશ્ન - દશે ગણના ધાતુનું વર્જન કરવું છે. તો अभ्वादेः ની જગ્યાએ अधातोः લખ્યું હોત તો પણ દરેક ધાતુનું વર્જન શક્ય છે. તો પછી अधातोः ને બદલે अभ्वादेः શા માટે લખ્યું છે ?

જવાબ - भू વિગેરે દરેક ગણના ધાતુનું વર્જન કરવું છે. પણ નામધાતુનું વર્જન નથી કરવું. જો अधातोः લખ્યું હોત તો ધાતુ માત્રનું વર્જન થઇ જાત. માટે अधातोः ન લખતાં अभ्वादेः લખ્યું છે. તેથી નામધાતુનું ગ્રહણ થશે. તેના ઉદાહરણ તરીકે गोमान् અને स्थूलशिराः છે.

પ્રશ્ન - अंतु અને अस् અંતવાળા શબ્દો જે બને છે. તેને આ સૂત્રથી દીર્ઘ થાય છે. તો खरणस् અને खुरणस् ને આ સૂત્ર લાગશે ? કેમકે આ શબ્દો પણ खर + नासिका થી બનેલ છે. खर-खुरान्नासिकाया नस् ૭-૩-૧૬૦ થી नासिका નો नस् આદેશ થવાથી હવે अस् અંતવાળો શબ્દ

કહેવાય. તેથી આ સૂત્ર લાગે કે નહીં ?

જવાબ - "अर्थवद् ग्रहणे नानर्थकस्य ग्रहणम्" એ ન્યાયથી અહીં अतु અને अस् પ્રત્યય જેને લાગ્યા હોય તેનું જ ગ્રહણ છે. પરંતુ અનર્થક એવા खरणस् અને खुरणस् નું ગ્રહણ ન થાય.

પ્રશ્ન - તો પછી બૃહદ્‌વૃત્તિમાં તો खरणाः અને खुरणाः બંને ઉદાહરણમાં દીર્ઘ કર્યા છે ?

જવાબ - ઉપરનો જેમ ન્યાય છે તેવો બીજો પણ ન્યાય છે કે "अनिनस्मन् ग्रहणान्यर्थवताचानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति" આ ન્યાય ઉપરના ન્યાયના અપવાદ ભૂત છે. તેથી આ ન્યાયથી खरणस् અને खुरणस् બંને ગ્રહણ થઇ શકે છે. તેથી આ સૂત્રથી દીર્ઘ થઇને खरणाः અને खुरणाः પ્રયોગની સિદ્ધિ થઇ છે.

भवत् શબ્દનાં રૂપો અને સાધનિકા कुर्वत् પ્રમાણે થશે.

यवमत् શબ્દનાં રૂપો અને સાધનિકા गोमत् પ્રમાણે થશે.

स्थूलशिरस् નાં રૂપો અને સાધનિકા अप्सरस् પ્રમાણે થશે.

पिण्डग्रस् નાં રૂપો અને સાધનિકા चन्द्रमस् પ્રમાણે થશે.

**क्रुशस्तुनस्तृच् पुंसि । ૧-૪-૯૧**

અર્થ - क्रुश् ધાતુથી પર રહેલાં तुन् પ્રત્યયનો પુંલિંગમાં શેષઘુટ્ પ્રત્યય પર છતાં तृच् આદેશ થાય છે.

વિવેચન - पुंसीति किम् ? कृशक्रोष्टूनि - कृशाः क्रोष्टारः येषु तानि । कृशक्रोष्टु + जस्
कृशक्रोष्टुन् + शि-नपुंसकस्य - ૧-૪-૫૫ થી जस् નો शि થવાથી,
कृशक्रोष्टुन् + शि-स्वराच्छौ ૧-૪-૬૫ થી शि ની પૂર્વે न् નો આગમ થવાથી,
कृशक्रोष्टून् + शि, निदीर्घः ૧-૪-૮૫ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી,
कृशक्रोष्टुनि થયું. અન્યસંબંધીમાં નપું. હોવાથી આ સૂત્રથી तृच् આદેશ થયો નથી.

પ્રશ્ન - क्रोष्टोः क्रोष्टृ पुंसि સૂત્ર કર્યું હોત તો ચાલત કેમકે अनेकवर्णः सर्वस्य થી આખા क्रोष्टु નો क्रोष्टृ આદેશ થઇ શકત. તેથી લાઘવ થાત. તો આવું લાંબુ સૂત્ર શા માટે બનાવ્યું ?

જવાબ - तुन् નો तृच् કરવાનું પ્રયોજન એ છે કે तृस्वसृ ...:૧-૪-૩૮ થી आर्

થઇ શકે. જો તુન્ નો તૃચ્ કરવાને બદલે क्रोष्टु નો क्रोष्टृ આદેશ કર્યો હોત અથવા क्रोष्टु શબ્દમાં રહેલા उ નો ऋ કર્યો હોત તો તૃચ્ અંતવાળો ન થવાથી ૧-૪-૩૮ સૂત્ર લાગવાને બદલે अर्डौच ૧-૪-૩૯ લાગીને ને आर् ને બદલે अर् થાત. તેથી अर् ન કરતાં आर् કરવા માટે જ આવું લાંબુ સૂત્ર કર્યુ છે.

**टादौ स्वरे वा । ૧-૪-૯૨**

અર્થ - ટાદિ સ્વરાદિ પ્રત્યય પર છતાં क्रुश् ધાતુથી પર રહેલાં તુન્ પ્રત્યયનો તૃચ્ આદેશ વિકલ્પે થાય છે.

વિવેચન - પ્રશ્ન - ષ.બ.વ.માં आम् પ્રત્યય પર છતાં બે રૂપો થવા જોઇએ. તેના બદલે क्रौष्टूनाम् એક જ રૂપ કેમ થયું ?

જવાબ - જો क्रोष्टु उ કારાન્ત હોય તો પણ ह्रस्वाऽऽपश्च ૧-૪-૩૨ થી आम् નો नाम् થાય. અને क्रोष्टृ ऋ કારાન્ત હોય તો પણ ह्रस्वाऽऽपश्च ૧-૪-૩૨ થી आम् નો नाम् થાય છે. તેથી नाम् આદેશ થવો તે નિત્યકાર્ય છે. તેનાથી આ સૂત્ર પર હોવા છતાં નિત્યકાર્ય પ્રથમ થાય. તેથી नाम् આદેશ થયા પછી આ સૂત્ર ન લાગે કારણકે હવે नाम् પ્રત્યય સ્વરાદિ નથી. તેથી એક જ રૂપ થયું છે.

**स्त्रियाम् । ૧-૪-૯૩**

અર્થ - કોઇપણ નિમિત્તની અપેક્ષા વિના क्रुश् ધાતુથી પર રહેલાં તુન્ પ્રત્યયનો સ્ત્રીલિંગમાં તૃચ્ આદેશ થાય છે.

વિવચેન - पञ्चक्रोष्टुभिः रथैः - पञ्चभिः क्रौष्ट्रीभिः क्रीतैः - पञ्चक्रोष्ट्री. संख्या समाहारे... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ થયો. मूल्यैःक्रीते ૬-૪-૧૫૦ થી इकण् પ્રત્યય લાગવાથી पञ्चक्रोष्ट्री + इकण्, अनाम्न्य द्विः.... ૬-૪-૧૪૧ થી इकण् નો લોપ થવાથી पञ्चक्रोष्ट्री, ङ्यादेर्गौणस्या... ૨-૪-૯૫ થી તદ્ધિતનો લુક્ થવાથી ગૌણ પડેલા ङी વિગેરેનો પણ લોપ થવાથી पञ्चक्रोष्टृ રહ્યું. पञ्चक्रोष्टृ + भिस् - पञ्चक्रोष्टृभिः થયું. અહીં જો ङी ના નિમિત્તથી તુન્ નો તૃચ્ થતો હોત તો निमित्ताभावे नैमित्तिकस्याप्यभावः એન્યાયથી ङी ચાલ્યો જતાં તુન્ નો તૃચ્ પણ ચાલ્યો જાત. પણ તૃચ્ થયો છે તે ङी ના નિમિત્તથી નથી થયો. એટલે કે નિર્નિમિત્ત હોવાથી ङी નો લુક્ થયો હોવા છતાં તૃચ્ તો રહ્યો જ. લોપ ન થયો. સ્ત્રીલિંગમાં તુન્ નો તૃચ્ નિર્નિમિત્ત છે. તેની સાબિતી

આ દૃષ્ટાંત બતાવે છે.

અહીં સપ્તમી તે વિષયસપ્તમી છે. સ્ત્રીલિંગનો વિષય આવે ત્યારે ङी કરવો. "भाविनी भूतवत् उपचारः" ભવિષ્યમાં બનવાનો છે. એમ માનીને પહેલેથી ऋ અંતવાળો થયા પહેલા ङी થઇ જશે.

**इत्याचार्य श्री हेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान स्वोपज्ञशब्दानुशासन लघुवृत्तौ प्रथमस्याध्यायस्य चतुर्थः पादः समाप्तः । १-४**

**सोत्कण्ठमंगलगनै कचकर्षणैश्च, वक्त्राब्जचुम्बननखक्षतकर्मभिश्च**
**श्रीमूलराजहतभूपतिभिर्विलेसुः, संख्येऽपि खेपि च शिवाश्च सुरस्त्रियश्च ।**

**અર્થ :-** સંગ્રામમાં મૂલરાજ રાજા વડે હણાયેલા રાજાઓની સાથે ઉત્કંઠાપૂર્વક આલિંગન, કેશાકર્ષણ, મુખચુંબન અને નખક્ષત કર્મ વડે યુદ્ધભૂમિમાં શિયાળીયાઓએ અને સ્વર્ગમાં દેવાંગનાઓએ વિલાસ કર્યો.

ॐ ह्रीँ अर्हं नमः ।

## द्वितीयाध्यायः-प्रथमः पादः

### त्रि-चतुरस्तिसृ - चतसृ स्यादौ २.१.१

અર્થ : स्त्रियाम् ૧.૪.૯૩ ની અનુવૃત્તિ આ સૂત્રમાં ચાલુ છે.
स्यादि પ્રત્યય પર છતાં સ્ત્રી.માં વર્તતા त्रि અને चतुर् નો અનુક્રમે तिसृ અને चतसृ આદેશ થાય છે.

સૂત્રસમાસ : त्रयश्च चत्वारश्च एतयोः समाहारः त्रिचतुर् तस्य । (સમા.દ્વ.)
तिसा च चतसा च एतयोः समाहारः तिसृचतसृ (સમા.દ્વ.)
सिः आदिः यस्य सः स्यादिः तस्मिन् । (બહુ.)

વિવેચન : स्यादाविति किम् ? प्रियत्रिकः प्रियचतुष्कः ।
આ બંનેનો બહુ. સમાસ હોવાથી शेषाद्वा ૭.૩.૧૭૫ થી कच् પ્રત્યય થયો છે. આ પ્રત્યય 'स्यादि'ન હોવાથી तिसृ-चतसृ આદેશ થતો નથી.
प्रियचतुष्कः માં निर्दुर्बहिरा० ૨.૩.૯ થી स् નો ष् થયો છે.
स्त्रियाम् ૧.૪.૯૩માં 'निर्निमित्त एव' (निमित्त નહીં હોતે છતે) એમ લખ્યું છે. એમાં જે સપ્તમી કરી છે તેના કારણે स्यादिની અનુવૃત્તિ અટકી ગઈ. તેથી અહીં ફરીથી 'स्यादौ' એમ સૂત્રમાં લખ્યું છે.

પ્રશ્ન : तिसृ શબ્દમાં स् નો ष् થવાની પ્રાપ્તિ હોવા છતાં કેમ ન કર્યો ?

જવાબ : 'सूत्रसामर्थ्यात्' સૂત્રનાં સામર્થ્યથી... સૂત્રમાં જ तिसृ મૂક્યું છે. તેથી तिसृ ના स् નો ष् થવાની પ્રાપ્તિ હોવા છતાં નહીં થાય.

પ્રશ્ન : અહીં સ્ત્રી.ની અનુવૃત્તિ ચાલુ છે તો प्रियतिसृ कुलम् એ નપું.નું ઉદાહરણ શા માટે ?

જવાબ : સમાસનો વિગ્રહ કરતી વખતે त्रि અને चतुर् નામ સ્ત્રી.માં પ્રયોગ કરાયેલું હોવાથી અન્યસમ્બન્ધી તરીકે પું.સ્ત્રી. કે નપું. હોય તો પણ तिसृ-चतसृ આદેશ થઈ શકે છે. જેમ કે...
प्रियाः तिस्रः यस्य सः प्रियतिसृ – પું.
प्रियाः चतस्रः यस्यसः प्रियचतसृ – પું.
प्रियाः तिस्रः यस्य तद् प्रियतिसृ – નપું.
प्रियाः चतस्रः यस्य तद् प्रियचतसृ – નપું.
प्रियाः तिस्रः यस्याः सा प्रियतिसृ – સ્ત્રી.
प्रियाः चतस्रः यस्याः सा प्रियचतसृ – સ્ત્રી.

"षष्ठ्यान्तस्य" પરિભાષાથી त्रि અને चतुर् ના અન્ત્યનો तिसृ અને चतसृ આદેશ થવો જોઈએ. પરન્તુ આદેશ અનેકવર્ણી હોવાથી अनेकवर्णः सर्वस्य એ પરિભાષાથી આખા त्रि અને चतुर् નો तिसृ અને चतसृ આદેશ થયો છે.

**ऋतो रः स्वरेऽनि २.१.२**

**અર્થ :** न નો વિષય ન હોય તો સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં तिसृ અને चतसृ નાં ऋ નો र् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** न न् – अन्, तस्मिन् । (નગ્.ત.)

**વિવેચન :** स्वर इति किम् ? तिसृभिः, चतसृभिः ।

અહીં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં નથી પરન્તુ વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પરમાં છે તેથી આ સૂત્ર લાગેલ નથી. ૨.૧.૧ સૂત્રથી तिसृ-चतसृ આદેશ થયો છે.

અહીં अनि માં વિષય સપ્તમી લીધેલ છે.

સ્વસમ્બન્ધી અને અન્યસમ્બન્ધી બધામાં આ સૂત્રો લાગે છે.

**પ્રશ્ન :** સ્વરાદિ પ્રત્યય પર છતાં इवर्णादि० ૧.૨.૨૧ સૂત્રની પ્રાપ્તિ હતી. તેથી રૂપ સિદ્ધ થવાનું જ હતું તો આ સૂત્ર શા માટે બનાવ્યું ?

**જવાબ :** દ્વિતીયા બ.વ.માં शसोऽता० ૧.૪.૪૯ થી દીર્ઘ થઈને 'तिसृः' એવું અનિષ્ટ રૂપ થાત. અને જ્યારે અન્ય સમ્બન્ધી બનીને ત્રણે લિંગે રૂપ થાય ત્યારે સ્વરાદિ ઘુટ્ પ્રત્યય પર થતાં अर्डौ च ૧.૪.૩૯ થી अर् ની તેમજ ऋतोडुर् ૧.૪.૩૭ થી ङसि-ङस् નો डुर् થવાની પ્રાપ્તિ હતી. તેથી અનિષ્ટ રૂપો થઈ જાત. તે ન થાય માટે આ સૂત્રની રચના કરી છે.

**जराया जरस् वा २.१.३**

**અર્થ :** સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં जरा નો जरस् આદેશ વિકલ્પે થાય છે.

**अपोऽद्भे २.१.४**

**અર્થ :** 'भ्' આદિવાળા સ્યાદિ પ્રત્યય પર છતાં अप् નો अद् આદેશ થાય છે.

**વિવેચન :** अप् શબ્દનાં રૂપો બ.વ.માં જ થાય છે. પરન્તુ અન્ય સમ્બન્ધી બને ત્યારે બધાં રૂપો થઈ શકે છે. તેમજ तदन्त નું ગ્રહણ થયે છતે अप् નો अद् આદેશ પણ થાય છે. તે જણાવવા स्वद्भ्यां નું ઉદાહરણ આપ્યું છે.

अप् સ્ત્રી. = પાણી.

## आ रायो व्यञ्जने २.१.५

अर्थ : व्यञ्जनादि स्यादि प्रत्यय पर छतां रै शब्दनां अन्त्य (ऐ) नो आ थाय छे.

विवेचन : रायम् अतिक्रान्तम् इति अतिरि मां क्लीबे २.१.९७ थी रै नुं ह्रस्व थई रि बन्युं छे. तेथी हवे आ सूत्रनी प्राप्ति नहीं रहे. परन्तु 'एकदेशे विकृतमनन्यवत्' आ न्यायथी रि ने 'रै' जेवो ज मान्यो. माटे अन्त्य "इ" नो 'आ' आदेश थई अतिराभ्याम्, अतिराभिः, अतिराभ्यः अने अतिरासु रूपो बनशे.

प्रश्न : 'आ रायोस्भि' आटलुं सूत्र बनाव्युं होत तो पण चालत. आटलुं मोटुं सूत्र बनावी गौरव शा माटे कर्युं ? कारण के व्यञ्जनादिमां स् कारादि अने भ् कारादि प्रत्यय ज आवे छे.

जवाब : 'व्यञ्जने' शब्दनी अनुवृत्ति नीचेना सूत्रोमां लई जवा माटे ज मोटुं सूत्र बनाव्युं छे.

प्रश्न : आ सूत्रनी टीकामां रै शब्दनो आ करवानुं कह्युं छे तो रै नां ऐ नो आ केवी रीते कर्यो ?

जवाब : षष्ठ्यान्तस्य आ परिभाषाथी सूत्रमां षष्ठी विभ.नुं ग्रहण करेलुं होवाथी अन्त्यनुं ग्रहण थायछे. तेथी रै नां अन्त्य ऐ नो आ थयो छे.

प्रश्न : क्लीबे २.४.९७ सूत्रथी अतिरि थयुं. हवे आ शब्दनां षष्ठी ब.व.मां ह्रस्वाऽऽपश्च १.४.३२ थी आम् नो नाम् थशे. नाम् ए व्यञ्जनादि प्रत्यय थयो. तेथी आ सूत्रथी रि नां इ नो आ थवो जोईए. ते केम न कर्यो ?

जवाब : 'सन्निपातलक्षणोविधिरनिमित्तं तद्विघातस्य' आवी पडेलां निमित्तने कारणे जे विधि थई छे ते विधि ज पोताना निमित्तनो घात करवामां निमित्त नथी बनती... आ न्यायथी ह्रस्वनां निमित्ते थयेलो आम् नो नाम् छे ते नाम् ह्रस्वनो घात करनारो बनतो नथी. माटे रि नां इ नो आ नहीं थाय.

प्रश्न : साची वात छे तो पछी रि नां इ नो दीर्घोनाम्यतिसृ० १.४.४७ थी नाम् पर छतां पूर्वनो समान नामि स्वर दीर्घ थाय छे. ते पण आ न्यायथी न थवो जोईए. तो दीर्घ 'अतिरीणाम्' केम कर्युं छे ?

જવાબ : વાત સાચી છે પણ 'न्यायाः स्थविरयष्टिप्रायाः ।' હોવાથી 'सन्निपात लक्षणो०' ન્યાય અનિત્ય બનવાથી अतिरीणाम् એ રૂપ સિદ્ધ થયું.

रै પું. = પૈસો-ધન

### युष्मदस्मदोः ૨.૧.૬

અર્થ : વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં 'युष्मद्' અને 'अस्मद्' નાં અન્ત્યનો 'आ' થાય છે.

સૂત્રસમાસ : युष्मच्च अस्मच्च – युष्मदस्मदौ. तयोः युष्मदस्मदोः (ઈ.દ્વ.)

વિવેચન : षष्ठ्यान्तस्य પરિભાષાથી અહીં ષષ્ઠી વિભ.સૂત્રમાં હોવાથી અન્ત્યનો જ આદેશ થાય છે.

પ્રશ્ન : અહીં અન્ત્ય द् નો आ કેમ કર્યો ? अ કર્યો હોત તો પણ ૧.૨.૧ થી अ + अ = आ થઈ જ જવાનો હતો. તો आ કરવાનું પ્રયોજન શું ?

જવાબ : જો अ કર્યો હોત તો लुगस्यादेत्यपदे ૨.૧.૧૧૩ થી अ નો लुक् થઈ જાત તો અનિષ્ટ રૂપ થાત. તેવું ન થાય માટે आ કર્યો છે.

### टाङ्योसि यः ૨.૧.૭

અર્થ : टा, ङि અને ओस् પ્રત્યય પર છતાં 'युष्मद्' અને 'अस्मद्' નાં અન્ત્યનો य् આદેશ થાય છે.

સૂત્રસમાસ : ओश्च ओश्च इति ओसौ । (ઈ.દ્વ.) टा च ङिच ओसौ च एतेषाम् समाहारः – टाङ्योस्, तस्मिन् । (સમા.દ્વ.)

વિવેચન : ओश्च ओश्च ओसौ... અહીં 'स्यादावसंख्येयः' ૩.૧.૧૧૯ થી એકશેષ સમાસ થયો છે. તેથી જ ષષ્ઠી અને સપ્તમી બંનેના ओस् નું ગ્રહણ થયેલ છે. અન્યથા ङि ના સાહચર્યથી માત્ર સપ્તમીનો ओस् ગ્રહણ થાત.

પ્રશ્ન : અહીં સૂત્રમાં 'ओस्' નું ગ્રહણ ન કર્યું હોત તો પણ 'युवयोः' રૂપ સિદ્ધ થાય છે. युष्मद् + ओस्

मन्तस्य युवाऽऽवौ...૨.૧.૧૦ થી युवद् + ओस्

शेषे लुक् ૨.૧.૮ થી युव + ओस्

एद् बहुस्भोसि ૧.૪.૪ થી युवे + ओस्

एदैतोऽयाय् ૧.૨.૨૩ થી युवयोस्

सोरुः ૨.૧.૭૨ થી युवयोर्

रः पदान्ते विसर्ग० ૧.૩.૫૩ થી युवयोः થાય છે.

તો શા માટે 'ओस्' નું ગ્રહણ કર્યું ?

જવાબ : સાચી વાત છે. પરન્તુ જ્યારે णिच् પ્રત્યય લગાડીને અન્ત્ય સ્વરાદિનો લોપ થાય ત્યારે युव्योः એવો અનિષ્ટ પ્રયોગ થાય છે. જેમકે युष्मद् + ओस् (युवाम् युष्मान् वा आचक्षाणयोः અર્થમાં)

युष्मद् + णिच् + ओस् – णिज् बहुलं० ૩.૪.૪૨ થી णिच् પ્રત્યય.

युष्म् + णिच् + ओस् – त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

युव + णिच् + ओस् – मन्तस्य युवा० ૨.૧.૧૦ થી युव આદેશ.

युव् + इ + ओस् – शेषेलुक् ૨.૧.૮ થી અન્ત્યનો લોપ.

युव्योस् – इवर्णादे० ૧.૨.૨૧ થી इ નો य्.

युव्योर् – सोरुः ૨.૧.૭૨ થી स् નો र्.

युव्योः – रः पदान्ते० ૧.૩.૫૩ થી વિસર્ગ.

આ રીતે અનિષ્ટ રૂપ થતું હોવાથી સૂત્રમાં ओस् નું ગ્રહણ યોગ્ય જ છે.

### शेषे लुक् ૨.૧.૮

અર્થ : જે પ્રત્યય પર છતાં युष्मद् અને अस्मद् નાં અન્ત્યનો आ અને य् થયો. તે સિવાયનાં પ્રત્યયો તે શેષ પ્રત્યયોછે. તે શેષ સ્યાદિ પ્રત્યય પરછતાં युष्मद् – अस्मद् નાં અન્ત્યનો લુક્ થાય છે.

વિવેચન : સૂત્રમાં 'शेषे' એ પ્રમાણે ન લીધું હોત તો ઉપરથી 'टाङ्योसि'નો અધિકાર અહીં આવત. પરંતુ 'टाङ्योसि'નો અધિકાર ઈષ્ટ નથી. જો એ પ્રમાણે ઈષ્ટ હોત તો ઉપરનાં સૂત્રમાં જ 'टाङ्योसि यलुकौ' એ પ્રમાણે ભેગું સૂત્ર કરત. તે બંનેનો અધિકાર સાથે નીચેના સૂત્રમાં જાય. પરંતુ તે ઈષ્ટ ન હોવાથી તેના (टाङ्योसि ના) નિવારણ માટે શેષ નું ગ્રહણ છે.

### मोर्वा ૨.૧.૯

અર્થ : શેષ સ્યાદિ પ્રત્યય પર છતાં 'युष्मद्' અને 'अस्मद्' નાં 'म्' નો લુગ્ વિકલ્પે થાય છે.

વિવેચન : નામધાતુ થાય ત્યારે म् નો વિકલ્પે લોપ કરવા માટે આ સૂત્ર કર્યું છે. युष्मभ्यम् અને युषभ्यम् એ બે રૂપ સિદ્ધ થયા.

પ્રશ્ન : 'युवाम् आचष्टे' એ અર્થમાં णिच् અને क्विप् થયે છતે સ્યાદિ પ્રત્યય પર છતાં 'युव' આદેશ શા માટે થતો નથી ?

**જવાબ :** युष्मद् અને अस्मद् થી તરત સ્યાદિ પ્રત્યય પરમાં નથી. પરન્તુ णिच्-क्विप् પ્રત્યયનું વચમાં વ્યવધાનછે. તેથી ૨.૧.૧૦ સૂત્ર લાગતું નથી. જ્યારે એ.વં.માં કોઈપણ પ્રત્યય કે ઉત્તરપદ પરમાં હોય તો પણ त्व-म આદેશ થાય છે. એટલે ૨.૧.૧૦ અહીં લાગતું ન હોવાથી આદેશ થતો નથી.

**मन्तस्य युवाऽऽवौ द्वयोः ૨.૧.૧૦**

**અર્થ :** દ્વિ.વ.માં વર્તતા 'युष्मद् અને अस्मद्' નામનાં म् અન્ત સુધીનાં અવયવનો સ્યાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે युव અને आव આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** म् अन्ते यस्य सः - मन्तः - तस्य । (બહુ.)
युवश्च आवश्च इति युवाऽऽवौ । (ઈ.દ્વ.)
मन्तस्येति किम्? युवयोः, आवयोः । युष्मद्+ओस् અને - अस्मद्+ओस्. અહીં આ સૂત્રથી તો म् અન્ત સુધીના અવયવનો જ युव અને आव આદેશ થાય છે. અને અન્તે રહેલાં द् નો युष्मदस्मदोः ૨.૧.૬ થી य् થશે. તેથી युवयोः અને आवयोः રૂપ બની શક્યા. જો આ સૂત્રથી આખા युष्मद् અને अस्मद् નો युव અને आव થઈ જાય તો युव+ओस् અને आव+ओस् માં टाङ्योसि यः - ૨.૧.૭ થી ओस् પ્રત્યય પર છતાં અન્ત્ય अ નો य् થવાથી युव्योः અને आव्योः અનિષ્ટ રૂપ થાત.
स्यादावित्येव = युवयोः पुत्रः — युष्मत्पुत्रः - અહીં સમાસમાં ओस् પ્રત્યયનો લોપ થયેલો છે. તેથી સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી युव આદેશ ન થયો.

**त्व-मौ प्रत्ययोत्तरपदे चैकस्मिन् ૨.૧.૧૧**

**અર્થ :** સ્યાદિપ્રત્યય, પ્રત્યય અને ઉત્તરપદ પરમાં હોતેછતે એ.વ.માં વર્તતા युष्मद् અને अस्मद् નામનાં म् અન્ત સુધીનાં અવયવનો અનુક્રમે त्व અને म આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** त्वश्च मश्च इति त्व-मौ (ઈ.દ્વ.) उत्तरंच तद् पदंच - उत्तरपदम् (કર્મ.)
प्रत्ययश्च उत्तरपदंच एतयोः समाहारः - प्रत्ययोत्तरपदं, तस्मिन् (સમા.દ્વ.)

**ઉદા. :** तव अयम् — त्वदीयः ।
मम अयम् — मदीयः ।
युष्मद् અને अस्मद् ને दोरीयः ૬.૩.૩૨ થી इयस् પ્રત્યય લાગ્યો છે.

આ સૂત્રથી 'त्व' અને 'म' થઈ त्वदीयः અને मदीयः થયું છે. આ સ્યાદિ સિવાયનાં અન્ય પ્રત્યયનું ઉદાહરણ છે.

तव पुत्रः - त्वत् पुत्रः, ममपुत्रः - मत् पुत्रः

અહીં ઉત્તરપદ પરમાં છે.

प्रत्ययोत्तरपदे चेति किम् ? अधियुष्मद्, अध्यस्मद्

त्वयि इति अधियुष्मद्, मयि इति अध्यस्मद् ।

અહીં સ્યાદિ વિભ. પ્રત્યય કે ઉત્તરપદ પરમાં નથી. પરન્તુ ૩.૧.૩૯ થી અવ્યયીભાવ સમાસ થયેલો છે. તેથી આ સૂત્ર લાગ્યું નથી.

एकस्मिन्निति किम् ? युष्माकम्, अस्माकम् ।

અહીં એ.વ.માં युष्मद् અને अस्मद् નથી પરન્તુ બ.વ.માં છે માટે આ સૂત્ર લાગેલ નથી.

**વિવેચન :** **પ્રશ્ન** – સૂત્રમાં च નું ગ્રહણ કેમ કર્યું છે ?

**જવાબ :** સ્યાદિનું ગ્રહણ કરવા માટે અને સાથે નીચે અધિકાર લઈ જવા માટે. चानुकृष्टं नानुवर्तते । એ ન્યાયને અહીં અનિત્ય કર્યો છે.

### त्वमहं सिना प्राक् चाकः २.१.१२

**અર્થ :** सि પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् નો અનુક્રમે त्वम् અને अहम् આદેશ થાય છે. તેમજ अक् કરવાનો પ્રસંગ હોય તો अक् ની પૂર્વે જ તે આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** त्वम् च अहम् च एतयोः समाहारः – त्वमहम् (સમા.દ્વ.)

**વિવેચન :** प्राक्चाक इति किम् ? त्वकम्, अहकम् ।

અહીં अक् પ્રત્યય લગાડતાં પૂર્વે જ युष्मद् અને अस्मद् નો सि પ્રત્યયની સાથે અનુક્રમે त्वम् અને अहम् આદેશ થાય છે. તે થયાં પછી 'युष्मदस्मदोऽसोभादिः' ૭.૩.૩૦ થી સકારાદિ, ઓકારાદિ, ભકારાદિ ને વર્જીને સ્યાદ્યન્ત એવા त्वम् અને अहम् નાં અન્ત્ય સ્વરની પૂર્વે अक् થાય છે. તેથી त्वकम् અને अहकम् રૂપ સિદ્ધ થયાં. તે પ્રમાણે નીચેના સૂત્રમાં પણ જાણવું.

જો प्राक्चाकः સૂત્રમાં ન લખ્યું હોત તો આદેશ કરતાં પૂર્વ अक् લાગત. તેથી युष्मकद् + सि અને अस्मकद् + सि થાત. અને પછી 'तन्मध्य पतितस्तद्ग्रहणेन गृह्यते ।' જેનું ગ્રહણ કરવાનું હોય તો તેના ગ્રહણ વડે તેની મધ્યમાં આવેલાનું પણ ગ્રહણ થાય છે. એ ન્યાયથી अक्

સહિત આદેશ થઈ જાત. એટલે त्वम् અને अहम् થઈ જાત. 'प्राक्चाकः' લખવાથી હવે એવું અનિષ્ટ રૂપ નહીં થાય.

**પ્રશ્ન :** સૂત્રમાં सिना શા માટે લખ્યું ? युष्मद् અને अस्मद् વ્યઞ્જનાન્ત હોવાથી 'दीर्घङ्याब्०' ૧.૪.૪૫ થી सि નો લુક્ થઈ જઈ તે પ્રયોગ સિદ્ધ થાત. આદેશ વિધાનના સામર્થ્યથી 'युष्मदस्मदोः' ૨.૧.૬ થી युष्मद् અને अस्मद् નાં અન્ત્યનો आ પણ ન થાત.

**જવાબ :** સાચી વાત છે. પરન્તુ युष्मद् અને अस्मद् નાં અન્ત્યનો आ ન થાત. તેથી आ કારનો અભાવ થયે છતે શેષ પ્રત્યયમાં ગણાત. અને તેથી मोर्वा ૨.૧.૯ થી म् નો વિકલ્પે લોપ થાત. તેથી જ્યારે म् નો લોપ થાય ત્યારે त्व અને अह અને પક્ષે त्वम् અને अहम् રૂપો થાય. આવી રીતે त्व અને अह રૂપો અનિષ્ટ હોવાથી 'सिना' એ પ્રમાણે સૂત્રમાં ગ્રહણ કર્યું છે.

### यूयं वयं जसा ૨.૧.૧૩

**અર્થ :** जस् પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् નો અનુક્રમે यूयं અને वयं આદેશ થાય છે તેમજ अक् કરવાના પ્રસંગે अक् ની પૂર્વે જ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** यूयं च वयं च एतयोः समाहारः – यूयंवयम् । (સમા.દ્વ.)

**વિવેચન :** प्रियःत्वम् येषांते । प्रियौ युवाम् येषांते । = प्रिययूयम् । આ બંને વાક્યમાં (એ.વ. અને દ્વિ.વ.નાં પ્રયોગમાં) युष्मद् વર્તતો હોવાથી 'त्व–मौ प्रत्ययोत्तरपदे०' ૨.૧.૧૧ થી 'त्व' અને मन्तस्य युवाऽऽवौद्वयोः ૨.૧.૧૦ થી 'युव' આદેશો થવાનાં હતાં પરન્તુ 'निरवकाशं सावकाशात् ।' (ઘણાં વિષયનાં કાર્ય કરતાં અલ્પ વિષયનું કાર્ય બળવાન છે.) એ ન્યાયથી અન્યત્ર સાવકાશ એવાં તે આદેશોનો બાધ કરીને હવે यूयम् આદેશ આ સૂત્રથી થશે.

### तुभ्यं मह्यं ङ्या ૨.૧.૧૪

**અર્થ :** ङे પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् નો અનુક્રમે तुभ्यम् અને मह्यम् આદેશ થાય છે. તેમજ अक् કરવાનો પ્રસંગ હોય તો अक् ની પૂર્વે જ તે આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** तुभ्यं च मह्यं च एतयोः समाहारः – तुभ्यंमह्यम् (સમા.દ્વ.)

### तव मम ङसा २.१.१५

**અર્થ :** ङस् પ્રત્યયની સાથે युष्मद् અને अस्मद् નો અનુક્રમે तव અને मम આદેશ થાય છે. તેમજ अक् કરવાનો પ્રસંગ હોય તો अक् ની પૂર્વે તે આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** तव च मम च एतयोः समाहारः – तवमम (સમા.દ્વ.)

### अमौ मः २.१.१६

**અર્થ :** युष्मद् અને अस्मद् થી પર રહેલાં अम् અને औ નો म् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** औश्च औश्च इति आवौ

अम् च आवौच एतयोः समाहारः – अमौ, तस्य.

**વિવેચન :** સૂત્રમાં म માં રહેલો अ કાર ઉચ્ચારને માટે છે.

औश्च औश्च आवौ માં स्यादावसंख्येयः ૩.૧.૧૧૯ થી એક શેષ સમાસ થયો છે.

अमौ માં ષષ્ઠી એ.વ. છે પરન્તુ વિભ.નો લોપ થયો છે.

જો एकशेष ન થયો હોત તો अम् એ દ્વિતીયા એ.વ.નો પ્રત્યય છે તેથી अम् ના સાહચર્યથી औ દ્વિતીયા દ્વિ.વ.નો પ્રત્યય ગ્રહણ થાત. પ્રથમા દ્વિ.વ.નો પ્રત્યય ગ્રહણ ન થાત.

**પ્રશ્ન :** અહીં अम् નો म् કરવાની જરૂર નથી કારણ કે म् આદેશ ન કરો તો પણ त्वाम् સિદ્ધ થાય છે. તે આ રીતે – युष्मद् + अम्

त्व-मौ प्रत्ययोत्तरपदे० २.१.११ થી त्वअद् + अम्

शेषेलुक् २.१.८ થી त्वअ + अम्

लुगस्या० २.१.११३ થી त्व + अम्

समानादमोऽतः १.४.४६ થી त्व + म्

युष्मदस्मदोः २.१.६ થી त्व નાં અન્ત્યનો आ થશે. તેથી त्वाम् રૂપ સિદ્ધ જ છે. તો શા માટે अम् નો म् કર્યો ?

**જવાબ :** વાત સાચી છે. પણ એક ન્યાય છે કે 'असिद्धं – बहिरङ्गम् अन्तरङ्गे ।' – અંતરંગ વિધિ થયે છતે બહિરંગ કાર્ય અસિદ્ધ થાય છે.

युष्मदस्मदोः થી જે आ થાયછે તે અંતરંગ કાર્યછે. અને समानादमोऽतः થી अम् નાં अ નો જે લોપ થાય છે તે બહિરંગ કાર્ય છે. એટલે आत्त्व રૂપ અંતરંગ કાર્ય થવાથી अम् નાં अ નો જે લોપ કર્યો છે તે રૂપ બહિરંગ

કાર્ય ઉપરના ન્યાયથી અસિદ્ધ થાય છે. એટલે अम् રહેશે. તે સ્વરાદિ પ્રત્યય હોવાથી હવે આ પણ નહીં થાય. માટે त्वम् બનશે. પણ त्वाम् રૂપ સિદ્ધ નહીં થાય. માટે સૂત્રમાં अम् નું ગ્રહણ યથાર્થ છે.

**शसो नः २.१.१७**

**અર્થ :** युष्मद् અને अस्मद् થી પર રહેલાં शस् નો न् આદેશ થાય છે.

**વિવેચન :** प्रियः त्वम् येषां तान् - प्रियत्वान् ।

प्रियः अहम् येषां तान् - प्रियमान् ।

અહીં प्रिययुष्मद् અને प्रियास्मद् ને शस् પ્રત્યય. આ સૂત્રથી न् આદેશ. त्व-मौ प्रत्ययो० ૨.૧.૧૧ થી त्व-म આદેશ. युष्मदस्मदोः ૨.૧.૬ થી અન્ત્યનો आ થવાથી प्रियत्वान्, प्रियमान् થયું.

युष्मान् વિ.ને शेषेलुक् ૨.૧.૮ સૂત્રથી અન્ત્યનો લોપ અને આ સૂત્ર વડે न् થાય. આ બંને સૂત્રની પ્રાપ્તિ થાયછે. તેમાં 'कृताकृत प्रसङ्गित्वेन' ન્યાયથી शस् નો न् કરવો એ નિત્ય કાર્ય છે. કારણ કે જે સૂત્ર પ્રથમ પણ લગાડી શકાય અને અન્ય સૂત્ર લગાડ્યા પછી પણ લગાડી શકાતું હોય તો તે સૂત્ર નિત્ય કહેવાય. 'परान्नित्यम्' – પર સૂત્ર કરતાં નિત્યસૂત્ર બળવાન છે. અહીં युष्मद् + शस् ને પ્રથમ 'शेषेलुक्' ૨.૧.૮ સૂત્ર લગાડો તો પણ આ સૂત્ર લાગે છે. અને ન લગાડો તો પણ આ સૂત્ર લાગવાની પ્રાપ્તિ છે. માટે આ સૂત્ર નિત્યસૂત્ર કહેવાય. તેથી તે બળવાન બનશે. માટે પ્રથમ આજ સૂત્ર લાગશે. એટલે કે शस् નો न् આદેશ થશે. હવે न् એ વ્યઞ્જનાદિ પ્રત્યય થયો. તેથી 'युष्मदस्मदोः' ૨.૧.૬ લાગી युष्मद् નાં અન્ત્યનો आ થશે. પણ शेषेलुक् ૨.૧.૮ સૂત્ર લાગશે નહીં.

**પ્રશ્ન :** આ સૂત્ર પણ નિરર્થક છે. કારણ કે 'शसोऽतासश्च०' ૧.૪.૪૯ સૂત્રથી પણ स् નો न् થશે. અને રૂપ સિદ્ધ થઈ શકશે.

**જવાબ :** એ પ્રમાણે ન થાય. કારણ કે युष्मद्-अस्मद् એ અલિંગ છે તેથી પુંલિંગપણાનો તેમાં અભાવ છે. માટે ૧.૪.૪૯ સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ નથી. અથવા બહુ. સમાસમાં અન્ય સંબંધી બને ત્યારે ૧.૪.૪૯ સૂત્ર ફક્ત પું.માં જ લાગી શકે પણ સ્ત્રી. નપું.માં ગી ન શકે. પરન્તુ प्रिययुष्मान् ब्राह्मणीः (સ્ત્રી.) प्रिययुष्मान्

कुलानि (નપું.) એ પ્રમાણે રૂપ સિદ્ધ કરવા માટે પણ આ સૂત્ર સાર્થક જ છે. તેથી હવે પું. સ્ત્રી. નપું. ત્રણેમાં આ સૂત્ર જ લાગશે પણ ૧.૪.૪૯ સૂત્ર નહીં લાગે.

સૂત્રમાં न માં રહેલો अ કાર ઉચ્ચારને માટે છે.

**अभ्यम् भ्यसः २.१.१८**

**અર્થ :** युष्मद् અને अस्मद् થી પર રહેલાં ચતુર્થી બ.વ.નાં भ्यस् પ્રત્યયનો अभ्यम् આદેશ થાય છે.

**વિવેચન :** अभ्यम् પ્રત્યય સ્વરાદિ કર્યો છે તેથી ૨.૧.૬ થી અન્ત્યનો આ ન થતાં शेषे लुक् ૨.૧.૮ થી અન્ત્યનો લોપ થાય તે માટે જ अभ्यम् આદેશ કર્યો છે.

સૂત્રમાં કાર્યિનો પ્રથમ નિર્દેશ અને પછી કાર્યનો નિર્દેશ કરાય છે. પરન્તુ અહીં સૂત્રમાં પ્રથમ કાર્યનું ગ્રહણ કર્યું છે તે પ્રત્યાસત્તિ = નજીકપણું એમ સૂચવવા માટે એટલે કે પાઠની અપેક્ષાએ ૨.૧.૧૭ સૂત્રમાં દ્વિતીયા વિભક્તિ છે. તેની પછી તરતમાં ચતુર્થીનો भ्यस् આવે છે. તેથી નજીકનો (ચતુર્થીનો) भ्यस् લેવો. પંચમીનો भ्यस् આ સૂત્રમાં ન લેવો તેવું જણાવવા કાર્યનો પ્રથમ નિર્દેશ કરેલો છે. તેમજ નીચેના સૂત્રમાં ङसि ના સાહચર્યથી પંચમીનો भ्यस् પ્રત્યય લીધો છે. તેથી અહીં ચતુર્થીનો भ्यस् પ્રત્યય લેવો.

**ङसेश्चाद् २.१.१९**

**અર્થ :** युष्मद् અને अस्मद् નામથી પરમાં રહેલો ङसि અને भ्यस् નો अद् આદેશ થાય છે.

**વિવેચન :** 'चकारो यस्मात् परः प्रयुज्यते तत्सजातीयमेव सञ्चिनोति ।' च કાર જેનાથી પર જોડાયો હોય તેના સજાતીયને જ તે ખેંચે છે. આ ન્યાયથી ङसि પ્રત્યયની પરમાં મૂકેલા च કારે પ્રત્યય રૂપ भ्यस् ને ઉપરથી ખેંચ્યો અને ङसि ના સાહચર્યથી भ्यस् પણ પંચમીનો જ લેવો.

ङसि અને भ्यस् બે પ્રત્યય છે. युष्मद् અને अस्मद् બે સર્વનામ છે. પરન્તુ ङसेः એ.વ. અને युष्मदस्मद्भ्यां દ્વિ.વ.માં નિર્દેશ કરેલો છે. તેથી વચનભેદના કારણે યથાસંખ્યનો અભાવ થયો છે.

### आम आकम् २.१.२०

અર્થ : युष्मद् અને अस्मद् થી પર રહેલાં आम् નો आकम् આદેશ થાય છે.

વિવેચન : युष्मद् અને अस्मद् ને णिच् प्रत्यय વિગેરે કાર્ય થવાથી युष्माकम् અને अस्माकम् થાય છે. તેમજ मोर्वा २.१.९ થી म् નો જ્યારે લોપ થાય ત્યારે युषाकम् અને असाकम् પણ થાય છે.

પ્રશ્ન : અહીં आम् નો आकम् કર્યો તેને બદલે कम् કર્યો હોત તો પણ युष्माकम् - अस्माकम् રૂપો સિદ્ધ થઈ શકત. કારણ કે युष्मदस्मदोः २.१.६ થી અન્ત્યનો आ થઈને ઉપરનાં બંને રૂપો સિદ્ધ થઈ જાત.

જવાબ : णिच् - क्विप् प्रत्ययो લગાડીને નામધાતુ ઉપરથી નામ બનાવી જ્યારે રૂપ કરવું હોય તો તે વખતે आकम् ન કર્યું હોત તો युष्मकम् કે युषकम् એવાં અનિષ્ટ રૂપો થાત. તેને દૂર કરવાં માટે જ आम् નું कम् નહીં કરતાં आकम् કર્યું છે.

### पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्नसौ बहुत्वे २.१.२१

અર્થ : બ.વ.ના વિષયવાળી, સમવિભક્તિ (બેકી = દ્વિતીયા-ચતુર્થી અને ષષ્ઠી)ની સાથે પદથી પરમાં રહેલાં युष्मद् અને अस्मद् નો અનુક્રમે वस् - नस् આદેશ વિકલ્પે થાય છે. જો તે પદ અને युष्मद् - अस्मद् એક જ વાક્યમાં હોય તો...

અન્વાદેશમાં (नित्यमन्वादेशे २.१.३१ સૂત્રમાં) નિત્ય વિધાન હોવાથી અહીં વિકલ્પે આદેશ થાય છે. કારણ કે એક રૂપને સિદ્ધ કરવા બે સૂત્રો ક્યારેય ન હોય. એ પ્રમાણે નીચેના ત્રણ સૂત્રોમાં પણ તે તે આદેશો વિકલ્પે થાય છે.

સૂત્રસમાસ : युज्यते इति युग् । विभज्यते अर्थः अनेन इति विभक्तिः । युग् चासौ विभक्तिश्च इति युग्विभक्तिः तया (કર્મ.) एकं च तद् वाक्यं च इति एकवाक्यं, तस्मिन् (કર્મ.) वस् च नस् च इति वस्नसौ । (ઈ.દ્વ.)

ઉદા. : દ્વિતીયા – धर्मो वो रक्षतु, धर्मो नो रक्षतु – આ બે વાક્યમાં धर्मः એ પદ છે. અને તે પદથી પરમાં દ્વિતીયા બ.વ.માં વર્તમાન युष्मद् (युष्मान्) - अस्मद् (अस्मान्) છે. અને તે બંને એક જ વાક્યમાં છે. તેથી તે બંનેનો वस्-नस् આદેશ થયો. અને વિકલ્પ પક્ષે જ્યારે આદેશ ન થાય ત્યારે धर्मो युष्मान् रक्षतु, धर्मोऽस्मान् रक्षतु । એ જ પ્રમાણે ચતુર્થી – तपः वः दीयते । तपः युष्मभ्यम् दीयते ।

तपः नः दीयते । तपः अस्मभ्यम् दीयते ।

षष्ठी – शीलं वः स्वम् । शीलं युष्माकम् स्वम् ।

शीलं नः स्वम् । शीलं अस्माकम् स्वम् ।

पदादिति किम् ? युष्माकम् पातु । આ વાક્યમાં युष्मद् એ દ્વિ.વ.માં વર્તતું હોવા છતાં પદથી પરમાં નથી માટે આ સૂત્રથી वस् આદેશ ન થયો.

युग्विभक्त्येतिकिम् ? तीर्थे यूयं यात – અહીં युष्मद् એ પદથી પરમાં છે. તેમજ એક વાક્યમાં છે. છતાં યુગ્વિભક્તિ નથી પણ પ્રથમા બ.વ. છે માટે આ સૂત્ર ન લાગ્યું.

एक वाक्य इति किम् ? (१) अतियुष्मान् पश्य – અહીં अति युष्मान् તે આખું જ એક પદ બની ગયું છે. એટલે બીજી બધી શરતો લાગુ પડતી હોવા છતાં કોઈ પણ પદ પછી युष्मद् નથી. પરન્તુ अति અને युष्मद् બંને એક જ પદમાં મળી ગયેલાં હોવાથી આ સૂત્રથી वस् આદેશ થતો નથી.

(२) ओदनं पचत, युष्माकं भविष्यति – અહીં युष्माकं પદ એ 'पचत' પદથી પરમાં આવ્યું છે. છતાં બંને વાક્યો ભિન્નભિન્ન છે. તેથી આ સૂત્રથી युष्माकं નો वस् આદેશ ન થયો.

**વિવેચન :** **પ્રશ્ન** – અહીં 'अतियुष्मान् पश्य' માં अति એક પદ છે. તે પદ પછી युष्मान् પણ આવેલું છે. अति એ ઉપસર્ગ છે. ઉપસર્ગો બધાં અવ્યય છે. અવ્યયને વિભક્તિ લાગે છે. તેથી 'तदन्तं पदम्' થી પદસંજ્ઞક થઈ શકે છે. તો 'अति' પદથી પરમાં આવેલા युष्मान् નો वस् આદેશ શા માટે ન કર્યો ?

**જવાબ :** જો નિમિત્ત - નિમિત્તિ બન્નેનો એક પદમાં સદ્ભાવ હોય તો આ સૂત્ર લાગતું નથી. અહીં अति એ નિમિત્ત છે. અને युष्मान् એ નિમિત્તિ છે. અને અવ્યયીભાવ સમાસ થવાથી બંનેનો એક પદમાં જ સમાવેશ થઈ ગયો છે. તેથી અહીં वस् આદેશ કર્યો નથી.

**પ્રશ્ન :** સ્યાદિનો અધિકાર પહેલાં સૂત્રથી ચાલુ હતો છતાં વિભક્તિનું ગ્રહણ આ સૂત્રમાં કેમ કર્યું ? કારણ કે સ્યાદિથી વિભક્તિ જ આવતી હતી.

**જવાબ :** આ સૂત્રમાં યુગ્વિભક્તિ લેવી છે. તો વિભક્તિ શબ્દ લાવવાથી અહીં સહેલાઈથી સમજાઈ જાય. અને પછીના સૂત્રમાં તેનો અધિકાર લઈ જવા માટે અહીં વિભક્તિનું ગ્રહણ કર્યું છે.

### द्वित्वे वाम्-नौ २.१.२२

**અર્થ :** દ્વિ.વ.નાં વિષયવાળી સમવિભક્તિની સાથે પદથી પરમાં રહેલાં युष्मद् અને अस्मद् નો અનુક્રમે वाम् અને नौ આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :** द्वयोर्भावः द्वित्वं तस्मिन् द्वित्वे । वाम् च नौच एतयोः समाहारः वाम्-नौ । (સમા.દ્વ.)

**ઉદા. –** દ્વિતીયા – धर्मो वां पातु । धर्मो युवां पातु । ધર્મ તમારા બેનું રક્ષણ કરો.

धर्मो नौ पातु । धर्मो आवां पातु । ધર્મ અમારા બેનું રક્ષણ કરો.

ચતુર્થી – शीलं वां दीयते, शीलं युवाभ्यां दीयते । શીલ તમને બેને આપે છે.

शीलं नौ दीयते, शीलं आवाभ्यां दीयते । શીલ અમને બેને આપે છે.

ષષ્ઠી – ज्ञानं वां स्वम्, ज्ञानं युवयोः स्वम् । જ્ઞાન તમારા બેનું ધન છે.

ज्ञानं नौ स्वम्, ज्ञानं आवयोः स्वम् । જ્ઞાન અમારા બેનું ધન છે.

### ङेङसा ते-मे २.१.२३

**અર્થ :** એક વાક્યમાં પદથી પર રહેલાં युष्मद् અને अस्मद् નો ङे અને ङस् ની સાથે અનુક્રમે ते અને मे આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :** ङेच ङस् च एतयोः समाहारः – ङेङस्, तेन (સમા.દ્વ.)

ते च मे च - ते-मे । लुप्त द्विवचनान्तं पदम् ।

**ઉદા. :** धर्मस्ते दीयते, धर्मस्तुभ्यम् दीयते । ધર્મ તને આપે છે.

धर्मो मे दीयते, धर्मो मह्यं दीयते । ધર્મ મને આપે છે.

धर्मस्ते स्वम्, धर्मस्तव स्वम् । ધર્મ તારૂં ધન (છે.)

धर्मो मे स्वम्, धर्मो मम स्वम् । ધર્મ મારૂં ધન (છે.)

**વિવેચન :** પ્રશ્ન – ङेङसा એ.વ. અને ते-मे દ્વિ.વ. શા માટે ?

**જવાબ :** સ્થાની અને આદેશની સાથે યથાસંખ્યને અટકાવવા માટે.

સ્થાની – ङेङसा છે. આદેશ – ते-मे છે.

### अमा-त्वा-मा २.१.२४

**અર્થ :** એક વાક્યમાં अम् ની સાથે પદથી પર રહેલાં युष्मद् અને अस्मद् નો અનુક્રમે त्वा-मा આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** त्वा च मा च - त्वा-मा ।

ઉદા. : धर्मस्त्वां पातु - धर्मस्त्वां पातु । ધર્મ તારું રક્ષણ કરો.
धर्म्मो मा पातु - धर्मो मां पातु । ધર્મ મારું રક્ષણ કરો.

વિવેચન : જોકે अम् અનેક પ્રકારે છે જેવાં કે 'अतः स्यमोऽम्' ૧.૪.૫૭ 'अमव्ययीभावस्याऽतोऽपञ्चम्याः' ૩.૨.૨ અને ક્રિયાપદની વિભક્તિમાં 'अम्-व-म' માં રહેલો 'अम्'. આમ અનેક પ્રકારનો अम् હોવા છતાં અહીં युष्मद् અને अस्मद् ની સાથે અન્ય अम् નો અસંભવ હોવાથી સ્યાદિ સંબંધી દ્વિતીયા એ.વ.નો अम् ગ્રહણ કરવો.

**असदिवाऽऽमन्त्र्यं पूर्वम् ૨.૧.૨૫**

અર્થ : युष्मद् અને अस्मद् થી પૂર્વે રહેલું આમન્ત્ર્યવાચી પદ અસત્ જેવું થાય છે.

असत् = હોવા છતાં ન હોય તેવું માનીને કાર્ય કરવું તે.

બ.વ. – जना ! युष्मान् पातु धर्मः । હે માણસો ! ધર્મ તમારું રક્ષણ કરો.

દ્વિ.વ. – साधू ! युवां पातु धर्मः । હે બે સાધુ ! તમારા બેનું ધર્મ રક્ષણ કરો.

એ.વ. – साधो ! त्वां पातु तपः । હે સાધુ ! તપ તારું રક્ષણ કરો.

આ ત્રણેય વાક્યોમાં युष्मद् ની પૂર્વે રહેલાં 'जना ' ! 'साधू' ! અને 'साधो' આ ત્રણે આમન્ત્ર્યવાચી પદને આ સૂત્રથી અસત્ જેવું મનાય છે. તેથી 'युष्मान्' ને ૨.૧.૨૧ થી वस्, 'युवां' ને ૨.૧.૨૨ થી वाम् અને 'त्वाम्' ને ૨.૧.૨૪ થી त्वा આદેશ થવાની પ્રાપ્તિ હતી તે ન થઈ.

पूर्वमिति किम् ? मयैतत्सर्वमाख्यातं युष्माकं मुनिपुङ्गवाः ।

અહીં આમન્ત્ર્યવાચી એવું 'मुनिपुङ्गवाः' પદ युष्मद् ની પૂર્વે નથી પરન્તુ પછી છે. તેથી અસત્ જેવું થતું નથી. પરન્તુ युष्माकं પદથી પર હોવા છતાં પાદની આદિમાં છે. તેથી ૨.૧.૨૧ સૂત્ર ન લાગતાં 'पादाद्योः' ૨.૧.૨૮ સૂત્ર લાગીને वस् આદેશ થયો નથી.

વિવેચન : પ્રશ્ન – नित्यमन्वादेशे ૨.૧.૩૧ સૂત્રમાં નિત્યનું ગ્રહણ કરેલ હોવાથી આ સૂત્રમાં શા માટે વિકલ્પની પ્રાપ્તિ નથી કરાઈ ?

જવાબ : ૨.૧.૩૧ માં નિત્ય પ્રાપ્તિ હોવાથી અત્યાર સુધી બધે વિકલ્પની પ્રાપ્તિ

હતી તેવી રીતે અહીં પણ વિકલ્પની પ્રાપ્તિ થવી જોઈએ. તે વાત સાચી પણ જ્યાં वस् – नस् વિ. આદેશોનું વિધાન કરાયું છે ત્યાં જ વિકલ્પની વાત ઉપસ્થિત થાયછે. જ્યાં આ આદેશોનું વિધાન જ નથી કરાયું ત્યાં વિકલ્પની વાત પ્રસ્તુત નથી. અહીં असत् બનેલું હોવાથી ૨.૧.૨૧ સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ નથી રહેતી. અથવા જો આ સૂત્રમાં પણ વિકલ્પ કરાય તો આ સૂત્રની રચના જ વ્યર્થ થાય છે. કારણ કે જો વિકલ્પે જ કરવું હોય તો पदाद् युग्.... ૨.૨.૨૧ થી થાય જ છે.

**जस् विशेष्यं वाऽऽमन्त्र्ये ૨.૧.૨૬**

**અર્થ :** युष्मद् અને अस्मद् થી પૂર્વે રહેલું વિશેષ્યવાચી આમન્ત્ર્ય અર્થમાં રહેલું जसन्त પદ તે તેના જ વિશેષણવાચી આમન્ત્ર્ય અર્થમાં વર્તતું પદ પરમાં હોય તો તે जसन्त નામ વિકલ્પે અસદ્ થાય છે.

**ઉદા. :** जिनाः ! शरण्याः युष्मान् शरणं प्रपद्ये–શરણ્ય એવા હે જિનેશ્વર દેવો ! હું તમારૂં શરણું સ્વીકારું છું. અહીં युष्मद् થી પૂર્વે રહેલું વિશેષ્યવાચી जसन्त એવું जिनाः આમન્ત્ર્યવાચી પદછે. તેની પરમાં તેના જ વિશેષણ રૂપે 'शरण्याः' આમન્ત્ર્યવાચી પદ હોવાથી जिनाः એ પદ આ સૂત્રથી વિકલ્પે અસત્ થયું. જ્યારે जिनाः પદ અસત્ ન બને ત્યારે 'जिनाः ! शरण्याः वः शरणं प्रपद्ये ।'માં ૨.૧.૩૧ થી वस् આદેશ થયો. એ જ પ્રમાણે

जिनाः । शरण्याः अस्मान् रक्षत । શરણ્ય એવા હે જિનેશ્વરો ! અમને રક્ષો.

પક્ષે — जिनाः ! शरण्याः नो रक्षत ।

जसिति किम् ? साधो ! सुविहित ! वोऽथो शरणं प्रपद्ये ! હે સુવિહિત સાધુ ! તમારૂં શરણું સ્વીકારું છું.

साधो ! सुविहित ! नोऽथो रक्ष । હે સુવિહિત સાધુ ! અમને રક્ષો.

અહીં जसन्त વિશેષ્ય નથી માટે આ સૂત્ર ન લાગ્યું. ૨.૧.૨૫ સૂત્ર લાગી શકે પણ 'नान्यत्' ૨.૧.૨૭ સૂત્ર તેનો નિષેધ કરે છે. માટે नित्यमन्वादेशे ૨.૧.૩૧ સૂત્રથી वस्–नस् આદેશ નિત્ય થયો છે.

विशेष्यमिति किम्? शरण्याः ! साधवो ! युष्मान् शरणं प्रपद्ये । હે શરણ્ય સાધુઓ ! હું તમારું શરણ સ્વીકારું છું.

અહીં शरण्याः અને साधवः બન્ને પદ जसन्त છે અને વિશેષણ - વિશેષ્યવાચી છે. પણ પૂર્વમાં વિશેષ્યવાચી પદ જોઈએ તે शरण्याः વિશેષ્યવાચી નથી તેથી આ સૂત્ર ન લાગતાં ૨.૧.૨૫ સૂત્રથી નિત્ય અસત્ થવાથી युष्मद् નો वस् આદેશ થતો નથી.

आमन्त्र्य इति किम्? आचार्या ! युष्मान् शरण्याः शरणं प्रपद्ये । હે શરણ્ય આચાર્યો ! હું તમારું શરણું સ્વીકારું છું. અહીં વિશેષ્યભૂત આમન્ત્ર્યાર્થક जसन्त પદ युष्मद् ની પૂર્વે હોવા છતાં તેની પરમાં તેનું વિશેષણભૂત આમન્ત્ર્યવાચક પદ નથી. પરન્તુ युष्मद् ની પરમાં છે. માટે આ સૂત્ર ન લાગ્યું. ૨.૧.૨૫ થી નિત્ય અસત્ થાય છે. તેથી वस् આદેશ થતો નથી.

अर्थात् तद्विशेषणभूत इति किम् ? – आचार्या ! उपाध्याया ! युष्मान् शरणं प्रपद्ये । હે આચાર્યો ! ઉપાધ્યાયો ! હું તમારું શરણ સ્વીકારું છું. અહીં युष्मद् ની પૂર્વે વિશેષ્યભૂત આમન્ત્ર્યાર્થક जसन्त પદ હોવા છતાં તેની પરમાં રહેલું उपाध्याया પદ તેના વિશેષણભૂત પદ નથી. માટે આ સૂત્ર ન લાગતાં ૨.૧.૨૫ થી નિત્ય અસત્ થાય છે. તેથી युष्मद् નો वस् આદેશ થતો નથી.

## नान्यत् ૨.૧.૨૭

**અર્થ :** युष्मद् અને अस्मद् થી પૂર્વે રહેલાં जसन्त સિવાયના વિશેષ્યભૂત આમન્ત્ર્યવાચી એવું પદ તેના જ વિશેષણભૂત આમન્ત્ર્યવાચી પદ પરમાં હોય તો અસત્ જેવું થતું નથી.

साधो सुविहित ! त्वा शरणं प्रपद्ये । હે સુવિહિત સાધુ ! હું તમારૂં શરણ સ્વીકારું છું. साधो ! सुविहित मा रक्ष । હે સુવિહિત સાધુ ! મારું રક્ષણ કર. અહીં युष्मद् અને अस्मद् ની પૂર્વે जसन्त સિવાયનું એટલે કે સિ પ્રત્યયાન્ત આમન્ત્ર્યવાચક પદ છે. અને તેની પરમાં તેના વિશેષણભૂત 'सुविहित' પદ છે. માટે साधो ! પદ આ સૂત્રથી અસત્ થતું નથી. તેથી 'नित्यमन्वादेशे' ૨.૧.૩૧ થી 'त्वाम्' નો 'त्वा' અને 'माम् નો मा' આદેશ નિત્ય થયો છે.

## पादाद्योः ૨.૧.૨૮

**અર્થ :** નિયત પરિમાણવાળા માત્રા અને અક્ષરોનો સમૂહ તેને પાદ કહેવાય... પદથી પરમાં અને પાદની આદિમાં રહેલાં युष्मद् અને अस्मद् નાં वस्-नस् વિ. આદેશ થતાં નથી.

**સૂત્રસમાસ :** पादस्य आदी - पादादी, तयोः पादाद्योः । (ષ.ત.)

**ઉદા.** 'वीरो विश्वेश्वरो देवो युष्माकं कुलदेवता ।
स एव नाथो भगवानस्माकं पापनाशनः ॥
અહીં દેવ પદથી પર રહેલાં અને બીજા પાદની આદિમાં રહેલાં 'युष्मद्' ને તેમજ 'भगवान्' પદથી પરમાં રહેલાં અને ચોથા પાદની આદિમાં રહેલાં 'अस्मद्'ને ૨.૧.૨૧ થી वस्-नस् આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.
पादाद्योरिति किम् ?
'पान्तु वो देशनाकाले जैनेन्द्रा दशनांशवः ।
भवकूपपतज्जन्तुजातोद्धरणरज्जवः ॥
અહીં પદથી પરમાં 'युष्मद्' છે. પરન્તુ પાદની આદિમાં નથી. પ્રથમ પાદની મધ્યમાં છે. તેથી ૨.૧.૨૧ થી वस् આદેશ થયો છે.

**चाऽह-ह-वैवयोगे ૨.૧.૨૯**

**અર્થ :** च-अह-ह-वा અને एवं આટલાં અવ્યયોનાં યોગમાં પદથી પરમાં રહેલાં युष्मद् અને अस्मद् નાં वस्-नस् વિ. આદેશ થતાં નથી.

**સૂત્રસમાસ :** चश्च अहश्च हश्च वाच एवश्च – चाऽहह-वैवाः (ઈ.દ્વ.) चाऽहहवैवैः योगः चाहहवैवयोगः, तस्मिन् ।

**ઉદા. :** દ્વિતીયા – ज्ञानं युष्मांश्च रक्षतु, अस्मांश्च रक्षतु । જ્ઞાન તમારું અને અમારું રક્ષણ કરે.
અહીં પદથી પરમાં युष्मद् અને अस्मद् છે. અને च નો યોગ છે. તેથી આ સૂત્રથી वस् આદેશ ન થયો. ૨.૧.૨૧ સૂત્રથી પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.
ચતુર્થી – ज्ञानं युष्मभ्यं च दीयते अस्मभ्यं च दीयते । જ્ઞાન તમને અને અમને આપે છે.
ષષ્ઠી – ज्ञानं युष्माकं च स्वम् अस्माकं च स्वम् । જ્ઞાન તમારૂં અને અમારૂં ધન છે.
એ પ્રમાણે अह-ह-वा-एव ની સાથેનાં ઉદાહરણો સમજી લેવા.
योग इति किम् ? ज्ञानञ्च शीलञ्च ते स्वम् । જ્ઞાન અને શીલ તારૂં ધન છે.
અહીં જ્ઞાન અને શીલની સાથે च નો સંબંધ છે. પણ युष्मद् ની સાથે

નથી. તેથી આ સૂત્રથી वस्-नसादि નો નિષેધ ન થતાં तव નો ते ૧.૨.૨૩ થી થયો.

**વિવેચન :** 'चाऽह-ह-वैवैः' એટલું સૂત્ર કર્યું હોત તો પણ સિદ્ધ હતું છતાં 'योगे' નું ગ્રહણ કર્યું છે. તે સાક્ષાત્ च વિ. નો યોગ હોય તો જ થાય. એવું સમજવા માટે છે.

### दृश्यर्थैश्चिन्तायाम् ૨.૧.૩૦

**અર્થ :** ચિન્તા અર્થમાં વર્તમાન दृश् એવો ધાતુ અને તેના સમાન અર્થવાળાં ધાતુઓનાં યોગમાં પદથી પર રહેલાં युष्मद् અને अस्मद् નાં वस्-नस् વિ. આદેશ થતાં નથી.

**સૂત્રસમાસ :** दृशिः अर्थः येषाम् ते – दृश्यर्थाः, तैः । અથવા
दृशेः अर्थः येषाम् ते – दृश्यर्थाः, तैः (બહુ.)

- जनो युष्मान् सन्दृश्यागतः । जनोऽस्मान् सन्दृश्यागतः ।
- जनो युवां समीक्ष्यागतः । जनो आवां समीक्ष्यागतः ।
- जनस्त्वामपेक्षते । जनो मामपेक्षते.માણસ તમારી ચિન્તા કરીને આવ્યો, માણસ અમારી ચિન્તા કરીને આવ્યો. માણસ તમારાં બેની ચિન્તા કરીને આવ્યો, માણસ અમારા બેની ચિન્તા કરીને આવ્યો. માણસ તારી ચિન્તા કરીને આવ્યો, માણસ મારી ચિન્તા કરીને આવ્યો.

આ બધાં વાકયમાં सम्+दृश्-, सम्+ईक्ष् અને अप+ईक्ष् આ દશ્યાર્થક ત્રણે ધાતુઓનો 'મનથી વિચારવું' એવો અર્થ નીકળે છે. તેનાં યોગમાં युष्मद् અને अस्मद् છે. અને તે બંને પદથી પરમાં છે. તેથી આ સૂત્રથી वस्-नस् વિ.. આદેશ થતાં નથી. તે ત્રણેય વાક્યમાં અનુક્રમે ૨.૧.૨૧ થી वस्-नस् ૨.૧.૨૨ થી वाम्-नौ અને ૨.૧.૨૪ થી त्वा-मा આદેશ થવાની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો.

दृश्यर्थैरिति किम् ? जनो वो मन्यते – માણસ તમારી ચિન્તા કરે છે. અહીં मन् ધાતુ ચિન્તા અર્થવાળો હોવાં છતાં दृश् ધાતુનાં સમાન અર્થવાળો નથી માટે આ સૂત્ર ન લાગ્યું. તેથી ૨.૧.૨૧ થી वस् આદેશ થયો છે.

चिन्तायामिति किम् ? जनो वः पश्यति – માણસ તમને જુવે છે. અહીં દશ્યર્થક ધાતુ છે. પણ ચિન્તા અર્થમાં નથી. માટે આ સૂત્ર ન લાગતાં ૨.૧.૨૧ થી वस् આદેશ થયો.

### नित्यमन्वादेशे २.१.३१

**અર્થ :** अन्वादेश = એક વાત કર્યા પછી પાછળ એને જ લગતી અન્ય વાત કરવી તે अन्वादेश... पश्चात् कथनम् अन्वादेशः ।
અન્વાદેશનાં વિષયમાં પદથી પર રહેલ युष्मद्-अस्मद्नां वस्-नस् વિ. આદેશ નિત્ય થાય છે.

**ઉદા. :** (૧) यूयं विनीतास्तद्वो गुरवो मानयन्ति, वयं विनीतास्तन्नो गुरवो मानयन्ति । તમે વિનીત છો તેથી તમને ગુરૂઓ માને છે. અમે વિનીત છીએ. તેથી અમને ગુરૂઓ માને છે.
(૨) धनवांस्त्वमथो त्वा लोको मानयति, धनवानहमथो मा लोको मानयति। તું ધનવાન છે માટે તને લોકો માને છે. હું ધનવાન છું તેથી મને લોકો માને છે.
આ બંને વાક્યોમાં એક વાત કર્યા પછી તેને જ લગતી બીજી વાત કરી છે. માટે અન્વાદેશનો વિષય છે. તેમજ પદથી પરમાં युष्मद्-अस्मद् છે. તેથી બંને વાક્યમાં અનુક્રમે वस्-नस् અને त्वा-मा આદેશ થયાં છે.

### सपूर्वात् प्रथमान्ताद् वा २.१.३२

**અર્થ :** વિધમાન છે પૂર્વ પદ જેને એવા પ્રથમાન્ત પદથી પર રહેલાં युष्मद्-अस्मद्नो અન્વાદેશમાં અનુક્રમે वस्-नस् વિ. આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :** पूर्वेण सह वर्तते इति सपूर्वः, तस्मात् (તત્પુ.)
प्रथमा अन्ते यस्य तद् - प्रथमान्तं, तस्मात् (બહુ.)

**ઉદા. –** (૧) यूयं विनीता स्तद् गुरवो वो मानयन्ति, तद्गुरवो युष्मान् मानयन्ति । वयं विनीतास्तद् गुरवो नो मानयन्ति, तद् गुरवोऽस्मान् मानयन्ति ।
૨.૧.૩૧ માં युष्मद्-अस्मद् પૂર્વમાં હતાં અને गुरवः (પ્રથમાન્ત) પદ પછી હતું જ્યારે અહીં तद् પદથી પરમાં गुरवः એવું પ્રથમાન્ત પદ છે. અને તેનાથી પરમાં युष्मद्-अस्मद् છે. તેમજ અન્વાદેશનો વિષય છે. માટે આ સૂત્રથી અનુક્રમે वस्-नस् આદેશ વિકલ્પે થયાં. એજ પ્રમાણે
(૨) युवां सुशीलौ तज्ज्ञानं वां दीयते, तज्ज्ञानं युवाभ्यां दीयते । आवां सुशीलौ तज्ज्ञानं नौ दीयते, तज्ज्ञानं आवाभ्यां दीयते – તમે બે સુશીલ છો તેથી જ્ઞાન તમને બેને અપાય છે. અમે બે સુશીલ છીએ તેથી જ્ઞાન અમને બેને અપાય છે. અહીં युष्मद्-अस्मद् નાં वाम्-नौ આદેશ વિકલ્પે થયાં છે.

વિવેચન : सपूर्वात् માં सह આદેશ વિદ્યમાન અર્થમાં છે. અને पूर्व શબ્દ વ્યવસ્થા અર્થમાં છે.

**त्यदामेनदेतदो द्वितीयाटौस्यवृत्यन्ते २.१.३३**

અર્થ : અન્વાદેશના વિષયમાં ત્યદાદિ સર્વનામનાં एतद् શબ્દનો દ્વિતીયાના પ્રત્યય, टा અને ओस् પ્રત્યય પર છતાં एनद् આદેશ થાય છે. પરન્તુ એ વૃત્તિને અન્તે હોય તો एनद् આદેશ થતો નથી.

સૂત્રસમાસ : द्वितीया च टा च ओस् च एतयोः समाहारः – द्वितीयाटौस् तस्मिन् (સમા.દ્વ.) वृत्तेः अन्तः – वृत्यन्तः । (ષ.ત.) न वृत्यन्तः अवृत्यन्तः (नञ् त.)

(૧) उद्दिष्टमेतदध्ययनमथो एनदनुजानीत– આ ઉદ્દિષ્ટ અધ્યયન છે એની અનુજ્ઞા આપો. અહીં અન્વાદેશનાં વિષયમાં દ્વિતીયાનો પ્રત્યય હોવાથી અને વૃત્તિનો અન્તભાગ નહીં હોવાથી ત્યદાદિ સંબંધી एतद् સર્વનામનો एनद् આદેશ આ સૂત્રથી થાય છે.

(૨) एतकं साधुम् आवश्यकम् अध्यापय अथो एनमेव सूत्राणि – આ સાધુને આવશ્યક ભણાવો પછી એને જ સૂત્રો. (ભણાવો.) અહીં અન્વાદેશનાં વિષયમાં દ્વિતીયાનો પ્રત્યય પર છતાં અને વૃત્તિનો અન્તભાગ નહીં હોવાથી त्यदादि સંબંધી एतकद् સર્વનામને एनद् આદેશ આ સૂત્રથી થાય છે.

'अत्र साकः' – अक् સહિત एतद् હોય તેને પણ આ સૂત્ર લાગે છે. તે જણાવવાં આ દૃષ્ટાંત આપેલ છે.

(૩) एतेन रात्रिरधीता अथो एनेनाऽहरप्यधीतम्– એના વડે રાત્રે ભણાયું હવે એના વડે દિવસે પણ ભણાયું.

અહીં અન્વાદેશનાં વિષયમાં 'टा' પ્રત્યય પર છતાં અને વૃત્તિનો અન્તભાગ નહીં હોવાથી ત્યદાદિ સંબંધી एतद् નો एनद् આદેશ આ સૂત્રથી થયો છે.

(૪) एतयोः शोभनम् शीलमथो एनयोर्महती कीर्तिः – આ બેનું શીલ સારૂં છે. તેથી એ બેની મોટી કીર્તિ છે.

અહીં અન્વાદેશના વિષયમાં 'ओस्' પ્રત્યય પરમાં છે અને વૃત્તિનો અન્તભાગ નહીં હોવાથી ત્યદાદિ સંબંધી एतद् નો एनद् આદેશ આ સૂત્રથી થયો છે.

त्यदामिति किम् ? एतदं संगृहाण अथो एतदमध्यापय – એતદ્ (વ્યક્તિને) ગ્રહણ કરો અને એતદ્‌ને ભણાવો.

અહીં एतद् તે સંજ્ઞા વિશેષ છે (કોઈ વ્યક્તિ વિશેષનું નામ છે.) एतद् ત્યદાદિ સંબંધી સર્વનામ નહીં હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

अवृत्यन्त इति किम् ? अथो परमैतं पश्य ।

અહીં एतद् સર્વનામ વૃત્તિને અન્તે છે. કેમકે 'परमैतं' માં કર્મધારય સમાસ થયેલો છે. તેથી વૃત્તિના અન્તે હોવાથી આ સૂત્ર ન લાગ્યું. આ વાક્યમાં પાછળનો અર્ધભાગ છે. આખું વાક્ય કરવું હોય તો આ પ્રમાણે થાય. 'अयम् परमैषः – अथो परमैतं पश्य ।'

અહીં 'तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते ।' આ ન્યાયથી एतद् નાં ગ્રહણથી एतकद् નું પણ ગ્રહણ થઈ જાય છે.

### इदमः २.१.३४

**અર્થ :** વૃત્તિનો અન્ત ભાગ ન હોય તો દ્વિતીયાના પ્રત્યય, टा અને ओस् પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી इदम् સર્વ.ને અન્વાદેશનાં વિષયમાં 'एनत्' આદેશ થાય છે.

**ઉદા. –** उद्दिष्टमिदमध्ययनमथो एनदनुजानीत ।
अनेन रात्रिरधीता अथो एनेनाहरप्यधीतम् ।
अनयोः शोभनम् शीलम् अथो एनयोर्महती कीर्तिः ।

**વિવેચન :** પ્રશ્ન – આ સૂત્ર ઉપરનાં સૂત્રથી પૃથક્ શા માટે રચ્યું ?

**જવાબ :** નીચેનાં સૂત્રમાં અનુવૃત્તિ લઈ જવા માટે.

આ સૂત્ર टौस्यनः २.१.३७ અને दोमः स्यादौ २.१.३९ સૂત્રનું અપવાદ સૂત્ર છે.

### अद् व्यञ्जने २.१.३५

**અર્થ :** વૃત્તિનો અન્તભાગ ન હોય તો અન્વાદેશના વિષયમાં વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી 'इदम्' એ 'अ' રૂપે થાય છે.

**ઉદા. :** (१) इमकाभ्यां शैक्षकाभ्यां रात्रिरधीता अथो आभ्यामहरप्यधीतम् – આ બન્ને વિદ્યાર્થીવડે રાત્રે ભણાયું હવે તે બંને વડે દિવસે પણ ભણાયું. એજ પ્રમાણે इमकेषु अथो एषु ।

અહીં અન્વાદેશના વિષયમાં વ્યઞ્જનાદિ भ्याम् અને सु પ્રત્યય પર છતાં

તેમજ વૃત્તિનો અન્તભાગ નહીં હોવાથી इदकम् નો अ આદેશ આ સૂત્રમાં થયો છે.

अद् માં त् કાર ઉચ્ચારને માટે છે. અન્યથા अ નું પ્રથમા એ.વ. કરતાં 'सोरूः', 'घोषवति' વિ. સૂત્રો લગાડતાં 'ओ' થઈ જાય. જેથી કોઈ સમજી શકે નહીં.

'अनक्' ૨.૧.૩૬ સૂત્રમાં अक् પ્રત્યય વર્જીત इदम् નો अ આદેશ થાય છે. તેથી આ સૂત્રમાં अक् સહિત કાર્ય થશે.

પ્રશ્ન : 'व्यञ्जने' શબ્દથી વ્યઞ્જનાદિનું ગ્રહણ કેવી રીતે થયું ?

જવાબ : सप्तम्याः आदिः પરિભાષાથી...

પ્રશ્ન : ઉપર इदमः એ ષષ્ઠી એ.વ. છે. તેની અનુવૃત્તિ અહીં આવે છે. षष्ठ्यान्तस्य પરિભાષાથી इदम् નાં म् નો જ अ થાય તો અહીં આખા इदम् નો अ કેવી રીતે થાય ?

જવાબ : અહીં इदमः માં પ્રથમા વિભક્તિ સમજવી. 'अर्थवशात् विभक्ति विपरिणामः' ન્યાયથી પ્રથમા વિભક્તિ થાય.

## अनक् ૨.૧.૩૬

અર્થ : વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પરછતાં ત્યદાદિ સંબંધી अक् વર્જીત 'इदम्' 'अ' રૂપે થાય છે.

સૂત્રસમાસ : न विद्यते अक् यस्य सः - अनक् । (નઞ્ ત.)

વિવેચન : अनगिति किम् ? इमकाभ्याम् । અહીં इदम्-अक् સહિત છે. તેથી વ્યઞ્જનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં પણ આ સૂત્ર ન લાગ્યું.

त्यदामित्येव – अतीदम्भ्याम् – इमम् अतिक्रान्ताभ्याम् इति અહીં अतीदम् ને भ्याम् પ્રત્યય લાગેલ છે. તે ત્યદાદિ સંબંધી નથી રહ્યો પણ અન્યસંબંધી થઈ ગયો છે. માટે આ સૂત્ર ન લાગ્યું.

પૂર્વ સૂત્રથી આ સૂત્રને ભિન્ન રચવાનું કારણ અન્વાદેશની અનુવૃત્તિ અટકાવવા માટે છે. સાથે 'अवृत्यन्त'ની પણ નિવૃત્તિ થઈ છે.

પ્રશ્ન : ઉપરના સૂત્રમાં અને આ સૂત્રમાં શું ભિન્નતા છે ?

જવાબ : ઉપરોક્ત સૂત્ર અન્વાદેશમાં અને अक् સહિત હોય તો જ इदम् નો अद् આદેશ કરતું હતું જ્યારે આ સૂત્ર અન્વાદેશ વિના અને अक् રહિત હોય તો જ इदम् નો अद् આદેશ કરે છે.

૩૪-૩૫-૩૬ સૂત્રમાં इदम् સર્વ.નો (ત્યદાદિ સંબંધી) દ્વિતીયાનાં ત્રણ પ્રત્યય, टा અને ओस् પ્રત્યય પર છતાં અન્વાદેશનો વિષય હોય તો एनद् આદેશ થાય છે. એવી જ રીતે વ્યઞ્જનાદિ પ્રત્યય પર છતાં અન્વાદેશનો વિષય હોય તો इदम् નો अ આદેશ થાય છે. એનો અર્થ એ થયો કે અન્વાદેશ ન હોય ત્યારે अक् સહિત इदम् નો अ થાય નહીં. બાકી અન્વાદેશ પણ ન હોય અને अक् પણ ન હોય તો જ વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે જ इदम् નો अ ચાલુ સૂત્રથી થાય.

**टौस्यनः २.१.३७**

**અર્થ :** टा અને ओस् પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી अक् રહિત इदम् નો 'अन' આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** टाच ओस् च एतयोः समाहारः - टौस्, तस्मिन् । (સમા.દ્વ.)

**વિવેચન :** त्यदामित्येव — प्रियेदमा — प्रियः अयम् यस्य सः - प्रियेदम्, तेन प्रियेदमा - અહીં અન્યસંબંધી છે માટે આ સૂત્ર ન લાગ્યું.

अनक इत्येव - इमकेन - અહીં अक् સહિત इदम् છે માટે આ સૂત્ર ન લાગ્યું.

**अयमियम् पुंस्त्रियोः सौ २.१.३८**

**અર્થ :** सि પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી इदम् નો પુંલિંગ અને સ્ત્રી.માં અનુક્રમે अयम् અને इयम् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** अयं च इयं च इति अयमियम् । (ઈત.દ્વ.) लुप्त प्रथमा द्विवचनान्तं पदम् । આ અલૌકિક નિર્દેશ છે. અહીં પ્રથમા દ્વિવચનનો લોપ થયેલો છે. અન્યથા अयमियमौ થાત...

पुमांश्च स्त्री च पुंस्त्रियौ तयोः (ઈત.દ્વ.)

**વિવેચન :** त्यदामित्येव — अतीदं ना, अतीदं स्त्री ।

અહીં અન્યસંબંધી હોવાથી આ સૂત્ર લાગેલ નથી.

सि પ્રત્યય લાગતાં પું. માં 'अयम्' અને સ્ત્રી.માં 'इयम्' થાય એવું યથાસંખ્ય કરવું હોય તો 'अयमियमौ' કરવું જોઈતું હતું છતાં अयमियम् કર્યું છે તે અવ્યય તરીકે માનીને પ્રત્યયનો લોપ કરીને દ્વિવચનાન્ત પ્રયોગ કર્યો છે.

**दोमः स्यादौ २.१.३९**

**અર્થ :** સ્યાદિ પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી इदम् નાં द् નો म् થાય છે.

સૂત્રસમાસ : सिः आदिः यस्मिन् सः इति स्यादिः, तस्मिन् । (બહુ.)

વિવેચન : त्यदामित्येव –प्रियेदमौ– અહીં અન્યસંબંધી इदम् હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

અહીં સ્યાદિ ન લખ્યું હોત તો ઉપરથી सि નો અધિકાર આવત. પણ માત્ર 'सि પ્રત્યય પર છતાં' એ પ્રમાણે અહીં નથી લેવું પરન્તુ બધાં પ્રત્યય પર છતાં આ સૂત્ર લગાડવું છે માટે स्यादि લખ્યું છે.

**किमः कस्तसादौ च २.१.४०**

અર્થ : સ્યાદિ અને તસાદિ પ્રત્યય પરછતાં ત્યદાદિ સંબંધી किम् નો क આદેશ થાય છે.

સૂત્રસમાસ : तस् आदिः यस्य सः - तसादिः, तस्मिन् । (બહુ.)

વિવેચન : तसादौ चेति किम् ? किन्तराम् ।

અહીં 'द्वयोर्विभज्ये.' ७.३.६ થી तरप् પ્રત્યય લાગ્યો છે. तस् થી थम् સુધીનાં પ્રત્યયો तसादि કહેવાય છે. અને तरप् પ્રત્યય તેની પછીનો પ્રત્યય છે. માટે આ સૂત્ર ન લાગ્યું.

त्यदामित्येव – प्रियकिमौ ।

અહીં किम् અન્યસંબંધી હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

અહીં च એ સમુચ્ચયને માટે છે. સ્યાદિ અને તસાદિનો સમુચ્ચય કર્યો છે. નહીં તો 'चानुकृष्टं नाऽनुवर्तते ।' એ ન્યાયથી च કારથી ખેંચાએલી સ્યાદિની અનુવૃત્તિ નીચે જાય નહીં.

પ્રશ્ન : આ સૂત્રની રચના શા માટે ? 'आद्वेरस्तसादौ च' એવું સૂત્ર કરી આગળ 'इमः' એ પ્રમાણે સૂત્ર કર્યું હોત તો પણ ચાલત. કારણ કે द्वि અન્ત સુધીનાં ત્યદાદિ સર્વ.નાં અન્ત્યનો अ થાત અને किम् નાં इम् નો अ થાય. આ પ્રમાણે સૂત્ર કરવાથી લાઘવ પણ થાત.

જવાબ : વાત સાચી છે. પરન્તુ એમ કરવાથી अक् સહિત किम् નાં ककः, ककौ વિ. અનિષ્ટ રૂપો થાત. તેથી આ પ્રમાણેની રચના યથાયોગ્ય જ છે. अक् સહિત किम् હોય તો તેનો પણ क આદેશ જ થાય છે.

પ્રશ્ન : આ સૂત્રમાં तसादौ એમ શા માટે ગ્રહણ કર્યું ? કારણ કે तस् પ્રત્યય પર છતાં 'इतोऽतः कुतः' ७.२.९० થી આ પ્રમાણે નિપાતન કહેવાશે. પછી અહીં तसादि ની જરૂર જ નથી.

જવાબ : નીચેનાં સૂત્રમાં તો તેની જરૂર છે જ. અથવા તો थम् અન્ત સુધીનાં તસાદિ અહીં ગ્રહણ કરવાં છે તેવું જણાવવા માટે तसादौ આ સૂત્રમાં ગ્રહણ કર્યું છે.

**आद्वेरः २.१.४१**

અર્થ : સ્યાદિ પ્રત્યય અને તસાદિ પ્રત્યય પર છતાં 'द्वि' અન્ત સુધીનાં ત્યદાદિ સંબંધી સર્વનામનાં અન્ત્યનો अ આદેશ થાય છે.

સૂત્રસમાસ : द्वि शब्दम् अभिव्याप्य इति आद्विः तस्य ।

વિવેચન : त्यदामित्येव - अतितदौ- અહીં અન્યસંબંધી तद् હોવાથી આ સૂત્ર નથી લાગ્યું.

**तः सौ सः २.१.४२**

અર્થ : सि પ્રત્યય પર છતાં द्वि શબ્દ સુધીનાં ત્યદાદિ સંબંધી સર્વનામનાં त् નો स् આદેશ થાય છે.

વિવેચન : त्यदामित्येव – प्रियत्वत्–અહીં અન્યસંબંધી त्यद् હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

**अदसो दः सेस्तु डौ २.१.४३**

અર્થ : सि પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી अदस् નાં द् નો स् આદેશ થાય છે. અને ત્યારે सि પ્રત્યયનો डौ આદેશ થાય છે.

વિવેચન : त्यदामित्येव - अत्यदाः– અહીં अदस् એ અન્યસંબંધી હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

અન્ત્ય સ્વરાદિનો લોપ કરવાં માટે જ ड् ઈત્ કર્યો છે તેથી 'औता' ૧.૪.૨૦, 'एदापः' ૧.૪.૪૨, 'दीर्घङ्याब्...' ૧.૪.૪૫, 'अस्यायत्तत्...' ૨.૪.૧૧૦ નાં કાર્યો નહીં થાય. અન્યથા 'डौ' ને બદલે 'औ' એ પ્રમાણે જ કર્યું હોત તો પણ ચાલત.

**असुको वाऽकि २.१.४४**

અર્થ : सि પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી अक् પરમાં હોતે છતે अदस् નો असुक વિકલ્પે થાય છે.

વિવેચન : असुक ન થાય ત્યારે अदस् ને अक् લગાડીને अदकस् થાય. તે अस् અન્તવાળું છે. માટે 'अभ्वादेर'... ૧.૪.૯૦ ની પ્રાપ્તિ થશે. પરન્તુ 'आद्वेरः' ૨.૧.૪૧ સૂત્ર પર અને નિત્ય હોવાથી ૧.૪.૯૦ નો બાધ

કરીને ૨.૧.૪૧ જ લાગશે. માટે 'अदकअ' થયું. 'लुगस्या०' ૨.૧.૧૧૩ લાગી अदक+सि બન્યું હવે 'अदसो दः...' ૨.૧.૪૩ થી असकौ થયું.

## मोऽवर्णस्य ૨.૧.૪૫

અર્થ : अ વર્ણ અન્તે છે જેને એવા ત્યદાદિ સંબંધી अदस् નાં द् નો म् થાય છે.

વિવેચન : अमुदृशः – असौ इव दृश्यते इति ।

अदस्+दृश्+टक्+सि – त्यदाद्यन्य... ૫.૧.૧૫૨ થી टक् થયો.

अदआ+दृश्+टक्+सि – अन्यत्यदादेराः ૩.૨.૧૫૨ થી अदस् નાં स् નો आ થયો.

अदा+दृश्+टक्+सि – समानानां... ૧.૨.૧. થી દીર્ઘ થયું.

अमा+दृश्+टक्+सि – मोऽवर्णस्य ૨.૧.૪૫ થી द् નો म् થયો.

अमू+दृश्+टक्+सि – मादुवर्णोऽनु ૨.૧.૪૭ થી आ નો ऊ થયો.

अमूदृश+रु – सोरुः ૨.૧.૭૨ થી स् નો रु થયો.

अमूदृशः – रःपदान्ते... ૧.૩.૫૩ થી વિસર્ગ થયો.

अवर्णस्येति किम् ? अदः कुलम्– અહીં अ વર્ણાન્ત નથી. પરન્તુ स् અન્તે છે માટે આ સૂત્ર ન લાગ્યું.

## वाऽद्रौ ૨.૧.૪૬

અર્થ : अद्रि અન્તે હોતે છતે अदस् નાં द् નો म् વિકલ્પે થાય છે.

ઉદા. – अदमुयङ् अमुद्र्यङ् अमुमुयङ् अदद्र्यङ् ।

अदः अञ्चति इति क्विप्

– अदस्+अञ्च्+क्विप्+सि – किवप् ૫.૧.૧૪૮ થી

अदस्+डद्रि+अञ्च्+क्विप्+सि – 'सर्वादि विश्वग्...' ૩.૨.૧૨૨ સૂત્રથી डद्रि આગમ.

अद्+अद्रि+अञ्च्+क्विप्+सि – डित्यन्त्य... ૨.૧.૧૧૪ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

अद्+अद्रि+अच्+क्विप्+सि – अञ्चो... ૪.૨.૪૬ થી न् નો લોપ થયો.

अद्+अद्रि+अच्+सि – अप्रयोगीत् ૧.૧.૩૭ થી

अद्+अद्रि+अन्च्+सि – अचः ૧.૪.૬૯ થી ધુટ્‌ની પૂર્વે न् આગમ.

अद्+अद्रि+अञ्च्+सि – तवर्गस्य... ૧.૩.૬૦ થી न् નો ञ् થયો.

अदद्र्यञ्च्+सि – इवर्णादे... ૧.૨.૨૧ થી અસ્વ સ્વર પર છતાં इ નો य् થયો.

अदम्य्रञ्च्+सि – वाऽद्रौ ૨.૧.૪૬ થી अदस् નાં એક द् નો म् થયો.

अदमुयञ्च्+सि – मादुवर्णोऽनु ૨.૧.૪૭ થી म् પછીનાં વર્ણનો उ થયો.

अदमुयञ्च् – दीर्घङ्याब्... ૧.૪.૪૫ થી सि નો લોપ.

अदमुयञ् – पदस्य ૨.૧.૮૯ થી च् નો લોપ.

अदमुयन् – 'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः' નિમિત્ત દૂર થયે છતે નૈમિત્તિકનો પણ અભાવ થાય છે. તેથી च् નાં યોગમાં न् નો ञ् થયો હતો. હવે च् નો લોપ થયો તેથી તેનાં નિમિત્તે થયેલાં ञ् નો પણ અભાવ થયો. એટલે કે न् થઈ ગયો.

**अदमुयङ्** – युजञ्च... ૨.૧.૭૧ થી न् નો ङ् થયો.

**अमुद्र्यङ्** – જ્યારે પ્રથમ द् નો म् અને તેનાં પછીનાં વર્ણનો उ થાય ત્યારે આ પ્રમાણે રૂપ થાય.

**अमुमुयङ्** – જ્યારે બંને द् નો म् અને બંને म् પછીનાં વર્ણનો उ થાય ત્યારે આ પ્રમાણે રૂપ થાય.

**अदद्र्यङ्** – વિકલ્પ પક્ષે જ્યારે द् નો म् ન થાય ત્યારે...

**વિવેચન :** અહીં वा વ્યવસ્થિત વિભાષા માટે છે. વિકલ્પ માટે નથી.

परतः केचिदिच्छन्ति, केचिदिच्छन्ति पूर्वतः ।
उभयोः केचिदिच्छन्ति, केचिदिच्छन्ति नोभयोः ॥

કેટલાંક अद्रि નાં द् નો म् માને છે.
કેટલાંક अदस् નાં द् નો म् માને છે.
કેટલાંક अदस् અને अद्रि બંનેનાં द् નો म् માને છે.
કેટલાંક अदस् અને अद्रि બેમાંથી એકેય द् નો म् માનતાં નથી.
તેથી ઉપરોક્ત પ્રમાણે ચાર રૂપ સિદ્ધ થયાં.

## मादुवर्णोऽनु ૨.૧.૪૭

**અર્થ :** अदस् નાં म् ની પરમાં રહેલાં વર્ણનો બધું કાર્ય કર્યા પછી उ વર્ણ થાય છે.

**વિવેચન :** अन्विति किम् ? अमुष्मै, अमुष्मिन् ।

આ બંને પ્રયોગમાં બધું કાર્ય કર્યા પછી આ સૂત્ર લગાડ્યું. તેથી अमुष्मै અને अमुष्मिन् રૂપો બની શક્યાં. જો પહેલાં આ સૂત્ર લગાડ્યું હોત

તો અમુ બની જાય તેથી અકારાન્ત રહે નહી. અને તેથી 'सर्वादेः स्मै स्मातौ' અને 'ङेः स्मिन्' સૂત્રથી स्मै અને स्मिन् આદેશ ન થાય. તેથી આ રૂપોની સિદ્ધિ ન થઈ શકે. પણ अमु+ङे-ङि નાં इवर्णादे... થી अम्वे-अम्वि આવાં અનિષ્ટ રૂપ થાત.

અહીં अमुष्मै-अमुष्मिन् રૂપો સિદ્ધ કરવાં માટે સૂત્રમાં अनु નું ગ્રહણ કર્યું છે. તેથી ધાતુ સંબંધી અને પ્રત્યય સંબંધી સર્વ ફેરફાર કર્યા પછી આ સૂત્ર લગાડાય છે.

પ્રશ્ન : अमुष्मै માં જે स्मै આદેશ થયો છે તે ङे (ङित्) ના સ્થાનમાં થયેલો હોવાથી आदेशः आदेशी इव स्यात्। એ ન્યાયથી ङित्यदिति ૧.૪.૨૩ સૂત્ર લાગીને પૂર્વના उ નો ओ થાય ?

જવાબ : ન થાય. કારણ કે ङित्यदिति ૧.૪.૨૩ સૂત્રમાં જે अदिति (नदिति इति अदिति) માં ને નઞ્ છે તે પર્યુદાસ નઞ્ નો આશ્રય લીધો છે. અને પર્યુદાસનઞ્ તત્સદશનું ગ્રહણ કરે છે. તેથી જેમ અહીં द् ઈત્ વાળાં अङित् પ્રત્યય પરછતાં ગુણ થતો નથી. તેમ આ સૂત્રથી બનેલા उ કારનો પણ ओ થતો નથી. પરન્તુ સાક્ષાત્ જે પહેલેથી શબ્દમાં इકાર કે उકાર છે તેનો જ एકાર કે ओકાર થાય છે. જો ङित्यदिति થી ओ કરવા જઈએ તો સ્થાનિવદ્ભાવથી उ જેના સ્થાનમાં થયો છે તે अ જ મનાય છે. તેથી હવે ङित्यदिति થી उ નો ओ થાય નહીં.

પ્રશ્ન : આ સૂત્રમાં मात् માં પંચમી વિભક્તિ છે. તેથી उ વર્ણ એ પંચમીથી નિર્દેશ કરાયેલોછે. તેથી તેને अनन्तः.... ૧.૧.૩૮ થી उ વર્ણને પ્રત્યય સંજ્ઞા કેમ ન થઈ ?

જવાબ : જો उ વર્ણને પ્રત્યય સંજ્ઞા કરીએ તો अदो मु-मी ૧.૨.૩૫ એ સૂત્રમાં मुમાં રહેલો જે 'उ' છે તેને પણ પ્રત્યય સંજ્ઞા થશે. પણ ત્યાં એવું કર્યું નથી.

अदस् માં द् નો 'मोऽवर्णस्य'થી જે म् થયો છે તે अदस् સંબંધી છે તેમ આ સૂત્રથી उ જે બન્યો છે તે પણ अदस् સંબંધી છે. अदस् એ સ્થાની છે. માટે अदस् માં द् નાં સ્થાનમાં થયેલો म् અને उ વર્ણ તે પણ સ્થાની કહેવાશે. માટે તેમાં જો પ્રત્યય સંજ્ઞા કરીએ તો તેમાં સ્થાનીપણું નહીં ઘટે અને अदो मु-मी સૂત્રમાં अदस् સંબંધી मु मी એ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાથી સ્થાનીપણું પ્રાપ્ત થયું છે તે જ બતાવે છે કે પંચમીના

નિર્દેશથી અહીં उ વર્ણને પ્રત્યય સંજ્ઞા થાય નહીં.

आसन्नः પરિભાષાથી હ્રસ્વ સ્વર હોય તો હ્રસ્વ उ અને દીર્ઘ સ્વર હોય તો દીર્ઘ ऊ કરવો.

### प्रागिनात् ૨.૧.૪૮

**અર્થ :** अदस् સર્વનામનાં म् થી પર રહેલાં વર્ણનો (टा નાં સ્થાને) इन આદેશથી પૂર્વે उ વર્ણ થાય છે.

**વિવેચન :** इनादिति किम् ? अमुया – અહીં अमुया તે સ્ત્રી. હોવાથી इन થવાનો સંભવ જ નથી.

मादुवर्णोऽनु માં अनु ન લખ્યું હોત તો 'अमुया' આ પ્રયોગમાં अमा+आ માં आ નો ए આદેશ કરતાં પૂર્વે मादुवर्णोऽनु સૂત્રથી उ આદેશ થાય તો इवर्णादे... થી 'अम्वा' પ્રયોગ થાત પરન્તુ अनु લખ્યું છે તેથી 'टौस्येत्' થી या પ્રત્યય પર છતાં પૂર્વનાં आ નો ए થઈ एदैतोऽयाय् થી अय् થયાં પછી मादुवर्णोऽनु લાગે, તેથી 'अमुया' પ્રયોગ સિદ્ધ થાય છે.

આ સૂત્ર ૨.૧.૪૭ નું અપવાદ સૂત્ર છે.

### बहुष्वेरीः ૨.૧.૪૯

**અર્થ :** બ.વ.માં વર્તમાન अदस् નાં म् થી પરમાં રહેલાં ए નો ई થાય છે.

**વિવેચન :** एरिति किम् ? अमूः स्त्रियः । અહીં બ.વ.માં વર્તતાં अदस् નાં म् ની પરમાં ए નથી. પરન્તુ आ છે. તેથી આ સૂત્ર ન લાગ્યું.

एद्बहुस्भोसि થી अ નો ए થયાં પછી આ સૂત્રથી ए નો ई થાય છે.

**પ્રશ્ન :** 'अमुके' માં 'म्' પછી ए છે. તો इ કેમ ન થયો ? કારણ કે 'तन्मध्य पतितस्तद् ग्रहणेन गृह्यते ।' એ ન્યાયથી अक् સહિત अदस् નાં म् પછીનાં ए નો ई થવો જોઈએ ને ?

**જવાબ :** સાચી વાત છે. છતાં પણ म् પછી उ નું વ્યવધાન હોવાથી ए નો ई થયો નથી. અનંતર ए હોય તોજ ई થાય.

### धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये ૨.૧.૫૦

**અર્થ :** સ્વરાદિ પ્રત્યય પર છતાં તેની પૂર્વના ધાતુ સંબંધી इ વર્ણ અને उ વર્ણનો અનુક્રમે इय्–उव् થાય છે.

**સૂત્રસમાસ :** इ वर्णश्च उ वर्णश्च एतयोः समाहारः - इवर्णोवर्णम् तस्य । (સમા.દ્વ.)
इय् च उव् च एतयोः समाहारः - इयुव् । (સમા.દ્વ.)

**ઉદા. :** नियौ–लुवौ । नि ધાતુ અને लू ધાતુને क्विप् પ્રત્યય લાગીને નામ

બનવાથી औ પ્રત્યય લાગ્યો. અને આ સૂત્ર લાગી नियौ-लुवौ થયું.
लू શબ્દનાં રૂપો-સાધનિકા नीवत् જાણવી. માત્ર उ નો उव् થાય.
नी = લઈ જનાર, लू = છેદનાર.
अधि+इ = ભણવું (આ અર્થમાં આ ધાતુ સાથે अधि જ વપરાય છે.)
अधि+इ+अन्ते – अनतोन्तोदात्मने ૪.૨.૧૧૪ થી 'अते' અને આ સૂત્રથી इय् થવાથી अधीयते બન્યું.
लू = કાપવું. लू+उस् – लूलू+उस् - द्विर्धातुः परोक्षा... ૪.૧.૧ થી દ્વિરુક્ત.
लुलू+उस् - ह्रस्वः ૪.૧.૩૯ થી દ્વિરુક્ત પૂર્વનો लू હ્રસ્વ.
लुलुवुः - આ સૂત્રથી उस् ની પૂર્વનાં ऊ નો उव्...
प्रत्यये इति किम्? न्यर्थः, ल्वर्थः। नियोऽर्थः અને लुवोऽर्थ ષષ્ઠી. તત્પુ. સમાસ છે તેમાં ની અને लू નાં અનુક્રમે ई અને ऊ પછી अर्थ શબ્દમાં સ્વરછે. પણ તે પ્રત્યય સંબંધી નથી. શબ્દનો સ્વરછે. માટે આ સૂત્રથી इय्-उव् થયો નથી. તેથી 'इवर्णादे...' થી य्-व् અનુક્રમે થયો છે.
नयनम् અને नायक માં અનુક્રમે नी+अनट्, अनट् ૫.૩.૧૨૪ થી अनट् પ્રત્યય અને नीं+णक्, णक तृचौ ૫.૧.૪૮ થી णक् પ્રત્યય લાગ્યો. જોકે અહીં આ સૂત્ર લાગવાની પ્રાપ્તિ તો હતી જ. પરન્તુ આ સૂત્રની અપેક્ષાએ नामिनो गुणो... ૪.૩.૧ અને नामिनोऽकलि... ૪.૩.૫૧ આ બે સૂત્ર પરસૂત્ર હોવાથી અનુક્રમે ગુણ-વૃદ્ધિ થયાં. नयन = લઈ જવું નાં રૂપો वनवत्. नायक = લઈ જનાર, નેતા નાં રૂપો देववत्.

વિવેચન : **પ્રશ્ન** – અહીં नियौ-लुवौ તે તો નામ બનેલુંછે. જ્યારે અહીં ધાતુ સંબંધી इ અને उ ની વાત છે. તો આ સૂત્ર નામને કેવી રીતે લાગે ?

જવાબ : સાચી વાત છે. પરન્તુ 'क्विबन्ताः धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते।' એ ન્યાયથી क्विप् અન્તવાળાં શબ્દો ધાતુપણાંનો ત્યાગ કરતાં નથી. અને શબ્દપણાંનો સ્વીકાર કરે છે. તેથી આ સૂત્ર લાગી શક્યું.

इवर्णादे... નો અપવાદ આ સૂત્ર છે. इ નો इय् અને उ નો उव् થાય તે માટે આ સૂત્ર બનાવ્યું. તેમજ ગુણ-વૃદ્ધિ થવાની પ્રાપ્તિ ન હોય ત્યારે આ સૂત્ર લાગે છે. કારણ કે ગુણ-વૃદ્ધિ થવાનાં સૂત્રો પરમાં આવે છે. તેથી 'पूर्वात् परम्' ન્યાયથી ગુણ-વૃદ્ધિની પ્રાપ્તિ હોય ત્યાં સુધી ગુણવૃદ્ધિ જ કરવી.

પ્રશ્ન : 'प्रत्यया प्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् ।' એ ન્યાયથી પ્રત્યયનું જ ગ્રહણ થવાનું હતું છતાં સૂત્રમાં પ્રત્યયનું ગ્રહણ કેમ કર્યું છે ?

જવાબ : સાચી વાત છે. પરન્તુ 'न्यायाः स्थविरयष्टिप्रायाः' આવો પણ ન્યાય છે. આ ન્યાયથી પ્રથમ ન્યાય અનિત્ય થાય છે. તેથી કોઈ પ્રત્યયનું ગ્રહણ ન કરે અને 'સ્વર પર છતાં' એવો અર્થ કરે તે માટે આ સૂત્રમાં પ્રત્યયનું ફરીથી ગ્રહણ કરેલ છે.

'इवर्णोवर्णस्य' ને બદલે 'युवर्णस्य' એવું સૂત્ર કરવું જોઈતું હતું. છતાં જે 'इवर्णोवर्णस्य' કર્યું છે તે સૂત્રોની કૃતિ (રચના) વિચિત્ર હોય છે તે બતાવવા માટે જ છે.

અત્યાર સુધી શબ્દનું પ્રકરણ ચાલતું હતું હવે ધાતુ પ્રકરણ ચાલુ થયું છે તેથી આ સૂત્રમાં 'धातोः'નું ગ્રહણ કર્યું છે.

## इणः २.१.५१

અર્થ : સ્વરાદિ પ્રત્યય પર છતાં इण् (इ) ધાતુનો 'इय्' આદેશ થાય છે.

ઉદા. — ईयतुः, ईयुः - ई = જવું. इ+अतुस्, उस्.

इइ+अतुस्, उस् — द्विर्धातुः परोक्षा... ૪.૧.૧ થી દ્વિરુક્ત.

इइय्+अतुस्, उस् - આ સૂત્રથી इ નો इय् થયો.

ईय्+अतुस्, उस् — समानानां तेन... ૧.૨.૧ થી દીર્ઘ.

ईयतुः ईयुः - "सोरुः" - "रः पदान्ते.''..થી વિસર્ગ.

વિવેચન : પ્રશ્ન — આ સૂત્રમાં इ નો इय् કરવાનું જે કહ્યું છે તે ઉપરના સૂત્રથી સિદ્ધ જ હતું છતાં આ સૂત્ર શા માટે કર્યું ?

જવાબ : इ નો इय् કરનાર સૂત્ર ૨.૧.૫૦ છે તેનું બાધક સૂત્ર ૨.૧.૫૬ છે. કારણ કે અનેક સ્વરી ધાતુના इ નો य् થાય છે. અહીં इ ધાતુ પણ દ્વિરુક્ત થયા પછી અનેકસ્વરી છે તેથી તેનો પણ બાધ કરીને इ નો इय् જ કરવો છે. તેથી આ સૂત્ર બનાવ્યું છે.

હવે એમાં योऽनेकस्वरस्य ૨.૧.૫૬ અને ह्विणोरप्वि... ૪.૩.૧૫ આ બે સૂત્ર છે. તે બન્ને સૂત્રોમાં इ નો य् થાય છે. તો આ સૂત્ર માત્ર ૨.૧.૫૬ નો જ બાધ કરશે. એટલે ईयतुः રૂપ બનશે. પરન્તુ ૪.૩.૧૫ નો બાધ નહીં કરે. તેથી ૪.૩.૧૫ થી 'यन्ति' રૂપ બનશે. કારણ કે ન્યાય છે કે 'पूर्वेऽपवादानन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् ।' આ

ન્યાયથી પૂર્વનો અપવાદ એ અનન્તર વિધિનો બાધ કરે છે. ઉત્તર વિધિનો બાધ કરતો નથી. તેથી અનન્તર વિધિ એવાં ૨.૧.૫૬ નો બાધ કરશે. પરન્તુ ઉત્તરવિધિ એવાં સૂત્રોનો બાધ નહીં કરે.

ઈયતુઃ માં દ્વિત્વ કરાયે છતે 'वर्णात् प्राकृतं बलीयः' આ ન્યાયથી પહેલાં इय् આદેશ થાય અને પછી દીર્ઘ થાય.

**संयोगात् ૨.૧.૫૨**

**અર્થ :** સ્વરાદિ પ્રત્યય પર છતાં ધાતુ સંબંધી સંયોગથી પર રહેલાં इ વર્ણ અને उ વર્ણનો અનુક્રમે इय्-उव् આદેશ થાય છે.

**ઉદા. :** यवक्री = જવ ખરીદનાર

यवान् क्रीणाते इति यवक्रियौ ।

यव+क्री+क्विप् - क्विप् ૫.૧.૧૪૮ થી क्विप् પ્રત્યય.

कटप्रू = સાદડી બનાવનાર कटेन प्रवेते इति कटप्रुवौ ।

कट+प्रू+क्विप् - दिद्युद् ददृद्... ૫.૨.૮૩ થી क्विप् પ્રત્યય. क्विबन्त નામ બની તે બંનેને औ પ્રત્યય.

क्विब्वृत्तेर सुधिमस्तौ ૨.૧.૫૮ સૂત્રથી અનુક્રમે य् અને व् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે બાધ કરી અનુક્રમે इय् અને उव् કર્યો. માટે यवक्रियौ અને कटप्रुवौ ।

यवक्री નાં રૂપો नी वत् , कटप्रू નાં રૂપો लूवत्

श्रि = આશ્રય કરવો. शिश्रियुः – श्रि ધાતુનું પરોક્ષા ત્રીજો પુ.બ.વ.

श्रि+उस् – श्रिश्रि+उस् - द्विर्धातुः... ૪.૧.૧ થી દ્વિરુક્તિ.

शिश्रि+उस् – व्यञ्जनस्या... ૪.૧.૪૪ થી અનાદિ વ્યઞ્જનનો લોપ.

હવે અહીં योऽनेकस्वरस्य ૨.૧.૫૬ થી પ્રાપ્ત य् નો બાધ કરીને આ સૂત્રે इय् કર્યો તેથી शिश्रिय्+उस्...सोरुः – रः पदान्ते...... થી शिश्रियुः ।

**વિવેચન :** योऽनेकस्वरस्य ૨.૧.૫૬, क्विब्वृत्ते... ૨.૧.૫૮ આ બંને સૂત્રનું આ અપવાદ સૂત્ર છે.

**भ्रू-श्नोः ૨.૧.૫૩**

**અર્થ :** भ्रू નામ અને श्नु પ્રત્યયનાં સંયોગથી પર રહેલાં उ વર્ણનો સ્વરાદિ પ્રત્યય પર છતાં उव् થાય છે.

**સૂત્રસમાસ :** भ्रूश्च श्नुश्च एतयोः समाहारः - भ्रूश्नु, तस्य (સમા.દ્વ.)

**ઉદા. :** भ्रुवौ - भ्रू+औ ચાલુ સૂત્રથી उव् થઈ भ्रुवौ થયું.

भ्रू = ભ્રમર

आप्नुवन्ति – आप् = મેળવવું आप्+श्नु+अन्ति આ સૂત્રથી उव् થયું.
संयोगादित्येव - चिन्वन्ति અહીં नु નો उ છે તે સંયોગથી પરમાં નથી. માટે આ સૂત્ર ન લાગ્યું. પણ इवर्णादे... ૧.૨.૨૧ થી व् થયો છે.

**વિવેચન :** 'अपेक्षातोऽधिकारः' એ ન્યાયથી 'धातोः'નો અધિકાર મંડુકપ્લુતિ ન્યાયથી આગળ લઈ જશે. અહીં 'धातोः'નું કોઈ પ્રયોજન નથી. માટે ટીકામાં 'धातोः' લીધું નથી. 'भ्रू-श्नु' એ ધાતુ નથી છતાં પણ તેનાં उ નો उव् કરવો છે. અને તેની પછીનાં ૨.૧.૫૪ અને ૨.૧.૫૫ એ બે સૂત્રોમાં 'स्त्री' એ ધાતુ નથી શબ્દ છે. તેનો પણ 'इय्' કરવો છે. તેથી આ ત્રણ સૂત્રો પ્રાસંગિક તરીકે અહીં લઈ લીધાં છે. તેની પછીનાં ૨.૧.૫૬ વિ. સૂત્રોમાં 'धातोः'નો અધિકાર મંડુકપ્લુતિ ન્યાયથી આગળ આવશે.

### स्त्रियाः ૨.૧.૫૪

**અર્થ :** સ્વરાદિ પ્રત્યય પર છતાં 'स्त्री'નાં इ વર્ણનો इय् થાય છે.

**વિવેચન :** પ્રશ્ન – ઉપરનાં સૂત્રની સાથે આ સૂત્ર લીધું હોત તો શું વાંધો હતો ?

**જવાબ :** નીચે અનુવૃત્તિ લઈ જવાં માટે સૂત્રની ભિન્ન રચના કરી છે.
'शस्त्री' શબ્દસંબંધી સ્ત્રી શબ્દ અનર્થક હોવાથી આ સૂત્ર લાગતું નથી.

**પ્રશ્ન :** આ સૂત્રમાં સ્વરાદિ પ્રત્યય પર છતાં इय् આદેશ થાય છે. इदुतोऽस्त्रे... ૧.૪.૨૧ સૂત્ર કરતાં આ પર સૂત્ર છે. તેથી 'पूर्वात् परम्' ન્યાયથી આ સૂત્ર પ્રથમ લાગે છે. તો પછી ૧.૪.૨૧ સૂત્રમાં स्त्री નું વર્જન શા માટે કર્યું ? આ સૂત્ર બનાવવાથી ૧.૪.૨૧ સૂત્ર લાગવાનું જ ન હતું તેથી स्त्री નું વર્જન નિષ્ફળ બને છે.

**જવાબ :** સાચી વાત છે. 'परेणाऽपीयादेशेनेत्कार्यं न बाध्यते ।' પર એવાં પણ इय् આદેશ વડે 'इत्' નું કાર્ય બાધ પામતું નથી. આ ન્યાય હોવાનાં કારણે 'स्त्रियाः' પર સૂત્ર હોવા છતાં પણ 'इदुतोऽ...' ૧.૪.૨૧ સૂત્રનું બાધક સૂત્ર બનતું નથી. માટે ૧.૪.૨૧ સૂત્ર જ લાગશે. હવે જો ૧.૪.૨૧ સૂત્રમાં स्त्री નું વર્જન ન કર્યું હોત તો अतिस्त्रि+औ = अतिस्त्री એવું અનિષ્ટ રૂપ થાત. પણ अतिस्त्रियौ ન થાત. માટે જ ૧.૪.૨૧ સૂત્રમાં स्त्री નું વર્જન કર્યું છે.

તેવી જ રીતે 'स्त्रीणाम्' રૂપમાં પણ स्त्री+आम् માં પ્રત્યય સ્વરાદિ હોવાથી 'स्त्रियाः' સૂત્ર જ લાગવાની પ્રાપ્તિ હતી. પરન્તુ 'वेयुवोऽस्त्रियाः' ૧.૪.૩૦ સૂત્રમાં સ્ત્રીનું વર્જન કરે છે. તે જ બતાવે છે કે પર સૂત્રમાં

જે इय्-उव् - यत्व વિ. કાર્ય બતાવ્યાં છે. તેની પૂર્વે જ ઉપરોક્ત ન્યાયથી स्त्री નાં इत् આશ્રયીને જે કાર્ય બતાવ્યું છે તે થાય છે માટે તે સૂત્રમાં स्त्री નું વર્જન ન કર્યું હોત તો 'आमोनाम् वा' ૧.૪.૩૧ સૂત્ર લાગત. પણ વિકલ્પે आम् નો नाम् નથી કરવો. માટે स्त्री નું વર્જન કર્યું છે. તેથી ह्रस्वाऽऽपश्च ૧.૪.૩૨ થી 'स्त्रीणाम्' થયું છે.

### वाऽम् शसि ૨.૧.૫૫

**અર્થ :** अम् અને शस् પ્રત્યય પર છતાં स्त्री શબ્દનાં इ વર્ણનો इय् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :** अम् च शस् च - एतयोः समाहारः, अम्शस्, तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન :** પ્રશ્ન – અહીં સૂત્રમાં अम् નું જ ગ્રહણ શા માટે કર્યું ? आम् પણ (ષષ્ઠી બ.વ.નો) લઈ શકાય ને ?

**જવાબ :** અહીં ષષ્ઠી બ.વ.નો आम् ગ્રહણ ન થઈ શકે કારણ કે ह्रस्वाऽऽपश्च ૧.૪.૩૨ થી स्त्री થી પર आम् નો नाम् થાય. અને नाम् વ્યંજનાદિ પ્રત્યય છે. સ્વરાદિ નથી. અહીં સ્વરાદિ પ્રત્યય લેવો છે.
તેમજ शस् ના સાહચર્યથી शस् દ્વિતીયા બ.વ.નો પ્રત્યય છે. તેથી अम् પણ દ્વિતીયા એ.વ.નો પ્રત્યય જ આવશે.

**પ્રશ્ન :** शस् પ્રત્યય દ્વિતીયા બ.વ.નો છે તેવી રીતે તદ્ધિતનો પ્રત્યય પણ છે. તો તેનું સાહચર્ય કેવી રીતે લેશો ?

**જવાબ :** સાચી વાત છે. પણ તદ્ધિતમાં शस् પ્રત્યય સંખ્યાવાચીમાં જ વપરાય છે. જ્યારે 'स्त्री' શબ્દ સંખ્યાર્થક નથી. તેમજ शस् એ તદ્ધિતમાં વ્યંજનાદિ પ્રત્યય છે. જ્યારે અહીં સ્વરાદિ પ્રત્યય જ લેવાનો છે માટે તદ્ધિતનો शस् પ્રત્યય લેવાય નહીં. દ્વિતીયા બ.વ.નો પ્રત્યય જ ગ્રહણ થશે. અને તેના સાહચર્યથી अम् પણ દ્વિતીયા એ.વ.નો જ પ્રત્યય ગ્રહણ થશે.

### योऽनेकस्वरस्य ૨.૧.૫૬

**અર્થ :** સ્વરાદિ પ્રત્યય પર છતાં અનેકસ્વરી ધાતુના इ વર્ણનો य् થાય છે.

**સૂત્રસમાસ :** न एकः अनेकः । (નઞ્ તત્પુ.) अनेकः स्वरः यस्य सः अनेकस्वरः, तस्य । (બહુ.)

**ઉદા. :** चि = એકઠું કરવું चिच्युः - चि+उस्.
चिचि+उस् - द्विर्धातुः परोक्षा... ૪.૧.૧ થી દ્વિરુક્તિ.

આ સૂત્રથી य् તેમજ सोरुः, रःपदान्ते... થી વિસર્ગ. चिच्युः.

निन्युः - नी+उस् ૪.૧.૧ થી नीनी+उस्.

निनी+उस् - ह्रस्वः૪.૧.૩૯ થી દ્વિરુક્ત ધાતુના પૂર્વનો સ્વર હ્રસ્વ.

निन्युः - આ સૂત્રથી य् सोरुः, रः पदान्ते..... થી વિસર્ગ થયો.

पतिम् इच्छति इति क्विप् पतीयति ।

पति+क्यन्+ति - अमाव्ययात्... ૩.૪.૨૩ થી क्यन् પ્રત્યય.

पतीयति - दीर्घश्च्वि૦૪.૩.૧૦૮ થી क्यन् પર છતાં પૂર્વનો સ્વરદીર્ઘ.

पतीयति इति क्विप्-'पतीय' એ નામ બન્યું.

पतीय् - अतः ૪.૩.૮૨ થી अ નો લોપ.

पती+ङि - य्वोः प्वय्... ૪.૪.૧૨૧ થી य् નો લોપ. पत्यि આ સૂત્રથી इ નો य् થયો.

**વિવેચન :** पत्यि - અહીં ક્વિબન્ત હોવાથી 'क्विबन्ताः धातुत्वं नोज्झन्ति... ।' એ ન્યાયથી અહીં આ સૂત્ર લાગશે. નહીં તો આ સૂત્ર લાગી શકત નહીં. તેમાં પણ મૂળથી અનેકસ્વરી હોય તેને આ સૂત્ર લાગે છે. પણ સમાસ બની ગયાં પછી અનેકસ્વરીને આ સૂત્ર લાગતું નથી.

### स्यादौ वः २.१.५७

**અર્થ :** સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં અનેકસ્વરી ધાતુનાં उ વર્ણનો व् આદેશ થાય છે.

**વિવેચન :** स्यादाविति किम् ? लुलुवुः ।

અહીં સ્યાદિ પ્રત્યય પરમાં નથી. પરન્તુ ત્યાદિ પ્રત્યય છે. તેથી 'धातोरिवर्णो...' ૨.૧.૫૦ થી उव् થયો. આ સૂત્ર લાગ્યું નથી. અન્યથા लुल्वुः એવું અનિષ્ટ રૂપ થાત.

वसू = ધનને ઇચ્છનાર.

### क्विब् वृत्तेरसुधियस्तौ २.१.५८

**અર્થ :** સુધી શબ્દને વર્જીને અન્ય શબ્દની ક્વિબન્ત સાથેની જ જે વૃત્તિ (સમાસાદિ) તે સંબંધી ધાતુનાં इ વર્ણ અને उ વર્ણનો સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે य् અને व् થાય છે.

**સૂત્રસમાસ :** क्विपा वृत्तिः इति क्विब्वृत्तिः तस्याः । (તત્પુ.)

न सुधीः - असुधीः, तस्याः । (નञ् તત્પુ.)

ઉદા. : उर्ध्वं नयतिं इति उन्नी— ઉંચે લઈ જનાર उद्+नी+क्विप्.

सुष्ठु लुनाति इति सुलू - સારી રીતે કાપનાર. सु+लु+क्विप्. नी અને लू ને क्विप् પ્રત્યય લાગી નામ બન્યું.

उद् ઉપસર્ગનો માત્ર क्विप् પ્રત્યયાન્ત એવા नी નામની સાથે અને सु ઉપસર્ગનો માત્ર क्विप् પ્રત્યયાન્ત એવા लू નામની સાથે गतिक्वन्यस्तत्पुरुषः ૩.૧.૪૨ થી તત્પુ. સમાસ થયો છે. તેથી उन्नी અને सुलू બે નામ થયાં. तृतीयस्य... ૧.૩.૧. થી उद् નાં द् નો न् થયો છે. હવે उन्नी+औ અને सुलू+जस् માં ई અને ऊ નો અનુક્રમે य् અને व् આ સૂત્રથી થયાં. उन्नी નાં રૂપો वसूवत् પરન્તુ इ નો य् થાય.

ग्रामं नयति इति क्विप् ग्रामणी = ગામમાં લઈ જનાર - મુખી.

खलं पुनाति इति क्विप् खलपू = સ્થાન સાફ કરનાર - વાસીંદું વાળનાર.

ग्राम નો માત્ર क्विप् પ્રત્યયાન્ત नी નામની સાથે અને खल् નો માત્ર क्विप् પ્રત્યાન્ત पू નામની સાથે સમાસ થયો છે.

ङस्युक्तं कृता ૩.૧.૪૯ થી તત્પુ. સમાસ થયોછે. તેમજ ग्रामाऽग्रान्नियः ૨.૩.૭૧ થી ग्रामणी નાં न् નો ण् થયો છે.

આ રીતે ग्रामणी અને खलपू બે નામ થયાં હવે ग्रामणी+औ અને खलपू+जस् માં ई અને ऊ નો આ સૂત્રથી અનુક્રમે य् અને व् થયાં. તેથી ग्रामण्यौ - खलप्वः । खलपू નાં રૂપો વિ. ग्रामणीवत् પરંતુ उ નો व् થશે.

આ બધામાં સ્યાદિ પ્રત્યય આવતાં પૂર્વે જ ક્વિબન્તની સાથે સમાસ થયો છે.

क्विबिति किम् ? परमौ नियौ = परमनियौ ।

અહીં ક્વિબન્ત એવા नी નામને પ્રથમ સ્યાદિ પ્રત્યય લાગ્યો. અને પછી તેની સાથે परम નામનો કર્મ. સમાસ થયો છે.

આ સૂત્રમાં તો માત્ર ક્વિબન્ત નામની સાથે સમાસ થયો હોય તો જ આ સૂત્ર લાગે. અહીં સ્યાદિ પ્રત્યય લાગ્યા પછી સંમાસ થયોછે. તેથી આ સૂત્ર ન લાગતાં धातोरिवर्णो... ૨.૧.૫૦ સૂત્ર લાગી ई નો इय् આદેશ થયો છે.

वृत्तिरिति किम् ? नियौ कुलस्य ।
અહીં વૃત્તિ સંબંધી ની નથી. માટે આ સૂત્ર લાગ્યું નથી. પરન્તુ ધાતોરિવર્ણો... ૨.૧.૫૦ થી ઈ નો इय् આદેશ થયો છે.
असुधिय इति किम् ? सुधियः । सुष्ठु ध्यायति इति क्विप् - सुधी = સારી રીતે ધ્યાન ધરનાર. આ સૂત્રમાં સુધી શબ્દનું વર્જન કર્યું છે તેથી શક્યતા હોવા છતાં આ સૂત્ર ન લાગતાં ૨.૧.૫૦ થી ઈ નો इय् આદેશ થયો છે.

**વિવેચન :** પ્રશ્ન – સૂત્રમાં एव કાર શા માટે ?

**જવાબ :** સીધો क्विप् પ્રત્યયાન્ત નામ સાથે જ સમાસ હોય તો જ આ સૂત્ર લાગે પણ પહેલાં ક્વિબન્ત થઈને સ્યાદિ પ્રત્યય પરમાં લાગ્યો હોય અને પછી બીજા નામ સાથે સમાસ થાય તો આ સૂત્ર ન લાગે. તેવો નિયમ કરવા માટે एव કાર લખ્યો છે.

**પ્રશ્ન :** ग्रामं नयति इति क्विप्.। વિ.માં વચ્ચે अम् વિભક્તિ તો છે. તો પછી તેને આ સૂત્ર કેવી રીતે લાગે ?

**જવાબ :** 'गति कारक ङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तैः विभक्त्युत्पत्तेः प्रागेव समासः ।' (ગતિ સંજ્ઞાવાળા, કારક વાચક, ङसि પ્રત્યય ઉક્ત એવાં વિભક્ત્યન્તોનાં જ કૃદન્તની સાથે વિભક્તિની ઉત્પત્તિ પહેલાં જ સમાસ થાય છે.) આ ન્યાયથી અહીં એ સમજવું કે 'उद् અને सु' એ બે ગતિસંજ્ઞક છે. 'ग्राम અને खल' એ બે કારક (કર્મ) વાચક છે. क्विप् એવાં કૃત્ પ્રત્યયાન્ત ની, सु, लू નામની સાથે સમાસ થયો છે. તે વિભક્તિની ઉત્પત્તિ પૂર્વે જ થાય છે. ભલે સ્યાદિ પ્રત્યય લાગ્યો છે તે અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ જ સ્યાદિ પ્રત્યય છે.

**પ્રશ્ન :** સૂત્રમાં तौ શા માટે ?

**જવાબ :** ૨.૧.૫૬ સૂત્રથી यः અને ૨.૧.૫૭ સૂત્રથી वः આ બંનેને ગ્રહણ કરવાં માટે છે. તે બંનેને પ્રથમા વિભ. છે. તેથી અહીં પ્રથમા દ્વિ.વ. મૂકીને તે બંનેને ગ્રહણ કર્યાં છે.

**दृन्-पुन-वर्षा-कारैर्भुवः ૨.૧.૫૯**

**અર્થ :** दृन्-पुनर्-वर्षा-कार શબ્દની સાથે જે ક્વિબન્ત વૃત્તિ (તે વૃત્તિ) સંબંધી જ भू ધાતુના उ વર્ણનો સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં व् થાય છે.

સૂત્રસમાસ : दृन्- च पुनश्च वर्षा च कारश्च इति दृन्-पुन-वर्षा-काराः, तैः । (ઈત.દ્વ.)

ઉદા. : दृन् हिंसन् भवतः इति दृन्भ्वौ । दृन्भू = સાપણ.

पुनर् भवतः इति पुनर्भ्वौ । पूनर्भू = ફરી પરણેલી સ્ત્રી.

वर्षासु भवन्ति इति वर्षाभ्वः । वर्षाभू = દેડકો.

राजलभ्यो भागः कारः । कारेषु - कारैः वा भवन्ति इति कारभ्वः । कारभू = કર લેવાનું સ્થાન.वर्षाभू-कारभू નાં રૂપો વિ. हूहू वत्.पुनर्भू ની સાધનિકા - રૂપો दृन्भूवत् થશે.

दृनादिभिरिति किम् ? प्रतिभुवौ । प्रतिभू = સાક્ષી-જામીન.

અહીં क्विप् પ્રત્યયાન્ત भू ની સાથે प्रति નો સમાસ થયેલો છે. સૂત્રમાં માંગેલા दृनादि નો સમાસ નથી. તેથી उ નો व् ન થતાં धातोरिवर्णो... ૨.૧.૫૦ થી उव् થયો છે. प्रतिभू નાં રૂપો ની વત્ થશે. પરંતુ उ નો उव् થશે.

વિવેચન : પ્રશ્ન – આ સૂત્ર શા માટે બનાવ્યું ? ઉપરનાં સૂત્રથી સિદ્ધ જ હતું.

જવાબ : 'सिद्धे सति आरम्भो नियमार्थः ।' સિદ્ધ હોવાં છતાં સૂત્રનો જે આરંભ કર્યો તે નિયમને માટે છે. નિયમ એ કર્યો કે ક્વિબન્ત સાથેની વૃત્તિ સંબંધી ભૂ ધાતુનો જો व् કરવો હોય તો આ દનાદિ ચાર શબ્દોથી પરમાં હોય તો જ કરવો. અન્યથી પરમાં હોય તો ન કરવો.

પ્રશ્ન : સૂત્રમાં कारैः બ.વ. શા માટે ?

જવાબ : જો कारेण કરે તો માત્રા વધી જાય कारैः કર્યું તેથી માત્રાનો લાઘવ થયો. લાઘવતા માટે બ.વ. કર્યું છે.

दृन् માં મૂળ दृनृ શબ્દ છે. दृंहतीति क्विप् - दृनृ - क्विप् નો લોપ થયો. सि નો दीर्घङ्याब्.... સૂત્રથી લોપ અને पदस्य થી ह् નો લોપ થઈ 'दृन्' એ પ્રમાણે બન્યું છે.

### ण-षमसत् परे स्यादिविधौ च २.१.६०

અર્થ : આ સૂત્રથી આરંભીને જે (પર કાર્ય) કહેવાશે. તેમાં અને સ્યાદિ અધિકારમાં કહેવાયેલ પૂર્વના પણ કાર્યમાં णत्व અને षत्त्व અસત્ થાય છે. આ સૂત્રમાં णषम् એ પ્રમાણે નિર્દેશ હોવાથી ष् પર છતાં ण् અસત્ થાય છે. (એવું જણાવેલ છે.)

સૂત્રસમાસ : णश्च षश्च एतयोः समाहारः - णषम् । (સમા.દ્વ.) न सत् असत् । (નञ् त.) स्यादेः विधिः - स्यादिविधिः, तस्मिन् (तत्पु.)

**વિવેચન :** **णत्त्व પ્રકરણ** ૨.૩.૬૩ થી ૨.૩.૯૬ સુધીનાં સૂત્રો.
**षत्त्व પ્રકરણ** - ૨.૩.૧૫ થી ૨.૩.૬૨ સુધીનાં સૂત્રો.
આ બંને પ્રકરણો અહીં આ સૂત્રમાં સમજી લેવાં.

**પરકાર્ય વિધિ** - આ સૂત્રથી માંડીને 'समर्थः पदविधिः' ૭.૪.૧૨૨ સુધીનાં સૂત્રોથી જે કાર્ય કરવાનું હોય તો તે પરવિધિ કહેવાય.

**પૂર્વની સ્યાદિ વિધિ** - अत आः स्यादौ... ૧.૪.૧ સૂત્રથી ૨.૧.૫૯ સુધીનાં સૂત્રોનું કાર્ય તે પૂર્વની સ્યાદિ વિધિનું કાર્ય કહેવાય.

આ પરકાર્ય અને પૂર્વની સ્યાદિ વિધિ કરવી હોય ત્યારે णत्त्व અને षत्त्व અસત્ થાય છે.

આ સૂત્રમાં ण् પછી ष् મૂકેલો છે. માટે ष् એ પરકાર્ય છે. અને ण् એ પૂર્વકાર્ય છે. એટલે કે અસત્ પ્રકરણમાં ૨.૩.૬૩ થી ૨.૩.૯૬ સુધીનાં સૂત્રો પૂર્વે માનવાં. અને ૨.૩.૧૫ થી ૨.૩.૬૨ સુધીનાં સૂત્રો પછી સમજવાં. એટલે ष् નાં કાર્યમાં णत्त्व અસત્ થાય. પણ णत्त्वनां કાર્યમાં षत्त्व અસત્ થતું નથી.

**પરવિધિમાં णत्त्व અસત્** - पुषन् = સૂર્ય. तक्षन् = સુથાર.

पूषन्+शस्, तक्षन्+शस्.

पूषण्+शस्, तक्षण्+शस् - रषृवर्णान्नोण... ૨.૩.૬૩ થી ण् થયો.

તે न् નાં ण् રૂપ કાર્ય અહીં માનવું. અને अनोऽस्य ૨.૧.૧૦૮ સૂત્ર એ આ સૂત્રથી પર સૂત્ર છે. હવે તે પર સૂત્રનું કાર્ય કરવાનાં પ્રસંગે ण् અસત્ મનાયો. તેથી તે શબ્દો अन् અન્તવાળાં મનાયા. માટે ૨.૧.૧૦૮ થી अन् નાં अ નો લોપ થશે. તેથી पूष्णः અને तक्ष्णः બન્યું. રૂપો वि. राजन्वत् થશે.

**પરવિધિમાં षत्त्व અસત્** - पिपठीः = ભણવાને ઈચ્છનાર.

पठितुम् इच्छति इति–આ અર્થમાં तुमर्हादिच्छायां... ૩.૪.૨૧ થી पठ् ધાતુને सन् પ્રત્યય થયો.

पठ्पठ्+सन् - सन्यङश्च ૪.૧.૩ થી पठ् ધાતુનું દ્વિત્વ.

पपठ्+सन् - व्यञ्जनस्या... ૪.૧.૪૪ થી અનાદિ વ્યંજનનો લોપ.

पिपठ्+सन् - सन्यस्य ૪.૧.૫૯ થી દ્વિત્વપૂર્વના अ નો इ.

पिपठ्+इट्+सन् - स्ताद्यशितो... ૪.૪.૩૨ થી सन् પૂર્વે इट्.

पिपठिष् - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष्.

पिपठिषति इति क्विप्

पिपठिष+क्विप् - क्विप् ५.१.१४८ થી ધાતુને क्विप्.

पिपठिष्+सि - अतः ४.३.८३ થી सन् ના अ નો લોપ.

पिपठिष् दीर्घङ्याब्.... १.४.४५ થી सि નો લોપ.

હવે स् નો ष् થયો. તે રૂપ કાર્ય આ સૂત્રમાં માનવું. અને सोरुः २.१.७२ સૂત્ર આ સૂત્રથી પર સૂત્ર છે. તે પર સૂત્રનાં કાર્ય કરવાનાં પ્રસંગે ष् અસત્ મનાયો. એટલે કે स् મનાયો. તેથી सोरुः २.१.७२ થી स् નો र् થયો. पिपठिर् ।

पिपठीर् - पदान्ते २.१.६४ થી र् ની પૂર્વનો इ દીર્ઘ.

पिपठीः - रः पदान्ते... १.३.५३ થી વિસર્ગ.

**પૂર્વની સ્યાદિવિધિમાં णत्त्व અસત્** अर्वाणौ । अर्वन् = ઇન્દ્ર અથવા ઘોડો

अर्वन्+औ, अर्वण्+औ - रषृवर्णान्नोण... २.३.६३ થી न् નો ण् થયો. न् નો ण् થયો તે અહીં માન્યો. હવે निदीर्घः १.४.८५ નું કાર્ય કરવાનું આવ્યું. તે આ સૂત્રથી પૂર્વની સ્યાદિ વિધિનું સૂત્રછે. તેથી પૂર્વની સ્યાદિ વિધિનાં કાર્યમાં ण् અસત્ મનાય છે. તેથી न् મનાશે. તેથી निदीर्घः १.४.८५ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ બની अर्वाणौ થશે.

**પૂર્વની સ્યાદિવિધિમાં षत्त्व અસત્** - सर्पींषि । सर्पिस् = ઘી

सर्पिस्+जस्

सर्पिस्+शि - नपुंसकस्य शिः १.४.५५ થી जस् નો शि.

सर्पिन्स्+शि - धुटां प्राक् १.४.६६ થી स् પૂર્વે न् આગમ.

सर्पिन्ष्+शि - नाम्यन्तस्था... २.३.१५ થી स् નો ष्.

स् નાં ष् ને અહીં આ સૂત્રમાં માન્યો. હવે न्स्महतोः १.४.८६ નું કાર્ય કરવાનું આવ્યું. તે પૂર્વની સ્યાદિવિધિનું સૂત્રછે. તેથી પૂર્વની સ્યાદિવિધિ કરવાનાં પ્રસંગે ष् અસત્ મનાશે. એટલે કે स् મનાશે. માટે न्स्महतोः १.४.८६ સૂત્રથી इ દીર્ઘ થયો. सर्पीन्षि થયું.

सर्पींषि - शिड्ढेऽनुस्वारः १.३.४० થી न् નો અનુસ્વાર.

**णत्त्व કાર્ય કરવામાં षत्त्व અસત્ થતું નથી.** अभिषुणोति ।

सु = સોમરસ કાઢવો. ૫ મો ગણ. પરસ્મૈપદ अभि+सु+श्नु+तिव्.

अभि+षु+श्नु+ति - उपसर्गात् सुग् सुव... २.३.३९ થી स् નો ष्.

अभिषुणोति - उश्नोः ४.३.२. થી उ નો ગુણ ओ.

અહીં रषृवर्णान्नोण... २.३.६३ થી न् નો ण् થવાની પ્રાપ્તિ છે न् નો ण्

કરવાનાં પ્રસંગે ष् ને અસત્ માની स् મનાતો નથી. તેથી મૂર્ધન્ય ष् ને કારણે रषृवर्णान्नोण... ૨.૩.૬૩ થી न् નો ण् થયો. માટે अभिषुणोति થયું. જો ष् ને અસત્ માનીને स् માન્યો હોત તો अभिषुनोति એવું અનિષ્ટ રૂપ થાત.

प्रनष्टः = નાશ પામેલ - નાસી ગયેલ.

प्र+नश्+त, प्र+नष्+त - यज-सृज-मृज... ૨.૧.૮૭ થી श् નો ष् થયો.

प्र+नष्+ट - तवर्गस्यश्चवर्ग... ૧.૩.૬૦ થી ष् નાં યોગમાં त નો ट - प्रनष्टः

नशः शः ૨.૩.૭૮ થી न् નો ण् કરવાનો પ્રસંગ આવ્યો. પણ णत्त्व કાર્યમાં षत्त्व અસત્ થતો નથી. તેથી ष् નો श् ન મનાય. नशः शः સૂત્રથી श् અન્તવાળો नश् ધાતુ હોય તો જ न् નો ण् થાય છે. ष् ને અસત્ માન્યો હોત તો प्रणष्टः એવું અનિષ્ટ રૂપ થાત. અસત્ ન માનવાથી प्रनष्टः થયું.

પ્રશ્ન : असत् परे અધિકાર ક્યાં સુધી લેવો ?

જવાબ : 'असत् परे' અધિકાર 'रात्सः' ૨.૧.૯૦ સુધી લેવો. એટલે કે સાતમાં અધ્યાયના છેલ્લા પાદના છેલ્લા સૂત્ર સુધીનાં કોઈ પણ સૂત્રનું કાર્ય કરવું હોય ત્યાં માત્ર णत्त्व-षत्त्व જ અસત્ થાય તેવું નહીં. પણ रात्सः સૂત્ર સુધીનાં કોઈપણ સૂત્રનું કાર્ય અસત્ થાય. તેમજ આ સૂત્રથી માંડીને 'नोर्म्यादिभ्यः' ૨.૧.૯૯ સુધીનાં સૂત્રોમાં જે કાર્ય થયું હોય તો તે કાર્ય પૂર્વની સ્યાદિવિધિનાં સૂત્રોનાં કાર્યમાં અસત્ થાય.

પ્રશ્ન : णत्त्व-षत्त्व પ્રકરણ સાતમાં પાદમાં છે તો અહીં શા માટે બતાવ્યું ?

જવાબ : णत्त्व-षत्त्व અહીં આ સૂત્રમાં સમજવું કારણ કે સાતમાં પાદમાં બતાવેલ હોવા છતાં અહીં લેવાથી અસત્ કરવાનું કાર્ય ૨.૧.૬૦ સૂત્ર પછી શરૂ થાય છે તે જણાવવા માટે.

પ્રશ્ન : અસત્ થાય એટલે શું ?

જવાબ : હોવા છતાં ન હોય તેવું થઈ જવું તે અસત્

જ્યાં અસત્નું સૂત્ર લાગતું હોય અને સ્યાદિવિધિનું કે પરવિધિનું પણ સૂત્ર લાગતું હોય તો ત્યાં અસત્નું સૂત્ર ન લગાડતાં પહેલાં સ્યાદિવિધિ કે પરવિધિનું સૂત્ર લગાડવું.

દા.ત., विद्वान् આમાં विद्वस् શબ્દને (विद्+क्वसु પ્રત્યય લાગવાથી विद्वस् શબ્દ બને છે.) ऋदुदितः થી स् ની પૂર્વે न् આગમ થવાથી विद्वन्स् બન્યું. હવે પદસંજ્ઞક થઈ पदस्य થી અન્ત્ય स् નો લોપ થઈ निदीर्घः ૧.૪.૮૫ થી विद्वान् રૂપ સિદ્ધ થઈ શકે. અને 'न्स्महतोः' ૧.૪.૮૬ થી પણ દીર્ઘ થઈને विद्वान् સિદ્ધ થઈ શકે. તેમાં 'पदस्य' સૂત્ર અસત્ સંબંધીછે. અને 'न्स्महतोः' ૧.૪.૮૬ સૂત્ર સ્યાદિ વિધિનું સૂત્રછે. અને 'निदीर्घः' થી પર છે. તેથી અસત્ સંબંધી पदस्य સૂત્ર અને 'निदीर्घः' સૂત્ર ન લગાડતાં न्स्महतोः ૧.૪.૮૬ સૂત્ર પ્રથમ લાગે છે. જો पदस्य સૂત્ર લગાડવામાં આવે તો "न्स्महतोः' સૂત્ર વ્યર્થ જાય.

### क्तादेशोऽषि ૨.૧.૬૧

અર્થ : क् થી જણાવાયેલો જે त (એટલે કે क्त) તે त નો આદેશ પરવિધિમાં અને પૂર્વની સ્યાદિવિધિમાં ष् થી અન્ય કાર્યના પ્રસંગે અસત્ મનાય.

સૂત્રસમાસ : ककारेण उपलक्षितः तः इति क्तः । क्तस्य आदेशः इति क्तादेशः । (તત્પુ.) न ष् इति अष्, तस्मिन् ।

ઉદા. — क्षामिमत् — દુર્બળ સંતાનવાળો.

क्षै+त - क्तक्तवतू ૫.૧.૧૭૪ સૂત્રથી क्त પ્રત્યય.

क्षा+त - आत्सन्ध्यक्षरस्य ૪.૨.૧ સૂત્રથી ऐ નો आ.

क्षाम - क्षै-शुषि-पचो... ૪.૨.૭૮ સૂત્રથી त નો म.

क्षामस्य अपत्यम् इति આ અર્થમાં

क्षाम+इञ् - अतइञ् ૬.૧.૩૧ સૂત્રથી इञ् પ્રત્યય.

क्षाम्+इञ् - अवर्णेऽ... ૭.૪.૬૮ થી म નાં अ નો લોપ.

क्षामि+मतु+सि - तदस्यास्ति... ૭.૨.૧ થી मतु પ્રત્યય.

क्षामिमन्त्+सि - ऋदुदितः ૧.૪.૭૦ થી ધુટ્ પૂર્વે न् આગમ.

क्षामिमान्त्+सि - अभ्वादे... ૧.૪.૯૦ થી म નાં अ નો आ.

क्षामिमान्त् - दीर्घङ्याब्... ૧.૪.૪૫ થી सि નો લોપ.

क्षामिमान् - पदस्य ૨.૧.૮૯ થી त् નો લોપ.

અહીં क्षामि નો म् એ क्त નાં સ્થાને થયેલો આદેશ છે. ૪.૨.૭૮ થી त નો म થયો છે. તેનું કાર્ય આ સૂત્રમાં માન્યું. હવે मावर्णान्तो... ૨.૧.૯૪ સૂત્રથી मतु નાં म નો व् એ કાર્ય કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. તે સૂત્ર આ ચાલુ સૂત્રથી પર સૂત્ર છે. માટે પરવિધિમાં આ સૂત્રથી

म् ને અસત્ માની त् માન્યો. તેથી मतु ની પૂર્વે म् વર્ણ ઉપાન્ત્યમાં નથી. પરન્તુ त् છે. તેથી ૨.૧.૯૪ સૂત્ર લાગ્યું નહીં એટલે मतु નાં म् નો व् થયો નહીં. જો આ અસત્વિધિ ન હોત તો क्षामिवान् એવું અનિષ્ટ રૂપ થાત. क्षामिमत् નાં રૂપો गोमत्वत्.

लून्युः - लूनी = કાપવા ઇચ્છનાર.

लू+क्त - क्तक्तवतू ૫.૧.૧૭૪ થી क्त પ્રત્યય.

लू+न ऋल्वादेरेषां... ૪.૨.૬૮ થી त નો न.

તેથી लून એ નામ બન્યું. लूनम् इच्छति એ અર્થમાં

लून+क्यन् - अमाव्ययात्... ૩.૪.૨૩ થી क्यन् પ્રત્યય.

लूनीय - क्यनि ૪.૩.૧૧૨ થી अ નો ई આદેશ.

लूनीयति इति क्विप् ।

लूनीय+क्विप् - क्विप् ૫.૧.૧૪૮ થી क्विप् પ્રત્યય.

लूनीय्+ङस् - अतः ૪.૩.૮૨ થી य નાં अ નો લોપ.

लूनी+ङस् - य्वोःप्वय्... ૪.૪.૧૨૧ થી य् નો લોપ.

लून्य्+ङस् - योऽनेक... ૨.૧.૫૬ થી ई નો य्.

અહીં लून्य् નો न् ૪.૨.૬૮ થી त् ના સ્થાને न् આદેશ થયેલો છે. તે કાર્ય અહીં માન્યું. હવે ङस् પ્રત્યયનો खि-ति-खी-तीय उर् ૧.૪.૩૬ થી उर् કરવાનાં પ્રસંગે न् ને પૂર્વની સ્યાદિવિધિમાં અસત્ માન્યો. એટલે કે તે न् ને त् માન્યો. માટે लूनी ને लूती છે તેવું માની ती સંબંધી થયેલાં त्य् ની પરમાં ङस् પ્રત્યય છે તેથી ङस् નો उर् થયો.

लून्य्+उर् = लून्युर्

लून्युः - रः पदान्ते... થી र् નો વિસર્ગ.

अषीति किम् ? वृक्णः = છેદેલ, કાપેલ.

व्रश्च् + तक्त  क्तवतू ૫.૧.૧૭૪ થી क्त પ્રત્યય.

व्रश्च्+न - सूयत्याद्यो... ૪.૨.૭૦ થી त નો न.

वृश्च्+न - ग्रह व्रस्च... ૪.૧.૮૪ થી र् નો ऋ.

અહીં त् નો न् આદેશ થયો છે. તેને આ સૂત્રમાં માન્યો. પરકાર્ય કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેને પર કાર્યમાં અસત્ માન્યો. તેથી न् જ त् મનાયો. એટલે ધુડાદિ પ્રત્યય પર માની वृच्+न, संयोगस्यादौ... ૨.૧.૮૮ થી श् નો લોપ કર્યો.

'सकारोपदिष्टं कार्यं शकारस्याऽपि ।' स् કારથી જણાવેલું કાર્ય श् કારનું પણ થાય છે. આ ન્યાયથી वृश्च् નાં તાલવ્ય श् નો લોપ થયો. ૨.૧.૮૮ માં દંત્ય स् નાં લોપનો વિધિ બતાવ્યો છે. પરન્તુ ઉપરોક્ત ન્યાયથી તાલવ્ય श् નો પણ લોપ થાય.

હવે અહીં न એ त ના સ્થાને થયેલો આદેશ છે. તે અહીં માન્યો. પરંતુ ष् નું કાર્ય કરવું હોય ત્યારે त નો આદેશ અસત્ થતો નથી. માટે यज-सृज-मृज... ૨.૧.૮૭ થી च् નો ष् કરવાનાં પ્રસંગે અસત્ નહીં મનાય. કારણ કે त् નાં સ્થાનમાં થયેલાં न ને त न માન્યો. માટે ધુટ્ પ્રત્યય પરમાં નથી. તેથી ૨.૧.૮૭ સૂત્ર નહીં લાગે. તેથી चजःकगम् ૨.૧.૮૬ સૂત્ર લાગવાની પ્રાપ્તિ આવી અને તે સૂત્ર આ સૂત્રથી પરવિધિમાં છે. તેથી પરવિધિમાં न् ને આ સૂત્રથી અસત્ માની त મનાય. માટે ધુડાદિ પ્રત્યય માની ૨.૧.૮૬ સૂત્ર લાગે.

वृक्+न થશે. वृक्+न+सि

वृक्+ण+सि - रषृवर्णान्नोण... ૨.૩.૬૩ થી न् નો ण्.

वृक्ण+सि - तदन्तं पदम् ૧.૧.૨૦ થી પદસંજ્ઞક.

वृक्ण+रु - सोरुः ૨.૧.૭૨ થી सि નો रु.

वृक्णः - रः पदान्ते... ૧.૩.૫૩થી વિસર્ગ.

જો ष् કરવાનાં પ્રસંગે પણ त ના સ્થાને થયેલાં न् ને અસત્ મનાયો હોત તો वृष्णः એવું અનિષ્ટ રૂપ થાત.

**વિવેચન :** ૪.૨.૬૮ થી ૪.૨.૭૮ સુધીનાં જે સૂત્રો છે તેમાં જે क्त પ્રત્યયનાં આદેશો બતાવ્યા છે. એ બધાં સૂત્રો અહીં છે એમ સમજી લેવાં.

ककारेण उपलक्षितः तः इति क्त આ પ્રમાણે કરવાથી क्त, क्तवतु, क्ति, क्त्वा વિ. પ્રત્યયો ગ્રહણ કરાય.

लूनि - રૂપો मतिवत्... જ્યારે क्ति લાગીને બને છે ત્યારે.

लूनी - પું.સ્ત્રી. सखीवत्... નપું. वारिवत्. वृक्णः - વિશેષણ છે.

**षढोः कस्सि ૨.૧.૬૨**

**અર્થ :** स् પર છતાં ष् અને ढ् નો क् થાય છે.

**સૂત્રસમાસ :** षश्च ढश्च इति षढौ तयोः (ઈ.દ્વ.)

**ઉદા. –** पेक्ष्यति - पिष् = પીસવું. पिष्+स्यति (ભવિષ્યન્તી)

पेष्+स्यति - लघोरु... ૪.૩.૪ થી ગુણ...

पेक्+स्यति આ સૂત્રથી ष् નો क्

पेक्+ष्यति - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष् = पेक्ष्यति।

★ लेक्ष्यति । लिह् = ચાટવું लिह्+स्यति (ભવિષ્યન્તી)

लिढ्+स्यति - होधुट्पदान्ते ૨.૧.૮૨ થી ह् નો ढ्.

लेढ्+स्यति - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી ગુણ.

लेक्+स्यति આ સૂત્રથી ढ् નો क् થયો.

लेक्+ष्यति - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष् = लेक्ष्यति।

★ निघोक्ष्यति - गुह् = ઢાંકવું. निगुह्+स्यति (ભવિ.)

निगोह्+स्यति - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી ગુણ.

निगोढ्+स्यति - होधुट् पदान्ते ૨.૧.૮૨ ह् નો ढ्.

निगोक्+स्यति આ સૂત્રથી ढ् નો क्.

निगोक्+ष्यति - नाम्यन्तस्था... ૨.૩.૧૫ स् નો ष्.

અહીં गडदबादे... ૨.૧.૭૭ સૂત્રનું કાર્ય કરવાનું આવ્યું. તે પર સૂત્ર છે. એટલે આ સૂત્રે કરેલો ढ् નો क् પરવિધિમાં અસત્ થયો. માટે क् ની જગ્યાએ ढ् મનાયો. તેથી ૨.૧.૭૭ થી આદિમાં રહેલાં ग् નો घ् થાય. તેથી निघोक्+ष्यति - निघोक्ष्यति રૂપ સિદ્ધ થયું.

જો અહીં કરેલાં क् ને અસત્ ન માન્યો હોત તો निगोक्ष्यति એવું અનિષ્ટ રૂપ થાત.

### भ्वादेर्नामिनो दीर्घोर्वोर्व्यञ्जने ૨.૧.૬૩

**અર્થ :** भ्वादि ધાતુ સંબંધી र् અને व् ની પરમાં વ્યઞ્જન હોતે છતે તેની (र् અને व् ની) પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થાય છે.

**સૂત્રસમાસ :** भूः आदिः यस्य सः भ्वादिः तस्य । (બહુ.)

र् च व् च इति र्वौ तयोः । (ઈત.દ્વ.)

**ઉદા. :** हूर्च्छा = વક્રતા हुर्च्छ् ધાતુ.

हुर्च्छ्+अ - क्तेतो गुरो... ૫.૩.૧૦૬ થી अ.

हुर्च्छ्+अ+आप् - आत् ૨.૪.૧૮ થી आप् પ્રત્યય.

हुर्च्छा - समानानां... ૧.૨.૧ થી अ+आ મલી દીર્ઘ.

हूर्च्छा આ સૂત્રથી र् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

आस्तीर्ण — ફેલાયેલ - પાથરેલ. आस्तीर्यते स्म = आस्तीर्णम् ।

आ+स्तृ+त - क्तक्तवतू ૫.૧.૧૭૪ થી क्त પ્રત્યય.

आ+स्तिर्+त - ऋतांक्ङितीर् ४.४.११६ थी ऋ नो इर्

आ+स्तिर्+न - ऋल्वादेरेषां... ४.२.६८ थी त नो न.

आस्तीर्+न આ સૂત્રથી र् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

आस्तीर्ण - रषृवर्णान्नो... थी न् नो ण् = आस्तीर्ण.

आस्तीर्ण+सि<br>आस्तीर्ण+अम् } अतःस्यमोऽम् १.४.५७ थी सि-अम् नो अम्.

आस्तीर्णम् - समानादमोऽतः १.४.४६ थी अम् ना अ नो लुक्.

दीव्यति = તે ક્રીડા કરે છે.

दिव्+श्य+तिव् - दिवादेः श्यः ३.४.७२ थी श्य પ્રત્યય.

दीव्यति ચાલુ સૂત્રથી व् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

भ्वादेरिति किम् ? कुर्कुरीयति । – તે કૂતરાને ઇચ્છે છે.

कुर्कुरम् इच्छति इति कुर्कुरीयति

कुर्कुर+क्यन्+ति - अमाव्यायात्... ३.४.२३ थी क्यन्

कुर्कुरीयति - क्यनि ४.३.११२ थी પૂર્વનાં अ नो ई

તેવી જ રીતે दिवम् इच्छति इति दिव्यति । = તે સ્વર્ગની ઇચ્છા કરે છે.

આ બંનેમાં र् અને व् ની પૂર્વનો સ્વર દીર્ઘ ન થયો. કારણ કે આ બંને નામધાતુ છે. પરન્તુ भ्वादि સંબંધી ધાતુ નથી.

વિવેચન : પ્રશ્ન – 'भ्वादेः' એમ સૂત્રમાં લખ્યું તેના બદલે धातोः લખ્યું હોત તો પણ બધા જ ધાતુનો સમાવેશ થઈ જાત. તો 'भ्वादेः' શા માટે લખ્યું ?

જવાબ : धातोः ન લખતાં भ्वादेः લખ્યું છે તે જ જણાવે છે કે भू વિ. દસે ગણના ધાતુઓ લેવાં છે. પણ નામધાતુને નથી લેવાં. 'धातोः' લખે તો નામધાતુનો પણ સમાવેશ થઈ જાત. તે ઈષ્ટ નથી.

हूर्च्छा નાં રૂપો વિ. मालावत् થશે.

आस्तीर्णम् નાં રૂપો વિ. वनवत् થશે.

## पदान्ते २.१.६४

અર્થ : પદને અન્તે રહેલાં भ्वादि સંબંધી र् અને व् ની પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થાય છે.

સૂત્રસમાસ : पदस्य अन्तः पदान्तः तस्मिन् । (तत्पु.)

ઉદા. : गिर् = વાણી, સરસ્વતી દેવી. गीः ।

गृ+क्विप् - क्रुध संपदा... ५.३.११४ थी क्विप् પ્રત્યય.

गिर्+क्विप् - ऋतां क्ङितीर् ४.४.११६ થી ऋ નો इर्.
गिर्+सि - तदन्तं पदम् १.१.२० થી પદસંજ્ઞક.
गिर् - दीर्घङ्याब्. १.४.४५ થી सि નો લોપ.
गीर् આ સૂત્રથી र् ની પૂર્વનો સ્વર દીર્ઘ.
गीः - रः पदान्ते... १.३.५३ થી र् નો વિસર્ગ.
गीर्थः - गिरोऽर्थः = વાણી માટે.
ऐकार्थ्ये ૩.૨.૮ થી સ્યાદિ વિભ.નો લોપ કર્યા પછી આ સૂત્રથી र् ની પૂર્વનો નામી સ્વર દીર્ઘ થયો. તેથી गीर्थः થયું.
पदान्त इति किम् ? गिरः - गिर् = વાણી, लुवः लू = કાપનાર गॄ ધાતુને અને लू ધાતુને क्विप् પ્રત્યય લાગીને નામ બન્યા છે. હવે अस् પ્રત્યય પર છતાં गिर् અને लुव् થયા પછી र् અને व् પદનાં અન્તે ન હોવાથી આ સૂત્ર લાગી પૂર્વનો સ્વર દીર્ઘ ન થયો.
જો કે क्विप् પ્રત્યય લાગ્યો છે. અને વ્યંજનાદિ હોવાથી 'नामसिदय् व्यञ्जने'થી પદસંજ્ઞા થવાથી र् અને व् પદાન્ત બની પૂર્વનો સ્વર દીર્ઘ થઈ શકે. પરન્તુ ન્યાય છે કે 'क्विपि व्यञ्जनकार्यम् अनित्यम्' । - ક્વિપ્ પ્રત્યય પર છતાં તેને વ્યંજનાદિ પ્રત્યય માનીને થતું કાર્ય તે અનિત્ય બને છે. તેથી પદ સંજ્ઞા થઈ નથી. માટે આ સૂત્ર લાગતું નથી.

### न यि तद्धिते २.१.६५

અર્થ : य કારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં જે र् અને व् બંનેની પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થતો નથી.

ઉદા. : धुर्यः - धुरम् वहति इति । - ભાર વહન કરનાર બળદ વિ.
धुर्+य - धुरो यैयण् ७.१.३ થી य પ્રત્યય
અહીં भ्वादेर्नामिनो... ૨.૧.૬૩ થી દીર્ઘની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રે નિષેધ કર્યો છે.
यीतिकिम् ? गीर्वत् = વાણીની જેમ. અહીં गिरः इव એ અર્થમાં 'स्यादेरिवे' ૭.૧.૫૨ થી वत् પ્રત્યય લાગ્યો છે. આ તદ્ધિત પ્રત્યય છે પણ य् કારાદિ નથી. માટે આ સૂત્ર ન લાગ્યું. તેથી ૨.૧.૬૩ થી र् ની પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે.
तद्धित इति किम् ? गीर्यति = વાણીને ઇચ્છે છે. गीर्यते = વાણી જેવું આચરણ કરે છે.

गिरम् इच्छति એ અર્થમાં गृ ધાતુને ૩.૨.૨૩ થી क्यन् અને गिरम् इव आचरति - એ અર્થમાં गृ ધાતુને ૩.૪.૨૬ થી क्यङ् પ્રત્યય લાગ્યો છે. તે તદ્ધિતનો પ્રત્યય નથી. પણ નામધાતુ સંબંધી છે. માટે ૨.૧.૬૩ થી र् ની પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થયો છે.

**कुरुच्छुरः ૨.૧.૬૬**

**અર્થ :** कृ ધાતુ (૧લો ગણ) અને छुर् ધાતુનો નામિ સ્વર र् પર છતાં દીર્ઘ થતો નથી.

**સૂત્રસમાસ :** कुरुश्च छुर् च एतयोः समाहारः कुरुच्छुर् तस्य । (સમા.દ્વ.)

**ઉદા. :** कुर्यात् — कृ = કરવું. कृ+यात्

कृ+उ+यात् - कृगतनादेरुः ૩.૪.૮૩ થી उ પ્રત્યય.

कर्+उ+यात् - नामिनोगुणो... ૪.૩.૧ થી कृ નાં ऋ નો ગુણ अर्.

कुर्+उ+यात् - अतःशित्युत् ૪.૨.૮૯ થી कर् નાં अ નો उ.

कुर्यात् कृगो यिच ૪.૨.૮૮ થી उ નો લોપ.

આ સૂત્રથી દીર્ઘનો નિષેધ થયો. एवं छुर्यात् - छुर् = કાપવું

कुरु इति उकारः किम् ? - कूर्यात्

कुरत् (शब्दे) આ છઠ્ઠા ગણનો ધાતુ છે. कुर्+क्यात् = कूर्यात् - भ्वादेर्नामिनो० ૨.૧.૬૩ થી र् ની પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે.

**વિવેચન :** અહીં 'कृग्-तनादेरुः' ૩.૪.૮૩ સૂત્રથી થયેલ कृग् ધાતુનાં 'कुरु'નું ગ્રહણ કરેલ હોવાથી પહેલાં ગણનાં कृग् ધાતુનું જ ગ્રહણ છે. તેથી 'कुरत्-शब्दे' એ છઠ્ઠા ગણના ધાતુનું ગ્રહણ થશે નહીં.

**मो नो म्वो श्च ૨.૧.૬૭**

**અર્થ :** म् અન્તવાળા ધાતુનાં અન્તનો પદના અન્તે અથવા म् અને व् થી શરૂ થતાં પ્રત્યય પર છતાં न् થાય છે.

**સૂત્રસમાસ :** म् च व् च इति म्वौ तयोः (ઈત.દ્વ.)

**ઉદા. :** जङ्गन्मि, जङ्गन्वः । गम् ધાતુ (જવું) यङ्लुबन्त વર્ત. પ્ર.પુ.એ.વ. - દ્વિ.વ.

गम्+यङ् - व्यञ्जनादेरेक... ૩.૪.૯ થી यङ् પ્રત્યય.

गम्गम्+यङ् - सन्यङश्च ૪.૧.૩ થી દ્વિત્વ.

गगम्+यङ् - व्यञ्जनस्या... ૪.૧.૪૪ થી અનાદિ વ્યંજનનો લોપ.

जगम्+यङ् - गहोर्जः ૪.૧.૪૦ થી દ્વિરુક્ત ધાતુના પૂર્વના ग् નો ज् થયો.

जम्गम्+यङ् - मुरतोऽनु... ૪.૧.૫૧ થી गम् ની પૂર્વે मु આગમ.

जम्गम् - बहुलंलुप् ૩.૪.૧૪ થી यङ् નો લોપ.

जङ्गम्+सि,वस् - म्नांधुड्... ૧.૩.૩૯ થી म् નો ङ्

जङ्गन्+मि,वस् આ સૂત્રથી પદાન્ત म् નો न्

जङ्गन्मि, जङ्गन्वः सोरुः, रः पदान्ते....... થી વિસર્ગ થયો.

વિવેચન : च કાર વડે આ સૂત્ર અને पदान्ते એ બંને સૂત્રનો સમુચ્ચય કર્યો છે. च એ અનુકર્ષણ માટે નથી. માટે નીચેના સૂત્રમાં पदान्ते ની અનુવૃત્તિ જશે.

**स्रंस्-ध्वंस्-क्वस्सनडुहो दः ૨.૧.૬૮**

અર્થ : स्रंस्, ध्वंस्, स् અન્તવાળા क्वस् પ્રત્યયાન્ત નામો અને अनडुह् નામનાં પદાન્તે રહેલાં વર્ણનો द् આદેશ થાય છે.

સૂત્રસમાસ : क्वस् चासौ स् च क्वस्स्

स्रंस् च ध्वंस् च क्वस्स् च अनडुह्च एतेषाम् समाहारः तस्य (સમા.દ્વ.)

વિવેચન : क्वस्स् આ પ્રમાણે દ્વિસકારનો પાઠ હોવાથી ઉપર જણાવ્યા મુજબ સકારાન્ત 'क्वस्' પ્રત્યયાન્ત એવું નામ હોય તો જ द् થાય.

તેથી અહીં विद्वत् कुलम् નપું.નું દૃષ્ટાંત મૂક્યું છે. કારણ કે પું.માં તો पदस्य થી स् નો લોપ થવાથી અન્તે न् રહે છે તેનો આ સૂત્રથી द् ન થાય.

स्वनडुद् — शोभनः अनड्वाहः यस्मिन् तद् । આ સૂત્રથી ह् નો द् થયો. નહીં તો 'होधुट् पदान्ते' ૨.૧.૮૨ થી ह् નો द् થવાની પ્રાપ્તિ હતી. આ ઉદાહરણ તેનો અપવાદ છે. પ્રથમનાં ત્રણ ઉદાહરણ सोरुः ૨.૧.૭૨ નાં અપવાદ છે.

પ્રશ્ન : અહીં द् ને બદલે त् કેમ ન કર્યો ? કેમકે 'धुटस्तृतीयः' થી द् થઈ જાત.

જવાબ : જો त् કર્યો હોત તો તે त् પરવિધિમાં અસત્ થવાથી स् અને ह् મનાય, તેથી धुटस्तृतीयः ૨.૧.૭૬ સૂત્ર લાગવાની પ્રાપ્તિ રહેતી નથી. માટે त् ન કરતાં સીધો द् કર્યો.

પ્રશ્ન : અહીં પદાન્ત स् નો सोरुः ૨.૧.૭૨ થી रु અને अनडुह् નાં ह् નો हो धुट् पदान्ते ૨.૧.૮૨ થી ढ् 'पूर्वात् परम्' ન્યાયથી થાય કે નહીં ?

જવાબ : ન થાય. કેમકે 'येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्यैवबाधकः ।' જેની પ્રાપ્તિ હોતે છતે જે નવી વિધિ આરંભાય છે તે તેના જ બાધકભૂત થાય

છે. આ ન્યાયથી એકાન્તે रूत्त्व અને ढत्त्व ની પ્રાપ્તિ હોવા છતાં નવી दत्त्व વિધિનો આરંભ થયો છે. તે दत्त्व વિધિ रूत्त्व અને ढत्त्व વિધિનો બાધક બને છે.

આવી રીતે આ સૂત્ર ૨.૧.૭૨ અને ૨.૧.૮૨ નો અપવાદ છે. पर्णध्वंस् ના રૂપો વિ. उखास्त्रंस्वत् થશે.

**ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्-दधृषुष्णिहोगः २.१.६९**

**અર્થ :** પદને અન્તે રહેલાં ऋत्विज्, दिश्, दृश्, स्पृश्, स्रज्, दधृष् અને उष्णिह् નાં અન્ત્ય વર્ણનો ग् થાય છે.

**સૂત્રસમાસ :** ऋत्विज् च दिश् च दृश् च स्पृश् च स्रज्च दधृष् च उष्णिह् च एतेषां समाहारः ऋत्विज्दिश्दृश्स्पृश्स्रज्दधृषुष्णिह् तस्य । (સમા.દ્વ.)

**ઉદા. :** ऋतुं यजते इति क्विप् - ऋत्विग् = ऋतुને પૂજનાર, ગોર.

दिश्यते इति क्विप् - दिक् = દિશા.

दृश्यते दर्शनं वा इति - दृक् = આંખ

अन्य इव दृश्यते इति क्विप् - अन्यादृग् = બીજા જેવો त्यदाद्यन्य० ૫.૧.૧૫૨ થી क्विप् પ્રત્યય, अन्यत्यदादेराः ૩.૨.૧૫૨ થી दृग् ઉત્તરપદ પર છતા अन्य નાં અન્ત્ય अ નો आ થયો છે.

घृतं स्पृशति इति क्विप् - घृतस्पृग् = ઘીનો સ્પર્શ કરનાર.

सृज्यते इति क्विप् - स्रग् = માળા, સૂત્ર સામર્થ્યથી જ બન્યું છે.

धृष्णोति इति क्विप् - दधृग् = તિરસ્કાર કરનાર.

उर्ध्वं स्निह्यति इति क्विप् - उष्णिग् = પાઘડી.

આ બધાનાં રૂપો વિ. ऋत्विज्वत् ।

**વિવેચન :** પ્રશ્ન – આ સૂત્રની રચના કેમ કરી ?

**જવાબ :** ऋत्विज् થી स्रज् સુધીના શબ્દોને यज-सृज-मृज... ૨.૧.૮૭ થી અન્ત્યનો ष् થવાની અને दधृष् નાં ष् નો धुटस्तृतीयः ૨ ૧.૭૬ થી ड् થવાની પ્રાપ્તિ હતી. તેમજ उष्णिह् માં ह् નો होधुट् पदान्ते ૨.૧.૮૨ થી द् થવાની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

**પ્રશ્ન :** સૂત્રમાં જ ऋत्विग् આદિ ग् અન્તવાળાં નિપાતન કરવાનાં હતાં ग् નું વિધાન શા માટે કર્યું ?

જવાબ : સાચી વાત છે. ग् અન્તવાળાં નિપાતન્ કરવાથી ऋत्विग्, ऋत्विग्भ्याम् વિ. થાય. પણ સ્વરાદિ પ્રત્યય પર છતાં ऋत्विजौ વિ. ન થાત પણ ऋत्विगौ વિ. અનિષ્ટ રૂપો થાત. માટે ग् નું વિધાન કર્યું છે.

**नशो वा ૨.૧.૭૦**

અર્થ : પદને અન્તે नश् નાં श् નો ग् વિકલ્પે થાય છે.

ઉદા. : जीवनग्, जीवनड्

વિવેચન : આ સૂત્રથી जीवनग्, जीवनक् એ બે રૂપો અને વિકલ્પ પક્ષે जीवनट्, जीवनड् એ બે રૂપો એમ કુલ ચાર રૂપો સિદ્ધ થાય છે. અન્યથા यज-सृज-मृज... ૨.૧.૮૭થી श् નો ष् થઈ धुटस्तृतीयः ૨.૧.૭૬ થી जीवनड्, जीवनट् આ બે રૂપો જ સિદ્ધ થાત.

**युजञ्च - क्रुञ्चो नो ङः ૨.૧.૭૧**

અર્થ : પદાન્તે રહેલાં युज्, अञ्च्, અને क्रुञ्च् નાં न् નો ङ् થાય છે.

સૂત્રસમાસ : युग् च अञ्च् च क्रुञ्च् च एतेषां समाहारः युजञ्चक्रुञ्च् तस्य ।

વિવેચન : પ્રશ્ન – સૂત્રમાં न् નો ङ् થાય તેવું શા માટે કર્યું 'षष्ठ्यान्त्यस्य' પરિભાષાથી ત્રણે શબ્દનાં અન્ત્ય એવાં न् નો જ ङ् થાત.

જવાબ : સાચી વાત છે. પરન્તુ જો न् નો ङ् થાય એવું સૂત્રમાં ન કહ્યું હોત તો युजूंपि योगे નો युज् અને युजिच् समाधौ નો युज् બન્ને युज् ધાતુનાં ज् નો षष्ठ्यान्त्यस्य પરિભાષાથી પદાન્તમાં ङ् થઈને युङ् એ પ્રમાણે થાત. પણ युजूंपि योगे ના युज् ધાતુનું આ રૂપ ઇષ્ટ છે. બીજા युज् ધાતુનું નહિ. તેમજ અપદાન્તમાં युजौ, क्रुचौ વિગેરે અનિષ્ટ રૂપો થાત. પણ હવે આ સૂત્રમાં न् નો ङ् કરવાનું કહ્યું તેથી હવે युज्रोऽसमासे થી જે युज् ધાતુમાં न् ઉમેરાય છે. તે જ न् નો ङ् આ સૂત્રથી થશે.

હવે युन्ज् થયા પછી જ્યારે पदस्य ૨.૧.૮૯ થી ज् નો લોપ થયા પછી नाम्नो नो... ૨.૧.૯૧ થી न् નો લોપ થઈ શકે. પણ આ સૂત્રમાં न् નો ङ् કરવાનું કહ્યું છે. તેના સામર્થ્યથી જ न् નો લોપ ન થાય. એ જ તેનું ફળ છે.

क्रुञ्च् નાં રૂપો વિ. પૂજાર્થક प्राञ्चवत् થશે.

**सोरुः ૨.૧.૭૨**

અર્થ : પદને અન્તે स् નો रु થાય છે.

વિવેચન : પ્રશ્ન – આ સૂત્રમાં रु માં उ અનુબંધ શા માટે છે ?

જવાબ : र् થી ભિન્ન કરવા માટે उ અનુબંધ વાળો रु બનાવ્યો છે. 'अरोः सुपि रः' સૂત્રનાં નિષેધ માટે અને 'अतोऽति रोरुः', 'घोषवति' વિ. સૂત્રની પ્રાપ્તિ કરવા માટે છે.

પ્રશ્ન : અહીં आशिष् શબ્દમાં 'सोरुः' સૂત્રથી स् નો रु થવાની પ્રાપ્તિ આવી પણ અહીં દન્ત્ય स् નથી પરંતુ મૂર્ધન્ય ष् છે તો આ સૂત્ર કેવી રીતે લાગે ?

જવાબ : અહીં ૨.૩.૧૫ થી કરેલો स् નો ष् ૨.૧.૬૦ સૂત્રમાં માનવો. અને ૨.૧.૬૦ થી ૨.૧.૭૨ એ સૂત્ર પર છે તો પરવિધિમાં ष् અસત્ મનાય છે તેથી મૂર્ધન્ય ष् ન માનતાં દન્ત્ય स् માનીને આ સૂત્રથી ष् નો रु થઈ आशीः સિદ્ધ થયું. आशीष् નાં રૂપો વિ. पिपठिष् વત્, वायु નાં રૂપો साधुवत् થશે.

પ્રશ્ન : आशीः ઉદાહરણમાં आशास्ते इति क्विप् आशिष् । અહીં इसासः शासोऽङ्व्यञ्जने ૪.૪.૧૧૮ સૂત્રથી शास् ધાતુના 'आस्' નો इस् કર્યો તેને બદલે शा નાં आ નો इ કર્યો હોત તો પણ ચાલત ને ? તો પછી આખા आस् નો इस् શા માટે કર્યો ?

જવાબ : બરાબર છે. स् તો आस् માં પણ છે. અને इस् માં પણ છે તો માત્ર आ નો इ કર્યો હોત તો પણ ચાલત. પરન્તુ જ્યારે नाम्यन्तस्था० ૨.૩.૧૫ સૂત્રથી स् નો ष् કરવાનો આવત. ત્યારે शा ના आ નો જ इ માત્ર કરેલ હોવાથી स् એ કૃત स् કાર ન કહેવાય. કૃત स् કાર કરવાં માટે જ आस् નો इस् કર્યો છે. તેથી नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી आशिस् નાં स् નો ष् થવાથી आशिष् થયું છે.

### सजुषः ૨.૧.૭૩

અર્થ : પદાન્તે રહેલાં सजुष् નાં અન્ત્યનો रु થાય છે.

વિવેચન : આ સૂત્ર પણ ૨.૧.૭૬ નાં અપવાદરૂપ છે. આ સૂત્ર ન રચ્યું હોત તો धुटस्तृतीयः લાગી ष् નો ड् થઈ જાત.

પ્રશ્ન : सजुषः નાં બદલે સૂત્રમાં દન્ત્ય स् કાર કેમ ન મૂક્યો ?

જવાબ : સાચી વાત છે. સૂત્રમાં જ દન્ત્ય स् કાર મૂક્યો હોત તો सोरुः થી रु થઈ જાત. આ સૂત્ર બનાવવાની જરૂર જ ન પડત. પરન્તુ क्विप् અન્ત સિવાય અન્યત્ર પણ ष् રાખવો છે. માટે जुष् મૂર્ધન્ય કર્યો.

सह जुषते इति क्विप् - सजूः = સેવક. सजूष् ની સાધનિકા पिपठिष्वत् થશે.

### अह्नः २.१.७४

**અર્થ :** પદાન્તે રહેલાં अहन् નાં અન્ત્યવર્ણનો रु થાય છે.

**ઉદા. :** हे दीर्घाहो निदाघ ! दीर्घाहा निदाघः । दीर्घाहन् = લાંબો દિવસ. निदाघ = ગ્રીષ્મઋતુ

**વિવેચન :** અહીં न् નો रु થયા પછી પૂર્વની સ્યાદિ વિધિમાં તે અસત્ થવાથી न् મનાય તેથી निदीर्घः १.४.८५ થી ह् નો अ દીર્ઘ થઈને दीर्घाहाः બન્યું. તેમ જ પરવિધિમાં रु ને અસત્ માની न् માનીએ તો नाम्नो नो... २.१.९१ સૂત્રમાં अहन् નું વર્જન ન કર્યું હોત તો न् નો લોપ કરવાની પ્રાપ્તિ આવત.

दीर्घाहन् શબ્દનું પ્રથમા એ.વ.માં दीर्घाहाः રૂપ થશે. સ્વરાદિ પ્રત્યય પર છતાં राजन्वत् રૂપો થશે. પરંતુ वोत्तरपदान्त... २.३.७५ થી न् નો ण् નહીં થાય. અને વ્યંજનાદિ પ્રત્યય પર છતાં चन्द्रमस् वत् રૂપો વિ. થશે.

### रो लुप्यरि २.१.७५

**અર્થ :** (વિભક્તિનો) લોપ થયે છતે પદાન્તે રહેલાં अहन् નાં અન્ત્ય વર્ણનો, र् ને વર્જીને કોઈપણ વર્ણ પર છતાં र् થાય છે.

**ઉદા. :** अहरधीते, अहर्दत्ते ।

लुपीति किम् ? हे दीर्घाहोऽत्र – અહીં सि વિભ.નો दीर्घङ्याब्० १.४.४५થી લુક્ થયો છે. પરન્તુ લુપ્ થયો નથી. તેથી આ સૂત્રથી अहन् નાં न् નો र् આદેશ થયો નથી.

સારાંશ એ કે પ્રત્યયનો જ્યાં લુપ્ થયો હોય ત્યાં र् જ થાય છે. દા.ત. अहरधीते । અને પ્રત્યયનો લુક્ થયો હોય તો रु નો જે વિધિ થતો હોય તે થાય. એટલે કે 'अतोऽति रोरुः' વિ. લાગે

अरीति किम् ? अह्नः रुपम् इति अहोरुपम् = દિવસનું સ્વરૂપ. આ વિગ્રહમાં ષષ્ઠી તત્પુ. સમાસ થયો છે. તેનો ऐकार्थ्ये ३.२.८ થી વિભ.નો લોપ થયો છે. ત્યાર પછી अहन् નાં न् નો તેની પરમાં रुपम् નો र् હોવાથી र् આદેશ ન થવાથી २.१.७४ સૂત્રથી रु આદેશ થયો છે. 'घोषवति' १.३.३१ થી रु નો उ અને अवर्णस्ये... १.२.६ થી अ+उ = ओ વિ. કાર્ય થવાથી अहोरुपम् થયું.

જો र् નું વર્જન ન કર્યું હોત તો આ સૂત્રથી न् નો र् થઈને अहर्+रुपम् થશે. रोरे लुग्... ૧.૩.૪૧ થી પૂર્વના र् નો લોપ થાય અને પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી अहारुपम् એવું અનિષ્ટ રૂપ થાત.

**धुटस्तृतीयः २.१.७६**

**અર્થ :** પદાન્તે રહેલાં ધુટ્ વર્ણનો (વર્ગીય) ત્રીજો વ્યઞ્જન થાય છે.

**વિવેચન :** **પ્રશ્ન** – अञ्भिः માં चजःकगम् થી क् કરી આ સૂત્રથી ग् કરી अग्भिः કેમ ન કર્યું ?

**જવાબ :** अच् એ સ્વરસંજ્ઞા દર્શક શબ્દ છે. અને चजःकगम् સૂત્ર સંજ્ઞાદર્શક શબ્દને લાગતું નથી. अच् નાં રૂપો વિ. वाच्वत् થશે. પરંતુ આ સૂત્રથી ग् ના સ્થાનમાં ज् થશે.

**ग-ड-द-बादेश्चतुर्थान्तस्यैकस्वरस्याऽऽदेश्चतुर्थः**
**स्ध्वोश्च प्रत्यये २.१.७७**

**અર્થ :** ग्, ड्, द्, ब् છે આદિમાં છે જેને અને વર્ગનો ચતુર્થ વ્યઞ્જન પરમાં છે જેને એવાં એક સ્વરી ધાતુનાં તેમજ ધાતુ સ્વરૂપ શબ્દનાં અવયવનાં આદિ વ્યંજનનાં ग्-ड्-द्-ब् નાં સ્થાને પદાન્તમાં તેમજ स् અને ध्व છે આદિમાં જેને એવા પ્રત્યય પરમાં હોતે છતે તેનો સ્વજાતીય ચતુર્થ વ્યઞ્જન घ्, ढ्, ध्, भ् થાય છે.

**સૂત્રસમાસ :** गश्च डश्च दश्च बश्च एतेषाम् समाहारः इति गडदबम् । (સમા.દ્વ.)
गडदबम् आदिः यस्य सः इति गडदबादिः तस्य । (બહુ.)
चतुर्थः अन्ते यस्य सः चतुर्थान्तः तस्य । (બહુ.)
एकःस्वरः यस्य सः एकस्वरः तस्य । (બહુ.)
स् च ध्व् च इति स्ध्वौ तयोः । (ઈત.દ્વ.)

**ઉદા. –** निघोक्ष्यते – नि+गुह्+स्यते, गुह् = સંતાડવું
नि+गोह्+स्यते - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી गु નાં उ નો ગુણ.
नि+गोढ्+स्यते - होधुट् पदान्ते २.१.८२ થી ह् નો ढ्
હવે બે સૂત્ર લાગવાની પ્રાપ્તિ છે. પ્રકૃત સૂત્ર અને षढोःकस्सि ૨.૧.૬૨ બેની સ્પર્ધા થઈ તો પર સૂત્ર પ્રથમ લાગે. પરન્તુ આ સૂત્ર લાગ્યાં પછી પણ षढोः कस्सि લાગે છે. તેથી તે સૂત્ર નિત્ય બને છે. માટે 'परान्नित्यम्' ન્યાયથી ૨.૧.૬૨ સૂત્ર પ્રથમ લાગે છે. निगोक्+स्यते થાય છે. હવે ધાતુનાં અન્તે ચોથો વ્યંજન રહ્યો નથી માટે ચાલુ સૂત્ર નહીં લાગે.

છતાં પણ ૨.૧.૬૨ થી જે કાર્ય થયું છે તે પરવિધિમાં એટલે કે આ સૂત્રના કાર્યમાં અસત્ મનાય માટે क् ના સ્થાને द् મનાય. તેથી ચોથો અક્ષર અન્તે મનાશે. માટે આદિનાં ग् નો घ् થયો. અને नाम्यन्तस्था.... ૨.૩.૧૫ થી स् નો ष् થવાથી निघोक्ष्यते થયું.

★ न्यघूढ्वम् – नि+गुह्+ध्वम् (અદ્યતની)

नि+अ+गुह्+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.

नि+अ+गुह्+सक्+ध्वम् - ह शिटेनाम्यु... ૩.૪.૫૫ થી सक् પ્રત્યય.

नि+अ+गुह्+ध्वम् - दुह दिह लिह गुहो... ૪.૩.૭૪ થી सक् નો લોપ.

नि+अ+गुढ्+ध्वम् - हो धुट्पदान्ते ૨.૧.૮૨ થી ह् નો ढ्.

नि+अ+घुढ्+ध्वम् આ સૂત્રથી गु નાં ग् નો घ्.

नि+अ+घुढ्+ढ्वम् - तवर्गस्यश्चवर्ग... ૧.૩.૬૦ થી ध्वम् નાં ध् નો ढ्

नि+अ+घूढ्वम् - ढस्तड्ढे... ૧.૩.૪૨ થી घुढ् નાં ढ् નો લોપ અને પૂર્વનો સ્વર દીર્ઘ.

न्यघूढ्वम् - इवर्णादे... ૧.૨.૨૧ થી इ નો य् થયો.

★ धोक्ष्यते । – दुह्+स्यते – दुह् = દોહવું.

दोह्+स्यते - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી उ નો ગુણ.

दोघ्+स्यते - भ्वादेर्दादेर्घः ૨.૧.૮૩ થી ह् નો घ्.

धोघ्+स्यते આ સૂત્રથી द् નો ध्

धोक्+स्यते - अघोषे प्रथमो... ૧.૩.૫૦ થી घ् નો क्.

धोक्+ष्यते = धोक्ष्यते । नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स નો ष्.

★ अधुग्ध्वम् – दुह्+ध्वम् (અદ્યતની.)

अदुह्+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.

अदुह्+सक्+ध्वम् - हशिटोनाम्यु... ૩.૪.૫૫ થી सक् પ્રત્યય.

अदुघ्+सक्+ध्वम् - भ्वादेर्दादेर्घः ૨.૧.૮૩ થી ह् નો घ्.

अदुघ्+ध्वम् - दुह-दीह-लिह... ૪.૩.૭૪ થી सक् નો લોપ.

अधुघ्+ध्वम् આ સૂત્રથી द् નો ध्.

अधुग्ध्वम् - तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી घ् નો ग्.

★ भोत्स्यते – बुध्+स्यते (ભવિ.) बुध् = બોધ પામવો - જાણવું.

बोध्+स्यते - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી उ નો ગુણ.

भोध्+स्यते આ સૂત્રથી ब् નો भ्

भोत्+स्यते = भोत्स्यते - अघोषे प्रथमो... ૧.૩.૫૦ થી ध् નો त्

★ अभुद्ध्वम्.— बुध्+ध्वम् (અદ્યતની)

अबुध्+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.

अबुध्+सिच्+ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् (स्).

अबुध्+ध्वम् - सोधिवा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.

अभुध्+ध्वम् આ સૂત્રથી बुध् નાં ब् નો भ्

अभुद्ध्वम् - तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી ध् નો द्

ग-ड-द-बादेरिति किम्? अजञ्जप्। जभ्=બગાસું ખાવું (યङ्લુબન્ત)

जभ्+यङ् - गृलुप सदचर... ૩.૪.૧૨ થી यङ् પ્રત્યય.

जभ् जभ्+यङ् - सन्यङश्च ૪.૧.૩ થી દ્વિત્વ.

जजभ्+यङ् - व्यञ्जनस्य... ૪.૧.૪૪ થી અનાદિ વ્યઞ્જનનો લોપ.

जम्जभ्+यङ् - जप जभ... ૪.૧.૫૨ થી દ્વિત્વ પૂર્વમાં म् આગમ.

जम्जभ् - बहुलं लुप् ૩.૧.૧૪ થી यङ् નો લોપ.

जञ्जभ् - म्नां धुड् वर्गे... ૧.૩.૩૯ થી म् નો અનુનાસિક.

जञ्जभ्+दिव् - दिव् ताम् अन्... ૩.૩.૯ થી दिव् પ્રત્યય.

अजञ्जभ्+दिव् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.

अजञ्जभ् - व्यञ्जनाद् देः ... ૪.૩.૭૮ થી दिव् નો લોપ.

अजञ्जब् - धुटस्तृतीयः ૨.૧.૭૬ થી भ् નો ब्

अजञ्जप् - विरामे वा ૧.૩.૫૧ થી ब् નો प्

અહીં जञ्जभ् માં ग-ड-द-ब સિવાયનો ज् તૃતીયછે . અને તેનું સૂત્રમાં ગ્રહણ કરેલ નથી.

एकस्वरस्येति किम्? दामलिट्= માળાને પહેરનાર - અહીં એકસ્વરી નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

**વિવેચન :** **પ્રશ્ન** — અહીં પ્રત્યયનું ગ્રહણ શા માટે કર્યું ? કારણ કે 'प्रत्यया-ऽप्रत्ययोः प्रत्ययस्यैवग्रहणम्।' એ ન્યાયથી પ્રત્યયનું જ ગ્રહણ થાત ને ?

**જવાબ :** दध्वः (धा ધાતુ વર્ત. પ્ર.પુ.દ્વિ.વ.)માં 'उभय स्थान निष्पन्नोऽन्यतरव्यपदेश भाक् ।' જ્યારે આ ન્યાયથી પ્રકૃતિ અને પ્રત્યયના સ્થાનમાં થયેલો 'ध्वः' અવયવ પણ પ્રત્યય કહી શકાય... ત્યારે આદિમાં રહેલ द् નો આ સૂત્રથી ચતુર્થ થવાની પ્રાપ્તિ આવી જાય... તેના નિવારણ માટે સૂત્રમાં પ્રત્યયનું ગ્રહણ કરવાથી ન્યાયથી નિરપેક્ષ ध्व આદિમાં છે

એવો પ્રત્યય હોય તો જ થશે. પરંતુ અહીં દધ્વઃ માં નહીં થાય. ચ એ સ્ધ્વોઃ પછી મૂકેલ છે. તેથી ઉપરથી પદાન્તની અનુવૃત્તિ આવે છે. નહીંતર 'સ્ધ્વોઃ' નાં ગ્રહણથી અટકી જાત.

**धागस्तथोश्च २.१.७८**

**અર્થ :** द् છે આદિમાં જેને અને ચતુર્થ વ્યંજન છે અન્તે જેને એવાં धा ધાતુનાં આદિ द् નો, त કારાદિ, थ કારાદિ, स કારાદિ અને ध्व કારાદિ પ્રત્યય પર છતાં ચતુર્થ વ્યજ્જન થાય છે.

**સૂત્રસમાસ :** तश्च थश्च इति तथौ तयोः । (ઈ.દ્વ.)

**ઉદા. –** धत्तः, धत्थः, धत्सः, धद्ध्वे ।

धा = ધારણ કરવું धा+तस् વિ. પ્રત્યયો.

धाधा+तस् - हवःशिति ૪.૧.૨ થી દ્વિત્વ.

धधा+तस् - ह्रस्वः ૪.૧.૩૯ થી પૂર્વનો धा હ્રસ્વ.

दधा+तस् - द्वितीय तुर्ययोः... ૪.૧.૪૨ થી ध् નો द्.

दध्+तस् - श्नश्चातः ૪.૨.૯૬ થી धा નાં आ નો લોપ.

धध्+तस् આ સૂત્રથી આદિ द् નો ચતુર્થ ध्.

धत्+तस् - अघोषे प्रथमो... ૧.૩.૫૦ થી तस् ની પૂર્વનાં ध् નો त् –

धत्तः एवम् धत्थः, धत्सः ।

धद्ध्वे માં तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી ध् નો द् થયો તેટલું વિશેષ...

तथोश्चेति किम् ? दध्वः । – वस् પ્રત્યય પરમાં છે. તેથી આ સૂત્ર ન લાગ્યું.

चतुर्थान्तस्यैव – दधाति । અહીં ધાતુ द् આદિવાળો હોવા છતાં चतुर्थान्त નથી પણ અન્તે आ છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

**વિવેચન :** પ્રશ્ન – ઉપરના સૂત્રમાં धाग् ધાતુનો સમાવેશ થઈ જતો હતો. તો પછી આ સૂત્ર જુદું શા માટે બનાવ્યું ?

**જવાબ :** ઉપરનાં સૂત્રમાં પદાન્ત હતું. તેની અનુવૃત્તિ અહીં અટકાવી દીધી અને त् કારાદિ थ् કારાદિ પ્રત્યય વધાર્યા માટે આ સૂત્ર જુદું રચ્યું. तथोश्च કરી च કારથી ઉપરથી स्ध्वोः ની અનુવૃત્તિ લીધી. નહીંતર तथोः અહીં નવું ગ્રહણ કર્યું તેથી 'स्ध्वोः'ની અનુવૃત્તિ અટકી જાત.

धाग् માં ग् અનુબંધ સહિત લીધો છે. તેથી यङ्लुबन्त માં આ સૂત્ર ન લાગે.

'तिवाशवानुबन्धेन, निर्दिष्टं यद् गणेन च ।
एकस्वर निमित्तम् च, पञ्चैतानि न यङ्लुपि ॥
तिव् थी, शव् थी, અનુબંધથી, ગણથી, અને એકસ્વરનાં નિમિત્તથી આ પાંચ દ્વારા બતાવેલ કાર્ય યઙ્લુબન્તમાં લાગતું નથી. તેથી યઙ્લુબન્તમાં दा ધાતુનું दातः થશે.

'आ-गुणावन्यादेः ૪.૧.૪૮ થી द् નાં अ નો आ થયો છે.

પ્રશ્ન : અહીં च કારથી ઉપરનાં પ્રત્યયો ન લીધાં હોત તો ઉપરનાં સૂત્રમાં જ રૂપો સિદ્ધ થાત. તો च કારનું ગ્રહણ શા માટે ?

જવાબ : यङ्लुबन्त માં क्रियाव्यतिहारे...... ૩.૩.૨૩ સૂત્રથી આત્મનેપદમાં व्यतिदात्से કરવાં માટે. નહીંતર व्यतिधात्से થાત. કારણ કે અહીં धाग् એ અનુબંધ સહિત લીધો છે. તેથી આ સૂત્રમાં यङ्लुबन्त નો નિષેધ થાય છે. પરન્તુ ઉપરમાં धा ધાતુ અનુબંધ વગરનો જ આવત. તેથી તે સૂત્ર यङ्लुबन्त માં પણ લાગી જાત.

પ્રશ્ન : धत्तः માં धा નું દ્વિત્વ થયાં પછીનાં आ નો લોપ ૪.૨.૯૬ થી કર્યો. તે સ્વરાદેશ થયો. તેથી 'स्वरस्य परे प्राग्विधौ' ૭.૪.૧૧૦ સૂત્રથી સ્વરાદેશનો સ્થાનિવદ્ભાવ થશે. પછી ૧.૩.૫૦ સૂત્ર કઈ રીતે લાગે ? કેમકે आ મનાશે. માટે ध् નો त् નહીં થાય.

જવાબ : અહીં श्नश्चातः થી धा નાં आ નો લોપ થયો તે સ્વરાદેશપણામાં સ્થાનિવદ્ભાવ થતો નથી. કારણ કે અહીં અસત્ વિધિનું પ્રકરણ ચાલુ છે. અથવા તો વચન સામર્થ્યથી સ્થાનિવદ્ થતો નથી. માટે आ નહીં મનાય. અન્તે ध् જ મનાશે. તેથી ૧.૩.૫૦ સૂત્ર લાગી ध् નો त् થશે.

### अधश्चतुर्थात् तथो-र्धः ૨.૧.૭૯

અર્થ : વર્ગીય ચતુર્થ વ્યઞ્જનથી પરમાં धा સિવાયના ધાતુથી વિધાન કરાયેલાં त् અને थ् નો ध् આદેશ થાય છે.

સૂત્રસમાસ : न विद्यते धा यस्मिन् सा अधा तस्मात् । (બહુ.)
त च थ च इति तथौ तयोः । (ઈ.દ્વ.)

ઉદા. : अदुग्ध, अदुग्धाः । दुह्+त, थास् પ્રત્યય. (હ્યસ્તની)
अदुह्+त-थास् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.
अदुघ्+त - थास् - भ्वादेर्दादेर्घः ૨.૧.૮૩ થી ह् નો घ्.
अदुघ्+ध-धास् આ સૂત્રથી त् અને थ् નો ध्.

अदुग्ध - अदुग्धास् - तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી ધુટ્નો ત્રીજો.
अदुग्धाः - सोरुः - रः पदान्ते... થી વિસર્ગ.

★ अलब्ध - अलब्धाः । लभ् = મેળવવું. लभ्+त - थास् (અદ્યતની)
अलभ्+त-थास् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.
अलभ्+सिच्+त-थास् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.
अलभ्+त-थास् - धुड् ह्रस्वा... ૪.૩.૭૦ થી सिच् નો લોપ.
अलभ्+ध-धास् આ સૂત્રથી त् અને थ् નો ध्.
अलब्ध - अलब्धास् तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી भ् નો ब्.
अलब्धाः सोरुः - रः पदान्ते... થી વિસર્ગ.
अध इति किम् ? धत्तः - धत्थः ।
धा ધાતુનું વર્જન કર્યું છે. તેથી त्-थ् નો ध् ન થયો.
विहित विशेषणं किम् ? ज्ञानभुत्त्वम् ।
અહીં बुध् ધાતુથી પરમાં त् કારાદિ પ્રત્યય હોવા છતાં ધાતુથી વિધાન કરાયેલ પ્રત્યય નથી. પરન્તુ નામથી વિધાન કરાયેલ પ્રત્યય છે. તેથી त् નો ध् આદેશ થતો નથી. નહીંતર ज्ञानभुद्ध्वम् એવું અનિષ્ટ રૂપ થઈ જાત.

**વિવેચન :** **પ્રશ્ન** — ઉપરનાં સૂત્રમાં तथोः ને સપ્તમી વિભ. હતી. અને 'अर्थवशात् विभक्ति विपरिणामः ।' એ ન્યાયથી ઉપરથી तथोः લઈને ષષ્ઠી વિભ.નો અર્થ કરી શકાત. છતાં સૂત્રમાં ફરીથી तथोः નું શા માટે ગ્રહણ કર્યું ?

**જવાબ :** પૂર્વનાં સૂત્રમાં तथोः નિમિત્ત તરીકે ગ્રહણ કરેલ હતું. જ્યારે આ સૂત્રમાં ફરીથી तथोः નું ગ્રહણ કર્યું છે. તે કાર્યી તરીકે ગ્રહણ કરેલ છે. અને આ ન્યાયથી નિમિત્તમાંથી કાર્યી તરીકે ઉપરથી આવી શકતો નથી. માટે સૂત્રમાં ફરીથી तथोः ગ્રહણ કરેલ છે.

**પ્રશ્ન :** गडदबादे... ૨.૧.૭૭ સૂત્રમાં चतुर्थान्तस्य એ પ્રમાણેનાં અધિકારને અહીં 'अर्थवशात्...' ન્યાયથી પઞ્ચમ્યન્ત કરીને લઈ શકાતું હતું છતાં અહીં ફરીથી 'चतुर्थात्' એ પ્રમાણે શા માટે ગ્રહણ કર્યું ?

**જવાબ :** અહીં એ પ્રમાણે સ્વીકાર થઈ શકત. પણ તે ક્લિષ્ટ પડત. અહીં સહેલાઈથી સમજાઈ જાય માટે પુનઃ ગ્રહણ કરેલ છે.

**પ્રશ્ન :** અહીં ज्ञानभुत्त्वम् માં 'ज्ञानबुध्' ને 'क्विबन्ताः धातुत्वं नोज्झन्ति...' એ ન્યાયથી ધાતુ ગણી શકાત. તો અહીં કેમ ધાતુ તરીકે તેને ગ્રહણ કર્યો નહીં ?

**જવાબ :** અહીં અઘં: માં જે ઘા નું વર્જન કર્યું છે તે પર્યુદાસનઞ્ થી વર્જન કરેલ છે. તેથી તત્સદૃશનું ગ્રહણ થાય છે. તેથી ઘા સિવાયનાં અન્ય ધાતુઓનું વર્જન થશે. તેથી क्विप् વિ. લગાડી થયેલા નામોનું ધાતુ માનીને પણ ગ્રહણ નહીં થાય. માટે त् નો ध् ન થાય.

**र्नाम्यन्तात् परोक्षाद्यतन्या शिषो धोढः २.१.८०**

**અર્થ :** र् અન્તવાળાં અને નામ્યન્ત એવાં ધાતુથી પરમાં રહેલાં પરોક્ષા, અદ્યતની અને આશિષ્ સંબંધી પ્રત્યયનાં ध् નો ढ् થાય છે.

**સૂત્રસમાસ :** र् च नामी च र्नामिनौ। (ઈ.દ્વ.) र्नामिनौ अन्ते यस्य सः र्नाम्यन्तः तस्मात् (બહુ.) परोक्षा चाद्यतनी च आशीश्च एतेषां समाहारः परोक्षाद्यतन्याशीः तस्य। (સમા.દ્વ.)

**ઉદા. :** (૧) तुष्टुढ्वे - स्तु – સ્તુતિ કરવી. स्तु+ध्वे (પરોક્ષા બી.પુ.બ.વ.)
स्तुस्तु+ध्वे - द्विर्धातुः परोक्षा... ૪.૧.૧ થી દ્વિત્વ.
तुस्तु+ध्वे - अघोषे शिटः ૪.૧.૪૫ થી દ્વિત્વ પૂર્વનાં स् નો લોપ.
तुष्तु+ध्वे - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स्तु નાં स् નો ष्.
तुष्टु+ध्वे - तवर्गस्यश्च... ૧.૩.૬૦ થી ष् નાં યોગમાં त् નો ट्.
तुष्टुढ्वे આ સૂત્રથી ध्वे નાં ध् નો ढ्.
(૨) अतीर्ढ्वम् – तॄ = તરવું तॄ+ध्वम् (અદ્યતની બી.પુ.બ.વ.)
अतॄ+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.
अतॄ+सिच्+ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.
अतॄ+सिच्+ध्वम् - ॠवर्णात् ૪.૩.૩૬ થી सिच् કિદ્વત્
अतिर्+सिच्+ध्वम् - ॠतांक्ङितीर् ૪.૪.૧૧૬ થી ॠ નો इर्.
अतिर्+ध्वम् - सोधिवा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.
अतीर्+ध्वम् ध्वादेर्नामिनो... ૨.૧.૬૩ થી ઈ દીર્ઘ.
अतीर्ढ्वम् આ સૂત્રથી ध्वम् નાં ध् નો ढ्.
(૩) तीर्षिढ्वम् – तॄ+सीध्वम् (આશિષ્. બી.પુ.બ.વ.)
तॄ+सीध्वम् - ॠवर्णात् ૪.૩.૩૬ થી सीध्वम् કિદ્વત્
तिर्+सीध्वम् - ॠतांक्ङितीर् ૪.૪.૧૧૬ થી ॠ નો इर् થયો.
तिर्+षीध्वम् - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष् થયો.
तीर्+षीध्वम् - ध्वादेर्नामिनो... ૨.૧.૬૩ થી इर् નો ઈ દીર્ઘ.
तीर्षीढ्वम् આ સૂત્રથી सीध्वम् નાં ध् નો ढ्.

(૪) अदिढ्वम् – दा = આપવું दा+ध्वम् (અદ્યતની બી.પુ.બ.વ.)
अदा+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.
अदा+सिच्-ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.
अदि+सिच्+ध्वम् - इश्वस्थादः ૪.૩.૪૧ થી सिच् કિદ્‌વત્ અને दा નાં आ નો इ થયો.
अदि+ध्वम् - सोधि वा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.
अदिढ्वम् આ સૂત્રથી ध्वम् નાં ध् નો ढ्.
(૫) चेषीढ्वम् - चि+सीध्वम् (આશિષ્. બી.પુ.બ.વ.)
चे+सीध्वम् - नामिनोगुणो... ૪.૩.૧ થી इ નો ગુણ ए.
चे+षीध्वम् - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष्.
चेषीढ्वम् આ સૂત્રથી सीध्वम् નાં ध् નો ढ्.
र्नाम्यन्तादिति किम् ? अपग्ध्वम् – पच् = રાંધવું पच्+ध्वम् (અદ્યતની બી.પુ.બ.વ.)
अपच्+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.
अपच्+सिच्+ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.
अपच्+ध्वम् - सोधिवा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.
अपक्+ध्वम् - चजःकगम् ૨.૧.૮૬ થી च् નો क्.
अपग्ध्वम् - तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી क् નો ग्.
અહીં र् કારાન્ત કે નામ્યન્ત ધાતુ નથી. પરન્તુ વ્યઞ્જનાન્ત ધાતુ હોવાથી આ સૂત્ર ન લાગ્યું.
आसिध्वम् – आस् = બેસવું. आस्+ध्वम् (અદ્યતની બી.પુ.બ.વ.)
आस्+सिच्+ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.
आस्+इट्+सिच्+ध्वम् - स्ताद्यशितो... ૪.૪.૩૨ થી सिच् ની પૂર્વે इट्
आस्+इट्+ध्वम् - सोधिवा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.
आसिध्वम् - स्वरादेस्तासु ૪.૪.૩૧ થી आ ની વૃદ્ધિ.
અહીં પણ નામ્યન્ત કે र् કારાન્ત ધાતુ નથી તેથી આ સૂત્ર ન લાગ્યું.

**વિવેચન :** **પ્રશ્ન** – ૨.૧.૮૦ અને ૨.૧.૮૧ આ બંને સૂત્રો માત્ર ધાતુ સંબંધી છે. તો પછી તે ધાતુ પ્રકરણમાં લેવાં હતાં ને ? અહીં શા માટે લીધાં ?

**જવાબ :** આ બે સૂત્રો પ્રાસંગિક છે. ૨.૧.૭૯ માં પણ ધાતુના વર્ણ સંબંધી જ વાત છે. એમાં 'ध्' નું પ્રકરણ ચાલે છે તેથી ચાલુ પ્રકરણ હોવાથી

અહીં ભેગું જ લઈ લીધું. નહીં તો ફરી પાછું ધાતુ પ્રકરણમાં આ વાત લે તો ગૌરવ થઈ જાય. લાઘવ કરવાં માટે જ ચાલુ પ્રકરણમાં ગ્રહણ કરી લીધું છે.

### हान्तस्थाञ्जीड्भ्यां वा २.१.८१

**અર્થ :** ह् અને અન્તસ્થાથી પરમાં રહેલાં જે ञि અને इट्, તેનાંથી પર રહેલાં પરોક્ષા – અદ્યતની અને આશિષ્ સંબંધી પ્રત્યયનાં ध् નો ढ् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :** हश्च अन्तस्था च एतयोः समाहारः हान्तस्थं तस्मात् (સમા.દ્વ.) ञिश्च इट् च ञीटौ ताभ्याम् (ઈ.દ્વ.)

**ઉદા. :** (૧) **ह् અન્તવાળા** – अग्राहिढ्वम् - अग्राहिध्वम् - ग्रह्+ध्वम् (કર્મણિઅદ્ય. બી.પુ.બ.વ.)

अग्रह्+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ अट् આગમ.

अग्रह्+सिच्+ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ ध्वम् પૂર્વે सिच्.

अग्रह्+ञिट्+सिच्+ध्वम् - स्वरग्रह दृश... ૩.૪.૬૯ થી सिच् પૂર્વે ञिट्.

अग्राह्+ञिट्+सिच्+ध्वम् - ञ्णिति ૪.૩.૫૦ થી ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ.

अग्राह्+ञिट्+ध्वम् - सोधिवा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.

अग्राहिढ्वम् આ સૂત્રથી ध्वम् નાં ध् નો ढ्, વિકલ્પ પક્ષે

अग्राहिध्वम्

(૨) ग्राहिषीढ्वम् - ग्राहिषीध्वम् - ग्रह्+सीध्वम् (આશિષ્ કર્મણિ બી.પુ.બ.વ.)

ग्रह्+ञिट्+सीध्वम् - स्वरग्रहदृश... ૩.૪.૬૯ થી ञिट्.

ग्राह्+ञिट्+सीध्वम्–ञ्णिति ૪.૩.૫૦ થી ग्रह् ના अ નો आ.

ग्राहिषीध्वम् - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष्.

ग्राहिषीढ्वम् આ સૂત્રથી ध्वम् નાં ध् નો ढ् થાય ત્યારે...

ग्राहिषीध्वम् વિકલ્પ પક્ષે ध् નો ढ् ન થાય ત્યારે...

**– અન્તસ્થાથી પર –**

(૩) अनायिढ्वम् –अनायिध्वम् – नी+ध्वम् (કર્મણિ અદ્ય. બી.પુ.બ.વ.)

अनी+ध्वम् - अड्धातोरादि... ૪.૪.૨૯ થી अट् આગમ.

अनी+सिच्+ध्वम् - सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.

अनी+ञिट्+सिच्+ध्वम् - स्वर–ग्रह–दृश... ૩.૪.૬૯ થી ञिट् પ્રત્યય.

अनै+ञिट्+सिच्+ध्वम् - नामिनोऽकलि... ૪.૩.૫૧ થી ई ની વૃદ્ધિ.

अनै+ञिट्+ध्वम् - सोधि वा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.

अनाय्+इ+ध्वम् - एदैतोऽयाय् ૧.૨.૨૩ થી ऐ નો आय्.

अनायिढ्वम् આ સૂત્રથી ध्वम् નાં ध् નો ढ् થાય ત્યારે.

अनायिध्वम् વિકલ્પ પક્ષે ध् નો ढ् ન થાય ત્યારે...

(૪) नायिषीढ्वम् - नायिषीध्वम् – नी+सीध्वम् (આશિષ્, કર્મણિ બી.પુ.બ.વ.) ग्राहिषीढ्वम् ની સાધનિકા પ્રમાણે જાણવું.

અહીં नी નાં ऐ નો आय् થયાં પછી અન્તસ્થાથી પરમાં ञिट् પ્રત્યય છે. માટે આ સૂત્ર લાગે છે.

(૫-૬) अकारिढ्वम् - अकारिध्वम् , अलाविढ्वम् - अलाविध्वम् આ બંનેમાં પણ अनायिढ्वम् ની સાધનિકા પ્રમાણે જાણવું.

### ह् અન્તવાળો –

(૭) जगृहिढ्वे - जगृहिध्वे – ग्रह् = ગ્રહણ કરવું. ग्रह्+ध्वे (પરોક્ષા બી.પુ.બ.વ.)

ग्रह् ग्रह्+ध्वे - द्विर्धातुःपरोक्षा... ૪.૧.૧. થી દ્વિત્વ.

गग्रह्+ध्वे - व्यञ्जनस्या... ૪.૧.૪૪ થી પૂર્વના અનાદિ વ્યંજનનો લોપ.

जग्रह्+ध्वे - गहोर्जः ૪.૧.૪૦ થી ग् નો ज्.

जग्रह्+इट्+ध्वे - स्क्रसृ वृभृ... ૪.૪.૮૧ થી ध्वे ની પૂર્વે इट्.

जग्रह्+इ+ध्वे - इन्ध्यसंयोगात् ૪.૩.૨૧ થી ध्वे કિદ્વત્.

जगृहिध्वे - ग्रह-व्रश्च... ૪.૧.૮૪ થી ग्रह् નાં र् નો ऋ.

जगृहिढ्वे આ સૂત્રથી ध्वे નાં ध् નો ढ् વિકલ્પે થાય ત્યારે.

जगृहिध्वे પક્ષે ध् નો ढ् ન થાય ત્યારે.

### અન્તસ્થા અન્તવાળો –

(૮) आयिढ्वम् - आयिध्वम्. अय् = જવું. अय्+ध्वम् (અદ્યતની, બી.પુ.બ.વ)

अय्+सिच्+ध्वम् – सिजद्यतन्याम् ૩.૪.૫૩ થી सिच् પ્રત્યય.

अय्+इट्+सिच्+ध्वम् - स्ताद्यशितोऽ... ૪.૪.૩૨ થી सिच् ની પૂર્વે इट्.

आयि+सिच्+ध्वम् – स्वरादेस्तासु ૪.૪.૩૧ થી अ ની વૃદ્ધિ.

आयिध्वम् - सोधिवा ૪.૩.૭૨ થી सिच् નો લોપ.

आयिद्वम् આ સૂત્રથી ध्वम् નાં ध् નો द् વિકલ્પે.
आयिध्वम् જ્યારે ध् નો द् ન થાય ત્યારે..
हान्तस्थादिति किम् ? घानिषीध्वम्, आसिषीध्वम् । हन् = હણવું -
हन्+सीध्वम् (આશિષ્ કર્મણિ, બી.પુ.બ.વ.)
हन्+ञिट्+सीध्वम् - स्वर-ग्रहदृश... ૩.૪.૬૯ થી ञिट्.
घन्+ञिट्+सीध्वम् - ञिणवि घन् ૪.૩.૧૦૧ થી हन् નો घन्.
घान्+ञिट्+सीध्वम् - ञ्णिति ૪.૩.૫૦ થી अ ની વૃદ્ધિ आ.
घान्+ञिट्+षीध्वम् - नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष्.
અહીં ञिट् ની પૂર્વે ह् કે અન્તસ્થા નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.
आसिषीध्वम् – आस्+सीध्वम् (આશિષ્ કર્મણિ બી.પુ.બ.વ.) અહીં પણ ग्राहिषीध्वम् ની જેમ સાધનિકા થશે. પરન્તુ सि ની પૂર્વે ह् કે અન્તસ્થા ન હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

**વિવેચન :** **પ્રશ્ન** – સૂત્રમાં દ્વિ.વ. શા માટે કર્યું છે ?

**જવાબ :** અહીં વચનભેદ કરવાનું કારણ યથાસંખ્યની નિવૃત્તિ માટે છે. કારણ કે ह् અને અન્તસ્થા એ બે છે. અને ञिट् અને इट् બે છે. જો વચનભેદ ન કર્યો હોત તો 'यथासंख्य'.:. ન્યાયથી અનુક્રમ થઈ જાત.

**પ્રશ્ન :** આ સૂત્રની રચના શા માટે કરી ? કારણ કે ञिट् કે इट् લાગવાથી નામ્યન્ત ધાતુ બની જાત. પછી ઉપરના સૂત્રથી પ્રાપ્તિ થઈ શકે છે.

**જવાબ :** (૧) ઉપરનાં સૂત્રથી નિત્ય પ્રાપ્તિ હતી જ્યારે અહીં વિકલ્પે પ્રાપ્તિ કરવી છે. (૨) ञिट् કે इट् લાગવાથી ધાતુ નામ્યન્ત બને નહીં કારણ કે ञिट् છે તે સ્વતન્ત્ર છે. જ્યારે इट् એ પ્રત્યયની પૂર્વે લાગવાથી પ્રત્યયના અવયવભૂત બને છે તેથી ञिट् અને इट् પર છતાં ધાતુ નામ્યન્ત થતો નથી. તેથી ઉપરનાં સૂત્રમાં ગ્રહણ થઈ શકે નહીં.

## हो धुट् पदान्ते २.१.८२

**અર્થ :** ધુટ્ વર્ણ છે આદિમાં જેને એવાં પ્રત્યય પર છતાં અને પદનાં અન્તે ह् નો ढ् થાય છે.

**સૂત્રસમાસ :** धुट् च पदान्तश्च एतयोः समाहारः इति धुट्पदान्तं तस्मिन् । (સમા.દ્વ.)

**ઉદા. –** लेढा – लिह्+ता लिह् = ચાટવું.
लिढ्+ता આ સૂત્રથી ह् નો ढ्
लिढ्+धा - अधश्चतुर्थात्... २.१.७९ થી ता નાં त् નો ध्.

लिद्+ढा - तवर्गस्यश्चवर्ग... ૧.૩.૬૦ થી द् નાં યોગમાં ध् નો द्.

लेद्+ढा - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી ई નો ગુણ ए.

लेढा - ढस्तड्ढे ૧.૩.૪૨ થી द् ની પૂર્વનાં द् નો લોપ.

मधु लेढीति क्विप् - मधुलिट् । = ભ્રમર

गुडं लेढीति क्विप् - गुडलिह् । गुडलिट् अत्र अस्ति इति गुडलिण्मान् । = મધમાખીવાળો.

गुडलिह्+मतु - तदस्याऽस्ति... ૭.૨.૧ થી मतु પ્રત્યય..

गुडलिद्+मतु આ સૂત્રથી ह् નો द् થયો.

હવે ૨.૧.૭૬ અને ૨.૧.૯૪ બંને સૂત્રની પ્રાપ્તિ આવી. તેમાં ૨.૧.૯૪ પર સૂત્ર હોવાથી તેજ સૂત્ર પ્રથમ લાગે. मावर्णान्तो... ૨.૧.૯૪ સૂત્રથી म् નો व् કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે આ સૂત્રનું કાર્ય પરવિધિમાં અસત્ થાય છે. તેથી द् નો ह् જ મનાય. તેથી मतु નાં म् નો व् ન થાય. તેથી હવે ૨.૧.૭૬ સૂત્રથી द् નો ड् થશે. હવે ड् એ પણ પઞ્ચમ વર્જીને વર્ગીય વર્ણ હોવાથી ૨.૧.૯૪ સૂત્ર લાગે. પરન્તુ ૨.૧.૭૬ સૂત્રનું કાર્ય પણ પરવિધિમાં અસત્ મનાતું હોવાથી ड् નો द् માન્યો. અને એ द् પણ ૨.૧.૮૨ થી બનેલો પરવિધિમાં અસત્ મનાતો હોવાથી द् નો ह् માન્યો. તેથી હવે ૨.૧.૯૪ સૂત્ર નહીં લાગે. તેથી प्रत्यये च ૧.૩.૨ સૂત્ર લાગી ड् નો ण् થવાથી गुडलिण्मान् બન્યું. જો અસત્ વિધિ ન હોત તો गुडलिड्वान् એવો અનિષ્ટ પ્રયોગ થાત.

**વિવેચન :** **પ્રશ્ન** – સૂત્રમાં धुट् જ લખ્યું છે તો धुट् પ્રત્યય એમ કેવી રીતે ગ્રહણ કર્યું ?

**જવાબ :** धुट् બે જાતના છે. (૧) પ્રત્યય સંબંધી (૨) અપ્રત્યયસંબંધી.

હવે અહીં ન્યાય છે કે 'प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम्' પ્રત્યય અને અપ્રત્યય બંનેમાંથી પ્રત્યયનું જ ગ્રહણ થાય છે. આ ન્યાયથી પ્રત્યય જ ગ્રહણ થાય.

(૧) પ્રત્યય સંબંધી धुट् – लिह्+ता અહીં त् કારાદિ પ્રત્યય છે. આદિમાં જે त् છે તે धुट् સંજ્ઞક છે. માટે એ પ્રત્યય સંબંધી धुट् કહેવાય.

(૨) અપ્રત્યયસંબંધી धुट् – કોઈ શબ્દ જ એવો હોય કે જેની આદિમાં धुट् વ્યંજન હોય તેને અપ્રત્યય સંબંધી धुट् કહેવાય.

पदान्त इति किम् ? मधुलिहौ । સ્વરાદિ પ્રત્યય છે માટે પદાન્ત નથી.

गुडलिण्मत् નાં રૂપો સાધનિકા વિ. गोमत् वत् જાણવી.

### भ्वादेर्दादेर्घः २.१.८३

**અર્થ :** જેમાં द् આદિમાં છે એવાં भ्वादि ધાતુ સંબંધી અવયવનાં ह् નો ધુટ્ પ્રત્યય પર છતાં અને પદાન્તે घ् થાય છે.

**સૂત્રસમાસ :** भूः आदिः यस्य सः भ्वादिः तस्य । (બહુ.)

द् आदिः यस्य सः दादिः तस्य । (બહુ.)

**ઉદા. :** (१) दोग्धा – दुह्+ता श्वस्तनी (ત્રી.પુ.એ.વ.)

दुघ्+ता આ સૂત્રથી ह् નો घ्.

दुघ्+धा - अधश्चतुर्थात्... २.१.७९ થી ता નાં त् નો ध्.

दुग्+धा - तृतीयस्तृतीय... १.३.४९ થી घ् નો ग्.

दोग्धा - लघोरुपान्त्यस्य ४.३.४ થી उ નો ગુણ ओ.

(२) धोक्ष्यति - दुह्+स्यति (ભવિષ્યન્તી ત્રી.પુ.એ.વ.)

दोह्+स्यति - लघोरुपान्त्यस्य ४.३.४ થી उ નો ગુણ ओ.

दोघ्+स्यति આ સૂત્રથી ह् નો घ्.

धोघ्+स्यति - गडदबादे... २.१.७७ થી द् નો ध्.

धोक्+स्यति - अघोषेप्रथमो... १.३.५० થી ध् નો क्.

धोक्+ष्यति - धोक्ष्यति - नाम्यन्तस्था... २.३.१५ થી स् નો ष्.

(३) अधोक् – दुह्+दिव् (હ્યસ્તની ત્રી.પુ.એ.વ.)

अदुह्+दिव् - अड्धातोरादि... ४.४.२९ થી अट् આગમ.

अदुह् - व्यञ्जनाद् देः... ४.१.७८ થી दिव् નો લોપ.

अदोह् - लघोरुपान्त्यस्य ४.३.४ થી उ નો ગુણ ओ.

अदोघ् - આ સૂત્રથી ह् નો घ्.

अधोघ् - ग-ड-द-बा दे... २.१.७७ થી द् નો ध्.

अधोग् - धुट्स्तृतीयः २.१.७६ થી घ् નો ग्.

अधोक्, अधोग् - विरामे वा १.३.५१ થી ग् નો क् વિકલ્પે.

गोधुक् – ગાયને દોહનાર.

भ्वादेरिति किम् ? दामलिट् અહીં भ्वादि સંબંધી નથી પરન્તુ નામધાતુ છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

પ્રશ્ન : અહીં ઘ્ કાર શા માટે ? ગ્ કાર કેમ નહીં ? કેમ કે धुटस्तृतीयः થી ગ્ કાર થાય જ છે.

જવાબ : ગ્ કાર કરે તો गडदबादे... ૨.૧.૭૭ અને अधश्चतुर्थात्... ૨.૧.૭૯ આ સૂત્રો લાગવાની પ્રાપ્તિ રહેતી નથી. તેથી अधोक् ને બદલે अदोक् એવું અનિષ્ટ રૂપ થઈ જાત. તે ન થાય માટે અહીં ઘ્ કહેલ છે. दामलिह् નાં રૂપો વિ. मधुलिह् वत् થશે.

**मुह-द्रुह-स्नुह-स्निहो वा २.१.८४**

અર્થ : मुह्-द्रुह्-स्नुह्-स्निह् નાં અન્ત્ય ह् નો धुट् પ્રત્યય પર છતાં અને પદાન્તમાં ઘ્ વિકલ્પે થાય છે.

સૂત્રસમાસ : मुहश्च द्रुहश्च स्नुहश्च स्निहश्च एतेषां समाहारः मुह-द्रुह-स्नुह-स्निह् तस्य । (સમા.દ્વ.)

ઉદા. : मुह् = મોહ પામવો. मोग्धा - मोढा, उर्ध्वं मुह्यति इति उन्मुक् - उन्मुट् ।

द्रुह् = દ્રોહ કરવો. द्रोग्धा - द्रोढा, मित्रं द्रोग्धि इति मित्रध्रुक् - मित्रध्रुट् ।

ष्णुह् = ઓડકાર ખાવો. स्नोग्धा - स्नोढा, उर्ध्वं स्नुह्यति इति उत्स्नुक् - उत्स्नुट् ।

ष्णिह् = સ્નેહ રાખવો. स्नेग्धा - स्नेढा, चेलं स्निह्यति इति चेलस्निक् - चेलस्निट् ।

उन्मुह् વિ. ચારેનાં રૂપો વિ. जीवनश्वत् પરન્તુ ૨.૧.૮૪, ૨.૧.૮૨ લાગે.

मोग्धा - मुह्+ता (શ્વસ્તની ત્રી.પુ.એ.વ.)

मोह्+ता - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી उ નો ગુણ ओ.

मोघ्+ता આ સૂત્રથી ह् નો घ्.

मोघ्+धा - अधश्चतुर्थात्... ૨.૧.૭૯ થી त् નો ध्.

मोग्धा - तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી घ् નો ग्.

વિવેચન : ધાતુપાઠમાં ष्णुह् - ष्णिह् એ પ્રમાણે પાઠ છે. ધાતુપાઠમાં જ્યાં જ્યાં મૂર્ધન્ય ष् છે. તેનો 'षः सोऽष्ट्यै ष्ठिव ष्वष्कः ૨.૩.૯૮ થી ष् નો स् થાય છે. તેને 'सोपदेशः' એટલે કૃત્ स् કાર કહેવાય છે. ૨.૩.૯૮ એ કૃત્ स् કાર કરવા માટેનું સૂત્ર છે એ પ્રમાણે કૃત્ स् કાર થવાથી

नाम्यन्तस्था... ૨.૩.૧૫ થી स् નો ष् થઈ શકશે.

कृत् सकार = ધાતુમાંજ્યાં મૂર્ધન્ય ष् હોય ત્યાં દન્ત્ય स् કરી દેવો તે...

આ સૂત્ર પ્રાપ્તનો વિકલ્પ છે. અને અપ્રાપ્તનો પણ વિકલ્પ છે. માટે 'प्राप्ताप्राप्त विभाषा' કહેવાય છે.

૨.૧.૮૩ થી द्रुह् માં ह् નો घ् થવાની પ્રાપ્તિ હતી. અન્ય ત્રણમાં ह् નો घ् થવાની પ્રાપ્તિ હતી જ નહીં. આ ચારેયમાં આ સૂત્રથી વિકલ્પે ह् નો घ् કર્યો.

૨.૧.૮૨ સૂત્રનું અપવાદ સૂત્ર ૨.૧.૮૩ છે અને ૨.૧.૮૩ સૂત્રનું અપવાદ સૂત્ર ૨.૧.૮૪ છે.

વિવેચન : પ્રશ્ન — ધાતુપાઠમાં मुह्-द्रुह्-स्नुह्-स्निह् એ ચાર ધાતુને સાથે બતાવેલાં છે. તો मुहादि કેમ ન કર્યું ? પૃથક્પૃથક્ કેમ કહ્યાં ?

જવાબ : જો 'मुहादि' કહે તો તે ગણ કહેવાય. તેથી तिवाशवानुबन्धेन... ન્યાયથી यङ्लुबन्त માં આ સૂત્ર ન લાગી શકે. પરંતુ यङ्लुबन्त માં પણ આ સૂત્ર લગાડવું છે: માટે દરેકને પૃથક્ પૃથક્ ગ્રહણ કરેલ છે.

(૧) यङ्लुबन्त — भृशम् मुह्यति इति । मोमोहिति - मुह्+तिव्

मुह्+यङ्+तिव् - व्यञ्जनादेरेक... ૩.૪.૯ થી यङ् પ્રત્યય.

मुह्मुह्+य+ति - सन्यङ्श्च ૪.૧.૩ થી દ્વિત્વ.

मुमुह्+य+ति - व्यञ्जनस्या... ૪.૧.૪૪ થી અનાદિવ્યંજનનો લોપ.

मोमुह्+य+ति - आ-गुणावन्यादेः ૪.૧.૪૮ થી દ્વિત્વ પૂર્વનાં उ નો ગુણ.

मोमुह्+ति - बहुलं लुप् ૩.૪.૧૪ થી यङ् નો લોપ.

मोमोह्+ति - नामिनो गुणो... ૪.૩.૧ થી उ નો ગુણ ओ.

मोमोहिति - यङ्तुरुस्तोर्बहुलम् ૪.૩.૬૪ થી ति ની પૂર્વે इत्.

(૨) मोमोग्धि — मोमोह्+ति સુધી ઉપર પ્રમાણે.

मोमोघ्+ति આ સૂત્રથી ह् નો घ् થયો.

मोमोघ्+धि - अधश्चतुर्थात्... ૨.૧.૭૯ થી त् નો ध्.

मोमोग्धि - तृतीयस्तृतीय... ૧.૩.૪૯ થી घ् નો ग्.

(૩) मोमोढि — मोमोह् સુધી ઉપર પ્રમાણે

मोमोढ्+ति - होधुट् पदान्ते ૨.૧.૮૨ થી ह् નો ढ्.

मोमोढ्+धि - अधश्चतुर्थात्... ૨.૧.૭૯ થી त् નો ध्.

मोमोद्+ढि - तवर्गस्यश्चवर्ग... ૧.૩.૬૦ થી ध् નો द्.
मोमोढि - ढस्तड्ढे ૧.૩.૪૨ થી પૂર્વનાં द् નો લોપ.
પ્રથમમાં ૪.૩.૬૪ થી इत् બહુલતાએ થાય.
દ્વિતીયમાં ૨.૧.૮૪ થી ह् નો घ् વિકલ્પે થાય.
તૃતીયમાં એ બેનાં વિકલ્પ પક્ષે ૨.૧.૮૨ થી ह् નો ढ् થાય.
એ પ્રમાણે मोमोहिति, मोमोग्धि, અને मोमोढि એમ ત્રણ રૂપો થાય છે.

**नहाहोर्धतौ ૨.૧.૮૫**

**અર્થ :** नह् ધાતુમાં તેમજ ब्रू ના સ્થાને થયેલાં आह् ધાતુનાં ह् નો ધુટ્ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં અનુક્રમે ध् અને त् થાય છે.

**સૂત્રસમાસ :** नह् च आह् च नहाहौ तयोः । (ઈ.દ્વ.)
धश्च तश्च इति धतौ । (ઈ.દ્વ.)

**ઉદા. :** ब्रू = બોલવું. आत्थ – ब्रू+सिव् (सि) (વર્ત.બી.પુ.એ.વ.)
आह्+थव् - ब्रूगः पञ्चानां... ૪.૨.૧૧૮ થી ब्रू નો आह् આદેશ અને सिव् નો थव् આદેશ થયો.
आत्थ આ સૂત્રથી ह् નો त् થયો.

**વિવેચન :** **પ્રશ્ન** – 'नहाहोर्धः' એટલું સૂત્ર કર્યું હોત તો પણ ચાલત. કારણ કે आह् નાં ह् નો त् કરવાને બદલે ध् કર્યો હોત તો थ પ્રત્યય પર છતાં ૧.૩.૫૦ થી ध् નો त् થઈ જ જાત. તેથી आत्थ રૂપ સિદ્ધ થાય છે.

**જવાબ :** જો आह् નાં ह् નો ध् કર્યો હોત તો ચોથો અક્ષર અન્તે આવવાથી अधश्चतुर्थात्... ૨.૧.૭૯ સૂત્ર લાગી थव् નાં थ् નો ध् થઈ જાત. એટલે आद्ध રૂપ બની જાત. आत्थ સિદ્ધ ન થાત. માટે સૂત્ર યથાર્થ જ છે.
સૂત્રમાં नहाहोः અને धतौ બંને દ્વિ.વ. છે. માટે યથાસંખ્ય લાગુ પડશે.

**चजःकगम् ૨.૧.૮૬**

**અર્થ :** ધુટ્ પ્રત્યય પર છતાં અને પદાન્તે च्-ज् નો અનુક્રમે क्-ग् થાય છે.

**સૂત્રસમાસ :** चश्च ज् च एतयोः समाहारः चज् तस्य । (સમા.દ્વ.)
कश्च गश्च एतयोः समाहारः कगम् । (સમા.દ્વ.)

**ઉદા. :** वक्ता, वाक्, त्यक्ता, अर्द्धभाक् ।

**પ્રશ્ન :** चजः कगम् સૂત્રની જગ્યાએ चजः कम् એવું કર્યું હોત તો પણ ચાલત. કારણ કે એવું કરવાથી પણ च् નો क् થઈ वाक् થાત. તેમજ ज् નો પણ क् થઈને अर्द्धभाक् થઈ જાત. અને ૨.૧.૭૬ થી अर्द्धभाग् પણ

થઈ શકત. અને ग् નો क् કરવો હોત તો 'विरामेवा' ૧.૩.૫૧ સૂત્રથી થઈ શકત. તેથી 'चजःकम्' અથવા 'चजःगम्' કર્યું હોત તો ચાલત. ગૌરવ શા માટે ?

જવાબ : છતાં પણ चजः कगम् સૂત્ર કર્યું છે. કારણ કે જો ग् કે क् કર્યો હોત તો अर्धभाक् માં વાંધો ન આવત. પણ ग् કર્યો હોત તો वृक्णः - पक्वः રૂપ સિદ્ધ ન થાત. वृग्णः - पग्वः થઈ જાત. અને क् કર્યો હોત તો 'लग्नः' 'मग्नः' વિ.રૂપ સિદ્ધ ન થાત. પણ 'लक्नः' - 'मक्नः' વિ.અનિષ્ટ રૂપો થાત. માટે જે 'चजः कगम्' સૂત્રની રચના કરી તે યોગ્ય જ છે.

वृक्णः ની સાધનિકા ૨.૧.૬૧ માં બતાવી છે.

लग्नः – लस्ज्+त – क्तक्तवतू ૫.૧.૧૭૪ થી क्त પ્રત્યય.

लस्ज्+न – सूयत्याद्योदितः ૪.૨.૭૦ થી त નો न.

અહીં જે त નો न કર્યો તે ૨.૧.૬૧ સૂત્રમાં માન્યો. તે પરવિધિનું કાર્ય કરવાનાં પ્રસંગે અસત્ થાય. હવે संयोगस्यादौ... ૨.૧.૮૮ થી स् નો લોપ કરવાનો પ્રસંગ આવ્યો. ત્યારે न અસત્ થવાથી त માન્યો. त એ ધુટ્ છે. તેથી संयोगस्यादौ... ૨.૧.૮૮ થી આદિ स् નો લોપ થશે... હવે ૨.૧.૮૬ નું કાર્ય કરવાનું આવ્યું તેથી અહીં પણ ૨.૧.૬૧ થી પરકાર્યમાં न् ને અસત્ માની त માનવાથી ધુટ્ પ્રત્યય હોવાથી ज् નો ग् થઈ लग्नः રૂપ સિદ્ધ થયું.

પ્રશ્ન : અહીં યથાસંખ્ય કેમ ન કર્યું ?

જવાબ : ધુટ્ અને પદાન્તનો સંયોગ च् અને ज् બંનેની સાથે લેવાનો છે. માટે યથાસંખ્ય નથી કર્યું. જો યથાસંખ્ય કર્યું હોત તો ધુટ્ પ્રત્યય પર છતાં च् નો क् અને પદાન્તે ज् નો ग् થાય છે. આવો અનર્થ થઈ જાત. તેવું ન થાય માટે યથાસંખ્ય લીધું નથી.

वक्तृ = બોલનાર त्यक्तृ = ત્યજનાર. નાં રૂપો વિ. कर्तृवत् । अर्धं भजति इति अर्द्धभाक् = અડધો હિસ્સાવાળો. નાં રૂપો વિ. वाच्वत् ।

**यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज व्रस्च**

**परिव्राजः शः षः ૨.૧.૮૭**

અર્થ : यज्, सृज्, मृज्, राज्, भ्राज्, भ्रस्ज्, व्रस्च्, परिव्राज् વિ. ધાતુનાં च् અને ज् નો તેમજ श् અંતવાળા ધાતુના श् નો ધુટ્ પ્રત્યય પર છતાં અને પદાન્તે ष् થાય છે.

**સૂત્રસમાસ :** यजश्च सृजश्च मृजश्च राजश्च भ्राजश्च भ्रस्जश्च व्रस्वश्च परिव्राट् च एतेषां समाहारः तस्य । (સમા.દ્વ.)

**ઉદા. :** (૧) यजते इति यष्टा = યજ્ઞ કરનાર. यज्+तृच्+सि.

यष्+तृच्+सि આ સૂત્રથી ज् નો ष्.

यष्+तृ+डा - ऋदुशनस् पुरुदंशो... ૧.૪.૮૪ થી सि નો डा.

यष्+त्+आ - डित्यन्त्यस्वरादेः ૨.૧.૧૧૪ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

यष्+ट्+आ = यष्टा. - तवर्गस्यश्च... ૧.૩.૬૦ ष् નાં યોગમાં त् નો ट्.

(૨) देवेट् - देवं यजते इति क्विप् = દેવની પૂજા કરનાર.

देव+यज्+क्विप्+सि - क्विप् ૫.૧.૧૪૮ થી क्विप् પ્રત્યય.

देव+इज्+क्विप्+सि - यजादि वचेः.... ૪.૧.૭૯ થી यज् નાં य નો इ.

देवेज्+सि - अवर्णस्ये... ૧.૨.૬ થી अ+इ = ए.

देवेज् - दीर्घङ्याब्...... ૧.૪.૪૫ થી सि નો લોપ.

देवेष् આ સૂત્રથી ज् નો ष्.

देवेड् - धुटस्तृतीयः ૨.૧.૭૬ થી ष् નો ड्.

देवेट्, देवेड् - विरामे वा ૧.૩.૫૧ થી ड् નો પ્રથમ ट् વિકલ્પે.

(૩) सृजति इति स्रष्टा = રચનાર. सृज्+ता.

सृअज्+ता - अः सृजि दृशोऽकिति ૪.૪.૧૧૧ થી ऋ ની પરમાં अ આગમ.

स्रज्+ता - इवर्णादेरस्वे... ૧.૨.૨૧ થી અસ્વસ્વર પર છતાં ऋ નો र्.

હવે यष्टावत् સાધનિકા જાણવી.

(૪) तीर्थं सृजति इति क्विप् तीर्थसृट् = તીર્થ રચનાર.

(૫) मार्ष्टीति मार्ष्टा = સાફ કરનાર मृज्+ता.

मर्ज्+ता - लघोरुपान्त्यस्य ૪.૩.૪ થી ऋ નો ગુણ अर्.

मार्ज्+ता - मृजोऽस्य... ૪.૩.૪૨ થી अर् નાં अ ની વૃદ્ધિ आ.

શેષ સાધનિકા यष्टावत्.

(૬) कंसं परिमार्ष्टि इति क्विप् कंसपरिमृट् = કંસને મારનાર.

(૭) राजनं इति राष्टिः = શોભવું राज्+क्ति - स्त्रियां क्तिः ૫.૩.૯૧ થી क्ति પ્રત્યય.

(૮) सम्यग्राजते इति क्विप् सम्राट् = રાજા.

(૯) भ्राजनं इति भ्राष्टिः = શોભવું. भ्राज्+क्ति-स्त्रियांक्तिः થી क्ति પ્રત્યય.

(૧૦) विभ्राजते इत्येवं शीलः विभ्राट् = વિશેષ શોભનાર. ૫.૨.૮૩ થી નિપાતન.

(૧૧) भ्राजते इति भ्रष्टा = શેકનાર. સાધનિકા यष्टावत्.

(૧૨) धानाः भृज्जति इति क्विप् धानाभृट् = ધાના શેકનાર.

(૧૩) वृश्चति इति व्रष्टा = કાપનાર. સાધનિકા यष्टावत्.

(૧૪) मूलंवृश्चतिइति क्विप् मूलवृट् = મૂળ કાપનાર.

(૧૫) परिव्रजति इत्येवं शीलः परिव्राट् = સંન્યાસી ૫.૨.૮૩ થી નિપાતન.

(૧૬) लिशति इति लेष्टा = જનાર.लघोरु... ૪.૩.૪ થી ગુણ. શેષ સાધનિકા यष्टावत्.

(૧૭) पृच्छति इति प्रष्टा = પુછનાર. अनुनासिके... ૪.૧.૧૦૮ થી च्छ् નો श् શેષ સાધનિકા यष्टावत्.

(૧૮) शब्दं पृच्छति इति क्विप् शब्दप्राश् = શબ્દ પુછનાર.

**વિવેચન :** श् નો ष् કરવાનું વિધાન કર્યું છે. તે ધાતુઓનાં श् નું જ જાણવું કારણ કે यजादि ધાતુ છે. 'साहचर्यात् सदृशस्यैव ग्रहणम् ।' આ ન્યાયથી श् પણ ધાતુનો જ ગણાય. માટે હવે શબ્દના અન્તે રહેલાં श् નો ष् નહીં થાય. દા.ત. निज्भ्याम् । निशा+भ्याम् - निश्+भ्याम् - मास-निशा... ૨.૧.૧૦૦ થી અન્ત્યનો વિકલ્પે લોપ થાય.

निज्+भ्याम् - धुटस्तृतीयः ૨.૧.૭૬ થી श् નો ज्. હવે અહીં ૨.૧.૮૬ સૂત્ર લાગવાની પ્રાપ્તિ આવી કારણકે આ श् ધાતુનો નથી. તેથી આ સૂત્ર લાગીને श् નો ष् થાય નહીં. પણ श् નો ૨.૧.૭૬ થી ज् થયો. હવે ૨.૧.૮૬ નું કાર્ય કરવાનું આવ્યું. ત્યારે ૨.૧.૭૬ થી ૨.૧.૮૬ સૂત્ર એ પર સૂત્ર છે. તેથી પરવિધિમાં ૨.૧.૭૬નું કાર્ય અસત્ થાય. એટલે ज् નો श् જ મનાશે. માટે હવે ज् પરમાં ન હોવાથી चजःकगम् ૨.૧.૮૬ સૂત્ર નહીં લાગે. માટે निज्भ्याम् એવું રૂપ થશે. પણ निग्भ्याम् એવું અનિષ્ટ રૂપ નહીં થાય.

चजइत्येव – वृक्षवृश्चमाचष्टे - वृक्षव् ।

वृक्षं वृश्चतीति क्विप् - वृक्षवृट् = વૃક્ષને કાપનારો.

वृक्षवृश्च्+सि -

वृक्षवृश्च् - दीर्घङ्याब्... ૧.૪.૪૫ થી सि નો લોપ.

वृक्षवृच् - संयोगस्यादौ... ૨.૧.૮૮ થી श् નો લોપ.

वृक्षवृष् - यजसृजमृज... ૨.૧.૮૭ થી च् નો ष्.

वृक्षवृड् - धुटस्तृतीयः ૨.૧.૭૬ થી ष् નો ड्.

वृक्षवृट् - विरामे वा ૧.૩.૫૧ થી ड् નો ट्.

वृक्षवृश्चम् आचष्टे इति वृक्षवयति । — = વૃક્ષને કાપનારને બોલાવે છે.

वृक्षवृश्च्+णिच् - णिज् बहुलं... ૩.૪.૪૨ થી णिच् પ્રત્યય.

वृक्षव्+णिच् - त्र्यन्त्यस्वरादेः ૭.૪.૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

वृक्षव्+णिच्+तिव् - वर्तमाना तिव्... ૩.૩.૬ થી तिव् પ્રત્યય.

वृक्षव्+णिच्+शव्+ति - कर्तर्यनद्भ्यः... ૩.૪.૭૧ થી शव् પ્રત્યય.

वृक्षवे+अ+ति - नामिनोगुणो... ૪.૩.૧ થી इ નો ગુણ ए.

वृक्षवयति - एदैतोऽयाय् ૧.૨.૨૩ થી ए નો अय्.

वृक्षवयतीति (विच्) - वृक्षव् । વૃક્ષને કાપનારને બોલાવનારો.

वृक्षवय्+विच् - मन-वन्-क्वनिप्... ૫.૧.૧૪૭ થી विच्.

वृक्षव् - णेरनिटि ૪.૩.૮૩ થી णि નો લુક્.

वृक्षव्+सि - नाम्नः प्रथमैक... ૨.૨.૩૧ થી પ્રથમા વિભક્તિ.

वृक्षव् - दीर्घङ्याब्...... ૧.૪.૪૫ થી सि નો લોપ.

અહીં व्रश्च् ધાતુના પદને અન્તે રહેલાં व् ને આ સૂત્રથી ष् આદેશ ન થાય. चजः નું ગ્રહણ કરેલ ન હોત તો व् નો પણ ष् થઈ જાત.

यष्टृ, स्रष्टृ, मार्ष्टृ, भ्रष्टृ, व्रष्टृ, लेष्टृ, प्रष्टृ ના રૂપો વિ. कर्तृवत्.

देवेज्, तीर्थसृज्, कंसपरिमृज्, सम्राज्, विभ्राज् धानाभृज्, मूलवृश्च्, परिव्राज्, शब्दप्राश् વિગેરેનાં રૂપો વિ. मधुलिह्वत् પરન્તુ આ સૂત્ર લાગી પ્રથમ ष् થઈ પછી ट्-ड् થાય છે.

वृक्षव् માં સીધા પ્રત્યયો લાગે છે. પ્ર.એ.વ. અને સં.એ.વ.માં ૧.૪.૪૫ થી सि નો લોપ થાય.

**संयोगस्यादौ स्कोर्लुक् ૨.૧.૮૮**

**અર્થ :** धुट् પ્રત્યય પર છતાં અને પદાન્તમાં સંયોગની આદિમાં રહેલાં स् અને क् નો લુક્ થાય છે.

**સૂત્રસમાસ :** स् च क् च इति स्कौ तयोः । (ઈ.દ્વ.)

**વિવેચન :** काष्टं तक्ष्णोति इति क्विप् काष्टतट् । काष्टतक्ष् = લાકડું કાપનાર.

काष्टतक्ष्+सि - नामसिदय्... ૧.૧.૨૧ થી પદસંજ્ઞક.

काष्टतष्+सि આ સૂત્રથી क् નો લોપ થયો.

काष्टतष् - दीर्घङ्याब्..... ૧.૪.૪૫ થી सि નો લોપ.

काष्टतड् - धुटस्तृतीयः ૨.૧.૭૬ થી ष् નો ड्.

काष्टतट्, काष्टतड् - विरामेवा ૧.૩.૫૧ થી ड् નો ट વિકલ્પે.

लग्न, वृक्ण, तष्ट નાં રૂપો देव-वन-मालावत् થશે. काष्टतक्ष् નાં રૂપો વિ. मधुलिह् वत् થશે.

## पदस्य ૨.૧.૮૯

**અર્થ :** પદાન્તે રહેલાં સંયોગનાં અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે.

**વિવેચન :** पदस्येति किम्? स्कन्त्वा – અહીં સંયોગ છે પરન્તુ પદને અન્તે સંયોગ નથી. પણ પદની મધ્યમાં સંયોગ છે. તેથી આ સૂત્રથી સંયોગનાં અન્ત્ય વ્યંજનનો લોપ થતો નથી.

पुमान् અહીં ૨.૧.૯૧ સૂત્ર લાગવાનો પ્રસંગ આવ્યો પરન્તુ આ સૂત્રથી ૨.૧.૯૧ પર સૂત્ર છે. તેથી પરવિધિમાં આ સૂત્રનું કાર્ય અસત્ થશે. એટલે पुमान्स् માં स् નો લોપ થયો છે તે અસત્ થવાથી स् છે એમ મનાશે. તેથી હવે પદને અન્તે न् નહીં રહેતાં स् મનાશે. માટે હવે ૨.૧.૯૧ થી न् નો લોપ થશે નહીં.

## रात् सः ૨.૧.૯૦

**અર્થ :** પદાન્તે રહેલાં સંયોગ સંબંધી र् થી પરમાં રહેલાં स् નો જ લોપ થાય છે.

**વિવેચન :** कटं चिकीर्षति इति क्विप् कटचिकीः ।

स एवेति किम् ? ऊर्क् = શક્તિમાન. न्यमार्ट्- અહીં र् થી પરમાં स् નથી. પણ क् અને ट् છે. માટે આ સૂત્ર લાગતું નથી.

**પ્રશ્ન :** ટીકામાં एव કાર શા માટે ?

**જવાબ :** ઉપરના पदस्य સૂત્રથી स् નાં લોપની પ્રાપ્તિ હતી છતાં આ સૂત્ર બનાવ્યું. અને ટીકામાં एव કાર મૂકીને નિયમ કર્યો. 'सिद्धे सति आरम्भो नियमार्थः ।' સિદ્ધ હોવા છતાં સૂત્રની રચના નિયમને માટે થાય છે. નિયમ એ કર્યો કે स् ની પૂર્વે र् સિવાયનો અન્ય વ્યંજન હોય તો स् નો લોપ 'पदस्य' સૂત્રથી થઈ શકે. પરન્તુ र् થી પરમાં જો લોપ થાય તો માત્ર स् નો જ લોપ થાય. र् થી પરમાં અન્ય કોઈ વ્યંજન હોય તો 'पदस्य' સૂત્રથી પણ હવે લોપ થાય નહીં. स् કાર પછી एव કાર

મૂક્યો છે તેથી આવો નિયમ થયો. પણ કોઈ ર્ થી જ પરમાં સ્ નો લોપ થાય. આવો વિપરીત નિયમ ન કરે તેથી જ સ્ કાર પછી एव કાર મૂકેલો છે.

**नाम्नो नोऽह्नः २.१.९१**

**અર્થ :** अहन् ને વર્જીને પદાન્તે રહેલાં નામના न् નો લોપ થાય છે.

**સૂત્રસમાસ :** न हन् इति अहन् तस्य ।

**વિવેચન :** राज्ञः पुरुषः इति राजपुरुषः ।

अनह्नति किम् ? अहरेति

અહીં अहन्+सि માં 'अनतोलुप्' થી सि નો લોપ અને 'रोलुप्यरि' થી न् નો र् થયો. જો अहन् નું વર્જન ન કર્યું હોત તો આ સૂત્રથી अहन् નાં અન્ત્ય न् નો પણ લોપ થઈ જાત.

**પ્રશ્ન :** अहन् નો નિષેધ કેમ કર્યો ? કારણ કે 'अह्नः' અને 'रोलुप्यरि' સૂત્રથી અન્ત્ય न् નો અનુક્રમે रु અને र् થઈ જાય છે. પછી તેને આ સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ રહેતી નથી.

**જવાબ :** 'अह्नः' અને 'रोलुप्यरि' સૂત્રથી થયેલ रु અને र् પરવિધિમાં અસત્ થવાથી न् મનાય તેથી આ સૂત્ર લાગી શકે. તેથી अहन् નું વર્જન કરેલ છે.

**પ્રશ્ન :** राजभ्याम् માં આ સૂત્રથી न् નો લોપ કર્યા પછી 'अत आः स्यादौ.' થી राजाभ्याम् કેમ ન કર્યું ?

**જવાબ :** કારણ કે આ સૂત્રથી न् નાં લોપનું કાર્ય કર્યું છે તે પૂર્વની સ્યાદિવિધિમાં અસત્ થાય છે. માટે न् મનાય છે. તેથી 'अत आः स्यादौ.' સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ રહેતી નથી.

रत्सः સુધીનાં સૂત્રોનું કાર્ય પરવિધિમાં અને પૂર્વની સ્યાદિવિધિમાં (બંનેમાં) અસત્ થતું હતું. જ્યારે આ સૂત્રથી માંડીને नोर्म्यादिभ्यः સૂત્ર સુધીનું કાર્ય હવે માત્ર પૂર્વની સ્યાદિવિધિમાં જ અસત્ થશે.

પૂર્વની સ્યાદિવિધિમાં — राजन्+सि 'दीर्घङ्याब्...' થી सि નો લોપ થાય. હવે 'निदीर्घः' અને આ સૂત્ર બંને લાગવાની પ્રાપ્તિ છે. 'स्पर्द्धे परम्' થી આ સૂત્ર લાગી न् નો લોપ થયો. હવે 'निदीर्घः' સૂત્ર ત્યારે જ લાગે કે શબ્દ न् અંતવાળો હોય પણ અહીં તો न् છે જ નહીં પરન્તુ 'निदीर्घः' સૂત્ર પૂર્વની સ્યાદિવિધિનું સૂત્ર છે. અને પૂર્વની સ્યાદિવિધિમાં આ

સૂત્રનું કાર્ય અસત્ થાય છે. न् નાં લુક્‌ને અસત્ માન્યો. એટલે न् છે તેમ માન્યું. તેથી હવે 'निदीर्घः' થી 'राजा' સિદ્ધ થયું.

પરવિધિમાં આ સૂત્ર અસત્ ન થાય તેનું દૃષ્ટાંત. –

પરવિધિમાં આ સૂત્રથી માંડીને ૨.૧.૯૯ સુધીનું કાર્ય અસત્ ન થાય. દા.ત. राजायते – राजन्+क्यङ् ૩.૪.૨૬ થી क्यङ् પ્રત્યય. ૧.૧.૨૨ થી પદસંજ્ઞા. આ સૂત્રથી न् નો લોપ થવાથી राज+य+ते થયું. હવે 'दीर्घश्च्वि'..... ૪.૩.૧૦૮ થી પૂર્વનો સ્વર દીર્ઘ થવાની પ્રાપ્તિ આવી ત્યારે આ સૂત્રથી થયેલું કાર્ય પરવિધિમાં અસત્ થતું ન હોવાથી લુક્ જ રહેશે એટલે न् છે એમ ન મનાયું. તેથી દીર્ઘ થઈ શક્યું.

### नाऽऽमन्त्र्ये ૨.૧.૯૨

**અર્થ :** આમન્ત્ર્યવાચી એવાં નામના न् નો લોપ થતો નથી.

### क्लीबे वा ૨.૧.૯૩

**અર્થ :** આમન્ત્ર્યવાચી એવાં નપું. નામના न् નો લોપ વિકલ્પે થાય છે.

दामन् = માળી. તેનાં રૂપો વિ. नामन्वत्...

### मावर्णान्तोपान्त्यापञ्चमवर्गान् मतोर्मो वः ૨.૧.૯૪

**અર્થ :** म् અને अ વર્ણ અન્તે કે ઉપાન્ત્યમાં છે જેને એવાં નામથી તેમજ પઞ્ચમ વર્ણને વર્જીને અન્ય વર્ગીય વ્યંજન અન્તે છે જેને તેવાં નામથી પરમાં રહેલાં मतु ના म् નો व् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** मश्च अवर्णश्च इति मावर्णौ। (ઈ.દ્વ.) अन्तश्च उपान्त्यश्च इति अन्तोपान्त्यौ (ઈ.દ્વ.) मावर्णौ अन्तोपान्त्यौ यस्य सः मावर्णान्तोपान्त्यः। (બહુ.) नास्ति पञ्चमः यस्मिन् सः अपञ्चमः। (બહુ.) अपञ्चमश्चासौ वर्गश्च इति अपञ्चमवर्गः। मावर्णान्तोपान्त्यश्च अपञ्चमवर्गश्च एतयोः समाहारः इति मावर्णान्तोपान्त्यापञ्चमवर्गम् तस्मात्। (સમા.દ્વ.)

**ઉદા. :** અન્તે म् – किंवान्, ઉપાન્ત્ય म् – शमीवान्

અન્તે अ – वृक्षवान्, ઉપાન્ત્ય अ – अहर्वान्

અન્તે आ – मालावान्, ઉપાન્ત્ય आ – भास्वान्

અન્તે પઞ્ચમ સિવાયનો વર્ગીયવર્ણ – मरुत्वान्।

**વિવેચન :** किम्+मतु – तदस्याऽस्ति... ૭.૨.૧ થી मतु પ્રત્યય.

किम्+वत् આ સૂત્રથી मतु નાં म् નો व्.

किम्+वत् – नामसिदय्... ૧.૧.૨૧ થી પદસંજ્ઞક.

किंवत् - तौ मु-मौ... ૧.૩.૧૪ થી म् નો અનુસ્વાર.
किंवन्त् - ऋदुदितः ૧.૪.૭૦ થી न् નો આગમ.
किंवन् - पदस्य ૨.૧.૮૯ થી त् નો લોપ.
હવે ૨.૧.૯૧ થી न् નો લોપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. पदस्य સૂત્રથી ૨.૧.૯૧ પર સૂત્ર છે. તેથી પરવિધિમાં पदस्य સૂત્રનું કાર્ય અસત્ થયું તેથી त् મનાયો. માટે હવે ૨.૧.૯૧ સૂત્ર નહીં લાગે કેમકે હવે પદાન્તે न् નથી પણ त् છે. એમ મનાયું. તેથી 'अभ्वादे...' ૧.૪.૯૦ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી किंवान् થયું.
આ સૂત્ર ૨૬ સ્થાને લાગે.

| | |
|---|---|
| म् અન્ત્ય અને ઉપાન્ત્ય | પઞ્ચમ વર્જીને વર્ગીય |
| अ અન્ત્ય અને ઉપાન્ત્ય | ૬ + વ્યઞ્જન ૨૦ (અન્તે) |
| आ અન્ત્ય અને ઉપાન્ત્ય | ૨૦ + ૬ = ૨૬ |

અહીંનાં બધાં શબ્દોનાં રૂપો 'गोमत्वत्' થશે.

### नाम्नि' ૨.૧.૯૫

**અર્થ :** સંજ્ઞાના વિષયમાં मतु નાં म् નો व् થાય છે.

**ઉદા. :** अहीवती - मुनीवती नदी
अहि+मतु - नद्यां मतुः ૬.૨.૭૨ થી मतु પ્રત્યય.
अहि+वत् આ સૂત્રથી म् નો व् થાય છે.
अहि+वत्+ङी - अधातूदृदितः ૨.૪.૨ થી ङी પ્રત્યય.
अहीवती - अनजिरादि... ૩.૨.૭૮ થી इ ને દીર્ઘ.
एवं मुनीवती... બંનેનાં રૂપો વિ. नदीवत्.

### चर्मण्वत्यष्ठीवच्चक्रीवत्-कक्षीवद्-रुमण्वत् ૨.૧.૯૬

**અર્થ :** चर्मण्वती, अष्ठीवत्, चक्रीवत्, कक्षीवत् અને रुमण्वत् નામો સંજ્ઞાનાં વિષયમાં मतु પ્રત્યયાન્ત નિપાતન કરાય છે.

**સૂત્રસમાસ :** चर्मण्वती च अष्ठीवच्च चक्रीवच्च कक्षीवच्च रुमण्वच्च एतेषां समाहारः इति । (સમા.દ્વ.)

**ઉદા. :** चर्मण्वती નાં રૂપો વિ. नदीवत् થશે. अष्ठीवान् जानुः, चक्रीवान् खरः, कक्षीवान् ऋषिः, रुमण्वान् गिरिः વિ.નાં રૂપો વિ. गोमत्वत् થશે.

### उदन्वानब्धौ च ૨.૧.૯૭

**અર્થ :** જલનાં આધારભૂત તેમજ સંજ્ઞાના વિષયમાં मतु પ્રત્યયાન્ત उदन्वान् નિપાતન કરાય છે.

**વિવેચન :** ઘટ અને સમુદ્ર અર્થમાં उदन्वान् શબ્દ જલાધારમાં નિપાતન કરાયેલ છે. અને ऋषि અને आश्रम અર્થમાં उदन्वान् શબ્દ સંજ્ઞાના વિષયમાં નિપાતન કરાયેલાં છે.

સૂત્ર સામર્થ્યથી જ उदन्वान् માં उदन् નાં न् નો લોપ થયો નથી. જલાધાર સિવાયમાં उदक्वान् થશે.

उदन्वत् નાં રૂપો વિ. गोमत्वत् ।

### राजन्वान् सुराज्ञि २.१.९८

**અર્થ :** 'સારો રાજાવાળો' એવાં અર્થમાં मतु પ્રત્યયાન્ત राजन्वान् નિપાતન કરાય છે.

**વિવેચન :** સૂત્ર સામર્થ્યથી જ राजन्वान् માં ૨.૧.૯૧ થી राजन् નાં न् નો લોપ થતો નથી. નહીંતર પ્રથમથી સૂત્રમાં राजवान् કરત.

राजन्वान् નાં રૂપો વિ. गोमत् वत् .

**પ્રશ્ન :** નિપાતન એટલે શું ?

**જવાબ :** જે સિદ્ધ થતું ન હોય તેને પ્રથમથી જ સિદ્ધ તરીકે બતાવવું તે.

### नोर्म्यादिभ्यः २.१.९९

**અર્થ :** ऊर्मि વિ. ગણપાઠમાંનાં શબ્દોથી પર રહેલાં मतु નાં म् નો व् થતો નથી.

**સૂત્રસમાસ :** ऊर्मिः आदिः येषु ते इति ऊर्म्यादयः तेभ्यः (બહુ.)

ऊर्मिमत्, दल्मिमत् નાં રૂપો વિ. गोमत्वत् થશે.

### मास-निशाऽऽसनस्य शसादौ लुग् वा २.१.१००

**અર્થ :** शस् વિ.પ્રત્યય પર છતાં मास, निशा અને आसन શબ્દનાં (અન્ત્યનો) વિકલ્પે લોપ થાય છે.

**સૂત્રસમાસ :** मासश्च निशाच आसनम् च एतेषां समाहारः इति मास-निशाऽऽसनम् तस्य । (સમા.દ્વ.) शस् आदिःयस्य सः शसादिः तस्मिन् । (બહુ.)

**વિવેચન :** शस् વિ. પ્રત્યય કહ્યાં તેમાં शस् પ્રત્યય સ્યાદિ સિવાયનો નથી. માટે ટીકામાં 'स्यादौ' એ પ્રમાણે કહ્યું છે.

संख्यैकार्थात् ૭.૨.૧૫૧ સૂત્રથી शस् પ્રત્યય થાય છે. પણ તે સંખ્યાવાચી શબ્દોમાં લાગે છે. માટે અહીં તે સંભવિત નથી. અથવા તો शस् પછી આદિ શબ્દ લગાડ્યો છે. તે વ્યવસ્થાવાચી છે. તેથી शस् પછી સ્યાદિના सुप् વિ. પ્રત્યયો જ ગ્રહણ થશે. અથવા તો 'मण्डूक प्लूति' ન્યાયથી સ્યાદિની અનુવૃત્તિ પણ આવી શકે છે.

**दन्त-पाद-नासिका-हृदयाऽसृग्-यूषोदक-दोर्यकृच्छकृतो दत्-पन्नस्-हृदसन्-यूषन्नुदन्-दोषन्-यकञ्-शकन् वा. २.१.१०१**

**અર્થ :** शस् વિ.સ્યાદિ પ્રત્યય પર છતાં दन्त વિ. નામનાં दत् વિ. આદેશ થાય છે.

दन्त નો दत् આદેશ. - यूष नो यूषन् આદેશ.

पाद નો पद् આદેશ. - उदक નો उदन् આદેશ.

नासिका નો नस् આદેશ. - दोष् નો दोषन् આદેશ.

हृदय નો हृद् આદેશ. - यकृत् નો यकन् આદેશ.

असृज् નો असन् આદેશ.- शकृत् નો शकन् આદેશ.

**સૂત્રસમાસ :** दन्ताश्च पादौ च नासिका च हृदयम् च असृक् च यूषश्च उदकम् च दोश्च यकृच्च शकृच्च एतेषाम् समाहारः तस्य । (સમા.દ્વ.) दत् च पद् च नस् च हृद् च असन् च यूषन् च उदन् च दोषन् च यकन् च शकन् च एतेषां समाहारः । (સમા.દ્વ.)

**य-स्वरे पादः पदणि-क्य-घुटि २.१.१०२**

**અર્થ :** णि-क्य અને घुट् પ્રત્યયોને વર્જીને य કારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં पाद् અન્તવાળા શબ્દોનાં (पाद् नो) पद् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :** यश्च स्वरश्च एतयोः समाहारः तस्मिन् । (સમા.દ્વ.)

णिश्च क्यश्च घुट्च एतेषाम् समाहारः - णिक्यघुट् (સમા.દ્વ.)

न णिक्यघुट् इति अणिक्यघुट् तस्मिन् ।

**ઉદા. :** (१) व्याघ्रस्य पादौ इव पादौ यस्य इति व्याघ्रपाद् तस्य अपत्यं इति वैयाघ्रपद्य = વાઘના પગ જેવા પગવાળાનો પુત્ર. व्याघ्रपाद् -

व्याघ्रपाद - पात् पादस्यऽहस्त्यादेः ७.३.१४८ થી पाद नो पात्

व्याघ्रपाद्+यञ् - गर्गादेर्यञ् ६.१.४२ થી અપત્ય અર્થમાં यञ्

वैयाघ्रपाद्+यञ् - य्वः पदान्तात्... ७.४.५ થી व्याघ्र નાં य् ની પૂર્વે ऐ.

वैयाघ्रपद्य - यस्वरे पादः... २.१.१०२ થી पाद् નો पद् આદેશ.....

(२) द्वौ पादौ यस्य सः - द्विपाद = બે પગવાળાં तान् द्विपदः ।

द्विपाद् - सुसंख्यात्... ७.३.१५० થી पाद નો पाद् આદેશ.

द्विपाद्+शस् - स्यौजसमौशस्... १.१.१८ થી शस् પ્રત્યય.

द्विपद्+शस् આ સૂત્રથી पाद् નો पद् આદેશ.

द्विपदः सोरुः - रः पदान्ते... થી વિસર્ગ થયો.

(૩) पादम् आचष्टे इति पादि

पाद+णिज् - णिज् बहुलंनाम्नः... ૩.૪.૪૨ થી णिज् પ્રત્યય.

पाद्+इ = पादि - त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩ થી પાદ નાં अ નો લોપ.

पादयति इति क्विप् – क्विप् ૫.૧.૧૪૮ થી क्विप् પ્રત્યય.

पद्+ई (નપું. પ્ર.દ્વિ.દ્વિ.) આ સૂત્રથી पद् આદેશ = पदीकुले (વેદના) પાદ બોલવાવાળા બે કૂળ.

यस्वर इति किम् ? द्विपाद्भ्याम् । અહીં य् કારાદિ - સ્વરાદિ પ્રત્યય પરમાં નથી. પરન્તુ भ् કારાદિ વ્યંજનાદિ પ્રત્યય છે. માટે पाद् નો पद् આદેશ ન થયો.

अणिक्यघुटीति किम्? (१) पादयति - पादम् आचष्टे इति । = ઋચાનો પાદ બોલે છે.

અહીં णि પ્રત્યય લાગેલો છે. આ સૂત્રમાં તેનું વર્જન કરેલ હોવાથી पाद् નો पद् આદેશ ન થયો.

(२) व्याघ्रपाद्यति – व्याघ्रपादम् इच्छति इति । વાઘના પગ જેવા પગવાળાને ઇચ્છે છે. 'अमाव्ययात्...' ૩.૪.૨૩ થી અહીં क्यन् પ્રત્યય લાગ્યો છે. આ સૂત્રમાં તેનું વર્જન કરેલ છે. તેથી पाद् નો पद् આદેશ ન થયો.

(૩) द्विपादौ । द्विपाद्+औ = બે પગવાળો - અહીં ઘુટ્ પ્રત્યય લાગ્યો છે. આ સૂત્રમાં તેનું વર્જન કરેલ હોવાથી पाद् નો पद् આદેશ ન થયો.

**વિવેચન :** 'अनेकवर्णः सर्वस्य' એ પરિભાષાથી આખા पाद् નો જ पद् આદેશ થાય છે. અન્યથા पाद् નાં અન્ત્યનો જ આદેશ થાત.

**પ્રશ્ન :** અહીં ટીકામાં બતાવેલાં પ્રત્યયો पाद् નામની જ પરમાં કેવી રીતે સમજવાં ?

**જવાબ :** ઉપરથી નામનો અધિકાર ચાલ્યો આવે છે. માટે ધાતુનો અહીં સંભવ જ નથી.

वैयाघ्रपद्य નાં રૂપો વિ. देव-वन-माला वत् થશે.

पाद् નાં રૂપો વિ. द्विपाद्वत् થશે.

### उदच उदीच् २.१.१०३

**અર્થ :** णि-क्य અને ઘુટ્ પ્રત્યયને વર્જીને य કારાદિ તેમજ સ્વરાદિ પ્રત્યય પર છતાં उदच् નો उदीच् આદેશ થાય છે.

ઉદા. : (૧) उदीच्यः = ઉત્તર દિશામાં થનાર उद्+अञ्च्
उद्+अञ्च्+क्विप् - क्विप् ૫.૧.૧૪૮ થી क्विप् પ્રત્યય.
उद्+अच्+क्विप् - अञ्चोऽनर्चायाम् ૪.૨.૪૫ થી अञ्च् નાં न् નો લોપ.
उदच्+य - द्युप्राग्... ૬.૩.૮નાં યોગથી भवे ૬.૪.૧૨૩ થી य પ્રત્યય.
उदीच्य આ સૂત્રથી उदच् નો उदीच् આદેશ.
(૨) उदीची = ઉત્તર દિશા. उदच्
उदच्+ङी - अञ्चः ૨.૩.૪ થી સ્ત્રી.માં ङी પ્રત્યય.
उदीची આ સૂત્રથી उदच् નો उदीच् આદેશ
अणिक्यघुटीत्येव – उदञ्चम् आचष्टे इति उदयति । ઉત્તર દિશા એમ બોલે છે.
(૧) उदच्+णिज् - णिज् बहुलं... ૩.૪.૪૨ થી णिज् પ્રત્યય.
उद्+इ+ति - त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.
उदि+शव्+ति - कर्तर्य:.... ૩.૪.૭૧ થી शव् પ્રત્યય.
उदे+शव्+ति - नामिनो गुणो... ૪.૩.૧ इ નો ગુણ ए.
उदयति - एदैतोऽयाय् ૧.૨.૨૩ થી ए નો अय्.
અહીં णि નું વર્જન છે. તેથી આ સૂત્ર ન લાગ્યું.
(૨) उदञ्चम् इच्छति इति उदच्यति = ઉત્તર દિશાને ઇચ્છે છે. – क्यन् પ્રત્યય છે. व्याघ्रपाद्यतिवत् સાધનિકા થશે. क्य નું અહીં વર્જન કરેલું છે તેથી આ સૂત્ર ન લાગ્યું.
उदञ्चः – उदच्+जस् - उदन्च्+जस् - अचः ૧.૪.૬૯ થી च ની પૂર્વે न् આગમ.
उदञ्च्+जस् – तवर्गस्य... ૧.૩.૬૦ થી न् નો च् નાં યોગમાં ञ्.
उदञ्चः – सोरुः – रः पदान्ते.... થી વિસર્ગ.
અહીં ઘુટ્ પ્રત્યયનું વર્જન હોવાથી આ સૂત્ર લાગ્યું નથી.
उदच इति किम् ? नि मा भूत् - उदञ्चा, उदञ्चे.
અહીં उदच् નું સૂત્રમાં ગ્રહણ કરેલ હોવાથી उदच् નો જ આદેશ થાય છે. न् મધ્યમાં હોય તો उदीच् આદેશ થતો નથી. એટલે કે સ્વરાદિ પ્રત્યય પરમાં હોવા છતાં પણ પૂજાર્થમાં વર્તતો હોવાથી ૪.૨.૪૬ થી अञ्च् નાં न् નો લોપ ન થાય ત્યારે આ સૂત્ર લાગતું નથી.

उदच् નાં રૂપો વિ. प्राच्वत् અને उदीच्य નાં રૂપો વિ. देव-वन-मालावत् થશે.

વિવેચન : પ્રશ્ન – અહીં णि નું વર્જન શા માટે ? કારણ કે જો णि નું વર્જન ન કર્યું હોત તો પણ उदच् નો उदीच् થઈ 'त्रन्त्यस्वरादेः' થી અન્ત્ય સ્વરાદિકનો લોપ થઈ उदयति રૂપ થઈ શકત. છતાં વર્જન શા માટે ?

જવાબ : સૂત્રમાં વિશેષ વિધાન કરેલું હોવાથી 'त्रन्त्यस्वरादेः' નો બાધ કરીને આ સૂત્ર પ્રથમ જ લાગે. 'सकृद् गते स्पर्द्धे यद् बाधितं तद् बाधितमेव ।' – એકવાર સ્પર્ધામાં જે સૂત્ર બાધ થયું તે સદાને માટે બાધિત જ રહે છે. આ ન્યાયથી 'त्रन्त्यस्वरादेः' સૂત્ર આ સૂત્રથી બાધ થયેલ હોવાથી બાધિત જ રહે છે. એટલે આ સૂત્ર લગાડ્યાં પછી તે સૂત્ર લાગી શકે નહીં. અને તેથી અન્ત્ય સ્વરાદિનો લોપ થાય નહીં માટે णि નું વર્જન કરેલ છે. અન્યથા उदीचयति એવો અનિષ્ટ પ્રયોગ થાય.

### अच्च् प्राग् दीर्घश्च २.१.१०४

અર્થ : णि-क्य અને ઘુટ્ પ્રત્યયને વર્જીને य् કારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં अच् નો च् થાય છે. અને તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

ઉદા. – प्राच्यः = પૂર્વ દિશામાં થનાર :- સાધનિકા उदीच्यःवत् પરન્તુ ૨.૧.૧૦૩ ને બદલે આ સૂત્ર લગાડી अच् નો च् થાય છે.

दधीचा - दधि+अच्+टा આ સૂત્રથી अच् નો च् અને પૂર્વનો સ્વરદીર્ઘ થવાથી दधीचा થયું.

अणिक्यघुटीत्येव - दध्यञ्चम् आचष्टे इति. (णि) - दध्ययति

दध्यञ्चम् इच्छति इति दध्यच्यति । (क्यन् પ્રત્યય)

दध्यञ्चः (जस् પ્રત્યય ઘુટ્ છે.)

આ ત્રણેયનું વર્જન કરેલ હોવાથી अच् નો च् આદેશ થયો નથી. આ ત્રણેની સાધનિકા ૨.૧.૧૦૩ સૂત્રનાં ઉદા. वत् થશે.

अचिति किम् ? नि मा भूत् – साध्वञ्चा । અહીં પૂજાનો વિષય હોવાથી अञ्च् ના न् નો લોપ થયો નથી. न् સહિત अञ्च् નો આદેશ આ સૂત્રમાં જણાવ્યો નથી. માટે अच् નો च् આદેશ થતો નથી.

प्राच्य નાં રૂપો વિ. देव-वन-मालावत् થશે.

दध्यच् નાં રૂપો વિ. प्राच्वत् થશે.

## क्वसुष्मतौ च २-१-१०५

**અર્થ :** णि-क्य અને ઘુટ્ પ્રત્યયોને વર્જીને य् કારાદિ, સ્વરાદિ અને મતુ પ્રત્યય પર છતાં क्वसु નો उष् આદેશ થાય છે.

**ઉદા :** विदुष्यः વિદ્વાનોમાં શ્રેષ્ઠ विद् (ધાતુ)

विद् + क्वसु-वा वेत्तेः क्वसु ५.२.२२થી क्वसु (वस्) પ્રત્યય.

विद्वस् + य-तत्र साधौ ७.१.१५થી य પ્રત્યય.

विदुष् + य + सि-આ સૂત્રથી क्वसु નો उस् આદેશ.

विदुष्यः- सोरुः- रः पदान्ते... થી વિસર્ગ.

विदुषा તૃતીયા એ.વ. સાધનિકા ઉપરોક્તવત્

विदुष्मान्

विद्वस् + मतु – तदस्यास्ति... ૭.૨.૧થી मतु પ્રત્યય.

विदुष् + मत् – આ સૂત્રથી वस् નો उष् આદેશ.

विदुष्मन्त् – ऋदुदितः ૧.૪.૭૦થી न् આગમ.

विदुष्मन् – पदस्य २.१.८९થી त् નો લોપ.

विदुष्मान् – निदीर्घः १.४.८५થી न પર છતાં પૂર્વનો સ્વર દીર્ઘ.

अणिक्यघुटीत्येव - विद्वांसम् आचष्टे इति विद्वयति = વિદ્વાનને કહે છે. णि પ્રત્યય છે.

विद्वांसम् इच्छति इति विद्वस्यति = વિદ્વાનને ઈચ્છે છે. क्यन् પ્રત્યય છે.

विद्वांसः = વિદ્વાનો. जस् (ઘુટ્) પ્રત્યય છે.

આ સૂત્રમાં આ ત્રણેયનું વર્જન કરેલ હોવાથી क्वसु નો उष् આદેશ થતો નથી. ત્રણેયની સાધનિકા ૨.૧.૧૦૩ નાં ઉદા.પ્રમાણે થશે.

**વિવેચન :** **પ્રશ્ન** – क्वस् નો उष् આદેશ કર્યો તેમાં દંત્ય स् કાર ન કરતા મૂર્ધન્ય ष् કાર શામાટે કર્યો? કારણકે 'नाम्यन्तस्था......' ૨.૩.૧૫ स् નો ष् સિદ્ધ જ હતો.

**જવાબ :** क्वस् નો उष् કરવાનું કારણ પ્રક્રિયા લાઘવ માટે જ છે.

## श्वन्-युवन्-मघोनो ङीस्याद्यघुट्स्वरे व उः २.१.१०६

**અર્થ :** ङी અને અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં श्वन्-युवन् અને मघवन् નાં व નો उ થાય છે.

**સૂત્રસમાસ** : श्वा च युवा च मघवा च एतेषां समाहारः तस्य (સમા.દ્વ.)

सिः आदिः यस्य सः स्यादिः (બહુ.) न घुट् - अघुट् । अघुट् चासौ स्वरश्च इति अघुट्स्वरः (કર્મ.) स्यादेः अघुट्स्वरः इति स्याद्यघुट्स्वरः (ષ.ત)

ङीश्च स्याद्यघुट्स्वरश्च एतयोः समाहारः इति ङीस्याद्यघुट्स्वरः तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન** : ङीस्याद्यघुट्स्वर इति किम्? शौवनम्, यौवनम्, माघवनम्। આ બધામાં ङी કે અઘુટ્ સ્વરાદિ સ્યાદિ સંબંધી પ્રત્યય પરમાં નથી પરન્તુ अण् પ્રત્યય (તદ્ધિતનો) લાગેલ છે. તેથી આ સૂત્ર ન લાગ્યું.

युवन्, मघवन् નાં રૂપો વિ. श्वन्वत् પરન્તુ युवन् માં સ્ત્રી.માં 'युनी' અને 'युवति' બે અંગ થશે. ૨.૪.૭૭થી ति પ્રત્યય લાગે છે.

## लुगातोऽनापः ૨.૧.૧૦૭

**અર્થ** : ङी અને અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં आप् વર્જીને आ નો લોપ થાય છે.

**સૂત્રસમાસ** : न आप् इति अनाप् तस्य ।

**વિવેચન** : अनाप इति किम् ? शालाः । અહીં आप् પ્રત્યય લાગેલો છે. તેથી તેનો લોપ થાય નહી.

## अनोऽस्य ૨.૧.૧૦૮

**અર્થ** : ङी અને અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં अन्નાં अ નો લોપ થાય છે.

## ई ङौ वा ૨.૧.૧૦૯

**અર્થ** : (औरीः સૂત્રથી થયેલ) નપું. પ્રથમા-દ્વિતીયા દ્વિ.વ.નો ई પ્રત્યય તેમજ ङि પ્રત્યય પર છતાં अन् નાં अ નો લુક્ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ** : ईश्च ङिश्च एतयोः समाहारः इति ईङि तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન** : ङि ના સાહચર્યથી ई પણ સ્યાદિ સંબંધી જ ગ્રહણ કરવો. તેથી 'औरीः' થી થયેલ નપું. પ્રથમા દ્વિ.દ્વિ.વ.નો ई અહીં લેવો.

**પ્રશ્ન** : અહીં ई નાં ગ્રહણથી સ્ત્રી.નાં ङी નું. ગ્રહણ થાય કે નહીં ?

**જવાબ** : ન થાય. 'निरनुबन्ध ग्रहणे न सानुबन्धस्य' અનુબન્ધ રહિતનું ગ્રહણ

કરાયે છતે અનુબન્ધ સહિતનું ગ્રહણ થતું નથી. આ ન્યાયથી ङी નું (સ્ત્રીલિંગનું) ગ્રહણ ન થાય.

सामन् - સામવેદ. રૂપો વિ. दामन् वत्

## षादि हन् धृतराज्ञोऽणि २.१.११०

**અર્થ :** अण् પ્રત્યય પર છતાં ष् કારાદિથી પરમાં રહેલાં તેમજ हन् અને धृतराजन् નાં अन् નાં अ નો લોપ થાય છે.

**સમાસ :** ष् आदिः यस्य सः षादिः । (બહુ.)

षादिश्च हन् च धृतराजन् च एतेषां समाहारः षादिहन्धृतराजन् तस्य । (સમા.દ્વ.)

**ઉદા. :** (१) औक्ष्णः - उक्ष्णः अपत्यं इति = બળદનું સંતાન. उक्षन् + सि

उक्षन् + अण् + सि – ङसोपत्ये ६.१.२८થી अण् પ્રત્યય.

उक्ष्न् + अण् + सि – આ સૂત્રથી अन् નાં अ નો લોપ.

उक्ष्ण् + अण् + सि – रषृवर्णान्नोण... ૨.૩.૬૩થી न् નો ण् થયો.

औक्ष्ण + सि – वृद्धिः स्वरेष्वा... ७.४.१થી उ ની वृद्धि औ

औक्ष्णः सोरु : - रःपदान्ते... થી વિસર્ગ થયો.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | माता | मातरौ | मातरः |
| દ્વિતીયા | मातरम् | मातरौ | मातॄः |
| તૃતીયા | मात्रा | मातृभ्याम् | मातृभिः |
| ચતુર્થી | मात्रे | मातृभ्याम् | मातृभ्यः |
| પંચમી | मातुः | मातृभ्याम् | मातृभ्यः |
| ષષ્ઠી | मातुः | मात्रोः | मातॄणाम् |
| સપ્તમી | मातरि | मात्रोः | मातृषु |
| સંબોધન | हे मातः ! | हे मातरौ ! | हे मातरः ! |

- **मातॄः** દ્વિ.બ.વ. मातृ + अस् - शसोऽता सश्च नः पुंसि १.४.४९थी
  मातॄस् - सोरुः २.१.७२थी
  मातॄर् - रः पदान्ते... १.४.४९थी
  मातॄः

- **मातृ શબ્દના બધા રૂપોની સાધનિકા पितृ શબ્દની જેવી જ થશે. દ્વિ.બ.વ. માં १.४.४९ થી દીર્ઘ થયો પણ સ્ત્રીલિંગ શબ્દ હોવાથી स् નો न् ન થયો.**

- परमा चासौ माता च = परममाता સ્ત્રીલિંગ मातृवत्
  १. मातरम् अतिक्रान्तः = अतिमाता પુંલિંગ पितृवत्
  २. मातरम् अतिक्रान्तम् = अतिमातृ નપું. कर्तृवत्
  ३. मातरम् अतिक्रान्ता = अतिमात्री સ્ત્રી. नदीवत्

(स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः २.४.१थी स्त्रीलिंगमां ङी थयो अने इवर्णादे... १.२.२१थी ऋ नो र् थयो)

१. प्रिया माता यस्य सः = प्रियमातृकः पुंलिंग देववत्

२. प्रिया माता यस्य तद् = प्रियमातृकम् नपुं. वनवत्

३. प्रिया माता यस्याः सा = प्रियमातृका स्त्री. मालावत्

(ऋन्नित्यदितः ७.३.१७१ थी ऋकारान्त नामोने बहुव्रीही समासमां नित्य कच् प्रत्यय थतो होवाथी प्रियमातृ शब्दने कच् प्रत्यय थयो.)

**अतिहे एकारान्त पुंलिंग-स्त्रीलिंग**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अतिहेः | अतिहयौ | अतिहयः |
| દ્વિતીયા | अतिहयम् | अतिहयौ | अतिहयः |
| તૃતીયા | अतिहया | अतिहेभ्याम् | अतिहेभिः |
| ચતુર્થી | अतिहये | अतिहेभ्याम् | अतिहेभ्यः |
| પંચમી | अतिहेः | अतिहेभ्याम् | अतिहेभ्यः |
| ષષ્ઠી | अतिहेः | अतिहयोः | अतिहयाम् |
| સપ્તમી | अतिहयि | अतिहयोः | अतिहयाम् |
| સંબોધન | हे अतिहे ! | हे अतिहयौ ! | हे अतिहयः ! |

- **अतिहेः** प्र.એ.વ. अतिहे + स् = अतिहेस्
- **अतिहेभिः** तृ.બ.વ. अतिहे + भिस् = अतिहेभिस्
- **अतिहेभ्यः** ચ.પં.બ.વ. अतिहे + भ्यस् = अतिहेभ्यस्

  } सोरुः २.१.७२थी

  अतिहेर्, अतिहेभिर्, अतिहेभ्यर् } - रः पदान्ते.... १.३.५३थी

  अतिहेः, अतिहेभिः, अतिहेभ्यः

- **अतिहेः** પં.એ.વ., ષ.એ.વ. अतिहे+ङसि-ङस् - एदोद्भ्यांङसि... १.४.३५थी
  अतिहे + र् = अतिहेर् - रः पदान्ते... १.३.५३थी
  अतिहेः

- **अतिहेषु** સ.બ.વ. अतिहे+सु=अतिहेसु - नाम्यन्तस्था..... २.३.१५थी
  अतिहेषु

- **हे अतिहे !** સં.એ.વ. अतिहे + स् - अदेतः स्यमोर्लुक् १.४.४४थी
  अतिहे !

- બીજા બધા રૂપો સ્વરાદિ પ્રત્યય પર છતાં एदैतोऽयाय् ૧.૨.૨૩થી પૂર્વના ए નો अय् થવાથી સિદ્ધ થઈ જશે.

  अतिहे શબ્દ જ્યારે નપું.માં વાપરવો હોય ત્યારે क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ થવાથી अतिहि શબ્દ બન્યો. હવે રૂપો અને સાધનિકા वारिवत् થશે અને જ્યારે वान्यतः पुमांष्टादौ स्वरे ૧.૪.૬૨થી ટાદિ સ્વરાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે પુંવત્ થાય ત્યારે अतिहेवत् પણ રૂપો અને સાધનિકા થશે.

**रै ઐકારાન્ત સ્ત્રીલિંગ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | राः | रायौ | रायः |
| દ્વિતીયા | रायम् | रायौ | रायः |
| તૃતીયા | राया | राभ्याम् | राभिः |
| ચતુર્થી | राये | राभ्याम् | राभ्यः |
| પંચમી | रायः | राभ्याम् | राभ्यः |
| ષષ્ઠી | रायः | रायोः | रायाम् |
| સપ્તમી | रायि | रायोः | रासु |
| સંબોધન | हे राः ! | हे रायौ ! | हे रायः ! |

- **राः** પ્ર.એ.વ., સં.એ.વ.
  - रै + स् - आ रायो व्यञ्जने ૨.૧.૫થી
  - रा + स् = रास् - सोरुः ૨.૧.૭૨થી
  - रार् - रः पदान्ते... ૧.૩.૫૩.થી
  - राः

- **रायौ** પ્ર.દ્વિ.વ., દ્વિ.દ્વિ.વ., સં.દ્વિ.વ.
  - रै + औ - एदैतोऽयाय् ૧.૨.૨૩થી
  - राय् + औ = रायौ

  **रायः** પ્ર.દ્વિ.વ., દ્વિ.બ.વ., સં.બ.વ.
  - रै + अस् - एदैतोऽयाय् ૧.૨.૨૩થી
  - राय् + अस् = रायस् - सोरुः ૨.૧.૭૨થી
  - रायर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
  - रायः

- **रायम्** દ્વિ.એ.વ.
  - रै + अम् - एदैतोऽयाय् ૧.૨.૨૩થી
  - राय् + अम् = रायम् .

- **राया** તૃ.એ.વ.
  - रै + आ - एदैतोऽयाय् ૧.૨.૨૩થી
  - राय् + आ = राया

- राभ्याम् — तृ.द्वि.व., च.द्वि.व., पं.द्वि.व. — रै + भ्याम् - आ रायो व्यञ्जने २.१.५थी
  रा + भ्याम् = राभ्याम्
- राभिः, राभ्यः — तृ.બ.વ., ચ.બ.વ., પં.બ.વ. — रै + भिस्, रै + भ्यस् — आ रायो व्यञ्जने २.१.५थी
  रा + भिस् = राभिस्, रा + भ्यस् = राभ्यस् — सोरुः २.१.७२थी
  राभिर्, राभ्यर् — रः पदान्ते विसर्गस्तयोः १.३.५३थी
  राभिः, राभ्यः
- राये — ચ.એ.વ. — रै + ए - एदैतोऽयाय् १.२.२३थी
  राय् + ए = राये
- रायः — પં.એ.વ., ષ.એ.વ. — रै + अस् - एदैतोऽयाय् १.२.२३थी
  राय् + अस् = रायस् - सोरुः २.१.७२थी
  रायर् - रः पदान्ते... १.३.५३थी
  रायः
- रायोः — ષ.દ્વિ.વ., સ.દ્વિ.વ. — रै + ओस् - एदैतोऽयाय् १.२.२३थी
  राय् + ओस् = रायोस् - सोरुः २.१.७२थी
  रायोर् - रः पदान्ते... १.३.५३थी
  रायोः
- रायाम् — ષ.બ.વ. — रै + आम् - एदैतोऽयाय् १.२.२३थी
  राय् + आम् = रायाम्
- रायि — સ.એ.વ. — रै + इ - एदैतोऽयाय् १.२.२३थी
  राय् + इ = रायि
- रासु — સ.બ.વ. — रै + सु - आ रायो व्यञ्जने २.१.५थी
  रासु
- परमाचासौ राश्च = परमराः स्त्रीलिंग रैवत्

  १. रायम् अतिक्रान्तः = अतिराः पुंलिंग रैवत्

  २. रायम् अतिक्रान्तम् अतिरि नपुं. वारिवत्
  क्लीबे २.४.९७थी ह्रस्व थयुं छे. वान्यतः पुमांष्टादौ स्वरे १.४.६२थी टादि स्वरादि प्रत्यय पर छतां विकल्पे पुंवत् थवाथी रैवत् पण रूपो थशे.

  ३. रायम् अतिक्रान्ता = अतिराः स्त्रीलिंग रैवत्

१. प्रिया राः यस्य सः = प्रियराः पुंલિંગ रैवत्
२. प्रिया राः यस्य तद् = प्रियरि નપું. अतिरिवत्
૩. प्रिया राः यस्याः सा - प्रियराः સ્ત્રીલિંગ रैवत्

अतिरि અને प्रियरि નપું.ના રૂપો वारिवत् થશે. પરન્તુ વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં ૨.૧.૫ થી અંત્ય इ નો आ થશે.

**गो ઓકારાન્ત – પુંલિંગ-સ્ત્રીલિંગ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | गौः | गावौ | गावः |
| દ્વિતીયા | गावम् | गावौ | गाः |
| તૃતીયા | गवा | गोभ्याम् | गोभिः |
| ચતુર્થી | गवे | गोभ्याम् | गोभ्यः |
| પંચમી | गोः | गोभ्याम् | गोभ्यः |
| ષષ્ઠી | गोः | गवोः | गवाम् |
| સપ્તમી | गवि | गवोः | गोषु |
| સંબોધન | हे गौः ! | हे गावौ ! | हे गावः ! |

- **गौः** — પ્ર.એ.વ. / સં.એ.વ.
  गो + स् - ओत औः १.४.७४थी
  गौ + स् - गौस् - सोरुः २.१.७२थी
  गौर् - रः पदान्ते विसर्गस्तयोः १.३.५३थी
  गौः
- **गावौ** — પ્ર.દ્વિ.વ. / દ્વિ.દ્વિ.વ. / સં.દ્વિ.વ.
  गो + औ - ओत औः १.४.७४थी
  गौ + औ - ओदौतोऽवाव् १.२.२४थी
  गाव् + औ = गावौ
- **गावः** — પ્ર.બ.વ. / સં.બ.વ.
  गो + अस् - ओत औः १.४.७४थी
  गौ + अस् - ओदौतोऽवाव् १.२.२४थी
  गाव् + अस् = गावस् - सोरुः २.१.७२थी
  गावर् - रः पदान्ते विसर्गस्तयोः १.३.५३थी
  गावः
- **गाम्** — દ્વિ.એ.વ.
  गो + अम् - आ अम्-शसोऽता १.४.७५थी
  गाम्

- गाः द्वि.બ.વ. गो + अस् - आ अम्-शसोऽता ૧.૪.૭૫થી
  गास् - सोरुः ૨.૧.૭૨થી
  गार् - रः पदान्ते विसर्गस्तयोः ૧.૩.૫૩થી
  गाः
- गवा તૃ.એ.વ. गो + आ - ओदौतोऽवाव् ૧.૨.૨૪થી
  गव् + आ = गवा
- गोभ्याम् તૃ.દ્વિ.વ., ચ.દ્વિ.વ., પં.દ્વિ.વ. गो + भ्याम् = गोभ्याम्
- गोभिः (તૃ.બ.વ.)
- गोभ्यः (ચ.બ.વ., પં.બ.વ.)
  गो + भिस् = गोभिस्, गो + भ्यस् = गोभ्यस् } सोरुः ૨.૧.૭૨થી
  गोभिर्, गोभ्यर् } = रः पदान्तेविसर्गस्तयोः ૧.૩.૫૩થી
  गोभिः, गोभ्यः
- गवे ચ.એ.વ. गो + ए - ओदौतोऽवाव् ૧.૨.૨૪થી
  गव् + ए = गवे
- गोः પં.એ.વ., ષ.એ.વ. गो+ङसि ङस् - एदोद्भ्यां...... ૧.૪.૩૫થી
  गो+र् = गोर् - रः पदान्ते विसर्गस्तयोः ૧.૩.૫૩થી
  गोः
- गवोः ષ.દ્વિ.વ., સ.દ્વિ.વ. गो + औस् - ओदौतोऽवाव् ૧.૨.૨૪થી
  गव् + ओस् = गवोस् - सोरुः ૨.૧.૭૨થી
  गवोर् - रः पदान्ते विसर्गस्तयोः ૧.૩.૫૩થી
  गवोः
- गवाम् ષ.બ.વ. गो + आम् - ओदौतोऽवाव् ૧.૨.૨૪થી
  गव् + आम् = गवाम्
- गवि સ.એ.વ. गो + इ - ओदौतोऽवाव् ૧.૨.૨૪થી
  गव् + इ = गवि
- गोषु સ.બ.વ. गो+सु = गोसु - नाम्यन्तस्था...... ૨.૩.૧૫થી
  गोषु
- परमश्चासौ गौश्च = परमगवः પુંલિંગ. देववत्

  परमा चासौ गौश्च = परमगवी સ્ત્રીલિંગ. नदीवत्

  गोस्तत्पुरुषात् ૭.૩.૧૦૫થી તત્પુ. સમાસમાં अट् સમાસાન્ત થવાથી परमगो+अ ओदौतोऽवाव् ૧.૨.૨૪થી परमगव થયું અને સ્ત્રીલિંગમાં अणञे-येकण्..... ૨.૪.૨૦થી ङी થવાથી परमगवी થયું છે.

१. गाम् अतिक्रान्तः = अतिगवः પુંલિંગ देववत्
२. गाम् अतिक्रान्ता = अतिगवी સ્ત્રીલિંગ नदीवत्
३. गाम् अतिक्रान्तम् = अतिगवम् નપું. वनवत्
अतिरतिक्रमे च ૩.૧.૪૫ થી अति અવ્યયની સાથે તત્પુ.સમાસ થયેલો છે. અતિક્રમ કે પૂજા અર્થ જણાતો હોય તો નિત્ય તત્પુ.સમાસ થાય છે. અને તત્પુ. સમાસ થયો તેથી परमगवःवत् अट् સમાસાન્ત વિગેરે કાર્ય થયું.

(૧) प्रियः गौः / प्रिया गौः } यस्य सः = प्रियगुः પુંલિંગ साधुवत्

(૨) प्रियः गौः / प्रिया गौः } यस्य तद् = प्रियगु નપું. मधुवत्

(૩) प्रियः गौः / प्रिया गौः } यस्याः सा = प्रियगुः સ્ત્રીલિંગ धेनुवत्

गोश्चान्ते...૨.૪.૯૬ થી પું.સ્ત્રી.માં હ્રસ્વ થયું છે. અને નપું.માં क्लीबे થી હ્રસ્વ થયું છે. ओ નું હ્રસ્વ उ થાય.

**नौ ઔકારાન્ત સ્ત્રીલિંગ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | नौः | नावौ | नावः |
| દ્વિતીયા | नावम् | नावौ | नावः |
| તૃતીયા | नावा | नौभ्याम् | नौभिः |
| ચતુર્થી | नावे | नौभ्याम् | नौभ्यः |
| પંચમી | नावः | नौभ्याम् | नौभ्यः |
| ષષ્ઠી | नावः | नावोः | नावाम् |
| સપ્તમી | नावि | नावोः | नौषु |
| સંબોધન | हे नौः ! | हे नावौ ! | हे नावः ! |

- **नौः** — પ્ર.એ.વ. / સં.એ.વ. } नौ + स् = नौस् – सोरुः ૨.૧.૭૨થી
  नौर् – रः पदान्ते... ૧.૩.૫૩થી
  नौः
- **नौभ्याम्** — તૃ.દ્વિ.વ., ચ.દ્વિ.વ., પં.દ્વિ.વ. नौ + भ्याम् = नौभ्याम्
- **नौभिः / नौभ्यः** — તૃ.બ.વ. / ચ.બ.વ. / પં.બ.વ. } नौ + भिस् = नौभिस् / नौ + भ्यस् – नौभ्यस् } सोरुः ૨.૧.૭૨થી
  नौभिर्, नौभ्यर् – रः पदान्ते विसर्गस्तयोः ૧.૩.૫૩થી
  नौभिः, नौभ्यः

- नौषु  સ.બ.વ.  नौ + सु – नौसु – नाम्यन्तस्था... ૨.૩.૧૫થી नौषु
- બીજા બધા नौ શબ્દોના રૂપો સ્વરાદિ પ્રત્યય પરછતાં ओदौतोऽवाव् ૧.૨.૨૪થી औ નો आव् થઈને સિદ્ધ થાય છે.
- परमाचासौ नौश्च = परमनौः સ્ત્રીલિંગ नौवत्
  ૧. नावम् अतिक्रान्तः = अतिनौः પુંલિંગ नौवत्
  ૨. नावम् अतिक्रान्ता = अतिनौः સ્ત્રીલિંગ नौवत्
  ૩. नावम् अतिक्रान्तम् = अतिनु નપું. मधुवत्
  क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ થવાથી औ નો उ થઈને अतिनु થયું. वान्यतः... ૧.૪.૬૨થી ટાદિ સ્વરાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે પુંવત્ થવાથી साधुवत् પણ રૂપો થશે.
  ૧. प्रिया नौः यस्य सः = प्रियनौकः પુંલિંગ देववत्
  ૨. प्रिया नौः यस्य तद् = प्रियनौकम् નપું. वनवत्
  ૩. प्रिया नौः यस्याः सा = प्रियनौका સ્ત્રીલિંગ मालावत्
  એ.વ.માં વિગ્રહ કરીએ ત્યારે બહુ. સમાસમાં नौ શબ્દને पुमनडुन्नौ-पयो... ૭.૩.૧૭૩થી નિત્ય कच् પ્રત્યય ઉમેરાય છે. અને જો બ.વ.માં વિગ્રહ કરીએ તો कच् પ્રત્યય લાગતો નથી. જેમકે-
  ૧. प्रियाः नावः यस्य सः = प्रियनौः પુલિંગ नौवत्
  ૨. प्रियाः नावः यस्य तद् = प्रियनु નપું. अतिनुवत्
  ૩. प्रियाः नावः यस्याः सा = प्रियनौः સ્ત્રીલિંગ नौवत्

**उपकुम्भ પુંલિંગ. ( कुम्भस्य समीपे – उपकुम्भ )**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | उपकुम्भम् | उपकुम्भम् | उपकुम्भम् |
| દ્વિતીયા | उपकुम्भम् | उपकुम्भम् | उपकुम्भम् |
| તૃતીયા | उपकुम्भम् | उपकुम्भम् | उपकुम्भम् |
| | उपकुम्भेन | उपकुम्भाभ्याम् | उपकुम्भाभिः |
| ચતુર્થી | उपकुम्भम् | उपकुम्भम् | उपकुम्भम् |
| પંચમી | उपकुम्भात् | उपकुम्भाभ्याम् | उपकुम्भेभ्यः |
| ષષ્ઠી | उपकुम्भम् | उपकुम्भम् | उपकुम्भम् |
| સપ્તમી | उपकुम्भे | उपकुम्भयोः | उपकुम्भेषु |
| | उपकुम्भम् | उपकुम्भम् | उपकुम्भम् |
| સંબોધન | हे उपकुम्भ ! | हे उपकुम्भम् ! | हे उपकुम्भम् ! |

- પ્રથમા-દ્વિતીયા-ચતુર્થી-ષષ્ઠીના રૂપોમાં એ.વ., દ્વિ.વ. અને બ.વ. ત્રણે વચનમાં સ્યાદિ વિભક્તિનો અવ્યયીભાવ સમાસ હોવાથી "अमव्ययी... ૩.૨.૨થી अम् થઇ જાય છે.
- તૃતીયા વિભક્તિમાં ત્રણે વચનમાં સ્યાદિ વિભક્તિનો "वा तृतीयायाः" ૩.૨.૩થી વિકલ્પે अम् થાય છે. તેથી એકવાર અકારાન્ત પુંલિંગ देव પ્રમાણે રૂપો થશે.
- સપ્તમી વિભક્તિમાં ત્રણે વચનમાં સ્યાદિ વિભક્તિનો "सप्तम्या वा" ૩.૨.૪થી વિકલ્પે अम् થાય છે. તેથી એકવાર અકારાન્ત પુંલિંગ देव પ્રમાણે રૂપો થશે.
- પંચમી વિભક્તિમાં ત્રણે લિંગમાં સ્યાદિ વિભક્તિનો अम् થતો જ નથી. તેથી રૂપો અકારાન્ત પુંલિંગ देव પ્રમાણે થશે.
- સં.એ.વ. માં उपकुम्भ + स् "अदेतः स्यमोर्लुक् ૧.૪.૪૪થી सि નો લોપ થવાથી उपकुम्भ થયું. બાકી દ્વિ.વ. અને બ.વ.માં ૩.૨.૨થી अम् થશે.

**जरा સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | जरा | जरे, जरसौ | जराः, जरसः |
| દ્વિતીયા | जराम्, जरसम् | जरे, जरसौ | जराः, जरसः |
| તૃતીયા | जरया, जरसा | जराभ्याम् | जराभिः |
| ચતુર્થી | जरायै, जरसे | जराभ्याम् | जराभ्यः |
| પંચમી | जरायाः, जरसः | जराभ्याम् | जराभ्यः |
| ષષ્ઠી | जरायाः, जरसः | जरयोः, जरसोः | जराणाम्, जरसाम् |
| સપ્તમી | जरायाम्, जरसि | जरयोः जरसोः | जरासु |
| સંબોધન | हे जरे ! | हे जरे, जरसौ ! | हे जराः, जरसः ! |

- "जराया जरस्वा" ૨.૧.૩થી સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં जरा નું जरस् વિકલ્પે થાય છે. જ્યારે जरा હોય ત્યારે माला પ્રમાણે રૂપો અને સાધનિકા થશે. અને જ્યારે जरस् થાય ત્યારે चन्द्रमस् પ્રમાણે રૂપો અને સાધનિકા થશે.
- परमा चासौ जरा च - परमजरा સ્ત્રીલિંગ जरावत्
  "पुंवत् कर्मधारये" ૩.૨.૫૭થી પૂર્વનું परमा પદ પુંવત્ થવાથી परम થયું.
  ૧. जराम् अतिक्रान्तः - अतिजरः પુંલિંગ देववत्
  ૨. जराम् अतिक्रान्ता - अतिजरा સ્ત્રીલિંગ मालावत्

3. जराम् अतिक्रान्तम् - अतिजरम् નપું. वनवत् (क्लीबे २.४.९७थी હ્રસ્વ થયું..)
પું,સ્ત્રી.માં गोश्चान्ते... २.४.९६.થી હ્રસ્વ થયું. સ્ત્રીલિંગમાં आत् २.४.१८થી आप् થયો છે.
૧. प्रिया जरा यस्य सः - प्रियजरः પુંલિંગ देववत्
૨. प्रिया जरा यस्याः सा - प्रियजरा સ્ત્રીલિંગ मालावत्
3. प्रिया जरा यस्य तद् - प्रियजरम् નપું. वनवत्
''परतः स्त्री पुम्वत्... ૩.૨.૪૯થી પૂર્વનો प्रिया શબ્દ પુંવત્ થયો તેથી प्रिय થયું.

- अतिजर થયા પછી પણ ''जराया जरस् वा'' ૨.૧.૩થી जरस् આદેશ થશે કેમકે એવો ન્યાય છે કે ''एकदेशे विकृतम् अनन्यवत्'' માટે સમાસ થયા પછી પણ जरा નો जरस् આદેશ થશે. જ્યારે अतिजर, प्रियजर થશે ત્યારે देव-वन-मालावत् રૂપો વિગેરે થશે. અને સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં अतिजरस् કે प्रियजरस् થશે ત્યારે પું.માં चन्द्रमस् પ્રમાણે અને નપું.માં पयस्वत् રૂપો થશે.
- अतिजरथया પછી નપું. પ્ર.દ્વિ, સં.એ.વ.માં ત્રણ રૂપો થાય છે. ''अतः स्यमोम्'' ૧.૪.૫૭થી सि અને अम् નો अम् થાય છે. તેથી अतिजर + अम् થયું. હવે अदेतः स्यमोर्लुक् ૧.૪.૪૪થી अम् નાં अ નો લોપ થવાથી अतिजरम् થયું.
હવે अम् પ્રત્યય સ્વરાદિ હોવાથી ''जराया जरस् वा'' ૨.૧.૩થી जरस् આદેશ થયો. તેથી अतिजरस् + अम्, ''जरसो वा'' ૧.૪.૬૦થી अम् નો વિકલ્પે લોપ થાય છે. જ્યારે अम् નો લોપ ન થાય ત્યારે अतिजरसम् અને अम् નો લોપ થાય ત્યારે अतिजरस् રહ્યું. ''सोरुः'' ૨.૧.૭૨ અને ''रः पदान्ते... ૧.૩.૫૩થી अतिजरः થયું. એમ ત્રણ રૂપો સિદ્ધ થશે.

कीलालपा સ્ત્રીલિંગ-પુંલિંગ. (कीलालम् पाति इति विच् - कीलालपा)

| | એ.વ. | દ્વિ.વ | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | कीलालपाः | कीलालपौ | कीलालपाः |
| દ્વિતીયા | कीलालपाम् | कीलालपौ | कीलालपः |
| તૃતીયા | कीलालपा | कीलालपाभ्याम् | कीलालपाभिः |
| ચતુર્થી | कीलालपे | कीलालपाभ्याम् | कीलालपाभ्यः |
| પંચમી | कीलालपः | कीलालपाभ्याम् | कीलालपाभ्यः |
| ષષ્ઠી | कीलालपः | कीलालपोः | कीलालपाम् |
| સપ્તમી | कीलालपि | कीलालपोः | कीलालपासु |

અહીં कीलालपा શબ્દને "मन-वन- क्वनिप्-विच् क्वचित्" ૫.૧.૧૪૭થી विच् પ્રત્યય લાગેલો છે. તે પણ क्विप् પ્રત્યયની જેમ સર્વાપહારી છે.

(૧) **कीलालपाः** પ્ર.એ.વ., સં.એ.વ. }
कीलालपा+स् =कीलालपास्-सोरुः ૨.૧.૭૨થી
कीलालपार् - रः पदान्ते... ૧.૩.૫૩થી
कीलालपाः

(૨) **कीलालपौ** પ્ર.દ્વિ.વ., દ્વિ.દ્વિ.વ., સં.દ્વિ.વ. }
कीलालपा + औ - ऐदौत् सन्ध्यक्षरैः ૧.૨.૧૨થી
कीलालपौ

(૩) **कीलालपाः** પ્ર.બ.વ., સં.બ.વ. }
कीलालपा + जस् (अस्) - समानानां... ૧.૨.૧થી
कीलालपास् - सोरुः ૨.૧.૭૨થી
कीलालपार् - रः पदान्ते.... ૧.૩.૫૩થી
कीलालपाः

(૪) **कीलालपाम्** દ્વિ.એ.વ.
कीलालपा + अम् - समानानां..... ૧.૨.૧થી
कीलालपाम्

(૫) **कीलालपः** } **कीलालपोः** } દ્વિ.બ.વ., પં.એ.વ., ષ.એ.વ., ષ.દ્વિ.વ., સ.દ્વિ.વ. }
कीलालपा+शस्(अस्), कीलालपा + ङसि, कीलालपा + ङस्, कीलालपा + ओस् } लुगातोऽनापः ૨.૧.૧૦૭થી
कीलालप्+अस्=कीलालपास्- } सोरुः ૨.૧.૭૨થી
कीलालप्+ओस्-कीलालपोस् }
कीलालपार्, कीलालपोर् - रः पदान्ते...- ૧.૩.૫૩થી
कीलालपः, कीलालपोः

(૬) **कीलालपा** } તૃ.એ.વ.
**कीलालपे** } ચ.એ.વ.
**कीलालपि** } સ.એ.વ.
**कीलालपाम्** } ષ.બ.વ.
कीलालपा + आ, कीलालपा + ए, कीलालपा + इ, कीलालपा+आम् } लुगातोऽनापः ૨.૧.૧૦૭થી
कीलालप् + आ = कीलालपा
कीलालप् + ए = कीलालपे
कीलालप् + इ = कीलालपि
कीलालप् + आम् = कीलालपाम्

બીજા બાકીના રૂપોમાં સીધા પ્રત્યયો જ લાગેલા છે. સુગમ છે.

**कीलालप** નપું- **कीलालपा** શબ્દ વિશેષણ છે. તેનાં નપું. રૂપો કરવા હોય તો આકારાન્ત તરીકે વપરાતો નથી. પરંતુ "क्लीबे" ૨.૪.૯૭ થી હ્રસ્વ થઈને कीलालप अकारान्त બની જાય છે. પછી તેના રૂપો વિગેરે वनवत् થાય છે.

**सखि** પુંલિંગ.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | सखा | सखायौ | सखायः |
| દ્વિતીયા | सखायम् | सखायौ | सखीन् |
| તૃતીયા | सख्या | सखिभ्याम् | सखिभिः |
| ચતુર્થી | सख्ये | सखिभ्याम् | सखिभ्यः |
| પંચમી | सख्युः | सखिभ्याम् | सखिभ्यः |
| ષષ્ઠી | सख्युः | सख्योः | सखीनाम् |
| સપ્તમી | सख्यौ | सख्योः | सखिषु |
| સંબોધન | हे सखे ! | हे सखायौ ! | हे सखायः ! |

(૧) **सखा** પ્ર.એ.વ.
सखि + स् - ऋदुशनस्..... ૧.૪.૮૪થી
सखि + डा (आ) डित्यन्त्य..... ૨.૧.૧૧૪થી
सख् + आ = सखा

(૨) **सखायौ** પ્ર.દ્વિ.વ., દ્વિ.દ્વિ.વ., સં.દ્વિ.વ.
सखि + औ - सख्युरितो... ૧.૪.૮૩થી
सखै + औ - एदैतोऽयाय्. ૧.૨.૨૩થી
सखाय् + औ = सखायौ.

(૩) **सखायः** પ્ર.બ.વ., સં.બ.વ.
सखि + जस् (अस्) - सख्युरितो.... ૧.૪.૮૩થી
सखै + अस् = एदैतोऽयाय् ૧.૨.૨૩થી
सखाय् + अस् = सखायस् - सोरुः ૨.૧.૭૨થી
सखायर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
सखायः

(૪) **सखायम्** દ્વિ.એ.વ.
सखि + अम् - सख्युरितो... ૧.૪.૮૩થી
सखै + अम् - एदैताऽयाय् ૧.૨.૨૩થી
सखाय् + अम् = सखायम्

(૫) **सखीन्** દ્વિ.બ.વ.
सखि+शस् (अस्) - शसोऽता सश्च..... ૧.૪.૪૯થી
सखीन्

(૬) **सख्या**, **सख्ये** તૃ.એ.વ., ચ.એ.વ.
सखि + आ, सखि + ए - न ना ङिदेत् ૧.૪.૨૭થી
सखि + आ, सखि + ए - इवर्णादेरस्वे... ૧.૨.૨૧થી
सख्य् + आ = सख्या
सख्य् + ए = सख्ये

(૭) **सख्युः** પં.એ.વ. } सखि + ङसि (अस्) } न ना ङिदेत् १.४.२७થી
ષ.એ.વ. } सखि + ङस् (अस्) }
सखि + ङसि,ङस्- खि-ति-खी-तीय उर् १.४.३६થી
सखि + उर् इवर्णादेरस्वे..... १.२.२१થી
सख्य् + उर्= सख्युर्..... रः पदान्ते...१.३.५३થી
सख्युः, सख्युः

(૮) **सख्योः** ષ.દ્વિ.વ. } सखि + ओस् - इवर्णादे... १.२.२१થી
સ.દ્વિ.વ. } सख्य् + ओस् = सख्योस् - सोरुः २.१.७२થી
सख्योर् - रः पदान्ते...१.३.५३થી
सख्योः

(૯) **सखीनाम्** ષ.બ.વ. सखि + ओस् = ह्रस्वापश्च १.४.३२થી
सखि+नाम् - दीर्घोनाम्य... १.४.४७થી
सखीनाम्

(૧૦) **सख्यौ** સ.એ.વ. सखि + इ - न ना ङिदेत् १.४.२७થી
सखि + इ - इवर्णादे.... १.२.२१થી
सख्य् + इ - केवलसखिपतेरौः १.२.२६થી
सख्य् + औ = सख्यौ

(૧૧) **हे सखे !** સં.એ.વ. सखि+स् - ह्रस्वस्य गुणः १.४.४१થી
सखे !

બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

- परमश्चासौ सखा च -परमसखि - પુંલિંગ - मुनिवत्

પહેલા પાંચ રૂપો सखिवत् થશે. દ્વિ.બ.વ. થી मुनिवत् થશે. અહીં ૧.૪.૨૬ અને ૧.૪.૨૭ સૂત્રો નહીં લાગે કેમકે परमसखि શબ્દ કેવલ सखि શબ્દ નથી.

(૧) सखायम् अतिक्रान्तः = अतिसखि - પુંલિંગ - परमसखिवत्

(૨) सखायम् अतिक्रान्ता = अतिसखि - સ્ત્રીલિંગ - मतिवत्, પહેલા પાંચ રૂપો सखिवत् દ્વિ.બ.વ.થી मतिवत् થશે.

(૩) सखायम् अतिक्रान्तम् - अतिसखि - નપું.- वारिवत्
"सख्युरितोऽशावैत्" ૧.૪.૮૩માં शि નું વર્જન હોવાથી 'शि' घुट् હોવા છતાં इ નો ऐ નહીં થાય. ૧.૪.૬૨થી વિકલ્પે પુંવત્ થશે. તેથી अतिसखिवत् (પુંલિંગ પ્રમાણે) પણ રૂપો થશે.

૧. प्रियः सखा यस्य सः-प्रियसखि - पुंलिंग - अतिसखिवत्

૨. प्रियः सखा यस्याःसा- प्रियसखि - स्त्रीलिंग - अतिसखिवत्

૩. प्रियः सखा यस्य तद् - प्रियसखि - नपुं. - अतिसखिवत्

सखि શબ્દ સ્ત્રીલિંગમાં "नारी-सखी-पङ्गू-श्वश्रू" ૨.૪.૭૬થી ङी અન્તવાળો નિપાતન सखी થયો. તેના રૂપો नदीवत् થશે.

**सखी પુંલિંગ-સ્ત્રીલિંગ (નામ ધાતુ ઉપરથી બન્યો છે.)**

सखायम् इच्छति - सखीय. "अमाव्ययात्... ૩.૪.૨૩થી क्यन्, "दीर्घश्च्वि..." ૪.૩.૧૦૮થી इ નો ई થવાથી सखीय ધાતુ બન્યો.

सखीयति इति क्विप् = सखी. "अतः" ૪.૩.૮૨થી अ નો લોપ, य्वोःप्वय्... ૪.૪.૧૨૧થી य् નો લોપ થવાથી सखी શબ્દ બન્યો.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | सखीः | सख्यौ | सख्यः |
| દ્વિતીયા | सख्यम् | सख्यौ | सख्यः |
| તૃતીયા | सख्या | सखीभ्याम् | सखीभिः |
| ચતુર્થી | सख्ये | सखीभ्याम् | सखीभ्यः |
| પંચમી | सख्युः | सखीभ्याम् | सखीभ्यः |
| ષષ્ઠી | सख्युः | सख्योः | सख्याम् |
| સપ્તમી | सख्यि | सख्योः | सखीषु । |

- અહીં સ્વરાદિ પ્રત્યય પર છતાં "योऽनेकस्वरस्य" ૨.૧.૫૬થી ई નો य् થશે.
- પંચમી-ષષ્ઠી-એ.વ.માં ङसि-ङस् પ્રત્યયનો "खि-ति-खी-तीयउर्" ૧.૪.૩૬થી उर् થશે. સાધનિકા सखि માં થયેલા सख्युः પ્રમાણે થશે. બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

सखि - નપું.માં "क्लीबे" ૨.૪.૯૭થી હ્રસ્વ થવાથી सखि શબ્દ બનશે. તેન રૂપો वारिवत् થશે. वान्यतः..... ૧.૪.૬૨ વિકલ્પે પુંવત્ પણ થશે.

**दधि - નપું.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | दधि | दधिनी | दधीनि |
| દ્વિતીયા | दधि | दधिनी | दधीनि |
| તૃતીયા | दध्ना | दधिभ्याम् | दधिभिः |
| ચતુર્થી | दध्ने | दधिभ्याम् | दधिभ्यः |

| | | | |
|---|---|---|---|
| પંચમી | दध्नः | दधिभ्याम् | दधिभ्यः |
| ષષ્ઠી | दध्नः | दध्नोः | दध्नाम् |
| સપ્તમી | दध्नि, दधनि | दध्नोः | दधिषु |
| સંબોધન | हे दधे, दधि ! | हे दधिनी ! | हे दधीनि ! |

(૧) दधि — પ્ર.એ.વ., દ્વિ.એ.વ. }
दधि+स् - }
दधि+अम् } अनतो लुप् ૧.૪.૫૯થી
दधि

(૨) दधिनी — પ્ર.દ્વિ.વ., દ્વિ.દ્વિ.વ., સં.દ્વિ.વ. }
दधि+औ - औरीः ૧.૪.૫૬થી
दधि+ई - अनाम्स्वरे नोऽन्तः ૧.૪.૬૪થી
दधिन्+ई = दधिनी

(૩) दधीनि — પ્ર.બ.વ., દ્વિ.બ.વ., સં.બ.વ. }
दधि+जस्, शस् (अस्) नपुंसकस्य शिः ૧.૪.૫૫થી
दधि+इ - अनाम्स्वरे नोऽन्तः ૧.૪.૬૪થી
दधिन् + इ - नि दीर्घः ૧.૪.૮૫થી
दधीनि

(૪) दध्ना, दध्ने, दध्नाम् } — તૃ.એ.વ., ચ.એ.વ., ષ.બ.વ. }
दधि + आ
दधि+ए
दधि + आम् } दध्यस्थिसक्थ्यक्ष्णो... ૧.૪.૬૩થી
दधन् + आ
दधन् + ए
दधन् + आम् } अनोऽस्य ૨.૧.૧૦૮થી
दध्न् + आ = दध्ना
दध्न् + ए = दध्ने
दध्न् + आम् = दध्नाम्

(૫) दध्नः, दध्नोः } — પં.ષ.એ.વ., ષ.સ.દ્વિ.વ. }
दधि + ङसि, ङस्
दधि + ओस् } दध्यस्थिसक्थ्यक्ष्णो..... ૧.૪.૬૩થી
दधन् + अस्
दधन् + ओस् } अनोऽस्य ૨.૧.૧૦૮થી
दध्न् + अस् = दध्नस्
दध्न् + ओस् = दध्नोस् } सोरुः ૨.૧.૭૨થી
दध्नर्, दध्नोर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
दध्नः, दध्नोः

(૬) दध्नि } स.એ.વ. दधि + इ - दध्यस्थिसक्थ्यक्ष्णो... ૧.૪.૬૩થી
दधनि } दधन् + इ - इङौ वा ૨.૧.૧૦૯થી
दधन् + इ, = दधनि, दध्न् + इ = दध्नि

(૭) हे दधे, } સં.એ.વ. दधि + स् - नामिनो लुग् वा ૧.૪.૬૧થી
दधि } दधि - ह्रस्वस्य गुणः ૧.૪.૪૧થી दधे
दधि + स् - अनतो लुप् ૧.૪.૫૯થી दधि

બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

- परमम् च तद् दधि च - परमदधि - નપું. दधिवत्

१. दधि अतिक्रान्तः - अतिदधिः - પુંલિંગ - मुनिवत्

२. दधि अतिक्रान्ता - अतिदधिः - સ્ત્રીલિંગ मतिवत्,
જ્યારે અન્યસંબંધી થઈને अतिदधि બને ત્યારે પુંલિંગમાં પ્રથમા-દ્વિતીયા વિભક્તિમાં मुनिवत् થશે. અને સ્ત્રીલિંગમાં પ્રથમા-દ્વિતીયા વિભક્તિમાં मतिवत् થશે. પરન્તુ યદિ સ્વરાદિ પ્રત્યય પર છતાં दध्यस्थि... ૧.૪.૬૩ સૂત્ર લાગશે. તેથી दधिवत् રૂપો થશે.

३. दधि अतिक्रान्तम् - अतिदधि - નપું. दधिवत्

१. प्रियम् दधि यस्य सः - प्रियदधिकः - પુંલિંગ देववत्

२. प्रियम् दधि यस्याः सा - प्रियदधिका - સ્ત્રીલિંગ मालावत्

३. प्रियम् दधि यस्य तद् - प्रियदधिकम् - નપું. वनवत्
दध्युरः-सर्पिर्मधूपानच्छाले" ૭.૩.૧૭૨થી कच् પ્રત્યય થયો છે.

**स्त्री - સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | स्त्री | स्त्रियौ | स्त्रियः |
| દ્વિતીયા | स्त्रियम्, स्त्रीम् | स्त्रियौ | स्त्रियः, स्त्रीः |
| તૃતીયા | स्त्रिया | स्त्रीभ्याम् | स्त्रीभिः |
| ચતુર્થી | स्त्रियै | स्त्रीभ्याम् | स्त्रीभ्यः |
| પંચમી | स्त्रियाः | स्त्रीभ्याम् | स्त्रीभ्यः |
| ષષ્ઠી | स्त्रियाः | स्त्रियोः | स्त्रीणाम् |
| સપ્તમી | स्त्रियाम् | स्त्रियोः | स्त्रीषु |
| સંબોધન | हेस्त्रि ! | हे स्त्रियौ ! | हे स्त्रियः ! |

| | | | |
|---|---|---|---|
| (૧) | स्त्री | પ્ર.એ.વ. | स्त्री + स् - दीर्घङ्याब्... ૧.૪.૪૫થી<br>स्त्री |
| (૨) | स्त्रियौ | પ્ર.દ્વિ.વ.<br>દ્વિ.દ્વિ.વ.<br>સં.દ્વિ.વ. | स्त्री + औ - स्त्रियाः ૨.૧.૫૪થી<br>स्त्रिय् + औ = स्त्रियौ |
| (૩) | स्त्रियः | પ્ર.બ.વ.<br>સં.બ.વ. | स्त्री + जस् (अस्) - स्त्रियाः ૨.૧.૫૪થી<br>स्त्रियस् - सोरुः ૨.૧.૭૨થી<br>स्त्रियर् - रः पदान्ते... ૧.૩.૫૩થી<br>स्त्रियः |
| (૪) | स्त्रियम्<br>स्त्रीम् | દ્વિ.એ.વ. | स्त्री + अम् - वाऽम् शसि ૨.૧.૫૫થી<br>स्त्रियम्,<br>स्त्री + अम् - समानादमोऽतः ૧.૪.૪૬થી<br>स्त्री + म् = स्त्रीम् |
| (૫) | स्त्रियः<br>स्त्रीः | દ્વિ.બ.વ. | स्त्री + शस् - वाऽम् शसि ૧.૪.૫૫થી<br>स्त्रिय् + अस् = स्त्रियस्<br>स्त्रि + शस् - शसोऽता... ૧.૪.૪૯થી<br>स्त्रीस्, स्त्रियस्, - सोरुः ૨.૧.૭૨થી<br>स्त्रीर् स्त्रियर्, - रः पदान्ते... ૧.૩.૫૩થી<br>स्त्रीः, स्त्रियः |
| (૬) | स्त्रिया | તૃ.એ.વ. | स्त्री + आ - स्त्रियाः ૨.૧.૫૪થી<br>स्त्रिय् + आ = स्त्रिया |
| (૭) | स्त्रियै<br>स्त्रियाः<br>स्त्रियाम् | ચ.એ.વ.<br>પં.ષ.એ.વ.<br>સ.એ.વ. | स्त्री + ए<br>स्त्री + ङसि, ङस् } स्त्रीदूतः ૧.૪.૨૯થી<br>स्त्री + इ<br>स्त्री + ऐ<br>स्त्री + आस्, आस् } स्त्रियाः ૨.૧.૫૪થી<br>स्त्री + आम्,<br>स्त्रिय् + ऐ = स्त्रियै<br>स्त्रिय् + आस् = स्त्रियाः*<br>स्त्रिय् + आम् + स्त्रियाम् |

★ स्त्रिया :- રૂપમાં सोरुः, रः पदान्ते..... સૂત્ર લાગશે.

(૮) **स्त्रियोः** ष.द्वि.व. स.द्वि.व. } स्त्री + ओस् - स्त्रियाः २.१.५४थी
स्त्रिय् + ओस् = स्त्रियोस् - सोरुः २.१.७२थी
स्त्रियोर् - रः पदान्ते... १.३.५३थी
स्त्रियोः

(૯) **स्त्रीणाम्** ष.ब.व. स्त्री + आम् - हृस्वाऽऽपश्च१.४.३२थी
स्त्री + नाम् - दीर्घोनाम्य... १.४.४७थी
स्त्रीनाम् - र-षृवर्णान्नो ण... २.३.६३थी
स्त्रीणाम्

(૧૦) **हे स्त्रि !** सं.ए.व. स्त्री + स् - नित्यदिद् १.४.४३थी
स्त्रि !

બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

- परमा चासौ स्त्री च - परमस्त्री - સ્ત્રીલિંગ स्त्रीवत्

१. स्त्रियम् अतिक्रान्तः - अतिस्त्रि - પુંલિંગ - (गोश्चान्ते... २.४.९६थी હ્રસ્વ થાય છે.)

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अतिस्त्रिः | अतिस्त्रियौ | अतिस्त्रियः |
| દ્વિતીયા | अतिस्त्रियम्, अतिस्त्रीम् | अतिस्त्रियौ | अतिस्त्रियः, अतिस्त्रीन् |
| તૃતીયા | अतिस्त्रिणा | अतिस्त्रिभ्याम् | अतिस्त्रिभिः |
| ચતુર્થી | अतिस्त्रये | अतिस्त्रिभ्याम् | अतिस्त्रिभ्यः |
| પંચમી | अतिस्त्रेः | अतिस्त्रिभ्याम् | अतिस्त्रिभ्यः |
| ષષ્ઠી | अतिस्त्रेः | अतिस्त्रियोः | अतिस्त्रीणाम् |
| સપ્તમી | अतिस्त्रौ | अतिस्त्रियोः | अतिस्त्रिषु |
| સંબોધન | हे अतिस्त्रे ! | हे अतिस्त्रियौ ! | हे अतिस्त्रियः ! |

अतिस्त्रियौ પ્ર.દ્વિ.સં. દ્વિ.વ., अतिस्त्रियम्, अतिस्त्रीम् દ્વિ.એ.વ, अतिस्त्रियोः- ષ.સ.દ્વિ.વ, अतिस्त्रीणाम् ષ.બ.વ, વિગેરે રૂપોની સાધનિકા स्त्रीवत् થશે.

अतिस्त्रियः - દ્વિ.બ.વ. स्त्रीवत्, अतिस्त्रीन् દ્વિ.બ.વ. मुनिवत् થશે. બાકીના રૂપોની સાધનિકા मुनिवत् થશે.

२. स्त्रियम् अतिक्रान्ता - अतिस्त्री - સ્ત્રીલિંગ स्त्रीवत्
स्त्रियम् अतिक्रान्ता - अतिस्त्रिः - સ્ત્રીલિંગ मतिवत्

गोश्चान्ते... ૨.૪.૯૬થી હ્રસ્વ થયા પછી "इतोऽक्त्यर्थात्" ૨.૪.૩૨થી ङी વિકલ્પે થાય છે.

૩ स्त्रियम् अतिक्रान्तम् - अतिस्त्रि - નપું. - वारिवत्

"क्लीबे" ૨.૪.૯૭થી હ્રસ્વ થાય. वान्यतः ... ૧.૪.૬૨થી વિકલ્પે પુંવત્ થશે.

૧. प्रिया स्त्रीः यस्य सः - प्रियस्त्रीकः - પુંલિંગ देववत्

૨. प्रिया स्त्रीः यस्याः सा - प्रियस्त्रीका - સ્ત્રીલિંગ मालावत्

૩. प्रिया स्त्रीः यस्य तद् - प्रियस्त्रीकम् નપું. वनवत्

"ऋन्नित्यदितः" ૭.૩.૧૭૧થી कच् થયો. "न कचि" ૨.૪.૧૦૫થી कच् પ્રત્યય પર છતાં હ્રસ્વ ન થાય.

**लक्ष्मी - સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | लक्ष्मीः | लक्ष्म्यौ | लक्ष्म्यः |
| દ્વિતીયા | लक्ष्मीम् | लक्ष्म्यौ | लक्ष्मीः |
| તૃતીયા | लक्ष्म्या | लक्ष्मीभ्याम् | लक्ष्मीभिः |
| ચતુર્થી | लक्ष्म्यै | लक्ष्मीभ्याम् | लक्ष्मीभ्यः |
| પંચમી | लक्ष्म्याः | लक्ष्मीभ्याम् | लक्ष्मीभ्यः |
| ષષ્ઠી | लक्ष्म्याः | लक्ष्म्योः | लक्ष्मीणाम् |
| સપ્તમી | लक्ष्म्याम् | लक्ष्म्योः | लक्ष्मीषु |
| સંબોધન | हे लक्ष्मि ! | हे लक्ष्म्यौ ! | हे लक्ष्म्यः ! |

અહીં "लक्ष्मी" શબ્દ ङी લાગીને બનેલ દીર્ઘ ई કારાન્ત શબ્દ નથી પરન્તુ उणादि થી સિદ્ધ છે. તેથી પ્ર.એ.વ.માં सि નો લોપ થતો નથી.

- परमा चासौ लक्ष्मीश्च - परमलक्ष्मीः - સ્ત્રીલિંગ लक्ष्मीवत्

૧. लक्ष्मीम् अतिक्रान्तः - अतिलक्ष्मीः - પુંલિંગ लक्ष्मीवत्

उणादि થી સિદ્ધ છે. તેથી અન્યસંબંધીમાં लक्ष्मी શબ્દને ગૌણ મનાતો ન હોવાથી "गोश्चान्ते... ૨.૪.૯૬થી હ્રસ્વ થતો નથી. માટે "स्त्रीदूतः" ૧.૪.૨૯ લાગશે. રૂપો लक्ष्मीवत् થશે. પરન્તુ દ્વિ.બ.વ.માં अतिलक्ष्मीन् થશે.

૨. लक्ष्मीम् अतिक्रान्ता - अतिलक्ष्मीः - સ્ત્રીલિંગ - लक्ष्मीवत्

૩. लक्ष्मीम् अतिक्रान्तम् - अतिलक्ष्मि - નપું. - वारिवत्

"क्लीबे" ૨.૪.૯૭થી હ્રસ્વ થયું છે. કારણકે નપું.માં તો દીર્ઘ શબ્દ વપરાતો જ નથી. वान्यतः... ૧.૪.૬૨થી વિકલ્પે પુંવત્ થશે.

૧. प्रिया लक्ष्मीः यस्य सः - प्रियलक्ष्मीकः - પુંલિંગ - देववत्
૨. प्रिया लक्ष्मीः यस्याः सा - प्रियलक्ष्मीका - સ્ત્રીલિંગ - मालावत्
૩. प्रिया लक्ष्मीः यस्य तद् - प्रियलक्ष्मीकम् - નપું. - वनवत्

"ऋन्नित्यदितः" ૭.૩.૧૭૧થી कच् થયો. "न कचि" ૨.૪.૧૦૫થી હ્રસ્વ ન થાય.

**श्री - સ્ત્રીલિંગ.**

श्राति, श्रिणाति, श्रायति वा इति क्विप् = श्री (दिद्युत् ददृत्... ૫.૨.૮૩થી નિપાતન) આ શબ્દ પણ उणादि થી સિદ્ધ છે. તેથી लक्ष्मी શબ્દની જેમ હ્રસ્વ વિગેરે કાર્ય નહિ થાય.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | श्रीः | श्रियौ | श्रियः |
| દ્વિતીયા | श्रियम् | श्रियौ | श्रियः |
| તૃતીયા | श्रिया | श्रीभ्याम् | श्रीभिः |
| ચતુર્થી | श्रियै, श्रिये | श्रीभ्याम् | श्रीभ्यः |
| પંચમી | श्रियाः, श्रियः | श्रीभ्याम् | श्रीभ्यः |
| ષષ્ઠી | श्रियाः, श्रियः | श्रियोः | श्रियाम्, श्रीणाम् |
| સપ્તમી | श्रियाम्, श्रियि | श्रियोः | श्रीषु |

(૧) श्रियौ — પ્ર.દ્વિ.વ., દ્વિ.દ્વિ.વ., સં.દ્વિ.વ.
श्री + औ - संयोगात् ૨.૧.૫૨થી
श्रिय् + औ = श्रियौ

(૨) श्रियः, श्रियोः — પ્ર.દ્વિ.બ.વ., પં.ષ.એ.વ., ષ.સ.દ્વિ.વ.
श्री + जस्, शस् (अस्)
श्री + ङसि, ङस् (अस्)
श्री + ओस् } संयोगात् ૨.૧.૫૨થી

श्रिय् + अस् - श्रियस् -
श्रिय् + ओस् - श्रियोस् } सोरुः ૨.૧.૭૨થી

श्रियर्, श्रियोर् - रः पदान्ते:... ૧.૩.૫૩થી
श्रियः, श्रियोः

| | | | | |
|---|---|---|---|---|
| (૩) | श्रियम् | દ્વિ.એ.વ. | श्री + अम् | संयोगात् ૨.૧.૫૨થી |
| | श्रिया | તૃ.એ.વ. | श्री + आ | |
| | श्रिये | ચ.એ.વ. | श्री + ए | |
| | श्रियि | સ.એ.વ. | श्री + इ | |
| | श्रियाम् | ષ.બ.વ. | श्री + आम् | |
| | | | श्रिय् + अम् = श्रियम् | |
| | | | श्रिय् + आ = श्रिया | |
| | | | श्रिय् + ए = श्रिये | |
| | | | श्रिय् + इ = श्रियि | |
| | | | श्रिय् + आम् = श्रियाम् | |
| (૪) | श्रियै | ચ.એ.વ. | श्री + ए | वेयुवोऽस्त्रियाः ૧.૪.૩૦થી |
| | श्रियाः | પં.ષ.એ.વ. | श्री + ङसि, ङस् | |
| | श्रियाम् | સ.એ.વ. | श्री + इ | |
| | | | श्री + ऐ | संयोगात् ૨.૧.૫૨થી |
| | | | श्री + आस् | |
| | | | श्री + आम् | |
| | | | श्रिय् + ऐ = श्रियै | |
| | | | श्रिय् + आस् = श्रियास् | |
| | | | श्रिय् + आम् = श्रियाम् | |
| | | | श्रियास् - सोरुः ૨.૧.૭૨થી | |
| | | | श्रियार् - रः पदान्ते... ૧.૩.૫૩થી | |
| | | | श्रियाः | |
| (૫) | श्रीणाम् | ષ.બ.વ. | श्री + आम् - आमो नाम् वा ૧.૪.૩૧થી | |
| | | | श्री + नाम् = श्रीनाम् - र-षृवर्णा... ૨.૩.૬૩થી | |
| | | | श्रीणाम् | |

બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

- परमा चासौ श्रीश्च - परमश्रीः - સ્ત્રીલિંગ श्रीवत्

| | |
|---|---|
| ૧. श्रियम् अतिक्रान्तः - अतिश्रीः - પુંલિંગ श्रीवत् | વિશેષતા लक्ष्मीवत् જાણવી. |
| ૨. श्रियम् अतिक्रान्ता - अतिश्रीः - સ્ત્રીલિંગ श्रीवत् | |
| ૩. श्रियम् अतिक्रान्तम् - अतिश्रि - નપું. वारिवत् | |

૧. प्रिया श्रीः यस्य सः – प्रियश्रीः – પુંલિંગ श्रीवत्
प्रिया श्रीः यस्य सः – प्रियश्रीकः – પુંલિંગ देववत्
૨. प्रिया श्रीः यस्याः सा – प्रियश्रीः – સ્ત્રીલિંગ श्रीवत्
प्रिया श्रीः यस्याः सा – प्रियश्रीका – સ્ત્રીલિંગ मालावत्
૩. प्रिया श्रीः यस्य तद् – प्रियश्रि નપું. वारिवत्
प्रिया श्रीः यस्य तद् – प्रियश्रीकम् – નપું. वनवत्
"शेषाद्वा" ૭.૩.૧૭૫થી कच् વિકલ્પે થયો. જ્યારે कच् થયો ત્યારે "नकचि" ૨.૪.૧૦૫થી હ્રસ્વ ન થયો.

**आधी – સ્ત્રીલિંગ.**

आध्यायति इति क्विप् = आधी. आ + ध्या = "दिद्युद् – ददृत्... ૫.૨.૮૩થી क्विप् પ્રત્યય પર છતાં ध्या નો धी થવાથી आधी શબ્દ થયો.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | आधीः | आध्यौ | आध्यः |
| દ્વિતીયા | आध्यम् | आध्यौ | आध्यः |
| તૃતીયા | आध्या | आधीभ्याम् | आधीभिः |
| ચતુર્થી | आध्यै | आधीभ्याम् | आधीभ्यः |
| પંચમી | आध्याः | आधीभ्याम् | आधीभ्यः |
| ષષ્ઠી | आध्याः | आध्योः | आधीनाम् |
| સપ્તમી | आध्याम् | आध्योः | आधीषु |
| સંબોધન | हे आधि ! | हे आध्यौ ! | हे आध्यः ! |

(૧) आध्यै } ચ.એ.વ. } आधी + ए
आध्याः } પં.ષ.એ.વ. } आधी + ङसि, ङस् – } स्त्रीदूतः ૧.૪.૨૯થી
आध्याम् } સ.એ.વ. } आधी + इ

आधी + ऐ
आधी + आस् } क्विब्वृत्तेर... ૨.૧.૫૮થી
आधी + आम्

आध्य् + ऐ } = आध्यै
आध्य् + आस् } – आध्यास्
आध्य् + आम् } – आध्याम्

आध्यास् – सोरुः ૨.૧.૭૨થી
आध्यार् – रः पदान्ते... ૧.૩.૫૩થી
आध्याः

(૨) **आधीनाम्** ष.બ.વ. आधी + आम् – ह्रस्वाऽऽपश्च ૧.૪.૩૨થી
आधीनाम् – दीर्घोनाम्य... ૧.૪.૪૭થી
आधीनाम्

(૩) **हे आधि !** સં.એ.વ. आधी + स् – नित्यदिद्... ૧.૪.૪૩થી
आधि !

બાકીના સ્વરાદિ પ્રત્યય છતાં "क्विब्वृत्तेर... ૨.૧.૫૮થી ई નો य् થઈને રૂપો સિદ્ધ થશે. બીજા રૂપોની સાધનિકા સુગમ છે.

**नी - પુંલિંગ - સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | नीः | नियौ | नियः |
| દ્વિતીયા | नियम् | नियौ | नियः |
| તૃતીયા | निया | नीभ्याम् | नीभिः |
| ચતુર્થી | निये | नीभ्याम् | नीभ्यः |
| પંચમી | नियः | नीभ्याम् | नीभ्यः |
| ષષ્ઠી | नियः | नियोः | नियाम् |
| સપ્તમી | नियाम् | नियोः | नीषु |

(૧) **नियाम्** સ.એ.વ. नी + इ – निय आम् ૧.૪.૫૧થી
नी + आम् – धातोरिवर्णो... ૨.૧.૫૦થી
निय् + आम् = नियाम्

અહીં સ્વરાદિ પ્રત્યયો પર છતાં "धातोरिवर्णो... ૨.૧.૫૦થી ई નો इय् થશે. બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

**नि - નપુંસકલિંગ** - અહીં नी શબ્દનો સ્વર "क्लीबे" ૨.૪.૯૭થી હ્રસ્વ થયો છે. તેના રૂપો અને સાધનિકા वारिवत् થશે. ૧.૪.૬૨થી વિકલ્પે પુંવત્ થશે.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | नि | निनी | नीनि |
| દ્વિતીયા | नि | निनी | नीनि |
| તૃતીયા | निना, निया | निभ्याम् | निभिः |
| ચતુર્થી | निने, निये | निभ्याम् | निभ्यः |
| પંચમી | निनः, नियः | निभ्याम् | निभ्यः |
| ષષ્ઠી | निनः, नियः | निनोः, नियोः | निणाम्, नियाम् |
| સપ્તમી | निनि, नियाम् | निनोः, नियोः | निषु |
| સંબોધન | हे नि ! हे ने ! | हे निनी ! | हे नीनि ! |

"क्विबन्ता: धातुत्वं नोज्झन्ति..." આ ન્યાયના આધારે नी શબ્દ બન્યો હોવા છતાં "धातोरिवर्णो... ૨.૧.૫૦ ધાતુને લગતું સૂત્ર છે. છતાં नी શબ્દને લાગ્યું.

**वसू - પુંલિંગ-સ્ત્રીલિંગ.**

वसुम् इच्छति इति - वसू "अमाव्ययात्... ૩.૪.૨૩થી क्यन् = वसु + य. "दीर्घश्च्वियङ्.. ૪.૩.૧૦૮થી પૂર્વનો उ દીર્ઘ થવાથી वसू ધાતુ બન્યો.

वसूयति इति क्विप् = वसूय. क्विप् ૫.૧.૧૪૮થી क्विप् પ્રત્યય. अतः થી अ નો લોપ થવાથી वसूय् "योऽशिति" ૪.૩.૮૦ થી य् નો લોપ થવાથી वसू શબ્દ બન્યો.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | वसूः | वस्वौ | वस्वः |
| દ્વિતીયા | वस्वम् | वस्वौ | वस्वः |
| તૃતીયા | वस्वा | वसूभ्याम् | वसूभिः |
| ચતુર્થી | वस्वे | वसूभ्याम् | वसूभ्यः |
| પંચમી | वस्वः | वसूभ्याम् | वसूभ्यः |
| ષષ્ઠી | वस्वः | वस्वोः | वस्वाम् |
| સપ્તમી | वस्वि | वस्वोः | वसूषु |

અહીં वसू શબ્દની સાધનિકામાં સ્વરાદિ પ્રત્યય પર છતાં "स्यादौ वः" ૨.૧.૫૭થી ऊ નો व् થાય છે. બાકીની સાધનિકા સુગમ છે.

**वसु - નપુંસકલિંગ** - वसू શબ્દનો સ્વર "क्लीबे" ૨.૪.૯૭થી હ્રસ્વ થયો છે. તેના રૂપોની સાધનિકા मधुवत् થશે. ૧.૪.૬૨થી વિકલ્પે पुंवत् થશે.

**दृन्भू - સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | दृन्भूः | दृन्भ्वौ | दृन्भ्वः |
| દ્વિતીયા | दृन्भ्वम् | दृन्भ्वौ | दृन्भ्वः |
| તૃતીયા | दृन्भ्वा | दृन्भूभ्याम् | दृन्भूभिः |
| ચતુર્થી | दृन्भ्वै | दृन्भूभ्याम् | दृन्भूभ्यः |
| પંચમી | दृन्भ्वाः | दृन्भूभ्याम् | दृन्भूभ्यः |

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | दृन्भ्वाः | दृन्भ्वोः | दृन्भूनाम् |
| સપ્તમી | दृन्भ्वाम् | दृन्भ्वोः | दृन्भूषु |
| સંબોધન | हे दृन्भु ! | हे दृन्भ्वौ ! | हे दृन्भ्वः ! । |

(૧) **दृन्भ्वै** } ચ.એ.વ. } दृन्भू + ए
**दृन्भ्वाः** } પં.ષ.એ.વ. } दृन्भू + ङसि, ङस् } स्त्रीदूतः १.४.२९थी
**दृन्भ्वाम्** } સ.એ.વ. } दृन्भू + इ

दृन्भू + ऐ
दृन्भू + आस् } दृन्-पुन-वर्षा... २.१.५९थी
दृन्भू + आम्

दृन्भ्व् + ऐ = दृन्भ्वै

दृन्भ्व् + आस् = दृन्भ्वास्

दृन्भ्व् + आम् = दृन्भ्वाम्

दृन्भ्वास् - सोरुः २.१.७२थी

दृन्भ्वार् - रः पदान्ते... १.३.५३थी

दृन्भ्वाः

(૨) **दृन्भूनाम्** ષ.બ.વ. दृन्भू + आम् - ह्रस्वाऽऽपश्च १.४.३२थी

दृन्भूनाम् - दीर्घोनाम्य... १.४.४७थी

दृन्भूनाम्

(૩) **हे दृन्भु !** સં.એ.વ. दृन्भू + स् - नित्यदिद्... १.४.४३थी

दृन्भु !

બીજા સ્વરાદિ પ્રત્યય પર છતાં "दृन्-पुन-वर्षा... २.१.५९थी ऊ નો व् થઈને રૂપો સિદ્ધ થશે. બાકીના રૂપોની સાધનિકા સુગમ છે. આ શબ્દ સ્ત્રીલિંગે જ વપરાય છે.

क्रोष्टु, क्रोष्टृ - પુંલિંગ. (तुन्, तृच् અંતવાળો શબ્દ છે.) (न् અને च् इत् છે.)

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | क्रोष्टा | क्रोष्टारौ | क्रोष्टारः |
| દ્વિતીયા | क्रोष्टारम् | क्रोष्टारौ | क्रोष्टून् |
| તૃતીયા | क्रोष्ट्रा, क्रोष्टुना | क्रोष्टुभ्याम् | क्रोष्टुभिः |
| ચતુર્થી | क्रोष्ट्रे, क्रोष्टवे | क्रोष्टुभ्याम् | क्रोष्टुभ्यः |
| પંચમી | क्रोष्टुः, क्रोष्टोः | क्रोष्टुभ्याम् | क्रोष्टुभ्यः |
| ષષ્ઠી | क्रोष्टुः, क्रोष्टोः | क्रोष्ट्रोः, क्रोष्ट्वोः | क्रोष्टूनाम् |
| સપ્તમી | क्रोष्टरि, क्रोष्टौ | क्रोष्ट्रोः, क्रोष्ट्वोः | क्रोष्टुषु |
| સંબોધન | हे क्रोष्टो ! | हे क्रोष्टारौ ! | हे क्रोष्टारः ! |

(૧) क्रोष्टा પ્ર.એ.વ. क्रोष्टु + स् - क्रुशस्तुनस्तृच्... ૧.૪.૯૧થી
क्रोष्टृ + स् - ऋदुशनस्... ૧.૪.૮૪થી
क्रोष्टृ + डा (आ) - डित्यन्त्य... ૨.૧.૧૧૪થી
क्रोष्ट् + आ = क्रोष्टा.

(૨) क्रोष्टारौ પ્ર.દ્વિ.વ., દ્વિ.દ્વિ.વ., સં.દ્વિ.વ. क्रोष्टु + औ - क्रुशस्तुनस्तृच्... ૧.૪.૯૧થી
क्रोष्टृ + औ - तृ-स्वसृ-नसृ... ૧.૪.૩૮થી
क्रोष्टार् + औ = क्रोष्टारौ.

(૩) क्रोष्टारः પ્ર.બ.વ., સં.બ.વ. क्रोष्टु + जस् (अस्)-क्रुशस्तुनस्तृच्... ૧.૪.૯૧થી
क्रोष्टृ + अस् - तृ-स्वसृ-नसृ... ૧.૪.૩૮થી
क्रोष्टारस् - सोरुः ૨.૧.૭૨થી
क्रोष्टारर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
क्रोष्टारः

(૪) क्रोष्टारम् દ્વિ.એ.વ. क्रोष्टु + अम् - क्रुशस्तुनस्तृच्... ૧.૪.૯૧થી
क्रोष्टृ + अम् - तृ-स्वसृ-नसृ... ૧.૪.૩૮થી
क्रोष्टारम्

(૫) क्रोष्टून् દ્વિ.બ.વ. क्रोष्टु + शस् (अस्) - शसोऽता... ૧.૪.૪૯થી
क्रोष्टून्

(૬) क्रोष्ट्रा / क्रोष्टुना } તૃ.એ.વ.

क्रोष्टु + आ - यदौ स्वरे वा ૧.૪.૯૨થી
क्रोष्टृ + आ - इवर्णादि... ૧.૨.૨૧થી
क्रोष्ट्रा
क्रोष्टु + आ - टः पुंसिना ૧.૪.૨૪થી
क्रोष्टु + ना = क्रोष्टुना

(૭) क्रोष्ट्रे / क्रोष्टवे } ચ.એ.વ.

क्रोष्टु + ए - यदौ स्वरे वा ૧.૪.૯૨થી
क्रोष्टृ + ए - इवर्णादि... ૧.૨.૨૧થી
क्रोष्ट्रे
क्रोष्टु + ए - ङित्यदिति ૧.૪.૨૩થી
क्रोष्टो + ए - ओदौतोऽवाव् ૧.૨.૨૪થી
क्रोष्टव् + ए = क्रोष्टवे.

(૮) क्रोष्टुः / क्रोष्टोः } પં.ષ.એ.વ.

क्रोष्टु+ङसि,ङस्(अस्) - यदौ स्वरे वा ૧.૪.૯૨થી
क्रोष्टृ + अस् - ऋतो डुर् ૧.૪.૩૭થી
क्रोष्टृ + डुर् (उर्) - डित्यन्त्य... ૨.૧.૧૧૪થી
क्रोष्टुर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
क्रोष्टुः
क्रोष्टु + अस् - ङित्यदिति ૧.૪.૨૩થી
क्रोष्टो + अस् - एदोद्भ्यां... ૧.૪.૩૫થી
क्रोष्टो + र् = क्रोष्टोर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
क्रोष्टोः

(૯) क्रोष्ट्रोः / क्रोष्ट्वोः } ષ.સ.દ્વિ.વ.

क्रोष्टु + ओस् - यदौ स्वरे वा ૧.૪.૯૨થી
क्रोष्टृ + ओस् - इवर्णादि... ૧.૨.૨૧થી
क्रोष्ट्रोस् - सोरुः ૨.૧.૭૨થી
क्रोष्ट्रोर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
क्रोष्ट्रोः
क्रोष्टु + ओस् - इवर्णादि... ૧.૨.૨૧થી
क्रोष्ट्व् + ओस् = क्रोष्ट्वोस् - सोरुः ૨.૧.૭૨થી
क्रोष्ट्वोर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
क्रोष्ट्वोः

(૧૦) क्रोष्टूनाम् ષ.બ.વ.

क्रोष्टु + आम् - ह्रस्वाऽऽपश्च ૧.૪.૩૨થી
क्रोष्टुनाम् - दीर्घो नाम्य... ૧.૪.૪૭થી
क्रोष्टूनाम् ।

| | | |
|---|---|---|
| (૧૧) क्रोष्टरि क्रोष्टौ | સ.એ.વ. | क्रोष्टु + इ - यदौ स्वरे वा ૧.૪.૯૨થી |
| | | क्रोष्टृ + इ - अर्डौ च ૧.૪.૩૯થી |
| | | क्रोष्टर् + इ = क्रोष्टरि |
| | | क्रोष्टु + इ - ङिर्डौ ૧.૪.૨૫થી |
| | | क्रोष्टु + डौ (औ) - डित्यन्त्य... ૨.૧.૧૧૪થી |
| | | क्रोष्ट् + औ = क्रोष्टौ. |
| (૧૨) हे क्रोष्टो ! | સં.એ.વ. | क्रोष्टु + स् - ह्रस्वस्य गुणः ૧.૪.૪૧થી |
| | | क्रोष्टो ! |

બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

- परमश्चासौ क्रोष्टा च - परमक्रोष्टु - પુંલિંગ - क्रोष्टुवत्
  - ૧. क्रोष्टारम् अतिक्रान्तः = अतिक्रोष्टु - પુંલિંગ क्रोष्टुवत्
  - ૨. क्रोष्टारम् अतिक्रान्ता - अतिक्रोष्ट्री - સ્ત્રીલિંગ - नदीवत्
  - ૩. क्रोष्टारम् अतिक्रान्तम् - अतिक्रोष्टु નપું. - मधुवत्
  - ૧. कृशाः क्रोष्टारः यस्मिन् सः - कृशक्रोष्टु -પુંલિંગ - क्रोष्टुवत्
  - ૨. कृशा क्रोष्टारः यस्याम् सा - कृशक्रोष्ट्री - સ્ત્રીલિંગ -नदीवत्
  - ૩. कृशाः क्रोष्टारः यस्मिन् तद् - कृशक्रोष्टु - નપું. - मधुवत्

क्रोष्टृ નું क्रोष्ट्री - સ્ત્રીલિંગમાં "स्त्रियां नृतो... ૨.૪.૧થી ङी લાગશે. ङी લગાડતાં પહેલા જ સ્ત્રીલિંગ વિષય આવતાં "स्त्रियाम्" ૧.૪.૯૩થી क्रोष्टृ થશે. સૂત્રમાં નિર્નિમિત્ત લખેલું છે. તેથી क्रोष्टु ઉકારાન્ત શબ્દ હોવા છતાં तृच् લાગીને ઋકારાન્ત થવાનો છે એમ માનીને સ્ત્રીલિંગમાં ङी લાગ્યો. (નહી તો ઉકારાન્ત નામને ङी ની પ્રાપ્તિ જ ન હતી.) તેના રૂપો સાધનિકા વિગેરે नदीवत् થશે.

मास - પુંલિંગ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | मासः | मासौ | मासाः |
| દ્વિતીયા | मासम् | मासौ | मासान्, मासः |
| તૃતીયા | मासेन, मासा | मासाभ्याम्,माभ्याम् | मासैः, माभिः |
| ચતુર્થી | मासाय, मासे | मासाभ्याम्,माभ्याम् | मासेभ्यः, माभ्यः |
| પંચમી | मासात्, मासः | मासाभ्याम्,माभ्याम् | मासेभ्यः, माभ्यः |
| ષષ્ઠી | मासस्य, मासः | मासयोः, मासोः | मासानाम्, मासाम् |
| સપ્તમી | मासे, मासि | मासयोः, मासोः | मासेषु, माःसु, मास्सु |
| સંબોધન | हे मास ! | हे मासौ ! | हे मासाः । |

मास શબ્દ અકારાન્ત પુંલિંગ હોવાથી તેના રૂપો-સાધનિકા અને સામાસિક શબ્દો देववत् થશે. પરન્તુ જ્યારે "मास-निशाऽऽसनस्य... ૨.૧.૧૦૦ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે मास શબ્દનો मास् વ્યંજનાન્ત બનશે ત્યારે તેનાં રૂપો અને સાધનિકા चन्द्रमसवत् થશે. પરંન્તુ भ्याम्, भिस् અને भ्यस् પ્રત્યય પર છતાં "सोरुः" ૨.૧.૭૨ થી स् નો र् થયા પછી र् નો उ નહીં થાય. કેમકે आ ની પછી र् છે. તેથી તે र् નો "अवर्ण-भो भगो... ૧.૩.૨૨થી લુક્ થશે.

**निशा - સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | निशा | निशे | निशाः |
| દ્વિતીયા | निशाम् | निशे | निशाः, निशः |
| તૃતીયા | निशया, निशा | निशाभ्याम्,निज्भ्याम् | निशाभिः, निज्भिः |
| ચતુર્થી | निशायै, निशे | निशाभ्याम्,निज्भ्याम् | निशाभ्यः, निज्भ्यः |
| પંચમી | निशायाः, निशः | निशाभ्याम्,निज्भ्याम् | निशाभ्यः, निज्भ्यः |
| ષષ્ઠી | निशायाः, निशः | निशयोः, निशोः | निशानाम्, निशाम् |
| સપ્તમી | निशायाम्, निशि | निशयोः, निशोः | निशासु, निच्छु, निच्शु |
| સંબોધન | हे निशे ! | हे निशे ! | हे निशाः ! |

निशा - શબ્દ आ કારાન્ત સ્ત્રીલિંગ હોવાથી તેના રૂપો સાધનિકા અને સામાસિક શબ્દો मालावत् થશે. પરન્તુ જ્યારે "मास-निशाऽऽसनस्य... ૨.૧.૧૦૦થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે निशा નો निश् આદેશ થાય ત્યારે તેના રૂપો मरुत्वत् થશે. પરંન્તુ भ्याम् - भिस् અને भ्यस् પ્રત્યય પર છતાં "घुटस्तृतीयः" ૨.૧.૭૬થી श् નો ज् થશે. અને सु પ્રત્યય પર છતાં "सस्य श-षौ" ૧.૩.૬૧ થી सु નો शु થશે. निश्+शु, "अघोषे प्रथमोऽशिटः" ૧.૩.૫૦ થી निच् + शु = निच्शु, "प्रथमादधुटि शश्छः" ૧.૩.૪ થી श् નો छ् વિકલ્પે થવાથી निच्छु, निच्शु એમ બે રૂપ થશે.

**आसन - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | आसनम् | आसने | आसनानि |
| દ્વિતીયા | आसनम् | आसने | आसनानि आसानि |
| તૃતીયા | आसनेन, आस्ना | आसनाभ्याम्, आसभ्याम् | आसनैः आसभिः |
| ચતુર્થી | आसनाय, आस्ने | आसनाभ्याम्, आसभ्याम् | आसनेभ्यः, आसभ्यः |
| પંચમી | आसनात्, आस्नः | आसनाभ्याम्, आसभ्याम् | आसनेभ्यः, आसभ्यः |

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | आसनस्य, आस्नः | आसनयोः, आस्नोः | आसनानाम्,आस्नाम् |
| સપ્તમી | आसने,आसनि,आस्नि | आसनयोः, आस्नोः | आसनेषु, आससु |
| સંબોધન | हे आसन ! | हे आसने ! | हे आसनानि ! |

आसन - अ કારાન્ત નપુંસકલિંગ હોવાથી તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો वनवत् થશે. પરન્તુ જ્યારે "मास-निशाऽऽसनस्य... ૨.૧.૧૦૦થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે आसन નો आसन् આદેશ થશે. ત્યારે તેના રૂપો-સાધનિકા नामन्वत् થશે.

**दन्त - પુંલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | दन्तः | दन्तौ | दन्ताः |
| દ્વિતીયા | दन्तम् | दन्तौ | दन्तान्, दतः |
| તૃતીયા | दन्तेन, दता | दन्ताभ्याम्, दद्भ्याम् | दन्तैः, दद्भिः |
| ચતુર્થી | दन्ताय, दते | दन्ताभ्याम्, दद्भ्याम् | दन्तेभ्यः, दद्भ्यः |
| પંચમી | दन्तात्, दतः | दन्ताभ्याम्, दद्भ्याम् | दन्तेभ्यः, दद्भ्यः |
| ષષ્ઠી | दन्तस्य, दतः | दन्तयोः, दतोः | दन्तानाम्, दताम् |
| સપ્તમી | दन्ते, दति | दन्तयोः, दतोः | दन्तेषु, दत्सु |
| સંબોધન | हे दन्त ! | हे दन्तौ ! | हे दन्ताः ! |

दन्त - अ કારાન્ત પુંલિંગ હોવાથી તેના રૂપો,સાધનિકા અને સામાસિક શબ્દો देववत् થશે. પરન્તુ જ્યારે "दन्तपादनासिका..." ૨.૧.૧૦૧ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે दन्त નો दत् આદેશ થશે. ત્યારે તેના રૂપો, સાધનિકા मरुत्वत् થશે.

**पाद - પુંલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | पादः | पादौ | पादाः |
| દ્વિતીયા | पादम् | पादौ | पादान्, पदः |
| તૃતીયા | पादेन, पदा | पादाभ्याम्,पद्भ्याम् | पादैः, पद्भिः |
| ચતુર્થી | पादाय, पदे | पादाभ्याम्,पद्भ्याम् | पादेभ्यः, पद्भ्यः |
| પંચમી | पादात्, पदः | पादाभ्याम्,पद्भ्याम् | पादेभ्यः, पद्भ्यः |
| ષષ્ઠી | पादस्य, पदः | पादयोः, पदोः | पादानाम्, पदाम् |
| સપ્તમી | पादे, पदि | पादयोः, पदोः | पादेषु, पत्सु |
| સંબોધન | हे पाद ! | हे पादौ ! | हे पादाः ! |

पाद - अ કારાન્ત પુંલિંગ હોવાથી તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો देववत् થશે. પરન્તુ જ્યારે "दन्तपादनासिका..." ૨.૧.૧૦૧ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે पाद નો पद् આદેશ થશે. ત્યારે તેના રૂપો અને સાધનિકા मरुत्वत् થશે.

**नासिका - સ્ત્રીલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | नासिका | नासिके | नासिकाः |
| દ્વિતીયા | नासिकाम् | नासिके | नासिकाः, नसः |
| તૃતીયા | नासिकया, नसा | नासिकाभ्याम्-नोभ्याम् | नासिकाभिः, नोभिः |
| ચતુર્થી | नासिकायै, नसे | नासिकाभ्याम्-नोभ्याम् | नासिकाभ्यः नोभ्यः |
| પંચમી | नासिकायाः, नसः | नासिकाभ्याम्-नोभ्याम् | नासिकाभ्यः नोभ्यः |
| ષષ્ઠી | नासिकायाः, नसः | नासिकयोः, नसोः | नासिकानाम्, नसाम् |
| સપ્તમી | नासिकायाम्, नसि | नासिकयोः, नसोः | नासिकासु,नःसु,नस्सु |
| સંબોધન | हे नासिके ! | हे नासिके ! | हे नासिकाः ! । |

नासिका - आ કારાન્ત સ્ત્રીલિંગ હોવાથી તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો मालावत् થશે. પરંતુ જ્યારે "दन्तपादनासिका..." ૨.૧.૧૦૧ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે नासिका નો नस् આદેશ થશે. ત્યારે તેના રૂપો, સાધનિકા चन्द्रमस्वत् થશે.

**हृदय - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | हृदयम् | हृदये | हृदयानि |
| દ્વિતીયા | हृदयम् | हृदये | हृदयानि हृन्दि |
| તૃતીયા | हृदयेन, हृदा | हृदयाभ्याम्, हृद्भ्याम् | हृदयैः, हृद्भिः |
| ચતુર્થી | हृदयाय, हृदे | हृदयाभ्याम्, हृद्भ्याम् | हृदयेभ्यः, हृद्भ्यः |
| પંચમી | हृदयात्, हृदः | हृदयाभ्याम्, हृद्भ्याम् | हृदयेभ्यः, हृद्भ्यः |
| ષષ્ઠી | हृदयस्य, हृदः | हृदययोः, हृदोः | हृदयानाम्, हृदाम् |
| સપ્તમી | हृदये, हृदि | हृदययोः, हृदोः | हृदयेषु, हृत्सु |
| સંબોધન | हे हृदय ! | हे हृदये ! | हे हृदयानि ! । |

हृदय - अ કારાન્ત નપું. હોવાથી તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો वनवत् થશે. પરંતુ જ્યારે "दन्तपादनासिका..." ૨.૧.૧૦૧ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે हृदय નો हृद् આદેશ થશે ત્યારે તેના રૂપો અને સાધનિકા जगत्वत् થશે.

**असृज् - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબો. | असृग्, क् | असृजी | असृञ्जि |
| દ્વિતીયા | असृग्, क् | असृजी | असृञ्जि, असानि |
| તૃતીયા | असृजा, अस्ना | असृग्भ्याम्, असभ्याम् | असृग्भिः,असभिः |
| ચતુર્થી | असृजे, अस्ने | असृग्भ्याम्, असभ्याम् | असृग्भ्यः, असभ्यः |
| પંચમી | असृजः, अस्नः | असृग्भ्याम्, असभ्याम् | असृग्भ्यः, असभ्यः |
| ષષ્ઠી | असृजः अस्नः | असृजोः, अस्नोः | असृजाम्, अस्नाम् |
| સપ્તમી | असृजि,असनि,अस्नि | असृजोः, अस्नोः | असृक्षु, असृख्षु, अससु। |

असृज् નપું. હોવાથી તેના રૂપો-સાધનિકા અને સામાસિક શબ્દો जगत्वत् થશે. પરંતુ જ્યાં ज् નો ग् થયો છે. ત્યાં "च-जः क-गम्" ૨.૧.૮૬થી થશે. પ્ર.દ્વિ.બ.વ.માં न् નો આગમ થયા પછી न् નો ञ् "म्नां धुड्वर्गे... ૧.૩.૩૯થી થશે. જ્યારે "दन्तपादनासिका"... ૨.૧.૧૦૧થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે असृज् નો असन् આદેશ થશે. ત્યારે તેના રૂપો અને સાધનિકા नामन्वत् થશે.

**यूष - પુંલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | यूषः | यूषौ | यूषाः |
| દ્વિતીયા | यूषम् | युषौ | यूषान्, यूष्णः |
| તૃતીયા | यूषेण, यूष्णा | यूषाभ्याम्,यूषभ्याम् | यूषैः, यूषभिः |
| ચતુર્થી | यूषाय, यूष्णे | यूषाभ्याम्,यूषभ्याम् | यूषेभ्यः, यूषभ्यः |
| પંચમી | यूषात्, यूष्णः | यूषाभ्याम्,यूषभ्याम् | यूषेभ्यः, यूषभ्यः |
| ષષ્ઠી | यूषस्य, यूष्णः | यूषयोः, यूष्णोः | यूषाणाम्, यूषाम् |
| સપ્તમી | यूषे, यूषणि, यूष्णि | यूषयोः, यूष्णोः | यूषेषु, यूषषु |
| સંબોધન | हे यूष ! | हे यूषौ ! | हे यूषाः ! |

यूष અકારાન્ત પુંલિંગ હોવાથી તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો देववत् થશે. પરંતુ જ્યારે "दन्तपादनासिका"... ૨.૧.૧૦૧ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે यूष નો यूषन् આદેશ થશે ત્યારે રૂપો અને સાધનિકા राजन्वत् થશે.

यूषअકારાન્તનપું.માંપણવપરાયછે.જ્યારેનપું.માંહોયત્યારેતેનારૂપોસાધનિકા અનેસામાસિકશબ્દોवनवत्થશે.તેમાંપણદ્વિ.બ.વ.માં"दन्तपाद"... ૨.૧.૧૦૧થી यूष નો यूषन् આદેશ થવાથી यूषानि રૂપ થશે. તૃ.એ.વ.થી તો પુંલિંગવત્ થશે.

**उदक - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | उदकम् | उदके | उदकानि |
| દ્વિતીયા | उदकन् | उदके | उदकानि, उदानि |
| તૃતીયા | उदकेन, उद्ना | उदकाभ्याम्, उदभ्याम् | उदकैः, उदभिः |
| ચતુર્થી | उदकाय, उद्ने | उदकाभ्याम्, उदभ्याम् | उदकेभ्यः, उदभ्यः |
| પંચમી | उदकात्, उद्नः | उदकाभ्याम्, उदभ्याम् | उदकेभ्यः, उदभ्यः |
| ષષ્ઠી | उदकस्य, उद्नः | उदकयो, उद्नोः | उदकानाम्, उद्नाम् |
| સપ્તમી | उदके, उदनि, उद्नि | उदकयोः, उद्नोः | उदकेषु, उदसु |
| સંબોધન | हे उदक ! | हे उदके ! | हे उदकानि ! |

उदक અકારાન્ત નપું. હોવાથીં તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો वनवत् થશે. પરંતુ જ્યારે "दन्तपादनासिका"... ૨.૧.૧૦૧ થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે उदक નો उदन् આદેશ થશે ત્યારે તેના રૂપો અને સાધનિકા नामन्वत् થશે.

**दोस् - પુંલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | दोः | दोषौ | दोषः |
| દ્વિતીયા | दोषम् | दोषौ | दोषः, दोष्णः |
| તૃતીયા | दोषा, दोष्णा | दोर्भ्याम्, दोषभ्याम् | दोर्भि, दोषभिः |
| ચતુર્થી | दोषे, दोष्णे | दोर्भ्याम्, दोषभ्याम् | दोर्भ्यः, दोषभ्यः |
| પંચમી | दोषः, दोष्णः | दोर्भ्याम्, दोषभ्याम् | दोर्भ्यः, दोषभ्यः |
| ષષ્ઠી | दोषः, दोष्णः | दोषोः, दोष्णोः | दोषाम्, दोष्णाम् |
| સપ્તમી | दोषि, दोषणि, दोष्णि | दोषोः, दोष्णोः | दोःषु, दोष्षु, दोषषु |

दोस् વ્યંજનાંત પુંલિંગમાં હોય ત્યારે તેના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો चन्द्रमस्वत् થશે. પરંતુ જ્યારે "दन्तपादनासिका..." ૨.૧.૧૦૧થી शसादि સ્યાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે दोस् નો दोषन् આદેશ થશે ત્યારે રૂપો અને સાધનિકા राजन्वत् થશે.

दोस् જ્યારે નપું.માં હોય ત્યારે તેના રૂપો અને સાધનિકા पयस्वत् થશે. અને "दन्तपादनासिका..." ૨.૧.૧૦૧ થી दोस् નો दोषन् આદેશ થવાથી દ્વિ. બ.વ. માં दोषानि રૂપ થશે. તૃ.એ.વ.થી તો પુંલિંગવત્ થશે.

**यकृत् - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | यकृत्, द् | यकृती | यकृन्ति |
| દ્વિતીયા | यकृत्, द् | यकृती | यकृन्ति यकानि |
| તૃતીયા | यकृता, यक्ना | यकृद्भ्याम्,यकभ्याम् | यकृद्भिः, यकभिः |
| ચતુર્થી | यकृते, यक्ने | यकृद्भ्याम्,यकभ्याम् | यकृद्भ्यः, यकभ्यः |
| પંચમી | यकृतः यक्नः | यकृद्भ्याम्,यकभ्याम् | यकृद्भ्यः, यकभ्यः |
| ષષ્ઠી | यकृतः यक्नः | यकृतोः, यक्नोः | यकृताम्, यक्नाम् |
| સપ્તમી | यकृति,यकनि,यक्नि | यकृतोः, यक्नोः | यकृत्सु, यकसु । |

(૨) युवामतिक्रान्तः
युवामतिक्रान्ता
युवामतिक्रान्तम्
} अतियुष्मद् - मन्तस्य... ૨.૧.૧૦થી દ્વિ.વમાં વિગ્રહ હોવાથી युष्म् સુધીના અવયવનો युव આદેશ થવાથી अतियुवद् બનીને ત્રણે વચનમાં રૂપો થશે.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अतित्वम् | अतियुवाम् | अतियूयम् |
| દ્વિતીયા | अतियुवाम् | अतियुवाम् | अतियुवान् |
| તૃતીયા | अतियुवया | अतियुवाभ्याम् | अतियुवाभिः |
| ચતુર્થી | अतितुभ्यम् | अतियुवाभ्याम् | अतियुवभ्यम् |
| પંચમી | अतियुवद् | अतियुवाभ्याम् | अतियुवद् |
| ષષ્ઠી | अतितव | अतियुवयोः | अतियुवाकम् |
| સપ્તમી | अतियुवयि | अतियुवयोः | अतियुवासु |

**अतियुष्मद्**

(૩) युष्मान् अतिक्रान्तः
युष्मान् अतिक्रान्ता
युष्मान् अतिक्रान्तम्
} अतियुष्मद् નાં ત્રણે વચનમાં રૂપો થશે.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अतित्वम् | अतियुष्माम् | अतियूयम् |
| દ્વિતીયા | अतियुष्माम् | अतियुष्माम् | अतियुष्मान् |
| તૃતીયા | अतियुष्मया | अतियुष्माभ्याम् | अतियुष्माभिः |
| ચતુર્થી | अतितुभ्यम् | अतियुष्माभ्याम् | अतियुष्मभ्यम् |
| પંચમી | अतियुष्मद् | अतियुष्माभ्याम् | अतियुष्मद् |
| ષષ્ઠી | अतितव | अतियुष्मयोः | अतियुष्माकम् |
| સપ્તમી | अतियुष्मयि | अतियुष्मयोः | अतियुष्मासु |

अतित्वद्, अतियुवद् અને अतियुष्मद् ત્રણેનાં રૂપોની સાધનિકા युष्मद्वत् થશે. युष्मद् માં જ્યાં જ્યાં જે સૂત્રો લાગતાં હતાં તે જ સૂત્રો લગાડવા. આદેશ વિગેરે પણ તે જ પ્રમાણે થશે. સાધનિકા અતિસુગમ છે.

(૧) प्रियः, प्रिया, प्रियम् वा त्वं यस्य सः<br>
प्रियः, प्रिया, प्रियम् वा त्वं यस्याः सा<br>
प्रियः, प्रिया, प्रियम् वा त्वं यस्य तद्<br>
} प्रियत्वद् રૂપો વિ. अतित्वद्वत्

(૨) प्रियौ, प्रिये, प्रिये वा युवां यस्य सः<br>
प्रियौ, प्रिये, प्रिये वा युवां यस्याः सा<br>
प्रियौ, प्रिये, प्रिये वा युवां यस्य तद्<br>
} प्रिययुवद् રૂપો વિ. अतियुवद्वत्

(૩) प्रियाः, प्रियाः, प्रियाणि यूयं यस्य सः<br>
प्रियाः, प्रियाः, प्रियाणि यूयं यस्याः सा<br>
प्रियाः, प्रियाः, प्रियाणि यूयं यस्य तद्<br>
} प्रिययुष्मद् રૂપો વિ. अतियुष्मद्वत्

**अक् સહિત युष्मद् નાં રૂપો. (युष्मकद्)**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | त्वकम् | युवकाम् | यूयकम् |
| દ્વિતીયા | त्वकाम् | युवकाम् | युष्मकान् |
| તૃતીયા | त्वयका | युवकाभ्याग् | युष्मकाभिः |
| ચતુર્થી | तुभ्यकम् | युवकाभ्याम् | युष्मकभ्यम् |
| પંચમી | त्वकद् | युवकाभ्याम् | युष्मकद् |
| ષષ્ઠી | तवक | युवकयोः | युष्माककम् |
| સપ્તમી | त्वयकि | युवकयोः | युष्मकासु |

भकारादि = भ्याम्, भिस् અને भ्यस्, सकारादि = सु અને ओस् આ નવ પ્રત્યયો પર છતાં युष्मद् ના રૂપ કરીએ તે પહેલાં त्यादि - सर्वादेः... ૭.૩.૨૯થી अक् લાગે છે. એટલે કે પહેલાં युष्मकद् થયા પછી પ્રત્યયો લગાડવા. આમ કરવાથી युवकाभ्याम् વિગેરે રૂપોની સિદ્ધિ થશે. જો અહીં પણ રૂપ થયા પછી अक् લગાડવામાં આવે તો युवाभ्यकाम् વિગેરે અનિષ્ટ રૂપો થાય. તેવું ન થાય માટે આ ૯ પ્રત્યયો પર છતાં રૂપ કરતાં પહેલાં अक् લગાડવો.

બાકીના રૂપો તૈયાર થયા પછી युष्मदस्मदोः... ૭.૩.૩૦થી अक् લગાડવો. આ રીતે કરવાથી युवकाम् વિગેરે રૂપો સિદ્ધ થશે. જો અહીં રૂપ તૈયાર થયા પહેલાં अक् લગાડીને युष्मकद् બનાવી દઈએ અને પછી પ્રત્યય લગાડીએ તો त्वकया વિગેરે અનિષ્ટ રૂપો સિદ્ધ થાત. એવું ન થાય માટે त्वया રૂપ થયા પછી અંત્ય સ્વર आ ની પૂર્વે अक् લગાડવાથી त्वयका રૂપ ની સિદ્ધિ થઈ.

**त्वद् - નામધાતુ પરથી બનાવેલો શબ્દ.**

त्वाम् आचष्टे इति = त्वदि

णिज्बहुलं नाम्नः .... ૩.૪.૪૨થી युष्मद् + णिच्

त्वमौ प्रत्ययोत्तरपदे.... ૨.૧.૧૧થી त्वअद् + णिच्

लुगस्या...... ૨.૧.૧૧૩થી त्वद् + णिच् = त्वदि

અહીં युष्मद् + णिच् થયું ત્યારે त्रन्त्यस्वराऽऽदेः ૭.૪.૪૩થી અંત્ય સ્વરાદિ (अद्) નો લોપ થવાનો હતો પણ त्वमौ.... ૨.૧.૧૧થી કોઈપણ પ્રત્યય પરમાં આવે તો પણ युष्मद् ના युष्म् સુધીનાં અવયવનો त्व આદેશ થાય છે. તેથી અહીં णिच् પર છતાં પણ त्व આદેશ થવાથી એકસ્વરી શબ્દ બન્યો. તેથી नैकस्वरस्य ૭.૪.૪૪થી અંત્ય સ્વરાદિનો લોપ ન થયો તેથી त्वदि બન્યું.

त्वदयति इति क्विप् - त्वद्, णेरनिटि ૪.૩.૮૩થી णिच् નો લોપ થયો છે.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | त्वम् | त्वाम् | यूयम् |
| દ્વિતીયા | त्वाम् | त्वाम् | त्वान् |
| તૃતીયા | त्वया | त्वाभ्याम् | त्वाभिः |
| ચતુર્થી | तुभ्यम् | त्वाभ्याम् | त्वभ्यम् \| સાધનિકા युष्मद्वत् થશે. |
| પંચમી | त्वद् | त्वाभ्याम् | त्वद् |
| ષષ્ઠી | तव | त्वयोः | त्वाकम् |
| સપ્તમી | त्वयि | त्वयोः | त्वासु |

**युष्म् - નામધાતુ પરથી બનેલ શબ્દ.**

युवां आचष्टे इति । } युष्मि
युष्मान् आचष्टे इति । }

णिज्बहुलं नाम्नः .... ૩.૪.૪૨થી युष्मद् + णिच्

त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩થી युष्म् + णिच् = युष्मि.

युष्मयति इति क्विप् = युष्म् - णेरनिटि ૪.૩.૮૩થી णिच् નો લોપ થયો છે.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | त्वम् | युषाम् | यूयम् |
| દ્વિતીયા | युषाम् | युषाम् | युषान् |
| તૃતીયા | युष्या | युषाभ्याम् | युषाभिः |
| ચતુર્થી | तुभ्यम् | युषाभ्याम् | युष्मभ्यम्, युषभ्यम् |
| પંચમી | युष्मद्, युषद् | युषाभ्याम् | युष्मद्, युषद् |
| ષષ્ઠી | तव | युष्योः | युष्माकम्, युषाकम् |
| સપ્તમી | युष्यि | युष्योः | युषासु |

સાધનિકા युष्मद्वत् થશે. પરંતુ પંચમી એ.વ., ચતુર્થી-પંચમી અને ષષ્ઠી બ.વ.માં मोर्वा ૨.૧.૯થી युष्मद् નાં म् નો લોપ વિકલ્પે થાય છે. તેથી ડબલ રૂપો થયા છે.

**अस्मद्**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अहम् | आवाम् | वयम् |
| દ્વિતીયા | माम्, मा | आवाम्, नौ | अस्मान्, नः |
| તૃતીયા | मया | आवाभ्याम् | अस्माभिः |
| ચતુર્થી | मह्यम्, मे | आवाभ्याम्, नौ | अस्मभ्यम्, नः |
| પંચમી | मद् | आवाभ्याम् | अस्मद् |
| ષષ્ઠી | मम, मे | आवयोः, नौ | अस्माकम्, नः |
| સપ્તમી | मयि | आवयोः | अस्मासु |

સાધનિકા युष्मद्वत् થશે. જે સૂત્રો युष्मद् નાં રૂપોની સાધનિકામાં લાગ્યાં તેજ સૂત્રો अस्मद् નાં રૂપોની સાધનિકામાં લાગશે. પરંતુ અહીં अस्मद् ના જે આદેશો થાય છે તે કરવા.

એ.વ.માં જ રૂપો થશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | परमश्चासौ अहंच<br>परमाचासौ अहंच<br>परमम्च तद् अहंच | परममद् | परमाहम्<br>परममाम्<br>परममया<br>परममह्यम्<br>परममद्<br>परममम<br>परममयि |

સાધનિકા परमत्वद्वत् થશે.

દ્વિ.વ.માં જ રૂપો થશે.

| | | | |
|---|---|---|---|
| (૨) | परमौ च तौ आवां च<br>परमे च ते आवां च<br>परमे च ते आवां च | परमावंद् | परमावाम्<br>परमावाम्<br>परमावाभ्याम्<br>परमावाभ्याम्<br>परमावाभ्याम्<br>परमावयोः<br>परमावयोः |

સાધનિકા परमयुवद्वत् થશે.

બ.વ.માં રૂપો થશે.

| | | | |
|---|---|---|---|
| (૩) | परमाश्च ते वयम् च<br>परमाश्च ताः वयम् च<br>परमाणिच तानि वयम् च | परमास्मद् | परमावयम्<br>परमास्मान्<br>परमास्माभिः<br>परमास्मभ्यम्<br>परमास्मद्<br>परमास्माकम्<br>परमास्मांसु |

સાધનિકા परमयुष्मद्वत् થશે.

(१) माम् अतिक्रान्तः, अतिक्रान्ता, अतिक्रान्तम् वा = **अतिमद्**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अत्यहम् | अतिमाम् | अतिवयम् |
| દ્વિતીયા | अतिमाम् | अतिमाम् | अतिमान् |
| તૃતીયા | अतिमया | अतिमाभ्याम् | अतिमाभिः |
| ચતુર્થી | अतिमह्यम् | अतिमाभ्याम् | अतिमभ्यम् |
| પંચમી | अतिमद् | अतिमाभ्याम् | अतिमद् |
| ષષ્ઠી | अतिमम | अतिमयोः | अतिमाकम् |
| સપ્તમી | अतिमयि | अतिमयोः | अतिमासु |

સાધનિકા अतित्वद्वत् થશે.

(२) आवाम् अतिक्रान्तः,अतिक्रान्ता, अतिक्रान्तम् वा = **अत्यावद्**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अत्यहम् | अत्यावाम् | अतिवयम् |
| દ્વિતીયા | अत्यावाम् | अत्यावाम् | अत्यावान् |
| તૃતીયા | अत्यावया | अत्यावाभ्याम् | अत्यावाभिः |
| ચતુર્થી | अतिमह्यम् | अत्यावाभ्याम् | अत्यावभ्यम् |
| પંચમી | अत्यावद् | अत्यावाभ्याम् | अत्यावद् |
| ષષ્ઠી | अतिमम | अत्यावयोः | अत्यावाकम् |
| સપ્તમી | अत्यावयि | अत्यावयोः | अत्यावासु |

સાધનિકા अतियुवद्वत् થશે.

(૩) अस्मान् अतिक्रान्तः, अतिक्रान्ता, अतिक्रान्तम् वा = **अत्यस्मद्**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अत्यहम् | अत्यस्माम् | अतिवयम् |
| દ્વિતીયા | अत्यस्माम् | अत्यस्माम् | अत्यस्मान् |
| તૃતીયા | अत्यस्मया | अत्यस्माभ्याम् | अत्यस्माभिः |
| ચતુર્થી | अतिमह्यम् | अत्यस्माभ्याम् | अत्यस्मभ्यम् |
| પંચમી | अत्यस्मद् | अत्यस्माभ्याम् | अत्यस्मद् |
| ષષ્ઠી | अतिमम | अत्यस्मयोः | अत्यस्माकम् |
| સપ્તમી | अत्यस्मयि | अत्यस्मयोः | अत्यस्मासु |

સાધનિકા अतियुष्मद्वत् થશે.

(૧) प्रियः, प्रिया, प्रियम् वा अहं यस्यसः
प्रियः, प्रिया, प्रियम् वा अहं यस्याः सा
प्रियः, प्रिया, प्रियम् वा अहं यस्य तद्
} **प्रियमद्** રૂપો વિ. अतिमद्वत्

(૨) प्रियौ, प्रिये, प्रिये वा आवां यस्य सः
प्रियौ, प्रिये, प्रिये वा आवां यस्याः सा
प्रियौ, प्रिये, प्रिये वा आवां यस्य तद्
} **प्रियावद्** રૂપો વિ. अत्यावद्वत्

(૩) प्रियाः, प्रियाः प्रियाणि वा वयम् यस्य सः
प्रियाः, प्रियाः प्रियाणि वा वयम् यस्याः सा
प्रियाः, प्रियाः प्रियाणि वा वयम् यस्य तद्
} **प्रियास्मद्** રૂપો વિ. अत्यस्मद्वत्

**अक् સહિત अस्मद् નાં રૂપો. (अस्मकद्)**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अहकम् | आवकाम् | वयकम् |
| દ્વિતીયા | मकाम् | आवकाम् | अस्मकान् |
| તૃતીયા | मयका | आवकाभ्याम् | अस्मकाभिः |
| ચતુર્થી | मह्यकम् | आवकाभ्याम् | अस्मकभ्यम् |
| પંચમી | मकद् | आवकाभ्याम् | अस्मकद् |
| ષષ્ઠી | ममक | आवकयोः | अस्माककम् |
| સપ્તમી | मयकि | आवकयोः | अस्मकासु |

સાધનિકા વિગેરે युष्मकद्वत् થશે.

**मद् - નામધાતુ પરથી બનેલ શબ્દ.**

माम् आचष्टे इति - मदि, मदयति इति क्विप् = मद्
વિશેષતા त्वद्वत् જાણવી.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अहम् | माम् | वयम् |
| દ્વિતીયા | माम् | माम् | मान् |
| તૃતીયા | मया | माभ्याम् | माभिः |
| ચતુર્થી | मह्यम् | माभ्याम् | मभ्यम् |
| પંચમી | मद् | माभ्याम् | मद् |
| ષષ્ઠી | मम | मयोः | माकम् |
| સપ્તમી | मयि | मयोः | मासु |

સાધનિકા युष्मद्वत् થશે.

**अस्म् - નામધાતુ પરથી બનેલ શબ્દ.**

आवाम्, वयम् वा आचष्टे = अस्मि

अस्मयति इति क्विप् = अस्म्

**વિશેષતા युष्म्वत् થશે.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | अहम् | असाम् | वयम् |
| દ્વિતીયા | असाम् | असाम् | असान् |
| તૃતીયા | अस्या | असाभ्याम् | असाभिः |
| ચતુર્થી | मह्यम् | असाभ्याम् | अस्मभ्यम्, असभ्यम् |
| પંચમી | अस्मद्, असद् | असाभ्याम् | अस्मद्, असद् |
| ષષ્ઠી | मम | अस्योः | अस्माकम्, असाकम् |
| સપ્તમી | अस्यि | अस्योः | असासु |

## સંખ્યાવાચક શબ્દોના રૂપો

**एक**

| | एक-પુંલિંગ | | एका-સ્ત્રીલિંગ | |
|---|---|---|---|---|
| | એ.વ. | બ.વ. | એ.વ. | બ.વ. |
| પ્રથમા | एकः | एके | एका | एकाः |
| દ્વિતીયા | एकम् | एकान् | एकाम् | एकाः |
| તૃતીયા | एकेन | एकैः | एकया | एकाभिः |
| ચતુર્થી | एकस्मै | एकेभ्यः | एकस्यै | एकाभ्यः |
| પંચમી | एकस्मात् | एकेभ्यः | एकस्याः | एकाभ्यः |
| ષષ્ઠી | एकस्य | एकेषाम् | एकस्याः | एकासाम् |
| સપ્તમી | एकस्मिन् | एकेषु | एकस्याम् | एकासु |

**एक - નપુંસકલિંગ.**

| | એ.વ. | બ.વ. |
|---|---|---|
| પ્રથમા-દ્વિતીયા | एकम् | एकानि |

તૃ.એ.વ.થી રૂપો પુંલિંગ एकवत् જાણવા.

સાધનિકા ત્રણે લિંગે सर्ववत् થશે.

## अक् પ્રત્યય લાગતાં થતાં રૂપો.

| | एकक- પુંલિંગ | | एकिका- સ્ત્રીલિંગ | |
|---|---|---|---|---|
| | એ.વ. | બ.વ. | એ.વ. | બ.વ. |
| પ્રથમા | एककः | एकके | एकिका | एकिकाः |
| દ્વિતીયા | एककम् | एककान् | एकिकाम् | एकिकाः |
| તૃતીયા | एककेन | एककैः | एकिकया | एकिकाभिः |
| ચતુર્થી | एककस्मै | एककेभ्यः | एकिकस्यै | एकिकाभ्यः |
| પંચમી | एककस्मात् | एककेभ्यः | एकिकस्याः | एकिकाभ्यः |
| ષષ્ઠી | एककस्य | एककेषाम् | एकिकस्याः | एकिकासाम् |
| સપ્તમી | एककस्मिन् | एककेषु | एकिकस्याम् | एकिकासु |

**एकक - નપુંસકલિંગ.**

| | એ.વ. | બ.વ. |
|---|---|---|
| પ્રથમા-દ્વિતીયા | एककम् | एककानि |

તૃ.એ.વ.થી પુંલિંગ एकक वत् રૂપો જાણવા.

સાધનિકા ત્રણે લિંગે सर्वकवत् થશે.

(૧) परमश्चासौ एकश्च = परमैकः - પુંલિંગ - एकवत्

(૨) परमाचासौ एका च = परमैका - સ્ત્રીલિંગ - एकावत्

(૩) परमम् च तद् एकम्च = परमैकम् - નપું.- एकवत्

(૧) एकम्,एकाम्,एकम् वा अतिक्रान्तः -अत्येकः - પુંલિંગ - देववत्

(૨) एकम्,एकाम्,एकम् वा अतिक्रान्ता -अत्येका - સ્ત્રીલિંગ - मालावत्

(૩) एकम्,एकाम्,एकम् वा अतिक्रान्तम् -अत्येकम् - નપું. - वनवत्

(૧) प्रियः एकः / प्रिया एका / प्रियम् एकम् } वा यस्य सः - प्रियैकः - પુંલિંગ - देववत्

(૨) प्रियः एकः / प्रिया एका / प्रियम् एकम् } वा यस्याः सा - प्रियैका - સ્ત્રીલિંગ - मालावत्

(૩) प्रियः एकः / प्रिया एका / प्रियम् एकम् } वा यस्य तद् - प्रियैकम् - નપું. वनवत्

एक શબ્દના રૂપો એ.વ.માં જ વપરાય છે. પરંતુ જ્યારે एक નો અર્થ "કેટલાક" અનિશ્ચિતતા કરવો હોય ત્યારે બ.વ.માં પણ વપરાય છે. एक શબ્દ બ.વ.માં વપરાય છે. તેની સાબિતી માટે હેમચંદ્રાચાર્ય મહારાજે પોતે જ "पुनरेकेषाम्" ૪.૧.૧૦માં બ.વ.માં પ્રયોગ કરેલો છે. તેથી અહીં પણ એ.વ અને બ.વ.માં બંને રૂપો કર્યા છે.

**द्वि**

| | **द्वि-પુંલિંગ** | | **द्वि.-સ્ત્રીલિંગ** | |
|---|---|---|---|---|
| | દ્વિ.વ. | अक् સહિત-દ્વિ.વ. | દ્વિ.વ. | अक् સહિત-દ્વિ.વ. |
| પ્રથમા | द्वौ | द्वकौ | द्वे | द्विके, द्वके |
| દ્વિતીયા | द्वौ | द्वकौ | द्वे | द्विके, द्वके |
| તૃતીયા | द्वाभ्याम् | द्वकाभ्याम् | द्वाभ्याम् | द्विकाभ्याम्, द्वकाभ्याम् |
| ચતુર્થી | द्वाभ्याम् | द्वकाभ्याम् | द्वाभ्याम् | द्विकाभ्याम्, द्वकाभ्याम् |
| પંચમી | द्वाभ्याम् | द्वकाभ्याम् | द्वाभ्याम् | द्विकाभ्याम्, द्वकाभ्याम् |
| ષષ્ઠી | द्वयोः | द्वकयोः | द्वयोः | द्विकयोः, द्वकयोः |
| સપ્તમી | द्वयोः | द्वकयोः | द्वयोः | द्विकयोः, द्वकयोः |

**द्वि - નપુંસકલિંગ.**

| | દ્વિ.વ. | अक् સહિત-દ્વિ.વ. |
|---|---|---|
| પ્રથમા-દ્વિતીયા | द्वे | द्वके |

તૃ.દ્વિ.વ થી પુંલિંગ द्वि અને द्वकवत् થશે.

સાધનિકા ત્રણે લિંગે सर्ववत् અને सर्वकवत् થશે. द्वि શબ્દના રૂપો દ્વિ.વ.માં જ વપરાય છે. अक् સહિત સ્ત્રીલિંગમાં "द्व्येष-सूत-पुत्र... ૨.૪.૧૦૯થી अ નો इ વિકલ્પે થાય છે. તેથી द्विका અને द्वका બે અંગ બન્યા છે.

(૧) परमौ चामू द्वौच = परमद्वि - પુંલિંગ द्विवत्
(૨) परमे चामू द्वेच = परमद्वि - સ્ત્રીલિંગ द्विवत्
(૩) परमे चामू द्वेच = परमद्वि - નપું. द्विवत्
(૧) द्वौ, द्वे, द्वे वा अतिक्रान्तः - अतिद्विः - પુંલિંગ मुनिवत्
(૨) द्वौ, द्वे, द्वे वा अतिक्रान्ता - अतिद्विः - સ્ત્રીલિંગ मतिवत्
(૩) द्वौ, द्वे, द्वे वा अतिक्रान्तम् - अतिद्वि - નપું. वारिवत् (૧.૪.૬૨થી पुंवत् વિકલ્પે થશે.)

(૧) प्रियौ द्वौ
प्रिये द्वे } वा यस्य सः - प्रियद्विः - પુંલિંગ मुनिवत्
प्रिये द्वे

(૨) प्रियौ द्वौ
प्रिये द्वे
प्रिये द्वे
} वा यस्याः सा - प्रियद्विः - સ્ત્રીલિંગ मतिवत्

(૩) प्रियौ द्वौ
प्रिये द्वे
प्रिये द्वे
} वा यस्य तद् - प्रियद्वि - નપું. वारिवत् (૧.૪.૬૨થી पुंवत् વિકલ્પે થશે.)

त्रि શબ્દથી नवदशन् સુધીનાં રૂપો બ.વ.માં જ થશે.

**त्रि-પુંલિંગ.**

| | | |
|---|---|---|
| પ્રથમા | त्रयः | त्रयाणाम् ૫.બ.વ. त्रि+आम् - त्रेस्त्रयः ૧.૪.૩૪થી |
| દ્વિતીયા | त्रीन् | त्रय + आम् - ह्रस्वाऽऽपश्च ૧.૪.૩૨થી |
| તૃતીયા | त्रिभिः | त्रय + नाम् - दीर्घोनाम्य.. ૧.૪.૪૭થી |
| ચતુર્થી | त्रिभ्यः | त्रयानाम् - र-षृ-वर्णान्नोण.. ૨.૩.૬૩થી |
| પંચમી | त्रिभ्यः | त्रयाणाम् |
| ષષ્ઠી | त्रयाणाम् | |
| સપ્તમી | त्रिषु | |

બાકીના રૂપોની સાધનિકા मुनि શબ્દના બ.વ. પ્રમાણે થશે. त्रि શબ્દનો સ્ત્રીલિંગમાં त्रि-चतुरस्तिसृ..૨.૧.૧થી तिसृ આદેશ થાય છે.

**त्रि-સ્ત્રીલિંગ.**

| | |
|---|---|
| પ્રથમા-દ્વિતીયા | तिस्रः |
| તૃતીયા | तिसृभिः |
| ચતુર્થી-પંચમી | तिसृभ्यः |
| ષષ્ઠી | तिसृणाम् |
| સપ્તમી | तिसृषु |

(૧) **तिस्रः** પ્ર.દ્વિ.બ.વ. तिसृ+जस्-शस् - ऋतोरः..૨.૧.૨થી
तिस्रस् - सोरुः ૨.૧.૭૨થી
तिस्रर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
तिस्रः

(૨) तिसृणाम् ष.બ.વ. तिसृ + आम् - ह्रस्वाऽऽपश्च ૧.૪.૩૨થી

तिसृनाम् - र-षृवर्णान्नो... ૨.૩.૬૩થી

तिसृणाम्

(૩) तिसृषु સ.બ.વ. तिसृ + सु - नाम्यन्तस्था...૨.૩.૧૫થી

तिसृषु

બાકીના રૂપોની સાધનિકા સુગમ છે.

त्रि - નપુંસકલિંગ.

પ્રથમા-દ્વિતીયા - त्रीणि

તૃ.બ.વ.થી પુંલિંગ त्रिवत् રૂપો થશે.

(૧) त्रीणि પ્ર.બં.વ. } त्रि + जस्-शस् - नपुंसकस्य शिः ૧.૪.૫૫થી

દ્વિ.બ.વ. } त्रि + शि (इ) स्वराच्छौ ૧.૪.૬૫થી

त्रिन् + इ - नि दीर्घः ૧.૪.૮૫થી

त्रीनि - र-षृवर्णान्नो... ૨.૩.૬૩થી

त्रीणि

૧. परमाश्च ते त्रयश्च = परमत्रि - પુંલિંગ - त्रिवत्

૨. परमाश्च ताः तिस्रश्च = परमतिसृ - સ્ત્રીલિંગ - तिसृवत्

૩. परमाणि च तानि त्रीणिच = परमत्रि - નપું.- त्रिवत्

૧. त्रीन् अतिक्रान्तः - अतित्रिः - પુંલિંગ - मुनिवत्

૨. त्रीन् अतिक्रान्ता - अतित्रिः - સ્ત્રીલિંગ - मतिवत्

૩. त्रीन् अतिक्रान्तम् - अतित्रि - નપું. - वारिवत् (वान्यतः... ૧.૪.૬૨ લગાડવું.)

આ રૂપોમાં आम् પ્રત્યય પરછતાં त्रेस्त्रयः ૧.૪.૩૪ સૂત્રથી त्रि નો त्रय આદેશ નહીં થાય. કેમકે आम् સંબંધી त्रि શબ્દ નથી. પરંતુ आम् સંબંધી अतित्रि શબ્દ છે. તેથી अतित्रयाणाम् રૂપ ન થતાં अतित्रीणाम् રૂપ થશે.

૧. तिस्रः अतिक्रान्तः -अतितिसृ - પુંલિંગ

૨. तिस्रः अतिक्रान्ता -अतितिसृ - સ્ત્રીલિંગ

૩. तिस्रः अतिक्रान्तम् -अतितिसृ - નપું.

**પુંલિંગ - સ્ત્રીલિંગ**

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | अतितिसा | अतितिस्रौ | अतितिस्रः |
| દ્વિતીયા | अतितिस्रम् | अतितिस्रौ | अतितिस्रः |
| તૃતીયા | अतितिस्रा | अतितिसृभ्याम् | अतितिसृभिः |
| ચતુર્થી | अतितिस्रे | अतितिसृभ्याम् | अतितिसृभ्यः |
| પંચમી | अतितिस्रः | अतितिसृभ्याम् | अतितिसृभ्यः |
| ષષ્ઠી | अतितिस्रः | अतितिस्रोः | अतितिसृणाम् |
| સપ્તમી | अतितिस्रि | अतितिस्रोः | अतितिसृषु |
| સંબોધન | हे अतितिसः ! | हे अतितिस्रौ ! | हे अतितिस्रः ! |

આ રૂપોની સાધનિકા पितृवत् થશે. પરંતુ જ્યાં સ્વરાદિ પ્રત્યય હોય ત્યાં ऋतो रः स्वरेऽनि ૨.૧.૨ થી ऋ નો र् થશે.

**નપુંસકલિંગ**

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | अतितिसृ,अतितिृ | अतितिसृणी | अतितिसृणि |
| દ્વિતીયા | अतितिसृ,अतितिृ | अतितिसृणी | अतितिसृणि |
| તૃતીયા | अतितिस्रा,अतितिसृणा | अतितिसृभ्याम् | अतितिसृभिः |
| ચતુર્થી | अतितिस्रे,अतितिसृणे | अतितिसृभ्याम् | अतितिसृभ्यः |
| પંચમી | अतितिस्रः,अतितिसृणः | अतितिसृभ्याम् | अतितिसृभ्यः |
| ષષ્ઠી | अतितिस्रः,अतितिसृणः | अतितिस्रोः,अतितिसृणोः | अतितिसृणाम् |
| સપ્તમી | अतितिस्रि,अतितिसृणि | अतितिस्रोः,अतितिसृणोः | अतितिसृषु |
| સંબોધન | हे अतितिसः,अतितिृ ! हे अतितिसृ ! | हे अतितिसृणी ! | हे अतितिसृणि ! |

આ નપુંસકલિંગ अतितिसृ નાં રૂપોની સાધનિકા कर्तृवत् થશે. પરંતુ પ્ર.દ્વિ.સં.એ.વ.માં नामिनो लुग् वा ૧.૪.૬૧થી सि અને अम् નો વિકલ્પે લુક્ થવાથી अतितिसृ રૂપ થશે. અને વિકલ્પ પક્ષમાં अनतो लुप् ૧.૪.૫૯થી सि અને अम् નો લુપ્ થવાથી अतितिृ રૂપ થશે.

અહીં લુક્નો સ્થાનિવદ્ભાવ થવાથી सि પ્રત્યયનો લોપ થવા છતાં તે सि પ્રત્યય છે. એમ માનીને त्रि-चतुरस्तिसृ...૨.૧.૧થી सि પ્રત્યય પર છતાં तिसृ આદેશ થયો છે. જ્યારે લુપ્ નો સ્થાનિવદ્ભાવ થતો નથી. તેથી तिसृ આદેશ ન થતાં त्रि જ રહ્યું. તેથી अतितिसृ અને अतितिृ એમ બે રૂપ થયાં. અને તૃ.એ.વ.થી वान्यतः...

૧.૪.૬૨થી પુંવત્ પણ થશે. તેથી પિતૃવત્ પણ થાય. તેથી સં.એ.વ.માં પિતઃ પ્રમાણે अतितिसः પણ રૂપ થશે.

૧. त्रीणि अतिक्रान्तः -अतित्रिः - પુંલિંગ - मुनिवत्
૨. त्रीणि अतिक्रान्ता -अतित्रिः - સ્ત્રીલિંગ - मतिवत्
૩. त्रीणि अतिक्रान्तम् -अतित्रि - નપું. वारिवत्
૧. प्रियाः त्रयः यस्य सः - प्रियत्रिः - પુંલિંગ - अतित्रिवत्
૨. प्रियाः त्रयः यस्याः सा - प्रियत्रिः- સ્ત્રીલિંગ - अतित्रिवत्
૩. प्रियाः त्रयः यस्य तद् - प्रियत्रि - નપું. - अतित्रिवत्
૧. प्रियाः तिस्रः यस्य सः - प्रियत्रिसृ - પુંલિંગ - अतितिसृवत्
૨. प्रियाः तिस्रः यस्याः सा - प्रियत्रिसृ- સ્ત્રીલિંગ - अतितिसृवत्
૩. प्रियाः तिस्रः यस्य तद् - प्रियत्रिसृ - નપું. अतितिसृवत्
૧. प्रियाणि त्रीणि यस्य सः - प्रियत्रिः - પુંલિંગ - अतित्रिवत्
૨. प्रियाणि त्रीणि यस्याः सा - प्रियत्रिः- સ્ત્રીલિંગ - अतित्रिवत्
૩. प्रियाणि त्रीणि यस्य तद् - प्रियत्रि - નપું. अतित्रिवत्

चतुर् - પુંલિંગ

| | |
|---|---|
| પ્રથમા | चत्वारः |
| દ્વિતીયા | चतुरः |
| તૃતીયા | चतुर्भिः |
| ચતુર્થી | चतुर्भ्यः |
| પંચમી | चतुर्भ्यः |
| ષષ્ઠી | चतुर्णाम्, चतुर्ण्णाम् |
| સપ્તમી | चतुर्षु |

(૧) चत्वारः પ્ર.બ.વ. चतुर् + अस् - वाः शेषे ૧.૪.૮૨થી
चत्वार् + अस् - सोरुः ૨.૧.૭૨થી
चत्वारर् - रः पदान्ते.. ૧.૩.૫૩થી
चत्वारः

(૨) चतुरः દ્વિ.બ.વ. चतुर् + शस् - सोरुः ૨.૧.૭૨થી
चतुरर् - रः पदान्ते..૧.૩.૫૩થી
चतुरः

એજ પ્રમાણે चतुर्भिः, चतुर्भ्यः, चतुर्भ्यः રૂપ સિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| (૩) | चतुर्णाम्<br>चतुर्ण्णाम् | ષ.બ.વ. | चतुर् + आम् - सख्यानां ष्र्णाम् ૧.૪.૩૩થી<br>चतुर् + नाम् - र - षृवर्णान्नो... ૨.૩.૬૩થી<br>चतुर्णाम् - र्हादर्ह... ૧.૩.૩૧થી<br>चतुर्ण्णाम्, चतुर्णाम् |
| (૪) | चतुर्षु | સ.બ.વ. | चतुर् + सु = चतुर्सु - नाम्यन्तस्था...૨.૩.૧૫થી<br>चतुर्षु |

**चतुर् - સ્ત્રીલિંગ.**

| | | |
|---|---|---|
| પ્રથમા | = चतस्रः | સાધનિકા तिसृवत् થશે. |
| દ્વિતીયા | = चतस्रः | |
| તૃતીયા | = चतसृभिः | |
| ચતુર્થી-પંચમી | = चतसृभ्यः | |
| ષષ્ઠી | = चतसृणाम् | |
| સપ્તમી | = चतसृषु | |

**चतुर् - નપુંસકલિંગ.**

| | |
|---|---|
| પ્રથમા = चत्वारि | (૧) चत्वारि = चतुर् + अस् - नपुंसकस्य... ૧.૪.૫૫થી |
| દ્વિતીયા = चत्वारि | चतुर् + इ - शिर्घुट् ૧.૧.૨૮થી |
| તૃતીયા = चतुर्भिः | चतुर् + इ - वाः शेषे ૧.૪.૮૨થી |
| ચતુર્થી = चतुर्भ्यः | चत्वारि |
| પંચમી = चतुर्भ्यः | શેષ સાધનિકા પુંલિંગવત્ જાણવી. |
| ષષ્ઠી = चतुर्णाम् चतुर्ण्णाम् | |
| સપ્તમી = चतुर्षु | |

૧. परमाश्च ते चत्वारश्च = परमचतुर् - પુંલિંગ चतुर्वत्

૨. परमाश्च ताः चतस्रश्च = परमचतुर् સ્ત્રીલિંગ चतसृवत्

૩. परमाणि च तानि चत्वारिच = परमचतुर् નપું. चतुर्वत्

૧. चतुरः अतिक्रान्तः - अतिचतुर् - પુંલિંગ - मरुत्वत्

૨. चतुरः अतिक्रान्ता - अतिचतुर् - સ્ત્રીલિંગ - मरुत्वत्

૩. चतुरः अतिक्रान्तम् - अतिचतुर् - નપું. जगत्वत्

પુંલિંગ - સ્ત્રીલિંગ.

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | अतिचत्वाः | अतिचत्वारौ | अतिचत्वारः |
| દ્વિતીયા | अतिचत्वारम् | अतिचत्वारौ | अतिचतुरः |
| તૃતીયા | अतिचतुरा | अतिचतुर्भ्याम् | अतिचतुर्भिः |
| ચતુર્થી | अतिचतुरे | अतिचतुर्भ्याम् | अतिचतुर्भ्यः |
| પંચમી | अतिचतुरः | अतिचतुर्भ्याम् | अतिचतुर्भ्यः |
| ષષ્ઠી | अतिचतुरः | अतिचतुरोः | अतिचतुर्णाम् |
| સપ્તમી | अतिचतुरि | अतिचतुरोः | अतिचतुर्षु |
| સંબોધન | हे अतिचत्वः ! | हे अतिचत्वारौ ! | हे अतिचत्वारः ! |

પહેલાં પાંચ ઘુટ્ પ્રત્યય પર છતાં वाः शेषे ૧.૪.૮૨થી चतुर् નાં उ નો वा થયો છે. અને સંબોધન એ.વ.માં उतोनडुच्चतुरो वः ૧.૪.૮૧થી चतुर् ના उ નો व થાય છે ષ.બ.વ.માં संख्यानां र्ष्णाम् , ૧.૪.૩૩થી आम् નો नाम् થાય છે. र-षृवर्णान्नो...૨.૩.૬૩થી नाम् ના न् નો ण् થવાથી अतिचतुर्णाम् થયું हार्दर्ह... ૧.૩.૩૧થી ण् દ્વિત્વ થવાથી अतिचतुर्ण्णाम् પણ થાય છે. બાકીના રૂપો અને તેની સાધનિકા मरुत्वत् થશે.

નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા-દ્વિતીયા | अतिचतुः | अतिचतुरी | अतिचत्वारि |
| સંબોધન | हे अतिचत्वः ! | हे अतिचतुरी ! | हे अतिचत्वारि ! |

તૃ.એ.વ.થી પુંલિંગ પ્રમાણે રૂપો થશે.

પ્ર.દ્વિ.એ.વ.માં अनतो लुप् ૧.૪.૫૯થી सि અને अम् નો લુપ્ થાય છે. પછી લુપ્ નો સ્થાનિવદ્ભાવ થતો નથી. તેથી सोरुः ૨.૧.૭૨ અને रः पदान्ते...૧.૩.૫૩થી વિસર્ગ થવાથી अतिचतुः થયું. સં.એ.વ.માં उतोनडुच्चतुरो वः ૧.૪.૮૧થી उ નો व થવાથી અને अनतो लुप् ૧.૪.૫૯થી सि નો લોપ થવાથી हे अतिचत्वर् થયું. सोरुः, रः पदान्ते... થી हे अतिचत्वः રૂપ થશે. अतिचत्वारि - चत्वारि પ્રમાણે થશે. બાકીના બધા રૂપો અને સાધનિકા પુંલિંગ - अतिचतुर्वत् થશે. वान्यतः... ૧.૪.૬૨ અહીં નહીં લાગે. કેમકે નામ્યન્ત નપુંસક નામ નથી.

૧. चतस्रः अतिक्रान्तः -अतिचतसृ - પુંલિંગ - अतितिसृवत्

૨. चतस्रः अतिक्रान्ता -अतिचतसृ - સ્ત્રીલિંગ - अतितिसृवत्

૩. चतस्रः अतिक्रान्तम् -अतिचतसृ - નપું. अतितिसृवत्

અહીં બધા રૂપો अतितिसृवत् થશે. નપું.નાં સં.એ.વ.માં ત્યાં ત્રણ રૂપો થાય છે. તેમ અહીં પણ થશે. अतिचतसः,अतिचतसृः અને अतिचतुः થશે. કેમકે જ્યારે चतसृ આદેશ ન થાય ત્યારે अतिचतुर् રહે. પછી सोरुः, रः पदान्ते.. સૂત્ર લાગીને अतिचतुः થશે.

૧. चत्वारि अतिक्रान्तः - अतिचतुर् - પુંલિંગ - मरुत्वत्
૨. चत्वारि अतिक्रान्तः - अतिचतुर् - સ્ત્રીલિંગ - मरुत्वत्
૩. चत्वारि अतिक्रान्तम् - अतिचतुर् - નપું. जगत्वत्
૧. प्रियाः चत्वारः यस्य सः / प्रियाणि चत्वारि यस्य सः } **प्रियचतुर्** - પુંલિંગ - अतिचतुर्वत्
૨. प्रियाः चत्वारः यस्याः सा / प्रियाणि चत्वारि यस्याः सा } **प्रियचतुर्**- સ્ત્રીલિંગ -अतिचतुर्वत्
૩. प्रियाः चत्वारः यस्य तद् / प्रियाणि चत्वारि यस्य तद् } **प्रियचतुर्** - નપું. अतिचतुर्वत्
૧. प्रियाः चतस्रः यस्य सः - प्रियचतसृ - પુંલિંગ - अतिचतसृवत्
૨. प्रियाः चतस्रः यस्याः सा - प्रियचतसृ- સ્ત્રીલિંગ - अतिचतसृवत्
૩. प्रियाः चतस्रः यस्य तद् - प्रियचतसृ- નપું. अतिचतसृवत्

**पञ्चन्**

| | |
|---|---|
| **પ્રથમા** | पञ्च |
| **દ્વિતીયા** | पञ्च |
| **તૃતીયા** | पञ्चभिः |
| **ચતુર્થી** | पञ्चभ्यः |
| **પંચમી** | पञ्चभ्यः |
| **ષષ્ઠી** | पञ्चानाम् |
| **સપ્તમી** | पञ्चसु |

(૧) **पञ्च** પ્ર.બ.વ. / દ્વિ.બ.વ. } पञ्चन् + जस्,शस् - डति-ष्णः ૧.૪.૫૪થી
पञ्चन् - नाम्नो नोऽनह्नः ૨.૧.૯૧થી
पञ्च

(૨) **पञ्चभिः** તૃ.બ.વ. पञ्चन् + भिस् - नाम्नो नोऽनह्नः२.૧.૯૧થી
पञ्चभिस् - सोरुः ૨.૧.૭૨થી
पञ्चभिर् - रः पदान्ते... ૧.૩.૫૩થી
पञ्चभिः

એજ પ્રમાણે पञ्चभ्यः,पञ्चभ्यः રૂપ સિદ્ધ થશે.

(૩) **पञ्चानाम्** ષ.બ.વ. पञ्चन् + आम् - संख्यानां र्णाम् ૧.૪.૩૩થી
पञ्चन् + नाम् - नाम्नो नोऽनह्नः ૨.૧.૯૧થી
पञ्च + नाम् - दीर्घो नाम्य...૧.૪.૪૭થી
पञ्चानाम्

(૪) **पञ्चसु** સ.બ.વ. पञ्चन् + सु - नाम्नो नोऽनह्नः ૨.૧.૯૧થી
पञ्चसु

૧. परमाश्च ते पञ्च च - परमपञ्चन् - पञ्चवत्
૨. परमाश्च ताः पञ्च च - परमपञ्चन् - पञ्चवत्
૩. परमाणि च तानि पञ्च च - परमपञ्चन् - पञ्चवत्
૧. पञ्च अतिक्रान्तः - अतिपञ्चन् - પુંલિંગ - राजन्वत्
૨. पञ्च अतिक्रान्ता - अतिपञ्चञी - સ્ત્રીલિંગ - नदिवत्
स्त्रियां नृतो...૨.૪.૧થી अतिपञ्चन् + ङी
अनोऽस्य..૨.૧.૧૦૮થી अतिपञ्च्न् + ङी (ई)
तवर्गस्य श्चवर्ग..૧.૩.૬૦થી अतिपञ्च्ञ् + ङी = अतिपञ्चञी
૩. पञ्च अतिक्रान्तम् - अतिपञ्चन् - નપું. नामन्वत्

૧. प्रियाः पञ्च
प्रियाः पञ्च } यस्य सः - प्रियपञ्चन् પુંલિંગ राजन्वत्
प्रियाणि पञ्च

૧. प्रियाः पञ्च
प्रियाः पञ्च } यस्याः सा - { प्रियपञ्चन् / प्रियपञ्चञी / प्रियपञ्चा } સ્ત્રીલિંગ प्रियराजन्वत्
प्रियाणि पञ्च

૧. प्रियाः पञ्च
प्रियाः पञ्च } यस्य तद् - प्रियपञ्चन् - નપું. नामन्वत्
प्रियाणि पञ्च

**षष्**

| | |
|---|---|
| પ્રથમા | षड् षट् |
| દ્વિતીયા | षड्, षट् |
| તૃતીયા | षड्भिः |
| ચતુર્થી ,પંચમી | षड्भ्यः |
| ષષ્ઠી | षण्णाम् |
| સપ્તમી | षट्सु |

| | | | |
|---|---|---|---|
| (૧) | षट्, षड् | પ્ર.બ.વ. | षष्+जस् - शस् - डतिष्णः... ૧.૪.૫૪થી |
| | | દ્વિ.બ.વ. | षष् - धुटस्तृतीयः ૨.૧.૭૬થી |
| | | | षड् - विरामेवा ૧.૩.૫૧થી |
| | | | षट्, षड् |
| (૨) | षड्भिः | તૃ.બ.વ. | षष् + भिस् - धुटस्तृतीयः ૨.૧.૭૬થી |
| | | | षड् भिस् - सोरुः ૨.૧.૭૨થી |
| | | | षड् भिर् - रः पदान्ते..... ૧.૩.૫૩થી |
| | | | षड्भिः |

એજ પ્રમાણે षड्भ्यः, षड्भ्यः રૂપ સિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| (૩) | षण्णाम् | ષ.બ.વ. | षष् + आम् - संख्यानांर्ष्णाम् ૧.૪.૩૩થી |
| | | | षष् + नाम् - धुटस्तृतीयः ૨.૧.૭૬થી |
| | | | षड् + नाम् - तवर्गस्यश्चवर्ग..... ૧.૩.૬૦થી |
| | | | षड् + णाम् - प्रत्यये च ૧.૩.૨થી |
| | | | षण्णाम् |
| (૪) | षट्सु | સ.બ.વ. | षष् + सु - धुटस्तृतीयः ૨.૧.૭૬થી |
| | | | षड् + सु - अघोषे प्रथमोशिटः ૧.૩.૫૦થી |
| | | | षट्सु |

૧. परमाश्चते षड् च
૨. परमाश्च ताः षड् च
૩. परमाणि च तानि षड् च
} परमषष् - षष्वत्

૧. षड् अतिक्रान्तः
૨. षड् अतिक्रान्ता
} अतिषष् પુંલિંગ,સ્ત્રીલિંગ मरुत्वत्

૩. षड् अतिक्रान्तम् - अतिषष् નપું. जगत्वत्

૧. प्रियाः षड्
प्रियाः षड्
प्रियाणि षड्
} यस्य सः - प्रियषष् પું. मरुत्वत्
प्रियषट्कः પું. देववत्

૨. प्रियाः षड्
प्रियाः षड्
प्रियाणि षड्
} यस्याः सा - प्रियषष् સ્ત્રીલિંગ मरुत्वत्
प्रियषट्का સ્ત્રીલિંગ मालावत्

| | | |
|---|---|---|
| ૩. प्रियाः षड् | } | यस्य तद् - प्रियषष् નપું. जगत्वत् |
| प्रियाः षड् | | प्रियषट्कम् નપું. वनवत् |
| प्रियाणि षड् | | |

"शेषाद्वा" ૭.૩.૧૭૫થી વિકલ્પે कच् પ્રત્યય થયો છે.

अष्टन्

| | |
|---|---|
| પ્રથમા | अष्टौ, अष्ट |
| દ્વિતીયા | अष्टौ, अष्ट |
| તૃતીયા | अष्टाभिः, अष्टभिः |
| ચતુર્થી | अष्टाभ्यः, अष्टभ्यः |
| પંચમી | अष्टाभ्यः, अष्टभ्यः |
| ષષ્ઠી | अष्टानाम् |
| સપ્તમી | अष्टासु, अष्टसु |

(૧) अष्टौ, अष्ट } પ્ર.બ.વ. દ્વિ.બ.વ.

अष्टन् + जस्, शस् - वाष्टन आः स्यादौ१.४.५२થી

अष्टा+जस्, शस् - अष्ट और्जस् शसोः १.४.५३થી

अष्टा + औ - एदौत् सन्ध्यक्षरैः १.२.१२થી

अष्टौ

अष्टन्+जस्, शस्,-डतिष्णः संख्याया लुप्१-४-५४થી

अष्टन् - नाम्नो नोऽनह्नः २-१-९१ થી

अष्ट

(૨) अष्टाभिः, अष्टभिः } તૃ.બ.વ.

अष्टन् + भिस् - वाष्टन आः स्यादौ १.४.५२થી

अष्टाभिस् - सोरुः २.१.७२થી

अष्टाभिर् - रः पदान्ते... १.३.५३થી

अष्टाभिः

अष्टन् + भिस् - नाम्नो नोऽनह्नः २.१.९१થી

अष्टभिस् - सोरुः २.१.७२થી

अष्टभिर् - रः पदान्ते...... १.३.५३થી

अष्टभिः

એજ પ્રમાણે अष्टाभ्यः, अष्टाभ्यः अष्टभ्यः, अष्टभ्यः રૂપ સિદ્ધ થશે.

(૩) अष्टानाम् ષ.બ.વ. अष्टन् + आम् - वाष्टन आः स्यादौ ૧.૪.૫૨થી
अष्टा + आम् - संख्यानां र्णाम् ૧.૪.૩૩થી
अष्टानाम्
अष्टन् + आम् - संख्यानां र्णाम् ૧.૪.૩૩થી
अष्टन् + नाम् - नाम्नो नोऽनह्नः ૨.૧.૯૧થી
अष्ट + नाम् - दीर्घो नाम्यतिसृ... ૧.૪.૪૭થી
अष्टानाम्

(૪) अष्टासु / अष्टसु } સ.બ.વ. अष्टन् + सु - वाष्टन आः स्यादौ ૧.૪.૩૩થી
अष्टासु
अष्टन् + सु - नाम्नो नोऽनह्नः ૨.૧.૯૧થી
अष्टसु

૧. परमाश्च ते अष्टौ, अष्ट वा च
૨. परमाश्च ताः अष्टौ, अष्ट वा च
૩. परमाणि च तानि अष्टौ, अष्ट वा च
} परमाष्टन् - રૂપો अष्टन्वत्

૧. अष्टौ अतिक्रान्तः - अत्यष्टा પુંલિંગ कीलालपावत्

૨. अष्टौ अतिक्रान्ता - अत्यष्टा સ્ત્રીલિંગ कीलालपावत्

अत्यष्टन् બન્યા પછી સ્યાદિ પ્રત્યય પરમાં આવતા "वाष्टन आः स्यादौ" ૧.૪.૫૨થી અંત્ય નો आ થવાથી अत्यष्टा બન્યું છે.

૩. अष्टौ, अतिक्रान्तम् - अत्यष्ट નપું. वनवत्

अत्यष्टन् થયા પછી સ્યાદિ પ્રત્યય પરમાં આવતાં ૧.૪.૫૨થી न् નો आ થશે તેથી अत्यष्टा બનશે પણ નપું.માં "क्लीबे" ૨.૪.૯૭થી હ્રસ્વ થવાથી अत्यष्ट બને છે. અને वनवत् રૂપો થાય છે.

૧. अष्ट अतिक्रान्तः - अत्यष्टन् પુંલિંગ राजन्वत्

૨. अष्ट अतिक्रान्तम् - अत्यष्टन् - નપું. नामन्वत्

૩. अष्ट अतिक्रान्ता - अत्यष्टणी સ્ત્રીલિંગ नदीवत्

अत्यष्टन् બન્યા પછી સ્ત્રીલિંગમાં स्त्रियां नृतो... ૨.૪.૧થી ङी લાગે છે. તેથી अत्यष्टन् + ङी, अनोऽस्य ૨.૧.૧૦૮થી अन् ના अ નો લોપ થવાથી अत्यष्न् + ई... तवर्गस्यश्चवर्ग...... ૧.૩.૬૦થી न् નો ण् થવાથી अत्यष्णी થયું.

१. प्रियाः अष्टौ यस्य सः } प्रियाष्टा - પુંલિંગ-સ્ત્રીલિંગ विश्वपावत्
२. प्रियाः अष्टौ यस्याः सा }

૩. प्रियाः अष्टौ यस्य तद् - प्रियाष्ट - નપું. वनवत्

अत्यष्टा, अत्यष्ट માં લખ્યા પ્રમાણે અહીં પણ જાણવું.

१. प्रियाः अष्ट यस्य सः - प्रियाष्टन् પુંલિંગ राजन्वत्

२. प्रियाः अष्ट यस्य तद् - प्रियाष्टन् નપું. नामन्वत्

૩. प्रियाः अष्ट यस्याः सा - प्रियाष्टन् - राजन्वत्

प्रियाष्टणी - नदीवत्

प्रियाष्टा - मालावत्

प्रियराजन् નાં સ્ત્રીલિંગ માં આ ત્રણ રૂપોની વિશેષતા લખેલી છે.

- सप्तन् તેમજ नवन् થી नवदशन् સુધીના રૂપો, સાધનિકા અને સામાસિક શબ્દો पञ्चन्वत् થશે. તે અલિંગ છે. તેથી પુંલિંગ-સ્ત્રીલિંગ અને નપું. માં એક જ રૂપો થશે.

## વર્તમાન્ કૃદન્તનાં રૂપો

**गच्छत् પુંલિંગ. गम् પહેલો ગણ. પ.પદ.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી गम् + शतृ (अत्)

"कर्तर्यनद्भ्यः... ૩.૪.૭૧થી गम् + अ + अत्

लुगस्या... ૨.૧.૧૧૩થી गम् + अत्

"गमिषद्यमश्छः ૪.૨.૧૦૬થી गछ् + अत्

"स्वरेभ्यः" ૧.૩.૩૦થી गछ्छ् + अत्

"अघोषे प्रथमोऽशिटः" ૧.૩.૫૦થી गच्छ् + अत् = **गच्छत्**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | गच्छन् | गच्छन्तौ | गच्छन्तः |
| દ્વિતીયા | गच्छन्तम् | गच्छन्तौ | गच्छतः |
| તૃતીયા | गच्छता | गच्छद्भ्याम् | गच्छद्भिः |
| ચતુર્થી | गच्छते | गच्छद्भ्याम् | गच्छद्भ्यः |
| પંચમી | गच्छतः | गच्छद्भ्याम् | गच्छद्भ्यः |

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | गच्छतः | गच्छतोः | गच्छताम् |
| સપ્તમી | गच्छति | गच्छतोः | गच्छत्सु |

**गच्छत् - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.દ્વિ.સં. | गच्छत्, द् | गच्छन्ती | गच्छन्ति |

તૃ.એ.વ.થી પુંલિંગ गच्छत्वत् રૂપો થશે.

**गच्छन्ती સ્ત્રીલિંગ.** अधातूदृदितः ૨.૪.૨થી ङी લાગ્યો.

"श्य शवः" ૨.૧.૧૧૬ થી शव् ની પરમાં अत् પ્રત્યય હોય અને તેનાથી પરમાં ई કે ङी આવે તો अत् નો अन्त् થાય છે. गच्छन्ती નાં રૂપો અને સાધનિકા नदीवत् થશે.

गच्छत् ની कृ ના (कुर्वत्) વ.કૃ.ના રૂપો પ્રમાણે સાધનિકા જાણવી.

**यात् પુંલિંગ. या બીજો ગણ. ૫.૫૬.**

"शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી या + अत्

"समानानां तेन दीर्घः" ૧.૨.૧થી यात्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.સં | यान् | यान्तौ | यान्तः |
| દ્વિતીયા | यान्तम् | यान्तौ | यातः |
| તૃતીયા | याता | याद्भ्याम् | याद्भिः |
| ચતુર્થી | याते | याद्भ्याम् | याद्भ्यः |
| પંચમી | यातः | याद्भ्याम् | याद्भ्यः |
| ષષ્ઠી | यातः | यातोः | याताम् |
| સપ્તમી | याति | यातोः | यात्सु |

**यात् - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.દ્વિ.સં. | यात्, द् | यान्ती, याती | यान्ति |

તૃ.એ.વ.થી પુંલિંગ यात्वत् રૂપો થશે.

**यान्ती, याती સ્ત્રીલિંગ आधातूदृदितः** ૨.૪.૨ થી ङी થયો. રૂપો વગેરે नदीवत् થશે.

"अवर्णादश्नोऽन्तो ૨.૧.૧૧૫થી अ વર્ણથી પર अत् હોય અને તેનાથી પરમાં ई અને ङी આવે તો अत् નો अन्त् વિકલ્પે થાય છે.

સર્વ સાધનિકા कुर्वत्वत् થશે.

**जक्षत् પુંલિંગ. जक्ष् ૨.ગણ ૫.૫૬.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી जक्ष् + अत् = जक्षत्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | जक्षत् | जक्षतौ | जक्षतः |
| દ્વિતીયા | जक्षतम् | जक्षतौ | जक्षतः |
| તૃતીયા | जक्षता | जक्षद्भ्याम् | जक्षद्भिः |
| ચતુર્થી | जक्षते | जक्षद्भ्याम् | जक्षद्भ्यः |
| પંચમી | जक्षतः | जक्षद्भ्याम् | जक्षद्भ्यः |
| ષષ્ઠી | जक्षतः | जक्षतोः | जक्षताम् |
| સપ્તમી | जक्षति | जक्षतोः | जक्षत्सु |

**जक्षत् - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.દ્વિ.સં | जक्षत्, द् | जक्षती | जक्षन्ति, जक्षति |

"ऋदुदितः ૧.૪.૭૦થી પુંલિંગમાં પહેલા પાંચ રૂપોમાં જે न् ઉમેરાય છે તેનો "अन्तो नो लुक्" ૪.૨.૯૪થી લોપ થાય છે. અને शि પ્રત્યય પર છતાં "शौवा" ૪.૨.૯૫થી न् નો વિકલ્પે લોપ થાય છે. जक्ष् ધાતુ વ્યંજનાંત છે તેથી अत् નો अन्त् ૨.૧.૧૧૫થી થતો નથી.

**जक्षती સ્ત્રીલિંગ** - अधातूदृदितः ૨.૪.૨ થી ङी થયો. રૂપો વિ. नदीवत् થશે.

સર્વ સાધનિકા कुर्वत्वत् થશે.

**दरिद्रत्-दरिद्रा ૨.ગણ-૫.૫૬.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી दरिद्रा + अत्

"श्नश्चाऽऽतः" ૪.૨.૯૬થી दरिद्र् + अत् = दरिद्रत्

दरिद्रत् વ.કૃ બન્યું. તેના પુંલિંગ, નપું, અને સ્ત્રીલિંગ રૂપો અને સાધનિકા जक्षत्वत् થશે.

**जाग्रत्-जागृ ૨.ગણ. ૫.૫૬.**

''शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી जागृ + अत्

''इवर्णादेरस्वेस्वरे... ૧.૨.૨૧થી जाग्र् + अत् = जाग्रत्

जाग्रत् વ.કૃ. બન્યું તેના પુંલિંગ, નપું. અને સ્ત્રીલિંગ રૂપો અને સાધનિકા जक्षत्वत् થશે.

**चकासत्-चकास् ૨.ગણ. ૫.૫૬.**

''शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી चकास् + अत् = चकासत्

चकासत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું, અને સ્ત્રીલિંગ રૂપો અને સાધનિકા जक्षत्वत् થશે.

**शासत्-शास् ૨.ગણ. ૫.૫૬.**

''शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી शास् + अत् = शासत्

शासत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું, અને સ્ત્રીલિંગ રૂપો અને સાધનિકા जक्षत्वत् થશે.

**अदत् - પુંલિંગ. अद् ૨.ગણ. ૫.૫૬.**

''शत्रानशावेष्यति ૫.૨.૨૦થી अद् + अत् = अदत्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.સં | अदन् | अदन्तौ | अदन्तः |
| દ્વિતીયા | अदन्तम् | अदन्तौ | अदतः |
| તૃતીયા | अदता | अदद्भ्याम् | अदद्भिः |
| ચતુર્થી | अदते | अदद्भ्याम् | अदद्भ्यः |
| પંચમી | अदतः | अदद्भ्याम् | अदद्भ्यः |
| ષષ્ઠી | अदतः | अदतोः | अदताम् |
| સપ્તમી | अदति | अदतोः | अदत्सु |

**अदत् - નપુંસકલિંગ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| अदत्, द् | अदती | अदन्ति |

તૃ.એ.વ.થી પુંલિંગ अदत्वत् થશે.

**अदती** - સ્ત્રીલિંગ अधातूदृदितः ૨.૪.૨ થી ङी થયો. રૂપો વિ. नदीवत् થશે. સર્વ સાધનિકા कुर्वत्वत् થશે.

अद् ધાતુ વ્યંજનાંત છે તેથી ૨.૧.૧૧૫થી अत् નો अन्त् થતો નથી.

**दधत् પુંલિંગ ધા ૩ ગણ ૫. ૫૬**

"शत्रानशावेष्यति... ૫.૨.૨૦ થી धा + अत्

"हवः शिति" ૪.૧.૧૨ થી धा धा + अत्

"ह्रस्वः" ૪.૧.૩૯ થી ध धा + अत्

"द्वितीय-तुर्ययोः पूर्वौ" ૪.૧.૪૨ થી दधा + अत्

"इडेत्-पुसि चाऽऽतो लुक्" ૪.૩.૯૪ થી दध् + अत् - दधत्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા-સંબોધન | दधत्, द् | दधतौ | दधतः |
| દ્વિતીયા | दधतम् | दधतौ | दधतः |
| તૃતીયા | दधता | दधद्भ्याम् | दधद्भिः |
| ચતુર્થી | दधते | दधद्भ्याम् | दधद्भ्यः |
| પંચમી | दधतः | दधद्भ्याम् | दधद्भ्यः |
| ષષ્ઠી | दधतः | दधतोः | दधताम् |
| સપ્તમી | दधति | दधतोः | दधत्सु |

**दधत् - નપુંસકલિંગ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.દ્વિ.સં. | **दधत्, - द्** | **दधती** | **दधति, दधन्ति** |

તૃ.એ.વ.થી પુંલિંગ दधत्वत् રૂપો થશે.

**दधती સ્ત્રીલિંગ** अधातूदृदितः ૨.૪.૨થી ङी **થયો.** રૂપો વિ. **नदीवत्** થશે.

दधत् પુલિંગ પહેલા પાંચ રૂપોમાં ऋदुदितः ૧-૪-૭૦ થી જે न् ઉમેરાય છે તેનો "अन्तो नो लुक्" ૪-૨-૯૪ થી લોપ થાય છે. અને शि પ્રત્યય પર છતાં "शौवा" ૪-૨-૯૫ થી વિકલ્પે લોપ થાય છે.

दधत् નપું. નો ई તેમજ સ્ત્રીલિંગનો ङी પર છતાં "अवर्णादश्नोऽन्तो... ૨.૧.૧૧૫ થી अत् નો अन्त् વિકલ્પે થતો હતો તેનો પણ "अन्तो नो लुक्" ૪-૨-૯૪ થી લોપ થયો છે. સર્વ સાધનિકા कुर्वत्वत् થશે.

**नेनिजत् પુંલિંગ. निज् ૩.ગણ-૫.૫૬.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી निज् + अत्

"हवः शिति" ૪.૧.૧૨થી निज् निज् + अत्

"व्यञ्जनस्याऽनादेर्लुक्" ૪.૧.૪૪થી निनिज् + अत्

"निजां शित्येत्" ૪.૧.૫૭થી नेनिजत्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.સં | नेनिजत्, द् | नेनिजतौ | नेनिजतः |
| દ્વિતીયા | नेनिजतम् | नेनिजतौ | नेनिजतः |
| તૃતીયા | नेनिजता | नेनिजद्भ्याम् | नेनिजद्भिः |
| ચતુર્થી | नेनिजते | नेनिजद्भ्याम् | नेनिजद्भ्यः |
| પંચમી | नेनिजतः | नेनिजद्भ्याम् | नेनिजद्भ्यः |
| ષષ્ઠી | नेनिजतः | नेनिजतोः | नेनिजताम् |
| સપ્તમી | नेनिजति | नेनिजतोः | नेनिजत्सु |

**नेनिजत् - નપુંસકલિંગ.**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.દ્વિ.સં. | नेनिजत्, द् | नेनिजती | नेनिजन्ति, नेनिजति |

તૃ.એ.વ.થી પુંલિંગ नेनिजत्वत् થશે.

**नेनिजती સ્ત્રીલિંગ** अधातूदृदितः ૨.૪.૨થી ङी થયો. રૂપો વિ. **नदीवत्** થશે.

સર્વ સાધનિકા कुर्वत्ववत् થશે. વિશેષ વિવેચન दधत्वत् જાણવું

**दिव्यत्–दिव् ૪ ગણ પરસ્મૈ પદ**

"शत्रानशावेष्यति... ૫-૨-૨૦ થી दिव् + अत्

दिवादेः श्यः ૩-૪-૭૨ થી दिव् + य + अत्

"लुगस्यादेत्यपदे ૨-૧-૧૧૩ થી दिव् + य् + अत् = दिव्यत्

"दिव्यत् વ. કૃ. બન્યું. પુલિંગ, નપુ., સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. श्य शवः ૨-૧-૧૧૬ થી નપું. નો ઈ અને સ્ત્રીલિંગનો ङी પર છતાં अत् નો अन्त् નિત્ય થાય છે. दिव्यन्ती સ્ત્રીલિંગ नदीवत् થશે.

**चिन्वत्–चि ૫.ગણ પ.પદ.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી चि + अत्

"स्वादेः श्नुः" ૩.૪.૭૫થી चि + नु + अत्

"इवर्णादेरस्वेस्वरे..... ૧.૨.૨૧થી चिन्वत्

चिन्वत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ-નપું. અને સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. પરંતુ चिनु अवर्णान्त ન હોવાથી નપું.નો ઈ અને સ્ત્રીલિંગનો ङी પર છતાં अत् નો अन्त् નહીં થાય. તેથી चिन्वती થશે. તેના રૂપો नदीवत् થશે.

**तुदत् - तुद् ૬.ગણ. પ.પદ.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી तुद् + अत्

"तुदादेः शः" ૩.૪.૮૧થી तुद् + अ + अत्

"लुगस्यादेत्यपदे" ૨.૧.૧૧૩થી तुद् + अत् = तुदत्

तुदत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ-નપું. અને સ્ત્રીલિંગ રૂપો यात् વ.કૃ. પ્રમાણે થશે. तुदती, तुदन्ती સ્ત્રીલિંગમાં नदीवत् રૂપો થશે.

**रुन्धत् - रुध् ૭. ગણ. ૫.૫દ.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી रुध् + अत्

"रुधां स्वराच्श्नो.... ૩.૪.૮૨થી रुनध् + अत्

"श्नाऽस्त्योर्लुक्" ૪.૨.૯૦થી रुन्ध् + अत् = रुन्धत्

रुन्धत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ-નપું. અને સ્ત્રીલિંગ રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. પરંતુ "अवर्णादश्नोऽन्तो... ૨.૧.૧૧૫ થી નપું. નો ई અને સ્ત્રીલિંગનો ङी પ્રત્યય પર છતાં अत् નો अन्त् નહીં થાય. કેમકે श्न વિકરણ પ્રત્યય ધાતુને અંતે લાગતો નથી. ધાતુના બે અક્ષરની વચ્ચે લાગે છે. તેથી ધાતુ अवर्णान्त ન થતાં વ્યંજનાંત જ રહ્યો. તેથી रुन्धती બનશે. સ્ત્રીલિંગ માં તેના રૂપો नदीवत् થશે.

**तन्वत्-तन् ૮.ગણ. ૫.૫દ.**

"शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી तन् + अत्

"कृग् - तनादेरुः" ૩.૪.૮૩થી तन् + उ + अत्

इवर्णादिरस्वेस्वरे... ૧.૨.૨૧થી तन् + व् + अत् = तन्वत्

तन्वत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું, અને સ્ત્રીલિંગ ના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. પરંતુ तनु ધાતુ ઉકારાન્ત હોવાથી "अवर्णादश्नोन्तो... ૨.૧.૧૧૫થી નપું.નો ई અને સ્ત્રીલિંગનો ङी પ્રત્યય પર છતાં अत् નો अन्त् નહીં થાય. તેથી तन्वती બનશે. સ્ત્રીલિંગમાં તેના રૂપો नदीवत् થશે.

**क्रीणत् - क्रीण ૯.ગણ. ૫.૫દ.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી क्री + अत्

"क्र्यादेः" ૩.૪.૭૯થી क्री + ना + अत्

"श्नश्चाऽऽतः" ૪.૨.૯૬થી क्री + न + अत्

र-षृवर्णान्नोण... ૨.૩.૬૩થી क्रीण + अत्

"लुगस्यादेत्यपदे" ૨.૧.૧૧૩થી क्रीण् + अत् = क्रीणत्

क्रीणत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું. અને સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. પરંતુ श्ना... પ્રત્યયનું વર્જન હોવાથી "अवर्णादश्नोऽन्तो..... ૨.૧.૧૧૫થી अत् નો अन्त् થશે નહિ. તેથી क्रीणती થશે. સ્ત્રીલિંગમાં તેના રૂપો नदीवत् થશે.

**चोरयत्-चुर् १०.ગણ. ૫.૫૬.**

"शत्रानशावेष्यति ૫.૨.૨૦થી चुर् + अत्

"चुरादिभ्योणिच्" ૩.૪.૧૭થી चुर् + इ + अत्

"लघोरुपान्त्यस्य" ૪.૩.૪થી चोरि + अत्

"कर्त्तर्यनद्भ्यः शव्" ૩.૪.૭૧થી चोरि + अ + अत्

"नामिनो गुणो......" ૪.૩.૧થી चोरे + अ + अत्

"एदैतोऽयाय्" ૧.૨.૨૩થી चोरय् + अ + अत्

"लुगस्यादेत्यपदे" ૨.૧.૧૧૩થી चोरय् + अत् = चोरयत्

चोरयत् વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું. અને સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. "श्य शवः" થી अत् નો अन्त् થશે. તેથી चोरयन्ती બનશે. સ્ત્રીલિંગમાં તેના રૂપો नदीवत् થશે.

**कारयत् - પ્રેરક. વ.કૃ. - कृ - ૫.૫૬.**

"प्रयोक्तृव्यापारेणिग्" ૩.૪.૨૦થી कृ + णिग्

"नामिनोऽकलि हलेः" ૪.૩.૫૧થી

"वृद्धिराऽऽरैदौत्" ૩.૩.૧થી कार् + इ = कारि

"शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી कारि + अत्

"कर्त्तर्यनद्भ्यः शव्" ૩.૪.૭૧થી कारि + अ + अत्

नामिनो गुणोक्ङिति" ૪.૩.૧થી कारे + अ + अत्

"एदैतोऽयाय्" ૧.૨.૨૩થી कारय् + अ + अत्

"लुगस्यादेत्यपदे" ૨.૧.૧૧૩થી कारय् + अत् = कारयत्

कारयत् પ્રે.વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું. અને સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. "श्यशवः" ૨.૧.૧૧૬થી अत् નો अन्त् નિત્ય થશે. તેથી कारयन्ती બનશે. સ્ત્રીલિંગમાં તેના રૂપો नदीवत् થશે.

પ્રેરકના રૂપો દશમાં ગણની જેમ જ થાય છે. તેથી ૨.૧.૧૧૬ લાગી શક્યું.

**चिकीर्षत् - सन्नन्त વ.કૃ. - कृ ૫.૫૬.**

"तुमर्हादिच्छायां..... ૩.૪.૨૧થી कृ + सन्

"नामिनोऽनिट्" ૪.૩.૩૩થી कृ + स

"स्वर-हन-गमोः..... ૪.૧.૧૦૪થી कृ + स

"ऋतां क्ङितीर्" ૪.૪.૧૧૬થી किर् + स

"सन् यङश्च" ૪.૧.૩થી किकिर् + स

"कङश्चञ्" ૪.૧.૪૬થી चिकिर् + स

नाम्यन्तस्था २.३.१५थी चिकिर्ष

"शत्रानशावेष्यति ५.२.२०थी चिकिर्ष + अत्

"कर्त्तर्यनद्भ्यः शव्" ३.४.७१थी चिकिर्ष + अ + अत्

"लुगस्यादेत्यपदे" २.१.११३थी चिकिर्ष + अत्

"लुगस्यादेत्यपदे" २.१.११३थी चिकिर्ष् + अत् = चिकिर्षत्

चिकिर्षत् સન્નન્ત વ.કૃ. બન્યું. તેના પુંલિંગ, નપું. અને સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. "श्य शवः" २.१.११६थी अत् नो अन्त् नित्य थशे. तेथी चिकिर्षन्ती બનશે. સ્ત્રીલિંગમાં તેના રૂપો नदीवत् થશે. ऋदुदितः १.४.७०थी જે न् ઉમેરાય છે તે न् નો "शौवा" ४.२.९५थी લોપ વિકલ્પે થાય છે. તેથી चिकिर्षन्ति, चिकिर्षति બે રૂપ નપું. પ્ર.દ્વિ.બ.વ.માં થશે.

**पापच्यमान - यङन्त વ.કૃ. पच् આ.પ.દ.**

भृशं पचते એ અર્થમાં पच् ધાતુને यङ् પ્રત્યય લાગે છે.

"व्यञ्जनादेरेकस्वराद्...... ३.४.९थी पच् + यङ्

"शत्रानशावेष्यति ५.२.२०थी पच् + य + आन

"सन्-यङश्च" ४.१.३थी पपच् + य + आन

"आ - गुणावन्यादेः" ४.१.४८थी पापच् + य + आन

कर्तर्य... ३.४.७१थी पापच्य + अ + आन

लुगस्या... २.१.११३थी पापच्य + आन

"अतो म आने" ४.४.११४थी पापच्यमान

पापच्यमान पुंलिंग देववत्

पापच्यमाना स्त्रीलिंग मालावत्

पापच्यमानम् नपुं. वनवत्

यङन्त ના રૂપોમાં જે પ્રત્યય લાગે છે. તે ङ् ઈત્ વાળો હોવાથી इङितः कर्तरि ૩.૩.૨૨થી આ.પદ થાય છે.

**जङ्कछत् - यङ् लुबन्त વ.કૃ. गम् પ.પદ.**

कुटिलम् गच्छति એ અર્થમાં गम् ધાતુને यङ् પ્રત્યય લાગે છે.

"गत्यर्थात् कुटिले" ३.४.११थी गम् + यङ्

"शत्रानशावेष्यति..... ५.२.२०थी गम् + य + अत्

"सन् यङश्च" ४.१.३थी गगम् + य + अत्

"गहोर्जः" ૪.૧.૪૦થી जगम् + य + अत्

"मुरतोऽनुनासिकस्य" ૪.૧.૫૧થી जम्गम् + य + अत्

"म्नांधुड्वर्गे..... ૧.૩.૩૯થી जङ्गम् + य + अत्

"गम-हन-जन... ૪.૨.૪૪થી जङ्ग्म् + य + अत्

"बहुलं लुप्" ૩.૪.૧૪થી जङ्ग्म् + अत्

"गमिषद्यमश्छः" ૪.૨.૧૦૬થી जङ्गच्छ् + अत्

"अघोषे प्रथमोऽशिटः" ૧.૩.૫૦થી जङ् क्छ् + अत् = जङ्क्छत्

जङ्क्छत् - यङ्लुबन्त વ.કૃ. બન્યું. તેના પુંલિંગ-નપું. અને સ્ત્રીલિંગના રૂપો गच्छत्वत् થશે. પરંતુ जङ्क्छत् ધાતુ વ્યંજનાન્ત છે. તેથી "अवर्णादश्नोन्तो... ૨.૧.૧૧૫થી अत् નો अन्त् નહિ થાય અને આ ધાતુઓને अदादि ગણપાઠમાં ગણેલા હોવાથી शव् ન લાગે તેથી "श्य शवः" ૨.૧.૧૧૬થી પણ अत् નો अन्त् નહિ થાય.

પુંલિંગ પહેલા પાંચ રૂપોમાં "ऋदुदितः" ૧.૪.૭૦થી જે न् ઉમેરાય છે. તે न् નો "अन्तो नोलुक्" ૪.૨.૯૪થી લોપ થશે. કારણ કે દ્વિરુક્ત ધાતુ છે. અને નપું.પ્ર.દ્વિ.બ.વ.માં ઉમેરાયેલા न् નો "शौवा" ૪.૨.૯૫થી વિકલ્પે લોપ થશે. તેથી जङ्कछन्ति, जङ्कछति બે રૂપ થશે. जङ्क्छती સ્ત્રી.નાં રૂપો नदीवत् થશે.

**पुत्रीयत् નામધાતુ વ.કૃ. ૫.૫૬.**

पुत्रं इच्छति એ અર્થમાં पुत्र શબ્દને क्यन् પ્રત્યય લાગ્યો છે.

"अमाव्ययात् क्यन् च" ૩.૪.૨૩થી पुत्र + क्यन्

"क्यनि" ૪.૩.૧૧૨થી पुत्रीय

"शत्रानशावेष्यति... ૫.૨.૨૦થી पुत्रीय + अत्

"कर्त्तर्यनद्भ्यः शव्" ૩.૪.૭૧થી पुत्रीय + अ + अत्

"लुगस्यादेत्यपदे" ૨.૧.૧૧૩થી पुत्रीय + अत्

"लुगस्यादेत्यपदे" ૨.૧.૧૧૩થી पुत्रीय् + अत् = पुत्रीयत्

पुत्रीयत् નામધાતુ વ.કૃ. બન્યું તેના પુંલિંગ, નપું. અને સ્ત્રીલિંગના રૂપો અને સાધનિકા गच्छत्वत् થશે. "श्य शवः" ૨.૧.૧૧૬થી अत् નો अन्त् નિત્ય થશે. તેથી पुत्रीयन्ती બનશે. સ્ત્રીલિંગમાં તેના રૂપો नदीवत् થશે.

**॥ રૂપો અને સાધનિકા સમાપ્ત ॥**